સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

આસો સુદ-૮ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૧-૧૦-૨૦૨૪ -શુક્રવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૪૮ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

**ડેરી ફાર્મ પર દરોડા ચાલુ : મીઠાઈના વધુ ૨૦ નમુના લઈ પરીક્ષણમાં મોકલાયા** ૮

jai ganga SOLAR WATER HEATER
JAI GANGA SOLAR ENERGY PVT. LTD.-RAJKOT
Call : 99093 23239, 80089 23239




## સ્વ.રતન ટાટાનાં અનુગામીની સર્વાંનુમતે વરણી

# ટાટા ગ્રુપના વડા બનતા નેઓલ ટાટા

**મુંબઈમાં ટાટા ટ્રસ્ટની બેઠકમાં નિર્ણયઃ હાલ ટ્રેન્ટ-વોલ્ટાસ તથા ટાટા ગ્રુપના આંતર રાષ્ટ્રીય બિઝનેસની જવાબદારી સંભાળતા નેઓલ ટાટા હવે ગ્રુપના બે મુખ્ય ટ્રસ્ટના પણ વડા બનશે**

મુંબઈ: દેશનાં ટોચના ઔદ્યોગીક સમૂહ ટાટા ગ્રુપની હોલ્ડીંગ

(અનુસંધાન ૧૨ મા પાને)

દશેરાની ઉજવણી 'રામકૃષ્ણ'ની મીઠાઈ વગર અધૂરી
શુધ્ધ ઘી તથા દૂધની મીઠાઈઓ
રામકૃષ્ણ ડેરી ફાર્મ
ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. ફોન : ૨૪૬૩૩૩૬
બ્રાન્ચ : એ. જી. ઓફિસ પાછળ, મહાકાળી મંદિર રોડ, રાજકોટ. ફોન : ૨૪૬૭૭૨૫

શુધ્ધ ઘી માં કેશર યુકત સ્પે. ઘારી
કેશર સાટા
અડદીયા
સંતોષ ડેરી ફાર્મ
પેલેસ રોડ, રાજકોટ.
ઈન્દીરા ચોક, યુની.રોડ, રાજકોટ.

દીવાલી સ્પે. રેલ્વે દ્વારા
કુલુ-મનાલી-સિમલા 2 Nov. 8N/9D
કાશ્મીર 27 Oct., 3 Nov. 7N 8D
કેરાલા 26 Oct., 2 Nov. 7N 8D
SKY Tours & Travels
૧૦૫- આકાર કોમ્પલેક્ષ, અશ્વમેઘ ટાવેલ્સની ઉપર, લીમડા ચોક, રાજકોટ.
97374 73723, 90674 99964

પીયુષ શેઠ સાથે
દુબઈ અબુધાબી સાથે 7 DAYS
OCT 27 દિવાળી ગ્રુપ ટુર
૯૮,૦૦૦/-
નવરાત્રી ધમાકા ઓફર!
Kampus Tour
101, 1ST FLOOR, SHREE COMPLEX, NR JAGNATH TEMPLE, DR. YAGNIK ROAD, RAJKOT-360001
63533 26366 | 72010 00808












# યુદ્ધ મધ્ય-પૂર્વમાં, ટેન્શન ભારતમાં: મોંઘવારીના એંધાણ

## ભારત પોતાનું ૮૦ ટકા ક્રુડ ઓઈલ આયાત કરે છે જેનો કારોબાર દર વર્ષે ૨૦૦ બિલિયન અમેરિકી ડોલર છે.



નવી દિલ્હી તા.૧૧

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને એક વર્ષ પુરૂ થઈ ગયુ છે.હવે આ યુદ્ધ મધ્યપૂર્વનાં મોટાભાગમાં વહેંચાઈ ચુકયુ છે. યુદ્ધનું ક્ષેત્ર લેબેનોન અને ઈરાન સુધી વધી ગયુ છે.મધ્યપૂર્વમાં આ અશાંતિ ભારતના માટે ચિંતાજનક છે.

ક્રુડ ઓઈલની કિંમતમાં સતત ઉતાર-ચડાવ જોવા મળી રહ્યો છે. વિશેષજ્ઞોનુ માનવુ છે કે ક્રુડ ઓઈલ ૧૦ ડોલર પ્રતિ બેરલે વધે છે તો એથી ભારતમાં મોંઘવારી ૦.૫ ટકા વધી જાય છે.કારણ કે ભારત પોતાની જરૂરીયાતનાં લગભગ ૮૦ ટકા ક્રુડ ઓઈલ આયાત કરે છે.કિંમતોમાં વધારાથી સ્પષ્ટ છે કે દરેક સામાનનો રાષ્ટ્રીય અને આંતર રાષ્ટીય સ્તર પર પરિવહન ખર્ચ વધશે.

ફેડરેશન ઓફ ઈન્ડીયન એકસપોર્ટસ ઓર્ગેનાઈઝેશન (ફીયો)ના મહા નિર્દેશક તેમજ સીઈઓ ડો.અજય સહાય કહે છે કે ભારત મધ્ય-પૂર્વનાં દેશો સાથે મોટો વ્યાપારીક ભાગીદાર છે તે ખાડી સહયોગ પરિષદ (જીસીસી)માં સામેલ સાઉદી અરબ, સંયુકત આરબ અમીરાત, કતર, બહેરપી, કૂવૈત અને ઓમાનની સાથે પોતાના વ્યાપારીક સંબંધો ઝડપથી વધારી રહ્યા છે.

સંયુકત અરબ અમીરાત સાથે એફટીએ પણ કરી ચુકયા છે જે લાગુ છે.

ભારત ખાડી દેશો સાથે દર વર્ષે ૨૦૦ બિલીયન અમેરીકી ડોલરનો વેપાર કરે છે. જેમાં ૧૦૦ બિલિયનથી ઓછાની નિકાસ છે અને ૧૦૦ બિલીયન ડોલરથી વધુની આયાત સામેલ છે.

**હવાઈ ખર્ચમાં વધારો:**

રશીયા અને યુક્રેનનું હવાઈ ક્ષેત્ર પહેલાથી જ ઉડાન સેવા માટે બંધ હતું. હવે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના ક્ષેત્રમાં પણ હવાઈ ઉડાવી બંધ છે જેથી વિમાનોને લાંબુ ચકકર લગાવીને જવુ પડે છે. આથી ભારતથી બાકી દેશ અને યુરોપ જવાનો ખર્ચ વધ્યો છે. ડો.અજય સભય કહે છે કે દુનિયામાં આ બન્ને ક્ષેત્રો વચ્ચે ચાલુ સંઘર્ષ પુરો ન થયો તો ભારત પર તેની પ્રતિકુળ અસર પડી શકે છે.

**લાલ સાગરમાં સંઘર્ષથી વધ્યો માલ પરિવહનનો ખર્ચ:**

ભારતનો ખાડી દેશ અને યુરોપનો બધો વેપાર રાતા સમુદ્રથી થાય છે. આ રસ્તાથી માલ પરિવહન થાય છે એક વર્ષ પહેલા સુધી તો યમન આસપાસના સમુદ્રી વિસ્તારોમાં હુતી બળવાખોરો સક્રિય હતા પરંતુ યુદ્ધની હાલતથી લાલ સાગરનો મોટોભાગ અસરગ્રસ્ત છે. લોજીસ્ટીકસ સંબંધી પડકારોને લઈને ઓગસ્ટમાં દેશની નિકાસને અસર થઈ છે અને તેમાં ૯.૩ ટકાનો ઘટાડો થયો છે હવે સામાનને યુરોપ સુધી લાવવા લઈ જવા માટે શિપીંગ કંપનીઓ હોર્ન ઓફ આફ્રિકા અને કેપ ઓફ ગુડ હોપ (દક્ષિણ આફ્રિકા) આસપાસથી પસાર થઈને લાંબા સમુદ્રી રસ્તાનો ઉપયોગ કરે છે.બીજી બાજુ પૂર્વીતટથી અને મલકકા જલડમરૂ મધ્યના રસ્તે રશીયન ક્રુડ ઓઈલને લાવવાથી વેપાર માર્ગ લાંબો થઈ જશે.

**ભારતનો ખર્ચ પણ વધ્યો:**

વિશેષજ્ઞો પણ માની રહ્યા છે કે ખાડીમાં સંઘર્ષ ભારત માટે ઘણો ખર્ચાળ છે.એક બાજુ માલના પરિવહન માટે જહાજોને લાંબા ચકકર લગાવવા પડે છે તો યુદ્ધની સ્થિતિમાં માલ પરિવહનમાં લાગેલા જહાજની સુરક્ષામાં મર્ચન્ટ નેવીને મોટા ભાગમાં વોચ રાખવી પડી રહી છે. જેના પર કરોડો રૂપિયાનો રોજનો ખર્ચ થઈ રહ્યો છે.

એક અધિકારી જણાવે છે કે યુદ્ધની સ્થિતિમાં જયારે લાંબો રસ્તો જહાજને નકકી કરવાનો પડી રહ્યો છે તો ત્યારે હુતી અને અન્ય સમુદ્રી લુંટારાઓના હુમલાનો ખતરો વધી જાય છે. એટલે વોચને વધારવી પડે છે. નેવી વધારા જહાજ વોચ ઉભા કરવા પડે છે.

**આ નિકાસને થઈ શકે છે અસર:**

મધ્ય પૂર્વમાં તનાવના કારણે રત્ન તેમજ આભુષણ, કિંમતી ધાતુઓ, એન્જીનીયરીંગ ગુડસ, રેડીમેડ વસ્ત્ર, કોમ્પ્યુટર, સહિત મશીનની ફળ, શાકભાજી, રાશન, કાર્બોનીક રસાયણ, વિદ્યુત મશીનરી, ઉપકરણ, લોખંડ, પોલાદ અને દવાઓની નિકાસને અસર પડી શકે છે.

## ભાવ વધારાનો નવો ડામ: ખાદ્યતેલ પછી સાબુ-પાઉડર-ચા મોંઘા થવા લાગ્યા

મુંબઈ તા.૧૧

તહેવારો ટાણે આમ આદમીનાં ઘર વપરાશના બજેટમાં વધારો થવાની આશંકા છે. એમએફસીનું કંપનીઓએ ખાદ્યતેલ, સાબુ, ડીટરજન્ટ, જેવી ચીજોનાં વેચાણ ભાવ વધારવાની તૈયારી શરૂ કરી છે. જેનાથી ફૂગાવા પર દબાણ સર્જાઈ શકે છે.

ગોદરેજ કન્ઝયુમર દ્વારા એમ દર્શાવાયું છે કે પામતેલનાં ઉંચા ભાવને કારણે નફામાર્જીન પર દબાણ આવ્યુ છે. મેનેજમેન્ટ દ્વારા તમામ બોઝ એક જ ઝાટકે ગ્રાહકો પર નહિં ઝીંકવાનો નિર્ણય લેવાયો છે. જાણકારોનાં કહેવા પ્રમાણે એન્ફી લેવલને બદલે મોટા પેકમાં ભાવ વધી શકે છે.

રિઝર્વ બેંક ધિરાણ નીતિમાં કોમોડીટી ભાવ વધારા વિશે લાલબતી ધરી જ હતી અસામાન્ય હવામાન, ભૌગોલીક ટેન્શન અને ખાદ્યતેલ ઘઉં શાકભાજીનાં ઉંચા ભાવને કારણે ફૂગાવો વધવાનું જોખમ દર્શાવ્યુ હતુ.

કોપરેલ સહિતની પ્રોડકટની ઉત્પાદક કંપની મેરીકોનાં નિવેદન મુજબ કોપારાના ભાવ વધી ગયા છે. કંપનીએ ભાગ વધારાનો એક રાઉન્ડ લાગુ કરી જ દીધો છે. આયાત જકાત વધારાથી આયાતી ખાદ્યતેલ મોંઘા થતા તથા ક્રુડ તેલમાં અનિશ્ચિતતાથી માર્જીનને અસર થશે.

નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે મોંઘવારીનાં જોખમ પાછળનું સૌથી મોટુ કારણ કુડની અનિશ્ચિતતા છે. આમાં પણ કંપનીઓએ તબકકાવાર ભાવ વધારો શરૂ કરી જ દીધો છે.

## બાંગ્લાદેશના હિન્દુ મંદિરમાં પીએમ મોદીએ ભેટ આપેલા મુગટની ચોરી

### સોના અને ચાંદીના પરતોથી બનેલા આ મુગટનું ધાર્મિક દ્દષ્ટિએ ઘણું મહત્વ: જેશોરેશ્વરી મંદિર ૫૧ શકિતપીઠો પૈકી એક



ઢાકા (બાંગ્લાદેશ) તા.૧૧

સતખીરાના શ્યામનગરમાં જેશોરેશ્વરી મંદિરમાં કાલી માતાના મુગટની ચોરી થઈ છે. આ મુગટ વડાપ્રધાન મોદીએ માર્ચ ૨૦૨૧માં બાંગ્લાદેશમાં પોતાની યાત્રા દરમિયાન ભેટ આપ્યો હતો, કોરોના મહામારી બાદ મોદીની કોઈ દેશની આ પ્રથમ યાત્રા હતી.

રિપોર્ટ અનુસાર મુગટની ચોરી ગુરૂવારે બપોરે ૨થી ૨-૩૦ વાગ્યા વચ્ચે થઈ હતી, જયારે મંદિરના પૂજારી દિલીપ મુખર્જી દિવસની પૂજા બાદ ઘેર ચાલ્યા ગયેલા. બાદમાં સફાઈ કર્મીઓએ જોયું કે કાલી માતાના મસ્તક પરથી મુગટ ગાયબ હતો.

શ્યામનગર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર તૈજુલ ઈસ્લામે જણાવ્યું હતું કે અમે ચોરની ઓળખ માટે મંદિરના સીસીટીવી ફૂટેજની તપાસ કરી રહ્યા છીએ. ચાંદી અને સોનાની પરતથી બનેલ મુગટ સાંસ્કૃતિક અને ધાર્મિક દ્દષ્ટિએ ઘણો મહત્વનો છે. હિન્દુ કથાઓ અનુસાર જેશોરેશ્વરી મંદિર ૫૧ શકિત પીઠો પૈકીની એક છે એવું માનવામાં આવે છે કે આ મંદિરનું નિર્માણ ૧૨મી શતાબ્દીના ઉતરાર્ધમાં અનાડી નામના બ્રાહ્મણે બનાવ્યું હતું. રાજા પ્રતાપદિત્યે ૧૬મી સદીમાં મંદિરનું પુનઃ નિર્માણ કરાવ્યું હતું. જેશોરેશ્વરી પીઠ માટે ૧૦૦ દરવાજાનું મંદિર બનાવવામાં આવ્યું છે. આ મંદિર ઈશ્વરીપુરમાં આવેલ છે.

## બિહારમાં સરકારી સ્કુલોના શિક્ષકોને જીન્સ-ટી શર્ટ પહેરવા પર પ્રતિબંધ

બિહારના શિક્ષણ વિભાગે રાજ્યની સરકારી શાળાઓ માટે ડ્રેસ કોડ જારી કર્યો છે અને શિક્ષકો પર જીન્સ-ટીશર્ટ પહેરવા પર રોક લગાવી દીધી છે. વિભાગના નિર્દેશાનુસાર હવે સરકારી શાળામાં શિક્ષકો ફોર્મલ ડ્રેસમાં આવશે. શિક્ષણ વિભાગના નિયામક (વહીવટ) કમ શિક્ષણ વિભાગના અધિક સચિવ સુબોધ કુમાર ચૌધરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણ પદાધિકારીઓ માટે નિર્દેશ જારી કર્યો છે.




જારી કરવામાં આવેલા નિર્દેશાનુસાર, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રીલ્સ બનાવવા, ડાન્સ અને ડીજે વાળા વીડિયો બનાવવા પર પ્રતિબંધ લાદ્યો છે. તદુપરાંત શિક્ષકો અને અન્ય કર્મચારીઓને શાળામાં અનુશાસન જાળવી રાખવા નિર્દેશ આપ્યો છે.

## હાઈવે પેટ્રોલ પંપ પરના ટોઈલેટને તાળામાં રાખનાર સામે કાર્યવાહી થશે

### કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીની 'નજર' પહોંચી ગઈ



નવી દિલ્હી: કેન્દ્રીય માર્ગ-વ્યવહાર મંત્રી નિતીન ગડકરી હંમેશા 'ન્યુઝ'માં રહે છે અને હવે તેઓએ હાઈવે સહિતના પેટ્રોલ પંપ માલીકોનો કાન ખેંચ્યો છે તેઓએ જણાવ્યું કે હાઈવે પર જે પેટ્રોલ પંપ હોય છે ત્યાં ગ્રાહકોની સુવિધા માટે વોશરૂમ (ટોઈલેટ)ને હંમેશા 'તાળા' જોવા મળે છે.

નિતીન ગડકરીએ આકરી ભાષામાં કહ્યું કે હાઈવે પર જે પેટ્રોલ પંપ માલીકો આ રીતે વોશરૂમ-ટોઈલેટ પર તાળા લગાવે છે તેમને તમામને હું હાલ વિનંતી કરૂ છું કે તેઓ તાત્કાલીક તાળા ખોલી સ્વચ્છ વોશરૂમ-ટોઈલેટ સુવિધા તેના ગ્રાહકોને આપે તે જરૂરી છે નહીંતર તેઓને પેટ્રોલ પંપ માટે જે નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ અપાયુ હશે તે રદ કરવામાં આવશે.

ગડકરીએ કહ્યુ કે કોઈ પેટ્રોલ પંપની આ પ્રકારની ફરીયાદ આવવી જોઈએ નહિં તેઓએ આ ટોઈલેટમાં સ્વચ્છતા રાખવી પણ જરૂરી છે. તથા સ્વચ્છ પીવાનું પાણી પણ ઉપલબ્ધ બનાવવુ પડશે આ તમામ પેટ્રોલ પંપ માટે ફરજીયાત છે હાઈવે તથા એકસપ્રેસ એમાં નિયમીત ચેકીંગ કરવામાં આવશે.અને જે પેટ્રોલ પંપમા આ પ્રકારની સુવિધાનો ઈન્કાર કરાશે તેનુ લાયસન્સ રદ થાય તે નિશ્ચિત કરાશે.

## मैं हूं शक्ति!

## નવરાત્રી: શક્તિ પૂજા

બ્રહ્મકુમારી ભારતીદીદી

### કાલી માઁ



સર્વ દેવીઓને શૃંગારિત બતાવેલ છે. પરંતુ કાલી માઁનો શૃંગાર તો જુદો જ છે. વળી કાલીમાઁનું રૂપ પણ ડરામણું બતાવેલ છે. તેવું શા માટે? કાલી માઁ સામનો કરવાની શક્તિનું રૂપ છે. આત્મા જ્યારે અગાઉ જોયુ તેમ સમાવવાની શક્તિ, સ્વીકારવાની અને જતુ કરવાની શક્તિ, પરખ શક્તિ અને પરખીને યથાર્થ નિર્ણય લેવાની શક્તિ, સહયોગ અને સંતુષ્ટતાની શક્તિઓ ધારણ કરી લે છે ત્યારે આત્મા સકારાત્મકતા, દિવ્યતા અને પવિત્રતાને પ્રાપ્ત કરે છે. પરંતુ તેનો અર્થ એવો તો નથી જ કે આપણે દરેકને સહન કરતા જ જઈશું, તેમની વાતોને સ્વીકાર કરતા જ રહીશું, જતુ પણ કરતા જ રહીશું, ના! પરંતુ એ સર્વ શક્તિ સાથે એ પણ ધ્યાનમાં લેવાનું છે કે કોઈ વાત એવી જે ખોટી રીતે ફંસાવી દેતી હોય, શ્રીમત વિરૂધ્ધ અને ઉલ્ટી છે જે સ્વીકારવાને લાયક નથી તેનો સામનો જરૂર કરવો જોઈએ. આથી બીજી બધી શક્તિઓ, દેવીઓ કરતા કાલીમાઁનું સ્વરૂપ ભિન્ન છે. આમ બધી જ શક્તિઓને તેમના યથાર્થતા સહિત ધારણ કરી લક્ષ્ય પ્રાપ્તિ સુધી પહોંચવા માટે સામનો કરવાની શક્તિની જરૂર પડે છે.

રાજયોગ આપણને એ શીખવે છે કે સહન કોઈના સંસ્કારોને, તે વ્યક્તિને કરીએ પરંતુ પરથી આવેલી સ્થિતિનો સામનો કરવાનો છે નહી કે સહન કરતા રહીએ. આપણે વધારે એવું જોઈએ છીએ કે લોકો પરિસ્થિતિને સહન કરી લે છે અને પોતાના પરિવારના સભ્યો, અંગત વ્યક્તિઓની સાથે સામનો કરવા લાગે છે અને ટક્કરમાં આવી જાય છે. જ્યારે કે પરમાત્મા સમજાવે છે કે- વ્યક્તિના સંસ્કારોને ઓળખી તેમને સમાવો, સહન કરો અને સમય પર સ્વયંના પરિવર્તન દ્વારા તેમને શિક્ષા આપીને બદલો. જ્યારે કે ઘરના ઝઘડા, અંધશ્રદ્ધા, શોષણ થતુ હોય તેવી નકારાત્મક વાતોનો પરમાત્મા બળ દ્વારા સામનો કરીએ. આ બધુ ત્યારે જ શક્ય બને કે જયારે સ્વયંના સંસ્કારોનો સામનો કરીશું. અર્થાત પોતાનામાં પડેલ નકારાત્મકતાને છોડવાના છે સામનો કરીને. ઘણીવાર એવા ખરાબ સંસ્કારને થોડું તો ચાલી જશે, એ મારાથી નહી બદલી શકાય, થોડું જ તો ખોટું બોલવાની આદત છે, ઈર્ષા છે જેવા સંસ્કારોને અલબેલાપનમાં પોતાનામાં સાચવી રાખવો તે સામનો કરવાની શક્તિથી હીન બતાવે છે. આવી કમજોરીનો સામનો કરી તેમને ખત્મ કરી દઈશું ત્યારબાદ જ બીજાના સંસ્કારોને સહન પણ કરી શકીશું અને પરિસ્થિતિ, વાતોનો સામનો પણ કરી શકીશું. સ્વયં લાંચ લેનાર, ભેળસેળ કરનાર અન્યને રોકી કેવી રીતે શકે? તેવી રીતે જેમાં વિકારોના સંસ્કારો પડેલ છે તે અન્યને છોડાવવા શક્તિ કેવી રીતે ભરી શકશે? આમ સ્વયં દુ:ખદાયી સંસ્કારો, લોકોના ખોટા વર્તનનો સામનો કરવાની શક્તિ સ્વરૂપ કાલી માઁનું એ વિકરાળ રૂપ બતાવેલ છે. સ્વયંના દૂર્ગુણો પ્રતિ ભયાનક બની, કાલી થવા બતાવેલ છે.

કાલીમાઁ ના ગળામાં જે મૂડ(ખોપડી)ની માળા બતાવે છે કે જો એક કમજોરી પણ પોતાનામાં આવશે તો તેના પ્રભાવથી અન્ય શક્તિ ઢંકાઈ જશે અને અનેક કમજોરીઓ આવતી જશે જે શીશ(મૂડ)ના રૂપમાં બતાવેલ છે. દેહાભિમાન રૂપ વિકારને જીતીને સમાધાન કરવાની યુક્તિઓ દ્વારા સામનો કરવાની શક્તિને આત્મામાં જાગૃત કરવાની જરૂર પડે છે. આમ સૌ પ્રથમ દેહભાન કે જે શક્તિઓને ધારણ કરવા નથી દેતુ તેનાથી મુક્ત થવાની જરૂર છે. શક્તિને સ્વયંમાં અનુભવ કરીએ- મૈ શક્તિ હૂં!

## દેશ દેવી માઁ આશાપુરા: મહિમા

કચ્છમાં ભુજથી ૯૦ કિ.મી. દુર માતાના મઢ નામે સ્થળે માઁ આશાપુરાનું ભવ્ય મંદિર આવેલું છે. સર્વ ભકતોની આશા અને કામના માઁ આશાપુરા પૂર્ણ કરે છે. માઁ આશાપુરાનું સ્વરૂપ અલૌકિક છે. તેમની વિશાળ મૂર્તિ છે. દર વર્ષે અહીં ચૈત્ર તથા આસો નવરાત્રીમાં ભવ્ય ઉજવણી થાય છે. સુંદર યજ્ઞ થાય છે તથા માને જાતર ચઢે છે. આદ્યશકિત આશાપુરા કચ્છના રાજવી પરિવારનાં કુળદેવી છે. છેક ૧૯મી સદીથી આ દિવ્યધામ ગણાયું છે. નવરાત્રીમાં રાજા બાવા બીડુ હોમે છે. અનેક સ્થળેથી ભકતો ચાલીને માઁના દર્શને આવે છે અહીં રહેવા, જમવાની સુંદર વ્યવસ્થા છે. અમુક જ્ઞાતિના કુળદેવી માઁ આશાપુરા છે તેથી નાના બાળકોના બાળ-મોવાળા કે બાબરી આ જગ્યાએ ઉતારવાનો રિવાજ છે.

આશાપુરા મંદિરના ઈતિહાસ પર એક નજર નાખીએ તો મનુ વંશની ૧૪૩ પેઢી માઁના દેવેન્દ્રને ચાર પુત્રો હતા. નામ સતપત, ગજપત, નરપત તથા ભૂપત, એક સમયે કોઇ એક યુધ્ધ દરમિયાન આ ચારેય ભાઇઓએ સ્વરક્ષણ માટે ઓસમના ડુંગરે આશરો લીધો અહીં

### આજનું ચિંતન





તેમના પર હીંગળાજ માઁની કૃપા વરસી અને તેઓ ઉગરી ગયા. આમાંથી નરપતને સામપત નામે પુત્ર થયો જેના વંશજો સમા કહેવાયા.

સામપતની નવમી પેઢીએ થયેલા લાખિયારે સિંધમાં એક નગર વસાવ્યું જેનું નામ હતું સમૈ. આ સમૈ નગરીની ગાદી પર આવેલા સમો બામજી પરાક્રમી હતા. એક સમયે તેઓ હાલાર પાસેથી ધુમલી લડાઇમાં વિજયી થયા સિંધમાંથી પરત થતા તેમને કચ્છના પ્રદેશમાંથી પસાર થવાનું બન્યુ અને વચ્ચે રાત આવી જતા તેઓ હાલનાં માતાના મઢની જગ્યાએ રાત રોકાયા એ રાત્રે જ સ્વપ્નમાં તેમને હીંગળાજ માઁએ સંદેશો આપ્યો કે રાજવી તારી યુધ્ધમાં વિજયની આશા પુરી થઇ છે. આજે પ્રાત: કાળે આ સ્થળે તને માતૃકાની સ્વયંભુ મૂર્તિનાં દર્શન થશે તેની તું અહીં જ પ્રતિષ્ઠા કરજે. બીજે દિવસ સવારે જ સમા બાવજીને માઁની મૂર્તિના દર્શન થયા અને તેણે ત્યાં જ માંની મૂર્તિ સ્થાપી, પૂજન કર્યુ આમ ભકતની આશા પુરી કરનાર તે જ માઁ આશાપુરા કહેવાયા.

કચ્છના રાજવી પરિવારે કાળક્રમે ત્યાં માતાનો મઢ ચણાવ્યો કચ્છના રાજવી પરિવારને આશાપુરા માઁ પર અખુટ શ્રધ્ધા હતી. કાળક્રમે માઁનો મહિમા વધતો ચાલ્યો.

રાજકોટના રાજવી પરિવારના મહેલની સામે પેલેસ રોડ પર માઁ આશાપુરાનું મંદિર આવેલું છે તો જામનગર શહેરમાં પણ માઁના બે મંદિરો આવેલા છે. માતાના મઢે આવેલા ચાચર કુંડનો તથા ચાચર માઁનો ખુબ જ મહિમા છે. આશાપુરા માઁના દર્શને આવનાર ભકતો ચાચર માતા તથા કુંડના દર્શને અવશ્ય આવે છે.

- ભરત અંજારીયા

## કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠન હિઝબ-ઉત-તહરિર પર ભારતે પ્રતિબંધ મુકયો

### યુવાનોને જેહાદ માટે ઉશ્કેરવા સહિતના કૃત્યોમાં સામેલ સંગઠન સામે કેન્દ્રની કાર્યવાહી

નવીદિલ્હી,તા.૧૧

ભારત સરકારે ઇસ્લામિક જૂથ હિઝબ-ઉત-તહરિર (HUT) ને પ્રતિબંધિત સંગઠન જાહેર કર્યું છે. કારણ કે તેનો ઉદ્દેશ્ય જેહાદ અને આતંકવાદી પ્રવૃત્તિઓના માધ્યમથી વૈશ્વિક સ્તરે ઇસ્લામિક દેશ અને ખિલાફતની સ્થાપના કરવાનો છે. જૂથને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ હેઠળ પ્રતિબંધિત સંગઠન જાહેર કરતાં ગૃહ મંત્રાલયે કહ્યું કે, 'કેન્દ્ર સરકારનું માનવું છે કે, આતંકવાદમાં સામેલ હિઝબુત-તહરિર ભારતમાં પણ આતંકવાદના વિવિધ કૃત્યોમાં સામેલ છે.

વૈશ્વિક ઇસ્લામિક જૂથ HUTની રચના ૧૯૫૩ માં જેરુસલેમમાં કરવામાં આવી હતી. સરકાર દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે હિઝબુત તહરિરનું લક્ષ્ય જેહાદ દ્વારા લોકતાંત્રિક સરકારને હટાવીને ભારત સહિત વૈશ્વિક સ્તરે ઈસ્લામિક દેશ અને ખિલાફતની સ્થાપના કરવાનો છે.



આ જૂથને ગેરકાયદેસર જાહેર કરતા ગૃહ મંત્રાલયે કહ્યું કે, હિઝબુત તહરિર ભારતની લોકતાંત્રિક વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે.HUT યુવાનોને કટ્ટરપંથી બનાવવા અને તેમને ISIS જેવા આતંકવાદી સંગઠનોમાં જોડાવા અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ભંડોળ એકત્ર કરવા માટે પ્રેરિત કરવામાં સામેલ છે.

HUT વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, સુરક્ષિત એપ્સનો ઉપયોગ કરીને સભાઓ યોજી યુવાનોને આતંકવાદી પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરીને આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે.

ગૃહ મંત્રાલયે કહ્યું કે, HUT એક એવી સંસ્થા છે જેનો ઉદ્દેશ્ય દેશના નાગરિકોને (જૂથમાં) સામેલ કરીને જેહાદ અને આતંકવાદી પ્રવૃત્તિઓ દ્વારા લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકારોને ઉથલાવી દેવાનો છે અને ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઈસ્લામિક રાષ્ટ્ર અને ખિલાફતની સ્થાપના કરવાનો છે. આ દેશની લોકતાંત્રિક વ્યવસ્થા અને આંતરિક સુરક્ષા માટે ગંભીર ખતરો છે.

### સુવિચાર

**સત્ય પણ ક્યારેક લાચાર નજર આવે છે**
**ચાર જુઠ્ઠા ભેગા થાય ત્યાં એક સાચો માણસ હારી જાય છે.**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦: વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
આસો સુદ-૯, તા.૧૨/૧૦/૨૪, શનિવાર

સૂર્યોદય : ૬-૪૩, સૂર્યાસ્ત : ૬-૨૪, જૈન નવકારશી : ૭.૩૧
રાશિ : મકર (ખ.જ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-તુલા, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-તુલા, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મકર

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** સંયુકત પરિવારના સભ્યો સાથે કોઈ મનદુ:ખ ન થાય તેનું ધ્યાન રાખજો, નોકરીમાં તનાવ રહે.

**વૃષભ :** જીવનમાં ઉત્સાહ જાળવી રાખજો, નવી ઓળખાણથી લાભ રહેવાનો, કર્જમાં થોડી રાહત થવાની.

**મિથુન :** આત્મવિશ્વાસ વધારવો, સામાજિક કાર્યોમાં સફળતા મળવાની છે, નોકરીમાં ચીવટ રાખવી જરૂરી રહે.

**કર્ક :** અવઢવમાં રહેવાના નવા સાહસ માટે કોઈ હિતેચ્છુની સલાહ લેજો, યાત્રા પ્રવાસમાં સફળતા રહે.

**સિંહ :** પરિવારના સભ્યોની આવકનું પ્રમાણ વધવાનું છે, લકઝરી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે.

**કન્યા :** સ્વાસ્થ્ય બાબત સુધારો રહેવાનો છે, નોકરીમાં લાભની આશા ફળવાની છે, ભાગીદારીથી લાભ રહે.

**તુલા :** લખાણ દસ્તાવેજોના કાર્યમાં સફળતા નોકરીમાં કોઈ ફેરફારો ન કરવા, વિજાતીય મિત્રતા ગાઢ બને.

**વૃશ્ચિક :** આર્થિક વિકાસની તક મળ, નોકરીમાં પ્રમોશનના ચાન્સ, અવરોધો દુર થાય, મિલ્કતથી સારો લાભ રહે.


**ધન :** સ્વાસ્થ્ય બાબત સુધારો રહે, આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળવાના, રાજકીય રીતે ન ધારેલો લાભ મળવાનો.

**મકર :** નાણાકીય લેવડ દેવડમાં તકેદારી રાખજો, જવાબદારીઓનો સામનો રહે, પ્રવાસથી લાભ.

**કુંભ :** ભાગીદારો સાથે ઉત્પાદન બાબતના પ્રશ્નોને લઈને ચર્ચા વિચારણા થાય, નોકરીમાં નવી ઓફર આવે.

**મીન :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના રોકાયેલા નાણા છુટા થાય, ભાગીદારી યોજનાઓમાં કોઈની મદદ મળવાની.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત




### આડી ચાવી

૧. સોરઠી બહારવટિયાના લેખક (૮)
૭. અવાજ (૨)
૮. ક્ષણ હિન્દી (૨)
૯. ભેટવું અંગ્રેજી (૨)
૧૦. સાવધ (૩)
૧૧. એક અટક (૪)
૧૨. અચ..., ચરણ ... (૨)
૧૪. એક કઠોળ (૨)
૧૫. ધર્મશાળા (૩)
૧૬. મૃત્યુનો શોક (૩)
૧૮. નાઈટ ગુજરાતી (૨)
૧૯. નવેસરથી સર્જન (૫)
૨૩. રવેશ ખોટી રીતે લખો (૩)
૨૪. શોધખોળ (૨)
૨૫. રામ-સીતાના સંતાનો (૪)
૨૮. ફિલ્મ : ઇસ ... કી સુબહ નહીં (૨)
૩૦. ...મહેલ : આગ્રા (૨)
૩૧. કાળા રંગનું પક્ષી (૩)
૩૨. જાપાનીઝ યોધ્ધા (૪)

### ઉભી ચાવી

૧. વરસાદની એક શૈલી (૪)
૨. ...લેન્થ (૨)
૩. કાર્તિક આર્યનની તાજેતરની ફિલ્મ (૬)
૪. નકશો (૨)
૫. ભેળસેળ (૪)
૬. આકાશ (૩)
૯. લોકઅપ (૪)
૧૩. એક ધાતુ (૩)
૧૪. મંકી વેડા (૫)
૧૬. સુનિલ શેટ્ટીની પત્નીનું નામ (૨)
૧૭. ખુદા ગવાહ ફિલ્મના પ્રોડયુસર (૬)
૧૮. પાકિસ્તાની શહેર (૫)
૨૦. ...રાજા, ...અણ (૨)
૨૧. સચ-ઉંધુ લખો (૨)
૨૨. રઘુવંશીઓમાં આ નામ જોવા મળે (૨)
૨૬. મદિરા (૩)
૨૭. ખત કા ... ભાવ લેતે હૈ લિફાફા દેખકર (૩)
૨૯. મલાઇ (૨)
૩૦. બાવન પત્તા (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | નુ | ભા | ઈ | પં | ચો | લી | | દ | વા |
| | સ | ર | | ચા | | | ના | લા | |
| ભા | ર | ત | | ચ | વ | ત | મા | લ | |
| | ત | | સા | ત | | જ | | સ્ટ્રી | ટ |
| મ | ફ | લ | ર | | ક | | ફા | ટ | ક |
| | તે | લ | | ધ | ર્મ | વી | ર | | રા |
| રા | હ | | | નુ | | | ગ | ર | મ |
| | | સં | તો | ષ | | પ | તિ | | ણ |
| પ | લી | તો | | | કા | લં | | પા | |
| ળ | | ષ | | બે | | ગ | પ | પ | તિ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# દશેરા પૂર્વે જ સોનાનો ભાવ ફરી ઉંચકાઈને ૭૮૦૦૦: આવતીકાલે સારી ઘરાકીનો આશાવાદ

## દર વર્ષની જેમ ખરીદીનો ઝગમગાટ રહેવાનો ઝવેરીઓનો સુરઃ એડવાન્સ બુકીંગ પણ થયાનો નિર્દેશ

રાજકોટ તા.૧૧

સોના-ચાંદીની ખરીદી માટેના પવિત્ર દિવસ એવા દશેરા પૂર્વે જ સોનાના ભાવ આજે ઉંચકાયા હતા અને ફરી ૭૮૦૦૦ ની સપાટીને આંબી ગયા હતા.ઉંચા ભાવની ઘરાકી પર અસર થાય ચે કે કેમ તેના પર મીટ છે. ઝવેરીઓ જોકે શુકનવંતી ખરીદી નિકળવાનો આશાવાદ વ્યકત કરવામાં આવી રહ્યો છે.

આવતીકાલે દશેરા સોના-ચાંદીની ખરીદી માટે શુભ-પવિત્ર ગણાય છે. સોનીબજારનાં વેપારીઓ આગોતરી તૈયારી કરીને નવી આકર્ષક ડીઝાઈન-પેટર્ન સાથેના દાગીના મુકવામાં આવ્યા જ છે. દશેરાએ શુકનવંતી ખરીદીની પરંપરા હોવાથી ઉંચા ભાવ છતા ખરીદી સારી રહેવાનો આશાવાદ વ્યકત કરવામાં આવી રહ્યો છે. આવતીકાલે દશેરા પૂર્વે જ સોનામાં દસ ગ્રામે ૭૦૦ રૂપિયાનો ભાવવધારો થયો હતો.

રાજકોટમાં આજે દસ ગ્રામ સોનાનો ભાવ ૭૭૯૦૦ સાંપડયો હતો. ડોલર સામે રૂપિયામાં તેજી તથા વૈશ્વીક માર્કેટમાં કરંટ હોવાને કારણે ભાવ ૭૮૦૦૦ ને આંબી જવાની અટકળો છે.

ચાંદીમાં પણ વધઘટે ઝોક હતો અને ભાવ સરેરાશ ૧૦૦૦ રૂપિયાના ઉછાળાથી ૯૨૫૦૦ સાંપડયો હતો.



સોનીબજારનાં વેપારીઓએ કહ્યું કે પવિત્ર ખરીદીની પરંપરા હોવાના કારણોસર ખરીદીની રકઝક દેખાવાનું નિશ્ચિત છે કદાચ ઉંચા ભાવને કારણે લોકો ખરીદીમાં થોડો ઘણો કાપ મુકે અથવા નિશ્ચિત બજેટ મુજબ ખરીદી પરંપરા જાળવે તે નિશ્ચિત છે. રાજકોટમાં સોનીબજાર-પેલેસ રોડ ઉપરાંત યાજ્ઞીક રોડ, કાલાવડ રોડ, મવડી સહીતનાં વિસ્તારોમાં પથરાયેલા જવેલર્સ શો-રૂમો કાલે મોડી રાત સુધી ખુલ્લા રાખવામાં આવનાર છે.

ઝવેરીઓનાં કહેવા પ્રમાણે સોનાના વર્તમાન ભાવ વધારા પાછળનુ મુખ્ય કારણ ભૌગોલીક ટેન્શન છે.ઈઝરાયેલ-લેબનોન યુદ્ધ વચ્ચે ઈરાન પણ ચંચુપાત કરતુ હોવાથી યુદ્ધની હાલત વકરવાની આશંકાથી સોના-ચાંદી છેલ્લા દિવસોમાં ઉછળ્યા છે. અન્યથા કેન્દ્ર સરકારે ગત જુલાઈ આખરમાં આયાત જકાતમાં મોટો ઘટાડો કર્યો હતો અને ત્યારે સોનાનો ભાવ ૪૦૭૦ રૂપિયાથી વધુ ઘટી ગયા હતા.તે વખતે દસ ગ્રામ સોનુ ૭૦,૦૦૦ ની નજીક પહોંચી ગયુ હતું. પરંતુ ત્યારબાદ યુદ્ધની હાલતે ફરી તેજી સર્જી દીધી હતી.કરન્સી બજારમાં ડોલર સામે રૂપિયો તૂટયો હોવાથી પણ અસર હતી. નબળા રૂપિયાને કારણે આયાત મોંઘી થતી હોવાનુ ઉલ્લેખનીય છે.

દશેરાએ કાલે ખરીદી સારી રહેવાના આશાવાદ વચ્ચે થોડી ઘણી માત્રામાં બુકીંગ પણ હોવાના નિર્દેશ છે. દશેરાએ ઘસારો વધુ રહેતો હોય ત્યારે દાગીના પસંદગીમાં પુરતો સમય મળી શકે તે માટે અનેક લોકો એડવાન્સમાં દાગીના પસંદ કરીને બુકીંગ કરાતી લેતા હોય છે.

## તિથિની ગુંચઃ જવેલર્સ શોરૂમ રવિવારે ખુલ્લા રાખવા કે કેમ ? વેપારીઓમાં દ્વિધા

ચાલુ નવરાત્રીમાં તિથિભેદ રહ્યો છે આજે પણ અર્ધો દિવસ આઠમ બાદ નવમ છે કાલે પણ બપોર બાદ દશેરા શરૂ થઈ રહ્યાનું એક વર્ગ માને છે. જયારે એક વર્ગનું કથન એવુ છે કે નવરાત્રીમાં ચોખા નવ દિવસ આવતા હતા એટલે તિથિભેદની કોઈ વાત રહેતી નથી. સોનીબજારમાં દશેરાનું ઘણુ મહત્વ રહેતુ હોય છે.શુકનવંતી ખરીદી રહેતી હોવાને કારણે મોડી રાત સુધી સોનીબજાર ખુલ્લી રહેતી હોય છે. પરંતુ આ વખતે તિથિની ગુંચને કારણે સોની વેપારીઓ પણ દ્વિધામાં મુકાયા છે.

રાજકોટ ગોલ્ડ ડીલર્સ એસો.ના પ્રમુખ ભાયાભાઈ સાહોલીયાએ વાતચીતમાં કહ્યું હતું કે દશેરા શનિવારે જ છે.પરંતુ રવિવારે પણ હોવાની વાતથી દ્વિધા છે સોનીબજાર રવિવારે પણ ચાલુ રાખવી કે કેમ તે વિશે સભ્યો સાથે વાતચીત કરીને સાંજ સુધીમાં નિર્ણય લેવાશે. જેમ્સ એન્ડ જવેલરી એસો.ને પણ સમાન સુર દર્શાવ્યો હતો.

## ડોલર સામે રૂપિયો ૮૪ને પારઃ નવા તળીયે

મુંબઈ તા.૧૧

ભૌગોલીક ટેન્શન, શેરબજારમાં વિદેશી સંસ્થાઓની કરોડો રૂપિયાની વેચવાલી, નિકાસમાં ઘટાડા સામે વધતી આયાતથી કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો દબાણ હેઠળ આવી ગયો હતો.પ્રથમ વખત ૮૪ ને પાર થઈને નવા તળીયે ઘસી ગયો હતો.

કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો ઈન્ટ્રા-ડે ૮૪.૦૯ થઈને ૮૪.૦૬ સાંપડયો હતો.રૂપિયાને ટકાવવા માટે રીઝર્વ બેન્કનાં ભરચકક પ્રયાસો છતાં દબાણ અટકાવી શકાયુ ન હતું. છેલ્લા પખવાડીયામાં ડોલર સામે રૂપિયો ઉંચકાઈને ૮૩.૫૦ ના સ્તરે પહોંચી ગયો હતો. પરંતુ વિદાય પૂર્વનાં ટેન્શનથી ફરી દબાણ હેઠળ આવી ગયો હતો. યુદ્ધ વકરવાનાં સંજોગોમાં ક્રુડ-સોના-ચાંદી સહીતની ચીજો મોંઘી થવાની પણ અસર હતી. વિદેશી સંસ્થાઓ દરરોજ કરોડો રૂપિયાનાં શેર વેંચીને નાણા ઉસેટી જતી હોવાનો પણ પ્રત્યાઘાત હતો ઘટતા રૂપિયાને ધ્યાને રાખીને રિઝર્વ બેન્કે કોઈ મોટા વેપારથી દુર રહેવા પણ બેંકોને સુચના આપી હતી.







શહેરના જુદા જુદા વિસ્તારમાં જેટપેચર અને રાબેતા મુજબના પેચવર્કના કામો ચાલી રહ્યા છે. દિવાળી પહેલા તમામ ખાડા બુરાઇ જાય તે રીતે મનપા તંત્ર કામ કરી રહ્યું છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

## ખાડાઓ બુરવા પેચવર્કના કામ પૂરજોશમાં : અડધુ બજેટ વેસ્ટ ઝોનમાં ખર્ચાઈ ગયું!

### ભારે વરસાદ બાદ ૧૨ હજાર ખાડા પડયાના રીપોર્ટ બાદ ત્રણે ઝોનમાં ચાલતા કામ : મુખ્ય માર્ગે જેટપેચરનો ઉપયોગ : દિવાળી બાદ એકશન પ્લાનના કામો થશે

રાજકોટ, તા. ૧૧

રાજકોટ શહેરમાં ચાલુ વર્ષે પણ પડેલા ભારે વરસાદના કારણે ડામર રોડને ખુબ નુકસાન થયું હતું. આ મોટા નુકસાન બદલ સરકાર પાસે પોણો અબજની ગ્રાન્ટ માંગવામાં આવી હતી. હવે ચોમાસુ પુરૂ થવા તરફ હોય અને નવરાત્રી બાદ દિવાળીના દિવસો પણ નજીક છે ત્યારે પૂરા નગરમાં ખાડા બુરવા અને મુખ્ય માર્ગે જેટપેચર મશીનથી રોડમાં સાંધા મારવાનું ઝડપી કામ ત્રણે ઝોનમાં ચાલી રહ્યું છે.

બીજી તરફ રાજયમાં કવોરી ઉદ્યોગ (કપચી)ની હડતાલ ચાલી રહી છે. રાજકોટમાં મનપાના કોન્ટ્રાકટરો પાસે હાલ તો પૂરતો માલ છે. પરંતુ આ હડતાલ લંબાઇ અને માલની શોર્ટ સપ્લાય થાય તો રાજકોટમાં પણ ડામર રોડના કામ પર અસર પડી શકે છે.

મહાનગરમાં છેલ્લા વરસાદ બાદ કરવામાં આવેલા સર્વેમાં ૧૨ હજાર જેટલા ખાડા જુદા જુદા વોર્ડમાં પડયાનો અંદાજ હતો. આ પૈકી અડધા ખાડા તો માત્ર વેસ્ટ ઝોનના નવા રીંગ રોડ સહિતના વિસ્તારમાં પડયા હતા. અવારનવાર વરસાદના કારણે ખાડા બુરવાના કામમાં વિલંબ થયો હતો. પરંતુ મનપાએ ધીમા વરસાદે અને ભેજવાળા વાતાવરણમાં પણ ખાડા બુરાઇ શકે તેમ માટે જેટપેચર પધ્ધતિથી ડામર કામ શરૂ કર્યુ હતું. આ મોંઘુ કામ મોટા ભાગે મુખ્ય માર્ગો પર લેવામાં આવ્યું છે અને હાલ વોર્ડ નં.૪માં ચાલુ છે.

પૂર્વ અને મધ્ય ઝોનમાં ખાડા બુરવાની અને પેચવર્કની કામગીરી ઝડપથી થઇ છે. વેસ્ટ ઝોનની વાત કરીએ તો ૪.૮૦ કિ.મી. વિસ્તારમાં પેવર કામ થઇ ગયું છે અને ૬૫૧૦ ટન માલનો ઉપયોગ થયો છે. ૩૧૭૩૫ ચો.મી. વિસ્તારમાં ૧૭૯૪ ટન માલ પેચવર્ક માટે વપરાયો છે. ખાડા બુરવાનું મોટુ કામ પૂર્ણ થવા આવ્યું છે. શહેરમાં મુખ્ય રોડમાં સૌથી વધુ નુકસાન થયું હોય તો તે નવો રીંગ રોડ આવતો હતો. જેટપેચર મશીનથી મોંઘુ ડામર કામ કરવા ૧.૬૧ કરોડનો ખર્ચ મંજૂર થયો છે. જોકે તેમાંથી અડધુ કામ અને અડધુ બજેટ વેસ્ટ ઝોન માટે જ ફાળવવું પડયું છે તે ઉલ્લેખનીય છે.

બીજી તરફ એકશન પ્લાનના ડામર કામની પ્રક્રિયા હજુ ટેન્ડર કક્ષાએ છે. દિવાળી બાદ પૂરા શહેરમાં ડામર રોડના કામ મોટા પાયે અને એક સાથે શરૂ થાય તેવી શકયતા છે.

મેઘરાજાએ અનેક ભાગોમાં નવરાત્રીનાં છેલ્લા દિવસો બગાડયા

## ફરી મેઘરાજાની રમઝટઃ મુંબઈમાં તોફાની વરસાદ



### ગુજરાતમાં પણ સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ સહિતના જીલ્લામાં ૭૭ તાલુકામાં ૩ ઈંચ સુધીનો વરસાદ

### મુંબઈમાં તેજ પવન-આંધી અને વિજળીના કડાકાભડાકા સાથેના વરસાદથી 'પાણી-પાણી': યલો એલર્ટ

મુંબઈ તા.૧૧

નૈઋત્ય ચોમાસાની વિદાય બાદ ફરી એક વખત ગુજરાત-મહારાષ્ટ્રમાં વરસાદ ત્રાટકયો હતો.મુંબઈમાં ભારે વરસાદથી નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા. ગુજરાતમાં પણ તાપી, સુરત, નવસારી, ડાંગ, વલસાડ જેવા દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રનાં જીલ્લાઓમાં વરસાદ પડયો હતો અનેક ભાગોમાં નવરાત્રી બગડી હતી.

મહાનગર મુંબઈમાં ગુરૂવારે મોડી સાંજે તેજ પવન-આંધી તથા વિજળીનાં કડાકા ભડાકા સાથે ભારે વરસાદ ખાબકયો હતો. અંધેરી, ઘાટકોપર, એલીફન્ટસ રોડ, સહીતનાં અનેક વિસ્તારોમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી પાણી થઈ ગયા હતા.જનજીવન પ્રભાવીત થયુ હતું. નવરાત્રીનાં ગરબામાં પણ વિઘ્ન સર્જાયુ હતું અને અનેક આયોજનો રદ કરવામાં આવ્યા છે.

હવામાન વિભાગનાં રીપોર્ટ મુજબ મુંબઈમાં તોફાની પવન સાથે બે ઈંચ વરસાદ થયો હતો. હજુ ભારે વરસાદની શકયતા વચ્ચે યલો એલર્ટ જાહેર કરાયુ છે.

બીજી તરફ ગુજરાતમાં પણ અનેક ભાગોમાં મેઘરાજા ત્રાટકયા હતા. અને છુટાછવાયા ઝાપટાથી માંડીને ત્રણ ઈંચ સુધીનો વરસાદ થતા અનેક સ્થળોએ નવરાત્રી આયોજનો રદ કરી દેવાની ફરજ પડી હતી.

રાજયમાં કુલ ૭૭ તાલુકામાં ઝાપટાથી માંડીને ભારે વરસાદ હતો. તાપી જીલ્લાના વાલોદ વ્યારા તથા ડોલવાનમાં ૩-૩ ઈંચ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સુરતના પલસાણામાં અઢી ઈંચ, માંગરોળ-મહુવા, સુરત શહેર વલસાડ, ડાંગ, તથા નવસારી, આણંદ, ભરૂચ જીલ્લામાં પણ વરસાદ થયો હતો..



## ભારતીયો ડેબિટને બદલે ક્રેડિટ કાર્ડનો વધુ ઉપયોગ કરે છે.

### ઈન્ડિયા ડિજિટલ પેમેન્ટ્સના અર્ધવાર્ષિક રિપોર્ટ અનુસાર ડેબિટ કાર્ડમાં સતત ઘટાડો જોવા મળ્યો છે, જે યુપીઆઈને કારણે થયો

નવી દિલ્હી ,તા.૧૧

ઈન્ડિયા ડિજિટલ પેમેન્ટ્સના અર્ધવાર્ષિક રિપોર્ટ અનુસાર જૂન ૨૦૨૪ માં, ભારતમાં ક્રેડિટ, ડેબિટ અને પ્રીપેડ કાર્ડની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો, જે કુલ ૧.૪૫૧ અબજ કાર્ડ પર પહોંચ્યો હતો જે અગાઉના વર્ષ કરતાં ૧૧ ટકા વધુ હતો.

ખાનગી ક્ષેત્રની બેંકો, જેમ કે એચડીએફસી અને આઇસીઆઇસીઆઇએ ૭૧ ટકા ક્રેડિટ કાર્ડ જારી કર્યા હતાં, જ્યારે એસબીઆઈ અને બેંક ઓફ બરોડા જેવી જાહેર ક્ષેત્રની બેંકોએ ૬૫ ટકા ડેબિટ કાર્ડ જારી કર્યા હતાં. આ વલણ દર્શાવે છે કે જ્યાં ખાનગી બેંકો ક્રેડિટ કાર્ડ સાથે જોખમ લેવા માટે તૈયાર હોય છે, જ્યારે જાહેર બેંકો સેવા આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

૨૦૨૪ ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, કાર્ડ વ્યવહારો કુલ ૩.૭૩૫ અબજના હતાં, જે ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૩ ટકા વધુ છે.

કાર્ડ ટ્રાન્ઝેક્શનનું કુલ મૂલ્ય પણ વધીને રૂ. ૧૩.૪૯ ટ્રિલિયન થયું છે, જે ૨૧ ટકાનો વધારો દર્શાવે છે જેનું પ્રેરક બળ ક્રેડિટ કાર્ડ્સ હતું, જેણે ટ્રાન્ઝેક્શન મૂલ્યમાં ૩૭ ટકા જેટલો વધારો જોયો હતો, જે રૂ. ૧૦.૬૨ ટ્રિલિયન સુધી પહોંચ્યો હતો.

ક્રેડિટ કાર્ડ માટે એટીએસ ૨૦૨૩ ના પ્રથમ છ મહિનામાં રૂ. ૪૯૯૨ની સરખામણીએ વધીને રૂ. ૫૧૯૦ પર પહોંચી છે.જે ૪ ટકાનો વધારો દર્શાવે છે. પ્રીપેડ કાર્ડ માટે, એટીએસ ગયા વર્ષના સમાન સમયગાળામાં ૩૨૫ થી વધીને ૩૫૭ થઈ ગઈ છે, જે ૧૦ ટકાનો વધારો દર્શાવે છે. ડેબિટ કાર્ડ્સમાં એટીએસ ૨૩૦૩ થી વધીને ૨૮૩૦ થઈ હતી, જેમ નોંધપાત્ર રીતે ૨૩ ટકાનો વધારો દર્શાવે છે. પોઈન્ટ ઓફ સેલ ટર્મિનલ્સ દ્વારા ટ્રાન્ઝેક્શન ૨.૧૬ બિલિયન સુધી પહોંચ્યું છે, જે વર્ષ-દર-વર્ષે ૭ ટકાનો વધારો દર્શાવે છે. પીઓએસ પર ક્રેડિટ કાર્ડના વપરાશમાં ૩૦ ટકાનો વધારો જોવા મળ્યો, જ્યારે ડેબિટ કાર્ડનો વપરાશ ૩૦ ટકાનો ઘટાડો થયો હતો. આ પીઓએસ વ્યવહારોનું મૂલ્ય પણ વધીને રૂ. ૫૩૯૫ ટ્રિલિયન થયું છે, જેમાં ક્રેડિટ કાર્ડની કિંમતો ૨૧ ટકા વધીને રૂ. ૩.૫૮ ટ્રિલિયન થઈ છે. તેનાથી વિપરીત, ડેબિટ કાર્ડની કિંમતો ઘટીને રૂ. ૧.૭૫ ટ્રિલિયન થઈ છે.

ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતમાં ગ્રાહકો કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરી રહ્યાં છે, ક્રેડિટ કાર્ડ વધુને વધુ લોકપ્રિય બની રહ્યાં છે, ખાસ કરીને ઉચ્ચ મૂલ્યના વ્યવહારો માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ વધ્યો છે, જ્યારે ડેબિટ કાર્ડમાં સતત ઘટાડો જોવા મળ્યો છે, જે યુપીઆઇના વર્ચસ્વને પ્રતિબિંબિત કરે છે.

### ૨૦૦ વર્ષ જુની પરંપરા

## અમદાવાદની સાડૂ માતાની પોળમાં બારોટ સમુદાય નવરાત્રીની આઠમી રાત્રે પુરૂષો સાડી પહેરી ગરબા રમે છે





અમદાવાદ : નવરાત્રીનો તહેવાર દેવી દુર્ગાને સમર્પિત છે. આ સમય દરમિયાન, દેવી દુર્ગાનાં નવ દિવ્ય સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. કેટલીક જગ્યાએ ભકતો મંદિરોમાં જઈને, પ્રાર્થના અને દેવી દુર્ગાની પૂજા કરવામાં સમય પસાર કરે છે, જ્યારે ઘણી જગ્યાએ ગરબા કરીને દેવીની પૂજા કરવામાં આવે છે. ગરબા એ ગુજરાતમાં નવરાત્રિની ખાસ પરંપરા છે, પરંતુ ખરેખર જે દરેક વ્યક્તિનું ધ્યાન ખેંચે છે તે ૨૦૦ વર્ષ જૂની પરંપરા છે.

આ પરંપરામાં પુરૂષો સાડી પહેરે છે અને નવરાત્રીની આઠમી રાત્રે અમદાવાદમાં સાડુ માતાની પોળમાં ગરબા કરે છે. ગુજરાતનાં અમદાવાદમાં સદીઓથી આ અનોખી પરંપરા ચાલી આવે છે. મીડિયા અહેવાલો અનુસાર, સાડુ માતા ની પોળ તરીકે ઓળખાતી આ પોળમાં દરેક નવરાત્રિની આઠમી રાત્રે, બારોટ સમુદાયનાં પુરુષો સાડી પહેરીને ગરબા રમે છે.

આ માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ તેનો ઈતિહાસ સાથે પણ ઊંડો સંબંધ છે. સાડુ માતાને ખુશ કરવા માટે તેમનાં માનમાં એક મંદિર પણ બનાવવામાં આવ્યું હતું. નવરાત્રિની આઠમી રાત્રે પુરૂષો સાડી પહેરીને ગરબા કરવાની પરંપરા પેઢીઓથી ચાલી આવે છે. તે બારોટ સમાજની તેમનાં ભૂતકાળ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને માતા માટેનું સન્માન દર્શાવે છે.

## આવતીકાલે દશેરાઃ સવારથી ગાંઠીયા-જલેબી ખરીદવા ફરસાણની દુકાનોમાં લાગશે લાંબી લાઈનો

### દર વર્ષની માફક ૫૦ થી ૬૦ હજાર કિલો ગાંઠીયા-જલેબી રાજકોટવાસીઓ જાપટી જશે

રાજકોટ,તા.૧૧

નવદિવસ માં આદ્યશકિતની આરાધના કરવામાં આવી ત્યારે આવતીકાલે દશેરાની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે.દશેરામાં સવાર સવારમાં જ લોકો ફાફડા જલેબી અને મિઠાઈ લેવા પહોંચી જાય છે. ફાફડા જલેબીની લીજ્જત માણે છે. આવતીકાલે પણ વહેલી સવારથી ફરસાણની દુકાનો બહાર લાંબી લાઈનો લાગી જશે. બહોળા પ્રમાણમાં ગાંઠીયા જલેબી સહિત અનેક મીઠાઈની ખરીદી થશે.

કંદોઈ બજારમાં છેલ્લા ૧૦૦ વર્ષથી ફરસાણની દુકાન ધરાવતા અતુલભાઈ કાનચેરીયા જણાવે છે કે દશેરાની તૈયારીઓ બે દિવસ પૂર્વે જ કરવામાં આવે છે. પરંતુ ગાંઠીયા જલેબી લાઈવ તાજા બનાવવામાં આવે છે. અને લોકો ગરમા ગરમ લેવા આવે છે. આથી વહેલી સવારથી ગરમ ગાંઠીયા બનાવવાનું શરૂ કરી દેવામાં આવશે.



તસ્વીરઃ દેવેન અમરેલીયા

આ વર્ષે અગાઉ અપાતા ઓર્ડરમાં ૨૫ ટકા ઘટાડો જોવા મળ્યો છે. અને ૪૦ ટકા ભાવ વધારો છે. તેલના ભાવ વધતા ફરસાણના ભાવ વધ્યા અને દુધની મિઠાઈના ભાવ પણ વધ્યા છે. જેને પગલે ખરીદી પર અસર જોવા મળી રહી છે. દશેરા પૂર્વે લોકો સ્નેહીજનોએ આપવા મીઠાઈની ખરીદી કરતા હતા. આ ખરીદીમાં ૨૫ ટકા ઘટાડો થયો છે.

દશેરાના દિવસે જલેબી મીઠા સાટા, મોળા સાટા, મોહનથાળ, મેસુદ જેવી મીઠાઈનું વેચાણ વધુ થાય છે.

શિવશક્તિ સ્વીટ શોપના જગદીશભાઈ અકબરી જણાવે છે કે, દર વર્ષે બહોળા પ્રમાણમાં ગાંઠીયા જલેબીનું વેચાણ થાય છે.

### ભાવમાં રૂા.૪૦નો વધારોઃ અગાઉની ખરીદીમાં ૨૫ ટકા ઘટાડો

આથી વહેલી સવારથી ગરમ ગાંઠીયા જલેબી બનાવવાનું શરૂ કરી દેવામાં આવે છે. ગત વર્ષ કરતા આ વર્ષે કિલોએ રૂા.૪૦નો વધારો થયો છે. દર વર્ષેની માફક આ વર્ષે પણ ૫૦ થી ૬૦ હજાર કિલોથી વધુ ગાંઠીયા અને ૫૦ હજાર કિલો જલેબીનું વેચાણ થશે. ગાંઠીયાનો કિલોનો ભાવ રૂા.૪૦૦ થી શરૂ થશે. અને જલેબીનો ભાવ રૂા.૨૪૦ થી ૫૮૦ સુધીનો છે. કાજુ વાળા મીઠાઈમાં રૂા.૧૦૦નો ઘરખમ વધારો થયો છે. મોળા સાટા ૨૪૦ થી ૪૬૦ મીઠા સાટા રૂા.૨૪૦ થી રૂા.૪૪૦ સુધી વહેચાય રહ્યા છે. અને મેસુબ રૂા.૨૪૦ થી ૬૦૦ ટોપરાપાક રૂા.૨૮૦ થાબળી રૂા.૫૮૦માં વહેચાય રહી છે.

ભાવ વધવાની અસર ખરીદી પર જોવા મળશે. લોકો કિલોને બદલે ૫૦૦ની ખરીદી કરશે. પરંતુ તહેવારની મોજ માણશે.

# 'મારી પત્નીને ક્યાં સંતાડી છે'? કહીં સાસુ પર જમાઈનો છરીથી હિંચકારો હુમલો

## મોરબીમાં નવલખી ફાટક પાસે રહેતી મહિલાને તેના જમાઈ રાઘવ કુકરિયાએ ધમકી આપતાં તેણી ભયભીત થઈ રાજકોટ આવતી રહી: પિછો કરી આવેલા જમાઈ સહિતના શખ્સોએ અક્ષરનગરમાં બઘડાટી બોલાવી

**મહિલાને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાઈ: ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી**

રાજકોટ. તા.૧૧

મોરબીમાં નવલખી ફાટક પાસે રહેતી મહિલાને તેના જમાઈ રાઘવ કુકરિયાએ મારી પત્નીને ક્યાં સંતાડી છે' કહીં રાજકોટના અક્ષરનગરમાં છરીથી હિંચકારો હુમલો કરી દેતાં મહિલાને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાઈ હતી. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે મોરબીમાં નવલખી ફાટક પાસે ચરમાળિયા દાદાના મંદિર પાસે રહેતાં પલ્લવીબેન વિપુલભાઇ ત્રિવેદિ (ઉ.વ.૪૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રાઘવ કુવરિયા (રહે. યોગીનગર, મોરબી) અને તેની સાથેના ત્રણ અજાણ્યાં શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેમની દીકરી રાજકોટમાં આવેલ અક્ષરનગરમાં સાસરે છે અને તેમની નાની દીકરીએ ૯ માસ પહેલા મોરબી યોગીનગરમાં રહેતા રાઘવ કુવરીયા સાથે પ્રેમ લગ્ન કરેલ છે. ગઈકાલે સવારના સમયે તેઓ મોરબી પોતાના ઘરે હતી ત્યારે જમાઈ રાઘવ કુવરીયાનો ફોન આવેલ કે, પ્રાર્થના કયા છે? તમારા ઘરે આવી છે? જેથી તેણી ઘરે એકલી હોય અને તેમના પતિ ડ્રાઇવિંગ કામ માટે બહાર ગયાં હોય જેથી તેણી ભયભીત થઈ રાજકોટ રહેતી દીકરીના ઘરે એક્ટીવા લઈ આવિ ગયેલ હતી.

દરમિયાન બપોરના સમયે તેણી તેની પુત્રીના ઘર પાસે અક્ષરનગરમા ઉભા હતા ત્યારે જમાઇ રાઘવ કુવરીયા મોરબીથી એક સફેદ કલરની કારમાં અજાણ્યાં ત્રણ શખ્સો સાથે ધસી આવેલ અને રાઘવે કહેલ કે, તમે મારી પત્ની પ્રાર્થનાને ક્યાં સંતાડેલ છે? તેને મારી સાથે મોકલો કહી ગાળો કાઢી ઢીકા પાટુનો માર મારેલ હતો. તેણીએ રાડારાડી કરતા રાઘવ ઉશ્કેરાઇ જઇ નેફામાંથી છરી કાઢી ઘા ઝીંકી દેતાં હાથમાં ઇજા પહોંચી હતી અને લોહી નીકળવા લાગતા રાઘવ તથા તેની સાથેના અજાણ્યા શખ્સોએ પ્રાર્થનાને મોકલી દેજો નહીતર બધાને જાનથી મારી નાખીશું ધમકી આપી નાસી છૂટ્યા હતાં. બાદમાં ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે હુમલો કરનાર ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

### માંડા ડુંગર વિસ્તારમાં આવેલ માધવવાટિકા સોસાયટીની ઘટના

# ફઈના ઘર સામે જ પોણા બે વર્ષના ભત્રીજાનું કરૂણ મોત: શેરીમાં રમતા ધિયાંશ પર છોટા હાથીના વ્હીલ ફરી વળ્યા

## માનસરોવર મેઈન રોડ પર રહેતો મૃતક તેના માતા – પિતાનો એકનો એક પુત્ર : પિતા યાર્ડમાં મજૂરી કરે, માતા સિક્યુરિટી ગાર્ડની નોકરી કરે છે : બનાવથી ભારે કલ્પાંત

**નવરાત્રી નિમિત્તે બાળાઓને ભોજન કરાવવાનો પ્રસંગ હોવાથી ધિયાંશ વાળા દાદી ભેગો ફઈના ઘરે ગયો હતો, જમીને બાળકો શેરીમાં રમતા હતા ત્યારે બનાવ બન્યો**

રાજકોટ તા.૧૧

રાજકોટમાં આજીડેમ ચોકડી પાસે રહેતો પોણા બે વર્ષનો બાળક તેના દાદી ભેગો માધવ વાટિકામાં રહેતાં ફઈના ઘરે ગયો હતો ત્યારે શેરીમાં રમતી વખતે છોટા હાથીએ ઠોકરે લેતાં સારવારમાં બાળકે દમ તોડી દિધો હતો. એકના એક પુત્રના મોતથી મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી ચેતનભાઇ બચુભાઈ વાળા (ઉ.વ.૩૫, રહે.આજીડેમ ચોકડી આગળ માનસરોવર મેઇન રોડ,ભવાની કોમ્પલેક્ષ સી વીંગ બ્લોક નંબર ૧૦૩ રાજકોટ) એ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું મજૂરી કામ કરું છું, મારે સંતાનમાં એક દીકરો ધિયાંશ ઉ.વ.૧ વર્ષ ૧૦ મહિનાનો છે તથા એક દીકરી ધારા (ઉ.વ.૬) છે.ગઈ કાલ સવારના સાતેક વાગ્યાની આસપાસ હું માર્કેટિંગ યાર્ડમાં મજૂરી કામે ગયેલ અને મારી પત્ની સિક્યુરિટીમાં કામે ગયેલ. અને મારી દીકરી તથા મારો દીકરો ધિયાંશ મારી માતા કાંતાબેન સાથે સવારે આઠેક વાગ્યે મારી બેન ઋષિતાબેન મકવાણા જે માધવવાટિકા શેરી નંબર ૪ ખાતે રહે છે તેને ત્યાં આઠમાં નોરતાનું માતાજીની ગોયણી હોય અને જમણવાર હોય જેથી તેમના ઘરે ગયેલ.બાદ બપોરના સાડા ત્રણેક વાગ્યાની આસપાસ મારા બનેવી દિપકભાઈ મકવાણાનો ફોન આવેલ અને જણાવેલ કે બાબુ ભાઈ મારવાડી પોતાની છોટા હાથી વાહન નં-જીજે-૦ ૩સીડબલ્યુ ૬૮૭૦ નો ચાલક ઘરેથી જવા નીકળેલ ત્યારે ધિયાંશ મારા ઘરની સામે શેરીમાં રમતો હતો. ત્યારે આ બાબુભાઈ મારવાડી તેની છોટાહાથી ગાડીએ હડફેટે લેતા માથાના ભાગે તથા શરીરે ઇજાઓ થયેલ છે. જેથી ધિયાંશને સીવીલ હોસ્પીટલ સારવારમાં લઇ જઉં છું. બાદ હું તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પહોંચેલ અને ત્યાં મારા દીકરા ધિયાંશને માથા શરીરે ગંભીર ઇજા થયેલ હોય અને બેભાન હાલતમાં હતો. અને સિવિલ હોસ્પિટલે મારી બહેન ઋષિતાબેન હાજર હોય જેને બનાવ બાબતે પુછતા જણાવેલ કે મારા દીકરા તથા ધિયાંશ આ બધા છોકરાઓ મારા ઘરની સામે શેરીમાં રમતા હતા. ત્યારે અમારી બાજુમાં રહેતા બાબુભાઈ મારવાડી તેમની છોટા હાથી લઈને ઘરેથી નીકળતા ધિયાંશને હડફેટે લેતા માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થયેલ. જેનું ચાલુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ અંગે આજીડેમ પોલીસે છોટા હાથીના ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# ભગવતીપરામાં સફાઈ કામદાર અને માંડાડુંગરમાં કારખાનેદારના મકાનમાંથી તસ્કરોનો હાથફેરો: રૂા.૨.૧૮ લાખની ચોરી

## સુખસાગર સોસાયટીમાં એક દિવસ બંધ રહેલ મકાનમાંથી રૂા.૧.૩૭ લાખના દાગીના અને માધવવાટીકામાં બે દિવસ બંધ રહેલ મકાનમાંથી રોકડ અને દાગીના મળી રૂા.૮૧૫૦૦ ના મુદામાલની તસ્કરી: પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૧૧

ભગવતીપરામાં સફાઈ કામદાર અને માંડાડુંગરમાં કારખાનેદારના મકાનમાંથી તસ્કરોએ હાથફેરો કરી રૂ.૨.૧૮ લાખની ચોરી કરી નાસી છૂટતાં પોલીસે ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.





બનાવ અંગે ભગવતીપરા રોડ પર સુખસાગર સોસાયટી શેરી નં.૬ માં રહેતાં મહેન્દ્રભાઇ ચંદુભાઈ વાઘેલા (ઉ.વ.૪૦) એ બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ જુના મોરબી રોડ વોર્ડ નં.૪ માં સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે. તેઓ પત્ની અને એક પુત્ર સાથે રહે છે. ગઇકાલે સાંજના સાતેક વાગ્યે તેઓ પત્ની અને પુત્ર સાથે તેમના પિતાની તબિયત સારી ન હોય જેથી યાજ્ઞિક રોડ પર ઠક્કરબાપા વાલ્મિકી વાસમાં રહેતાં તેમના પિતાના ઘરે ગયેલ બાદ બીજા દિવસે સવારના તેઓ ઘરે આવેલ ત્યારે ઘરની ડેલીના તાળાનો નકુચો તુટેલો હતો. ઘરમાં અંદર પ્રવેશ કરતા ત્યાં જોયેલ તો ઘરના મેઈન દરવાજાના તાળાનો નકુચો પણ તુટેલ હતો.

બાદમાં ઘરમા અંદર જઈ ચેક કરતા તમામ સામાન વેરવીખેર હાલતમાં પડેલ હતો. ઘરના રૂમમાં રાખેલ કબાટમા જોતા તેમાં અંદર રહેલ તીજોરી ખુલ્લી હતી અને તીજોરીમાં રાખેલ સોનાનો નાનો હાર તેમજ હારની બુટી રૂ.૭૫ હજાર, સોનાનો ચેઈન રૂ.૪૫ હજાર, મંગળસૂત્ર, સોનાની કાનની વારી,ચાંદીના નજરીયા ૨ જોડી સહિતનો મુદામાલ જોવા ન મળતા ચોરી થયાની જાણ થઈ હતી. જેથી તેઓના ઘરમાં ઘુસેલા તસ્કરો તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના મળી કુલ રૂ.૧.૩૭ લાખનો મુદામાલ ચોરી કરી નાસી છૂટ્યા હતાં.

બીજા બનાવમાં માંડાડુંગરમાં માધવવાટીકા સોસાયટી શેરી નં.૦૪ માં રહેતાં દિનેશભાઈ ઉકાભાઈ વેકરિયા (ઉ.વ.૪૫) એ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ આરતી ઈન્ડસ્ટ્રીઝ શેરી નં ૨ માં ખોડલ મેટલ નામનું કારખાનું ચલાવી છરી ચપ્પાનુ જોબવર્ક કરે છે.

ગઈ તા.૦૮-૦૯ ના તેઓ પત્ની અને પુત્ર સાથે સાંજના છએક વાગ્યાની આસપાસ ઘરે તાળુ મારી ગીરનારી આશ્રમ લોધીકા ખાતે ગયેલા હતાં. બાદ તા. ૧૦/૦૯ ના સવારના સમયે તેમના પાડોશી વર્ષાબેન ડાભીનો ફોન કે, તમારા ઘરનો દરવાજો ખુલ્લો છે તમે ઘરે હાજર છો કે નહીં જેથી તેને કહેલ કે, અમે ઘરે તાળુ મારી લોધીકા ગીરનારી આશ્રમે આવેલ છીએ તેમ વાત કરતા વર્ષાબેને ઘરે જઈ જોતા ઘરનું તાળુ તુટેલું જોવામાં આવતા તુરંત જાણ કરતાં તેઓ ઘરે દોડી આવેલ અને જોતા ઘરનો મેઈન દરવાજાનુ તાળુ તુટેલ હતું અને ઘરનો સામાન વેરવિખેર પડેલ હતો.

રૂમમાં કબાટના દરવાજા ખુલ્લા અને કબાટની તીજોરી તુટેલ જોવામાં આવેલ જેમાં રાખેલ એક સોનાની બુટ્ટી રૂ.૧૫ હજાર, એક ઘડિયાળ અને રોકડ રૂ. ૬૫ હજાર જોવામાં આવેલ નહી. જેથી કોઈ અજાણ્યા તસ્કરો ઘરમાં ઘુસી તિજોરીમાંથી રોકડ અને દાગીના મળી કુલ રૂ.૮૧૫૦૦ ની ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

### રાજકોટના બેડીપરામાં કરૂણાંતિકા

# હિંચકાની દોરી ગળામાં વિંટાઇ જતા ૧૩ વર્ષના માસુમ મહમદનું કરૂણ મોત

## વ્હોરા પરીવારનો એકનો એક પુત્ર પોતાના ઘરે ઉપરના માળે એકલો હિંચકો હિંચકતો હતો ત્યારે ઘટના ઘટી : સારવાર મળે તે પહેલા જ દમ તોડતા પરિવારમાં આક્રંદ સાથે શોક : પોલીસ દોડી ગઇ

રાજકોટ, તા. ૧૧

રાજકોટના બેડીપરા વિસ્તારમાં કરૂણ બનાવ સામે આવ્યો છે. હિંચકાની દોરી ગળામાં વિંટાઇ જતા ૧૩ વર્ષના માસુમ મહમદ નામના બાળકનું કરૂણ મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતા પોલીસ દોડી ગઇ હતી.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના બેડીપરામાં પટેલ વાડીની સામે રહેતા હોસેનભાઇ સમાનો પુત્ર મહમદ (ઉ.વ.૧૩) ગઇકાલે રાતના નવેક વાગ્યે પોતાના ઘરે હતો ત્યારે પરીવારજનો નીચેના રૂમમાં બેઠા હતા અને પોતે ઉપરના માળે રૂમમાં જઇ દોરડાથી બાંધેલા હિંચકામાં હિંચકવા લાગ્યો હતો. જે બાદ હિંચકાની દોરી તેના ગળામાં ફસાઇ જતા ગળાફાંસો આવી જતા તે બેભાન થઇ ઢળી પડયો હતો. પુત્ર મોડે સુધી નીચે ન આવતા પરીવારજનો તપાસ કરવા જતા તે ગળામાં દોરી વીંટળાયેલી હાલતમાં બેભાન હાલતમાં પડયો હતો. જેને પરિવારજનોએ તાત્કાલીક ૧૦૮ મારફતે સારવારમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડાતા બાળકને ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યો હતો.

બનાવની જાણ થતા બી ડીવીઝન પોલીસ મથકના એએસઆઇ કે.સી.સોઢા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડયો હતો. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, મૃતક બાળક ધો.૭માં અભ્યાસ કરતો અને પરિવારના એકનો એક પુત્ર હતો. તેના પિતા દુકાનમાં નોકરી કરે છે એકના એક પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

# ગાંધી સ્મૃતિ સોસાયટીમાં ૩૦ વર્ષીય યુવકનો ગળેફાંસો ખાઈ આપઘાત

## પત્ની અને પુત્રી સાળાના ઘરે નિવેદનો પ્રસાદ લેવાં ગયાને પાછળથી પોતાના ઘરે લલિત કાકડીયાએ અંતિમ પગલું ભરી લીધું, કારણ અકળ: એકની એક પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કાળો કલ્પાંત: પોલીસે દોડી જઈ તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૧૧


રાજકોટની ગાંધી સ્મૃતિ સોસાયટીમાં ૩૦ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પત્ની અને પુત્રી સાળાના ઘરે નિવેદનો પ્રસાદ લેવાં ગયાને પાછળથી પોતાના ઘરે લલિત કાકડીયાએ અગમ્ય કારણોસર અંતિમ પગલું ભરી લેતાં પોલીસ કાફલો દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી.



પ્રાપ્ત વિગત મુજબ રાજકોટના રોડ પર આવેલ ગાંધી સ્મૃતિ સોસાયટી શેરી નંબર ચાર ની સામે રામદેવ ભેળવાળી શેરીમાં રહેતા લલિતભાઈ કાનજીભાઈ કાકડીયા ઉંમર વર્ષ ૩૦ એ ગઈકાલે રાતના નવ એક વાગ્યાની આસપાસ પોતાના ઘરે રૂમમાં પંખાના હુકમાં દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ પરિવારજનોને થતાં ૧૦૮ બોલાવતાં દોડી આવેલ ૧૦૮ ના તબીબોએ યુવાનને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં બી. ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ કે.સી.સોઢા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મૃતક યુવાન આજીડેમ પાસે આવેલ કારખાનામાં કામ કરતો અને તે તેની પત્ની અને પુત્રી સાથે રહેતો હતો. ગઈકાલે તેમના કૌટુંબિક સાળાના ઘરે નિવેદનો પ્રસાદ લેવાં જવાનો હોય જેથી તેમની પત્ની અને પુત્રી સાળાના ઘરે પ્રસાદ લેવાં ગયા બાદ અંતિમ પગલું ભરી લીધું હતું. બનાવ અંગે પરિવારજનો પણ અજાણ હોવાનું જણાવતાં પોલીસે તપાસ યથાવત રાખી છે.

# અવસાન નોંધ

## ખંભાળિયાના ૧૦૦ વર્ષીય ગઢવી બાયાબેન કારીયાનું અવસાન



જામ ખંભાળિયા: ગઢવી સ્વ. નાગશીભાઈ શામરાભાઈ કારીયાના ધર્મપત્ની બાયાબેન નાગશીભાઈ કારીયા (ઉ.વ. ૧૦૦ ) તે વિરપાલભાઈ (પૂર્વ ઉપપ્રમુખ, દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ) તથા ખેતશીભાઈ, શામરાભાઈ, કારાભાઈ તથા સ્વ. ભોલાભાઈના માતુશ્રી તેમજ વિશાલ (વિશાલ ડેરી પ્રોડક્ટસ) ના દાદીમાં તા. ૯ ના રોજ અવસાન પામ્યા છે.

**જામ ખંભાળિયા:** જામ ખંભાળિયા નિવાસી ભીખુભાઈ (અમૃતલાલ) મયાશંકર વ્યાસ (ઉ.વ ૮૬) (મૂળ ભાડથર વારા) તે ઈન્દિરાબેનના પતિ, હરૂભાઈ, રાજુભાઈ, જીગ્નેશભાઈ, પારૂબેન કિશોરકુમાર જોષી (ઉપલેટા), પ્રફુલ્લાબેન સંજયકુમાર (જામનગર), જ્યોતિબેન રમેશકુમાર જોષી (મુંબઈ), કૃપાબેન હરેશકુમાર જોષી (માધવપુર), માયાબેન ધનનકુમાર શાસ્ત્રી (બરોડા) અને જાગુબેન યોગેશકુમાર જોષી (ઉપલેટા) ના પિતાશ્રી ગુરુવાર તા. ૧૦ ના રોજ કૈલાશ વાસ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા - શુક્રવાર તારીખ ૧૧ ના રોજ સાંજે ૪ થી ૪:૩૦ જલારામ મંદિર પ્રાર્થના હોલ, ખંભાળિયા ખાતે રાખવામાં આવેલ છે.

**જામ ખંભાળિયા:** સ્વ. નટવરલાલ હિંમતલાલ વડગામા (મુકેશ ગેરેજ રાજકોટ) ના ધર્મપત્ની કંચનબેન (મુળ રાજકોટ, ઉ. વ. ૭૧) તે સ્વ. મિલનભાઈ તથા દક્ષાબેન મિતેશભાઈ બામરોલીયા (ખંભાળિયા, મિસ્ત્રી મોટર ગેરેજ વાળા) ના માતુશ્રી તેમજ દિતીનાબેનના સાસુ, દેવાંશી અને તન્મયના દાદીમાં ધ્રુવિશા અને ઉર્વિશના નાની તારીખ ૧૦ ના રોજ અવસાન પામ્યા છે. તેમનું બેસણું શુક્રવાર તા. ૧૧ ના સાંજે ૪ થી ૫ સ્ટેશન રોડ પર આવેલ શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ ''વિશ્વકર્મા બાગ'', જામ ખંભાળિયા ખાતે રાખવામાં આવેલ છે.

**ઉપલેટા:** ઉપલેટા નિવાસી સ્વ. નટવરલાલ મોહનલાલ દેગડા ના પુત્રી ગીતાબેન (ઉંમર વર્ષ ૫૨) તે સ્વ. જગદીશભાઈ તથા રમેશભાઈ તથા અલકાબેન ના બહેન અને જયદીપભાઇના માતૃશ્રી તારીખ ૧૦ ૧૦ ના ગુરુવારે અવસાન પામ્યા છે તેમનું બેસણું તારીખ ૧૧ના શુક્રવારે ૪ થી ૬ નવાપરા ચોરા રામજી મંદિર ઉપલેટા મુકામે રાખેલ છે.

**ગોંડલ :** કનુભાઈ સુંદરજીભાઈ ખાખરીયા (પરાગ મેચિંગ વાળા) (ઉ.વ. ૭૬) તે કૌશિકભાઈ, મિતુલભાઈ, મનીષાબેન દિનેશકુમાર નિર્મળ (રાજકોટ) ના પિતાશ્રી તેમજ પ્રફુલભાઇ, હસમુખભાઈ, અનિલભાઈ ના મોટાભાઈ નિકુંજ, સચિન, જય ના ભાઈજી સ્વ. નારણદાસ હેમરાજ વિઠલાણી (શાપુર) ના જમાઈ નું તા. ૦૯/૧૦/૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે ઉઠમણું તથા સાદડી તા. ૧૧/૧૦/૨૦૨૪ શુક્રવારે સાંજે ૪ થી ૫, શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, ૨૨/૦૯ ભોજરાજપરા ગોંડલ મુકામે રાખેલ છે

**ડોડીયાળા :** દેવરાજભાઈ ગોવિંદભાઈ વાસાણી (નિવૃત્ત શિક્ષક )ઉ.વ. ૮૦ તે પ્રવીણભાઈ ના પિતા અને, સાગરભાઈ ના દાદા નુ તા.૦૫/૧૦/૨૦૨૪ શનિવાર ના રોજ અવસાન થયેલ છે.

**મોરબી :** મુળ લખતર હાલ જામનગર નિવાસી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી વિષ્ણુપ્રસાદ પ્રભાશંકર વ્યાસ (ઉંમર ૮૨) તે નીતાબેન ચિરાગભાઈ શુકલ (મોરબી) ના પિતાશ્રી, ચિરાગભાઈ જગદીશભાઈ શુકલ મોરબીના સસરા તેમજ જયંતભાઈ રજનીકાંતભાઈ વ્યાસ, રૂપાબેન તેમજ સંજયભાઈના કાકાનું તા.૯ ના અવસાન થયેલ છે.સદ્ગતનુ બેસણું તા.૧૧ ને શુક્રવારના સાંજે ૪ થી ૫ રામેશ્વર મહાદેવ મંદિર, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સામેકાંઠે મોરબી-૨ ખાતે રાખેલ છે.નીતાબેન. ૯૭૨૨૮ ૩૮૩૧૧

**રાજકોટ :** રાજકોટ નિવાસી પરજીયા પટ્ટણી સોની મેહુલભાઈ રમણીકભાઇ કરચલિયા(ઉ.વ. ૪૭) તેઓ સ્વ. રમણીકભાઇ દામજીભાઈ કરચલિયા તથા કુસુમબેન રમણીકભાઇ કરચલિયાના પુત્ર, તેઓ અજયભાઈ(ગાયત્રી બેકરી), મયુરભાઈ(લાલા)ના ભાઈ, તે દિનેશભાઈ, મનસુખભાઇ તથા ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ ઘઘડાના ભત્રીજા, તે હસમુખભાઈ જગજીવનભાઈ સાગર(પોરબંદર), જીતુભાઈ તથા દિનેશભાઈના ભાણેજનું તા. ૧૦ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૧ને શુક્રવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે શ્રી કુવાવાડી માઁ ખોડીયાર મંદિર, લક્ષ્મીવાડી ક્વાટર, રાજકોટ ખાતે રાખેલ છે. મો.૯૮૭૯૫૯૦૫૮૭,૯૮૨૫૨૨૯૭૭૬.

**રાજકોટ:** મુળ રાખેજ હાલ રાજકોટ નિવાસી કાનજીભાઈ વિઠ્ઠલભાઈ કામળીયા તે કિશોરભાઈના પિતાનું તા.૧૦ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧૨ને શનિવારના રોજ સાંજે ૪ થી ૬ 'ચામુંડા કૃપા' સત્યનારાયણનગર, શેરી નં.૧, લાખના બંગલા પાસે, ગાંધીગ્રામ, રાજકોટ મુકામે રાખેલ છે. મો. ૯૯૯૮૫ ૧૮૬૪૬

રાજકોટ : જસદણ નિવાસી અને હાલ રાજકોટ રહેતા રવિન્દ્ર ભુપતદાન રત્નું ( ટી.ભાઈ) (ઉં.વર્ષ ૫૨) તે ભયલુભાઈ કનાભાઈ રત્નુંના ભત્રીજા મહેન્દ્રભાઈ, કિશોરભાઈ, જસજીતભાઈ, હિમાંશુભાઈ, રાજેન્દ્રભાઈ, ઉદયભાઈ, જીતુદાનભાઈ રત્નુંના નાના ભાઈ આદિત્યના પિતાનું તા.૧૦ ના રોજ દુખદ અવસાન થયું છે સદગતનું ઉઠમણુ તા.૧૪ ના રોજ ભક્તિ આશ્રમ એ.જી.ચોક રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ રાખેલ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ સ્વ. ઉષાબેન જગદીશચંદ્ર ભટ્ટ (ઉ.૬૯) તે સ્વ. જગદીશચંદ્ર દલપતરામ ભટ્ટના ધર્મપત્ની તથા મનોજભાઈ નૌતમલાલ મહેતા અને ગીતાબેન અજીતકુમાર જોષીના મોટા બહેન તથા અંકિતાબેન મનીષભાઈ દવે (જેતપુર) અને વિવેકભાઈ (લાલા)ના માતુશ્રી તથા જેતપુર નિવાસી મનીષ નવનીતરાય દવેના સાસુમાનું અવસાન તા.૧૦ના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા.૧૨ને શનિવારે સાંજે ૫થી ૬ ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી, કસ્તુરબા વિદ્યાલયની બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે. (વિવેક મો.૮૧૪૦૦ ૭૦૫૫૭).








### વરિષ્ઠ પત્રકાર પ્રતિપાલસિંહ ગોહિલના માતૃશ્રી

# સુરેન્દ્રબા ગોહિલનું અવસાન



રાજકોટ,તા.૧૧

રાજકોટ : મુળ કાકા સાહેબની ગઢાળી અને હાલ રાજકોટ નિવાસી સુરેન્દ્રબા છોટુભા ગોહિલ (ઉ. વ.૮૫) તે પ્રતિપાલસિંહ (પીયુષસિંહ દિવ્યભાસ્કર) છોટુભા ગોહિલના માતૃશ્રી તથા શિવદત્તસિંહ ગોહિલના દાદીમા તેમજ યોગેન્દ્રસિંહ ગોહિલ( ભાવનગર) ના કાકીમા તેમજ ધર્મરાજસિંહ મજબૂતસિંહ ગોહિલના ભાભુમાનું તા.૧૧ ને શુક્રવારે અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૧૪ ને સોમવારે સાંજે ૪ થી ૬ વાગ્યા, ' કાશી વિશ્વનાથ મંદિર' , વિષ્ણુ વિહાર સોસાયટી, રૂડા-૨ની બાજુમાં, બિશપ હાઉસ થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી જવાના રસ્તે, રાજકોટ ખાતે રાખેલ છે.

# રાજકોટના ભગવતીપરાનો રીક્ષા ડ્રાઇવર સમીરશા પિસ્ટલ અને જીવતા કાર્ટીસ સાથે ઝડપાયો

## બે વર્ષ પહેલાં મિત્રએ સાચવવા આપેલ પીસ્ટલથી રોફ જમાવતો હતો : બી ડિવિઝન પોલીસે આરોપીને દબોચી રૂા.૨૫૫૦૦નો મુદામાલ કબ્જે કરી ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૧૧

રાજકોટના ભગવતી પરા નજીકથી રીક્ષા ડ્રાઈવર સમીરશાહ શાહમદાર નામનો શખ્સને પિસ્ટલ અને જીવતા કાર્ટીસ સાથે બી. ડિવિઝન પોલીસે દબોચી રૂ.૨૫૫૦૦ નો મુદામાલ કબ્જે કરી ગુનો નોંધ્યો હતો. બે વર્ષ પહેલાં મિત્રએ સાચવવા આપેલ પીસ્ટલથી રોફ જમાવતો હોવાની કબૂલાત આપી હતી.

દરોડાની વિગત મુજબ, બી. ડિવિઝન પોલીસ મથકના પીઆઈ સુધીર રાણેની રાહબરીમાં પીએસઆઇ જે. આર.સોલંકી અને ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફને ભગવતીપરાથી બેડી ચોકડી તરફ જતાં રસ્તા પર એક શખ્સ હથીયાર સાથે ઉભો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ત્યાં હાજર શખ્સને પકડી તેનું નામ પૂછતા સમીરશાહ ઇકબાલશા શાહમદાર (ઉ.વ.૨૯),(રહે. ભગવતીપરા, જયપ્રકાશનગર શેરી નં.૧) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આરોપીની તપાસ કરતાં તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્ટલ રૂ.૨૫ હજાર અને પાંચ જીવતા કાર્ટીસ મળી આવતાં તમામ મુદામાલ કબ્જે કરી પૂછપરછ કરતાં તે રીક્ષા ડ્રાઇવિંગ કરે છે અને તેને પિસ્ટલ અને જીવતા કારટીસ બે વર્ષ પહેલાં તેના મિત્રએ સાચવવા માટે આપ્યાં હતાં. જે બાદ તેના મિત્રનું અવસાન થતાં તે પિસ્ટલ તેમની પાસે રાખી હોવાની પ્રાથમિક કબુલાત આપી હતી.

# લાયસન્સ વગર એલડીઓ વેચાણના કેસમાં જયંતીલાલ ભાલાળા નિર્દોષ

## કુવાડવા રોડ પર પાન-કોલ્ડ્રીંક્સની દુકાનમાં ઓઇલ વગેરેનું વેચાણ થતું હોવાની ફરિયાદ નોંધાઇ હતી

રાજકોટ, તા.૧૧

કુવાડવા રોડ મણીરાજ ચેમ્બર્સમાં રવેચી પાન એન્ડ કોલ્ડ્રીંક્સ નામની દુકાનમાં એસટીડી પીસીઓના ધંધા સાથે આરોપી જયંતિલાલ ભાલાળા ઓટોમોબાઇલ્સ, ઓઇલ, ગ્રીસ તથા એલડીઓનું વગર પરવાને વેચાણ કરતા હોવાની માહિતીના આધારે તા.૩૦-૮-૨૦૦૬ના રોજ રાજકોટ કલેક્ટરના હુકમ મુજબ પુરવઠા શાખા દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આરોપીના શ્રી જી. પેઇન્ટસના ગોડાઉનમાં ૬૪૫ લીટર ગેરકાયદેસર એલડીઓ મળી આવેલ તે અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. કેસ ચાલવા ઉપર આવતા આરોપી વતી રોકાયેલ વકીલે અધિકારીઓની ઉલટ તપાસ કરી દલીલો સાથે વિવિધ ચુકાદા ટાંકેલા જે ધ્યાને લઇ ચીફ જ્યુડી મેજીસ્ટ્રેટ જે.વી. પરમાર દ્વારા આરોપી જયંતિલાલ ભાલાળાને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરાયો હતો આ કેસમાં આરોપી વતી એડવોકેટ આનંદ રાધનપુરા તથા જીગર નસીત રોકાયેલા હતા.

## જેતપુરમાં વરલી જુગાર રમતો કમલેશ મોરબિયા પકડાયો

રાજકોટ, તા.૧૧

જેતપુર ઉદ્યોગનગર પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે નવાગઢ વિસ્તારમાં સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલ પાસે કમલેશ કેશુ મોરબી સોસાયટી (ઉંમર વર્ષ ૪૦, રહે. દરજી સોસાયટી જેતપુર) કાગળની ચિઠ્ઠીમાં આંકડા લખી વરલી ફીચરનો જુગાર રમતો હોવાનું નજરે પડતા પોલીસે તુરંત કમલેશની અટકાયત કરી વરલી ફિચરના જુગાર અંગેનો ગુનો દાખલ કર્યો હતો. આરોપી પાસેથી રૂપિયા ૯૭૦ ની રોકડ કબ્જે કરી હતી.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# કાલે વિજયાદશમીના પર્વે ક્ષત્રિય (ગિરાસદાર) સમાજ દ્વારા સમુહ શસ્ત્રપુજન-શોભાયાત્રાનું આયોજન



## શોભાયાત્રા હરભમજીરાજ ગરાસિયા છાત્રાલયેથી આશાપુરા મંદિર જશેઃ માતાજી સમક્ષ શસ્ત્રો પુજન સાથે તલવારબાજી કૌશલ્ય રજૂ કરશે

રાજકોટ, તા.૧૧

ક્ષાત્ર પર્વ વિજયાદશમીની રાજકોટ શહેરમાં ક્ષત્રિય (ગિરાસદાર) સમાજની સંસ્થા ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલ દ્વારા પરંપરાગત ઉજવણી કરવામાં આવે છે. જેમાં આવતીકાલ.તા.૧૨ને શનિવારના રોજ વિજયાદશમી પર્વ નિમિતે ક્ષત્રિય (ગિરાસદાર) સમાજ દ્વારા સમુહ શસ્ત્રપુજન સાથે પરંપરાગત પોશાકમાં ઢોલ, શરણાઈ, અશ્વો, કેસરીયા ધ્વજ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળશે.

રાજકોટ શહેરમાં છેલ્લા ૫૦ વર્ષથી યોજાતી ક્ષાત્ર પર્વ નિમિતના સમુહ શસ્ત્રપુજન શોભાયાત્રા હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય, રજપુતપરા શેરી નં.૫ ખાતેથી બપોરે ૦૨:૩૦ થી આરંભ થશે. છાત્રાલય ખાતે ભૂદેવો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ક્ષત્રિય(ગિરાસદાર) સમાજના યુવાનો, વડીલો પ્રથમ શસ્ત્ર પુજન કરશે બાદમાં શસ્ત્રપુજન વિધી પૂર્ણ થયા બાદ પગપાળા શોભાયાત્રા રૂપે પેલેસ રોડ ખાતેના આશાપુરા મંદિરે જવા બપોરે ૩:૩૦ કલાકે પ્રસ્થાન કરશે. રાજકોટ ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજા, યુવરાજ જયદીપસિંહજી જાડેજા(રામરાજા) ની આગેવાનીમાં સમાજના મોભીઓ, મહેમાનોની ઉપસ્થિતિમાં પરંપરાગત પોશાક સાફા-પાઘડી સાથે શોભાયાત્રા છાત્રાલયથી રજપુતપરા, મ્યુનિસિપલ ચૌક, ઢેબર ચોક, સર લાખાજીરાજ બાપુના સ્ટેચ્યુને પુજન બાદ ત્યાંથી ધર્મેન્દ્ર રોડ, લાખાજીરાજ રોડ, ભુપેન્દ્ર રોડ અને પેલેસ રોડ પરના આશાપુરામાં ના મંદિર ખાતે શોભાયાત્રા પહોંચશે.

જ્યાં રાજપરિવાર દ્વારા માતાજી સમક્ષ શસ્ત્રોનું પુજન કરવામાં આવશે. આશાપુરા મંદિરે શસ્ત્રપુજન સાથે તલવારબાજી કૌશલ્ય રજૂ કરશે ત્યારબાદ રણજીતવિલાસ પેલેસ ખાતે રાજકોટ રાજ પરિવાર દ્વારા ક્ષાત્રશૌર્યની કલાકૃતિઓ રજુ કરવામાં આવશે.

'સાંજ સમાચાર'ની મુલાકાતે રાજદીપસિંહ જાડેજા, દિલજીતસિંહ જાડેજા, સત્યજીતસિંહ જાડેજા, જયદેવસિંહ જાડેજા, ચંદ્રસિંહ જાડેજા, રાજદીપસિંહ રાણા અને છત્રપાલસિંહ જાડેજા આવ્યા હતા.





# રાજયમાં કુપોષણ નાબુદી અંગે વાલીઓ પણ સરકાર જેટલી જ ચિંતા કરે : મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા

## ભરૂચ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત ૧૨.૮૫ લાખ લાભાર્થીઓને ૩૮૩.૫૪ કરોડની સહાય ડીબીટીથી ચુકવાઇ

રાજકોટ, તા. ૧૧

વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત ભરૂચના શ્રી નિલકંઠ સભાખંડ, બી.એ.પી.એસ સ્વામીનારાયણ મંદિર, ઝાડેશ્વર ખાતે મધ્ય અને દક્ષિણ ગુજરાતના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના નિગમો અને સમાજ સુરક્ષા વિભાગની યોજનાના લાભાર્થીઓને સહાય આપવા માટે યોજાયેલા વંચિતો વિકાસના વાટે કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રી ભાનુબેને જણાવ્યું હતું કે, આજે દેશને સારા નાગરિકોની જરૂર છે. આપણે પણ આપણી ફરજોનું પાલન કરી શ્રેષ્ઠ નાગરિક તરીકેની આપણી ફરજ અદા કરીએ એમ કહી તેમણે સમાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિગતે જાણકારી આપી હતી.

કૂપોષણ અંગે ચિંતા વ્યકત કરતા તેમણે જણાવ્યું હતું કે, આવનારી પેઢીને ચુસ્ત, દુરૂસ્ત અને તંદુરસ્ત બનાવવી હશે તો કૂપોષણને નાબુદ કરવું જ પડશે એમ કહી તેમણે કૂપોષણને નાથવા માટે વાલીઓ પણ સરકાર જેટલી જ ચિંતા કરે એવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી.

વિકાસ સપ્તાહ ઉજવણી અંગે વિગતે છણાવટ કરતા મંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીને જાહેરજીવનમાં ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. જેના ઉપલક્ષમાં રાજયમાં વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી છે. જે અંતર્ગત અહીં વંચિતો વિકાસની વાટે કાર્યક્રમ યોજી ૧૨ લાખ કરતા વધુ લાભાર્થીઓને રૂા. ૩૮૩.૫૪ કરોડના લાભો ડિજીટલી લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવ્યા છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

રાજયમંત્રી ભીખુસિંહજી પરમારે સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગના વિવિધ નિગમો અને તેની કામગીરી તથા સમાજ સુરક્ષા વિભાગની વિવિધ યોજનાઓ અંગે વિગતે છણાવટ કરી હતી.

જંબુસરના ધારાસભ્ય ડી.કે.સ્વામીએ વિકાસ સપ્તાહ અંગે જાણકારી આપી તેમણે વિકાસ સપ્તાહ ખરા અર્થમાં રાજયની જનતા વિકાસપર્વ બની રહેશે એમ જણાવ્યું હતું.

આ પ્રસંગે, જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્ર સિંહ વાંસદીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નગર પાલિકા પ્રમુખ શ્રીમતી વિભુતીબા યાદવ, તાલુકા પંચાયત પ્રમુખ કોશિક પટેલ, ભરૂચ જિલ્લા કારોબારી સમિતિ અધ્યક્ષ ધર્મેશ મિસ્ત્રી, અધિક નિવાસી કલેકટર, નિયામક વિકસતિ જાતિ કલ્યાણ અને સમાજ સુરક્ષા, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના મેનેજીંગ ડિરેક્ટરો તેમજ ખાતાના અધિકારીઓ સાથે મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

## અણગમતા મસા નો નિદાન કેમ્પ

સાંઈ મેકઓવર ગ્રુપ દ્વારા ૨૨ મો વિનામૂલ્યે અણગમતા મસા નો કેમ્પ નું આયોજન કરેલ છે. જેમાં દુઃખાવા તેમજ કાપકુપ વિના મસા કાઢી આપવામાં આવશે. સાથે ચહેરા ની ચામડી તેમજ વાળ ના રોગો નું વિનામૂલ્યે નિદાન કરી આપવામાં આવશે. આવતીકાલે સવારે ૧૦ થી ૬ સાંઈ મેકઓવર ૧ દામજીમેપા પ્લોટ પીપળીયાહોલ ની બાજુમાં,હસનવાડી મેઈન રોડ ખાતે યોજાશ

### આગામી તા.૨૩ નવે.થી ૯ ડિસે. સુધી યોજાનાર પૂ.મોરારીબાપુની માનસ સદ્ભાવના રામકથા

# રાજકોટના વિવિધ સ્થળો પરથી રામકથાના પાસનું વિતરણ શરૂ

રાજકોટ,તા.૧૧

સદ્ભાવના વૃદ્ધાશ્રમ દ્વારા રાજકોટના જામનગર રોડ ઉપર આવેલા રામપર ગામ ખાતે ૩૦ એકર જગ્યામાં સમગ્ર દેશનાં નિઃસંતાન પથારીવશ-નીરાધાર-લાચાર ૫૦૦૦ જેટલી વડીલોનો સમાવેશ થઈ શકે તેવું નવા વૃદ્ધાશ્રમનું નિર્માણ ૩૦૦ કરોડ રૂપિયાનાં ખર્ચે શરૂ થઈ રહ્યું છે. પ્રખર રામાયણી પ.પૂ. મોરારીબાપુ દ્વારા રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃદ્ધો અને વૃક્ષોના શુભાર્થે સદ્ભાવના વૃદ્ધાશ્રમને નિમીત બનાવી, સદ્ભાવના વૃદ્ધાશ્રમના લાભાર્થે માનસ સદ્ભાવના વૈશ્વિક રામકથાનું આયોજન કરાયું છે. પૂ.બાપુની અમૃત વાણીનું રસપાન કરી શકે તે માટે અલગ અલગ ખંડની અલાયદી એવી બેઠક વ્યવસ્થા કરવામાં આવશે.કથા શ્રાવકોને કોઈ પણ જાતની અગવડતા ન પડે તે રીતે કથા મંડપમાં પ્રવેશવા માટેના અલગ અલગ પ્રવેશ દ્વાર બનાવવામાં આવશે. રામકથા માટે સમગ્ર દેશ વિદેશથી હજારો લોકો પધારવાના છે.આ અંગેની વ્યાપક પુછપરછ પણ દેશ વિદેશથી શરૂ થઈ ચુકી છે. સૌ રામભકતો માટે આ માનસ સદ્ભાવના વૈશ્વિક રામકથા માટે રાજકોટ માટે રાજકોટના વિવિધ સ્થળે પાસ વિતરણ પણ શરૂ કરાયું છે.પાસ વિતરણનાં સ્થળોઃ માનસ સદ્ભાવના રામકથાનું મધ્યસ્થ કાર્યાલય, ટવીન ટાવર, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલની બાજુમાં કાલાવડ રોડ રાજકોટ, સદ્ભાવના વૃદ્ધાશ્રમ પીપળીયા ભવન સ્વામીનારાયણ ગુરુકુળ સામે ગોંડલ રોડ ફાટક પાસે, ઓવરબ્રીઝની નીચે ડી-માર્ટ વાળી શેરી રાજકોટ, સદ્ભાવના વૃદ્ધાશ્રમ નર્સરી ન્યુ ૧૫૦ ફુટરીંગ રોડ પાટીદાર ચોક શુભ મંગલ પાર્ટી પ્લોટની બાજુમાં રાજકોટ,સદ્ભાવના પશુ હોસ્પિટલ, સૈનિક સોસાયટી સામે, શ્રેયસ વિદ્યાલય પાસે, ઘંટેશ્વર જામનગર રોડ રાજકોટ, સદ્ભાવનાના મેડીકલ સ્ટોર, નાના મવા ચોક, આર.કે.પ્રાઈમ સિલ્વર હાઈટસ પાસે રાજકોટ, પંચનાથ મંદિર હોસ્પિટલ, પંચનાથ પ્લોટ, સદર, રાજકોટ શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ જનપથ સદ્ભાવના વૃદ્ધાશ્રમના લાભાર્થી યોજનાર રામકથા અંગેની વધુ માહિતી માટે (મો.૯૬૬૪૮૫૧૭૩૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.



### રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા

# ઝુંપડપટ્ટી વિસ્તારમાં વસ્ત્ર વિતરણ તથા કોર્પોની શાળાઓમાં ડેન્ટલ ચેકઅપ તથા કીટનું વિતરણ કરાયું

રાજકોટ,તા.૧૧

રોટરી કલબ ઓફ રાજકોટ મીડ ટાઉન દ્વારા છેલ્લા બે મહિના દરમ્યાન બે પ્રોજેકટ હાથ ધરાયા હતા જેમાં જુના નવા કપડાનું કલેકશન કરવામાં આવેલ હતું. અંદાજે વીસ હજાર વસ્ત્રો એકત્રિત કરીને ઝુંપડપટ્ટી વિસ્તારમાં આપવામાં આવ્યા છે. વિતરણ માટે અનેક સેવાકીય સંસ્થાઓનો સહયોગ મળ્યો હતો. રોટરી મીડટાઉનનો બીજો પ્રોજેકટ ડેન્ટલ ચેકઅપ અને ડેન્ટલ કીટસનું વિતરણ કોર્પોરેશનની શાળાઓમાં કરવામાં આવેલ કુલ ૭૦૦૦ કીટસનુ વિતરણ તથા વિદ્યાર્થીઓના દાંતની તપાસ કરવામાં આવી હતી.પ્રોજેકટના ડાયરેકટર ડો.નિશિથ સંઘવી, ડો.નિલેશ રાવલ, ડો.ભૂષણ કાલરીયા, તથા દિવ્યેશ અઘેરા વગેરેનો ડેન્ટર પ્રોજેકટમાં સહયોગ મળ્યો છે. સાંજ સમાચારના આંગણે વિગતો આપવા રોટરી કલબ ઓફ રાજકોટ મીડ ટાઉનના ડો.બાનુંબેન ધકાણ, અનિલભાઈ જસાણી, શીતલબેન અઘેરાસ તુષાબેન વોરા તથા નીતાબેન મોટલા વગેરે આવેલા હતાં.



# અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ, મહિલા સંઘ અને યુવા પાંખનો રવિવારે ૨૩મો રાજપૂત શરદોત્સવ કાર્યક્રમ

## દરેક ગ્રુપમાં પ્રથમ ૧ થી ૩ અને વેલડ્રેસ દિકરીબાને ઈનામો અપાશે

રાજકોટ, તા.૧૧

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ મહિલા સંઘ અને યુવા પાંખ દ્વારા ૨૩મો રાજપૂત શરદોત્સવનું આયોજન તા. ૧૩/૧૦/૨૦૨૪ ને રવિવારના સાંજે ૬-૦૦ થી ૧૦-૦૦ સુધી બાલભવન, કિશાનપરા ચોક પાસે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.આ કાર્યક્રમના મુખ્ય દાતા હરિશચંદ્રસિંહ જયેન્દ્રસિંહ જાડેજા (હસુભા) ઘંટેશ્વર તથા માતોશ્રી પાર્ટી પ્લોટ સુરેન્દ્રનગર તરફથી ખૂબ જ મોટો સહયોગ પ્રાપ્ત થયેલ છે. મુખ્ય આયોજન કમીટીના કિશોરસિંહ જેઠવા, હિતેન્દ્રસિંહ ઝાલા કોઠારીયા, કિરીટસિંહ જાડેજા, પથુભા જાડેજા તથા રાજકોટ જીલ્લા અને શહેરની પૂરી ટીમ ખૂબ જ જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવી રહેલ છે.દરેક ગ્રુપમાં પ્રથમ ૧ થી ૩ અને વેલડ્રેસ એમ કુલ ૪ ઈનામો આપવામાં આવશે. એ-ગ્રુપ વર્ષ ૫ થી ૧૫, બી-ગ્રુપ વર્ષ ૧૬ થી ૨૫ તથા સી-ગ્રુપ ૨૬ થી ઉપરના બહેનોએ સમયાંતરે રમવાનું રહેશે. પહેલુ ગ્રુપ ૬-૩૦ શરૂ કરવામાં આવશે. સર્વશ્રેષ્ઠ દિકરીબાને એક બમ્પર ઈનામો પણ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં ૨૩/૦૨/૨૫ સમહ લગ્નનું આયોજન પી.ટી. જાડેજા આશાપુરા ફાર્મ, શીતલપાર્ક ચોકડી પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. વધુ વિગત માટે કિશોરસિંહ જેઠવા ૯૯૨૫૨ ૪૮૨૫૧ પાસેથી વિગત ફોર્મ મેળવીને એન.કે. જાડેજા કન્યા છાત્રાલય, રાજકોટ ખાતે મોકલી આપવાના રહેશે. રાજકોટ જીલ્લાની વાર્ષિક શિબિર તા.૨૯/૧૨/૨૦૨૪ ને રવિવારના રોજ રાખવામાં આવનાર છે.આ આયોજન અંતર્ગત કિશોર સિંહ જેઠવા, હિતેન્દ્રસિંહ ઝાલા,કિરીટસિંહ જાડેજા, પથુભા જાડેજા, નિર્મળ સિંહ ઝાલા, અક્ષીત સિંહ જાડેજા, કનક સિંહ ઝાલા, શક્તિ સિંહ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા એ સાંજ સમાચારની મુલાકાત લીધી હતી

# ગુજરાત પ્રદેશ સેવાદળ યંગ બ્રિગેડ દ્વારા નવા સેવાકીય યોદ્ધાના નામ જાહેર કરાયા

રાજકોટ, તા.૧૧

અંગ્રેજોને દેશ છોડવા મજબૂર કરવા સફેદ ટોપી પહેરી અહિંસક પ્રથમ રોડ રસ્તા પર આવી આંદોલન કરનારું દળ છે. ગુજરાત પ્રદેશ સેવાદળ યંગ બ્રિગેડ દ્વારા રાજકોટ અગ્નિકાંડના મૃતકોના ન્યાય માટે ઉપવાસ આંદોલન, રાજકોટ બંધ, ગુજરાત પદયાત્રા મોરબીથી ગાંધીનગરની વગેરે અહિંસક આંદોલન કરી મૃતકોને ન્યાય મળે એવી અહિંસક ચળવળ કરવામાં આવી હતી.

ગુજરાતના યુવા પ્રદેશ પ્રમુખ સેવાદળના ચિંતનભાઈ ભરતભાઈ દવે (સેનિતાયઝર મેંન) દ્વારા રાજકોટ અને પ્રદેશ ટીમના નવા સેવાકીય યોદ્ધાના નામની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાત પ્રદેશ મહામંત્રી કોંગ્રેસ સેવાદળ ગીરીશભાઈ પટેલ, રાજકોટ શહેર પ્રમુખ કોંગ્રેસ સેવદળમાં રાહુલભાઈ સોલંકી, રાજકોટ જિલ્લા મહિલા પ્રમુખ મનીષાબા વાળા, રાજકોટ જિલ્લા પ્રમુખ જીગ્નેશભાઈ બોરડ,વિનીતસિંહ રાણા, પ્રકાશભાઈ વાઘેલા, તોહીદ બાગવાન આકાશ પરમાર અને હિતેશ વાઘેલાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# રવિવારે બી.પી. તથા ડાયાબીટીસની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ


સત્ય સાઈ સેવા સમિતિ, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ તા.૧૩ ને રવિવારના રોજ સાંજે: ૬ થી ૭ સુધી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડમાં ભજન પુર્ણ થયે દવાઓ વિનામુલ્યે આપવામાં આવશે. દર્દી જે દવા હાલમાં લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રિસ્ક્રીપ્શન સાથે રાખવા. જરૂર લાગશે તેને ડાયાબિટીસ સુગર ટેસ્ટ, તથા બી.પી. પણ ફી માપી આપવામાં આવશે.

# સિવિલ હોસ્પિટલની ઘટનાને આરડીએનપી સંસ્થાના હોદેદારો વખોડી

આરડીએનપી પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીકટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચઆઈવી એઈડ્સ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ના રોજ એચઆઈવી પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચઆઈવી સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી છે. રાજકોટ સીવીલ હોસ્પીટલ ખાતે પ્રભાસપાટણથી કોઈ ગંભીર બીમારીની સારવાર લેવા માટે અત્રે એક એચઆઈવી ગ્રસ્ત સગર્ભા મહીલા આવેલ અને રાજકોટ સીવીલ હોસ્પિટલ ખાતે હાજર તબીબો દ્વારા આ મહિલા દર્દીને પુરતી તપાસ કર્યા વીના સામાન્ય દવાઓ આપીને આ ગંભીર બીમારી ધરાવતી મહિલાને રાજકોટ સીવીલના તબીબોએ પૂર્ણ ગંભીરતાથી લીધા વીના રસ્તા ઉપર રજડતા મુકી દીધા છે. આ ઘટના ખરેખર અમાનવીય છે તેને શબ્દોમાં વખોડી કાઢીએ છી તેમ પ્રમુખ જગદીશ પટેલની યાદીમાં જણાવાયું છે.

# બાલમુકુન્દ હવેલી ટ્રસ્ટ ધરાઈના મંત્રી મિતુલ જોષીનો જન્મદિવસ

બાલમુકુન્દ હવેલી ટ્રસ્ટ ધરાઇના મંત્રી અને ધરાઈ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ મુખ્યાજી મિતુલભાઈ જોષીનો આવતીકાલે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. તેમના મિત્ર સર્કલ તેમજ સગા-સંબંધીઓ દ્વારા મો.નં.૯૯૭૯૩ ૦૯૨૬૨ શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.



# ઉદ્યોગપતિ રતન ટાટાની ચીર વિદાયથી દેશને કાયમી ખોટ રહેશેઃ ચેમ્બર પ્રમુખ વૈષ્ણવ

રાજકોટ તા.૧૧

દેશના વરિષ્ઠ ઉદ્યોગપતિ અને ટાટા ગ્રુપના ચેરમેન સ્વ. રતન ટાટાનું નિધન થતા જેનાથી સમગ્ર દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને ઉદ્યોગ જગતમાં પણ મોટી ખોટ પડી છે. પદ્મવિભુષણ રહી ચુકેલ સ્વ. રતન ટાટાના નિધન બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ વી.પી. વૈષ્ણવ તથા તમામ કારોબારી સભ્યો દ્વારા ઘેરા શોક અને દુઃખની લાગણી વ્યકત કરી ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે.


ઉદ્યોગપતિ રતન ટાટાએ બે કાયદાથી વધુ સમય સુધી ટાટા ગ્રુપનું નેતૃત્વ કર્યુ હતું. અને તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે એક બીઝનેશ લીડર રહી ચુકયા છે. આમ ટાટા ગ્રુપએ ભારતની સૌથી મોટી કંપનીઓમાની એક ગણાય છે. તેમના કાર્યકાળ દરમ્યાન ભારત દેશે ઓટો મોબાઈલથી લઈ એવિએશન, ટેકનોલોજી, હોસ્પિટાલીટીથી લઈ કન્ઝયુમર પ્રોડકટસ અને સ્ટીલ સહિતના અનેક ક્ષેત્રોમાં નવી ઉંચાઈઓ સર કરી છે અને લાખો લોકોને રોજગારી પુરી પાડેલ છે. શિક્ષણ-આરોગ્ય ક્ષેત્રે જે લોકો વંચીત હતા તેઓને સહાય કરવામાં અગ્રેસર રહ્યા છે. જેનાથી લોકોની જીંદગી બદલાઈ ગઈ છે. જેનો જન્મ છે તે આત્મા અવધિ પુરી થયે અનંતયાત્રાએ ચાલ્યો જાય છે. તે જીવનનો ઘટનાક્રમ છે. પરંતુ આ દિર્ઘદ્રષ્ટિ ધરાવનાર ઉદ્યોગપતિ સ્વ. રતન ટાટાની ચીરવિદાયથી ભારત દેશને એક અમુલ્ય રતન ગુમાવ્યું છે. જેની કાયમી ખોટ રહેશે. આમ આ દિવ્ય આત્માને પરમમોક્ષ મળે તેવી પ્રાર્થના કરવામાં આવે છે તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.

# હેપ્પી બર્થડે સાક્ષી

લીડીયા પરિવારની લાડલી સાક્ષીનો આજે જન્મદિવસ છે. આજે તેના જન્મદિવસે માતા ભાવનાબેન પિતા અમીતભાઈ શુભકામના પાઠવી રહ્યા છે.



# ચૌહાણ પરિવારની લાડલી મિશા-માહિનો જન્મદિવસ




ચૌહાણ પરિવારની લાડકવાયી મિશા અને માહિનો જન્મદિવસ છે.આજે બંન્નેના જન્મદિને પિતા આશિષભાઈ, માતા સ્વાલીબેન ખુબ ખુબ શુભકામના પાઠવી રહ્યા છે. મિશા અને માહિ પાપા પગલી કરતી એક વર્ષ પુર્ણ કરી બીજા વર્ષમાં મંગલ પ્રવેશ કરશે.

# બી.જી. ગરૈયા હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને આયુર્વેદ કોલેજના સંચાલક વનરાજભાઈ ગરૈયાનો જન્મદિવસ

રાજકોટ, તા.૧૧

સમગ્ર સૌરાષ્ટ્ર તથા ગુજરાતના જાણીતા અને ખૂબ જ લોકપ્રિય શૈક્ષણિક ટ્રસ્ટ શ્રી જ્ઞાનજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ તેમજ બી.જી. ગરૈયા હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને આયુર્વેદ કોલેજના સંચાલક અને વિશ્વ હિન્દુ પરિષદ તથા ઇન્ડિયન લાયન્સ તેમજ આહીર સમાજની વિવિધ પ્રવૃતિઓ સાથે સંકળાયેલા તેમજ અમદાવાદ આહીર કન્યા છાત્રાલયના ટ્રસ્ટી તદુપરાંત આહીર કન્યા છાત્રાલય પીપળીયાના ટ્રસ્ટી તેમજ બાબરા પાસે આવેલ દરેડ ગામની આપા મેરામની જગ્યાના પ્રમુખ એવા જાણીતા શિક્ષણવિદ્ વનરાજભાઈ ગરૈયાનો આજે ૫૨મો જન્મદિવસ છે.આજના આ યુગમાં જુજ જોવા મળતી સંયુક્ત પરીવારની પ્રથા વનરાજભાઈના વડપણ હેઠળ ગરૈયા પરિવારે જાળવી રાખી છે. અને એક જ છત નીચે ગરૈયા પરિવારના ૨૨ સભ્યો વસવાટ કરી રહ્યા છે. તાજેતરમાં જ રાજકોટમાં પણ સૌથી મોટા પરીવાર તરીકે ગરૈયા પરીવારનું સન્માન કરાયું હતુ. મીતભાસી છતાં શિસ્તના આગ્રહી એવા વનરાજભાઈ ને તેમના ૫૨માં જન્મદિવસ નિમિત્તે અભિનંદનની વર્ષા મો.નં. ૯૯૨૫૦૨૪૬૦૮ પર થઈ રહી છે.





# આજી વસાહતના ખોડિયારપરામાં ૫૩૭ છાત્રો માટે ૨.૬૮ કરોડના ખર્ચે સ્કુલના કામનો પ્રારંભ

## વોર્ડ નં.૧૫ના જરૂરતમંદ વિસ્તારમાં ૧૭ રૂમ સાથેની શાળાનું બાંધકામ શરૂ કરાવતા કાનગડ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મનપા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની શ્રી માઁ ખોડીયાર પ્રાથમિક શાળા નં.૭૬ના નવા બિલ્ડીંગનું ધારાસભ્ય ઉદયભાઇ કાનગડના હસ્તે મેયર નયનાબેન પેઢડીયા અને સાંસદ પરસોતમભાઇ રૂપાલાની હાજરીમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

વોર્ડ નં.૧૫માં ૮૦ ફુટ રોડ પર ખોડીયારપરા, આજી વસાહત ખાતેની આ સ્કુલનું નવનિર્માણ શરૂ કરાયું છે જેમાં ૫૩૭ વિદ્યાર્થીઓને ૧૬ શિક્ષકો અભ્યાસ કરાવી રહ્યા છે. સર્વ શિક્ષા અભિયાનની ગ્રાન્ટમાંથી ૧૭ રૂમ સાથેનું આ બાંધકામ થશે. ૨.૬૮ કરોડના ખર્ચે બનનારા આધુનિક બિલ્ડીંગમાં કોમ્પ્યુટર લેબ સહિતની સુવિધા હશે તેમ સમિતિ ચેરમેન વિક્રમ પુજારાએ જણાવ્યું હતું. ગ્રીન બોર્ડ, ફર્નિચર, મધ્યાહન ભોજન શેડ, પીવાના પાણી, કોમન યુટીલીટી, ફાયર સેફટી સહિતની સુવિધા પ્લાનમાં છે.

આ કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા, શાસક નેતા લીલુબેન જાદવ, મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, અશ્વિન મોલીયા, વા.ચેરમેન ડો.પ્રવીણ નિમાવત, અજય પરમાર, જગદીશ ભોજાણી, શાસનાધિકારી કિરીટસિંહ પરમાર વગેરે હાજર રહ્યા હતા.

# રવિવારે ગોંડલમાં ''ધરોહર'' શાસ્ત્રીય સંગીત કાર્યક્રમ

રાજકોટ,તા.૧૧

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી આકાર ઈવેન્ટ્સ રાજકોટ અને તરાના કલબ ગોંડલના સંયુકત ઉપક્રમે ગોંડલ ખાતે શાસ્ત્રીય સંગીત ગાયન-વાદન કાર્યક્રમ ધરોહરનું ૧૩ ઓકટોબર રવિવારના રોજ ગોંડલનાં ટાઉન હોલ ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં ગીતાબા જાડેજા ધારાસભ્ય ગોંડલ, મનિષભાઈ ચનીયારા પ્રમુખ નગરપાલિકા ગોંડલ અને રાજેન્દ્રસિંહ જાડેજા કારોબારી ચેરમેન નગરપાલિકા અલ્પેશભાઈ ઢોલરીયા પ્રમુખ એ.પી.એમ.સી. ધર્મેન્દ્રસિંહ જાડેજા, વાઈસ ચેરમેન એપીએમસી ગોંડલ, પ્રફુલભાઈ ટોળીયા ડાયરેકટર એપીએમસી અશોકભાઈ પીપળીયા ચેરમેન નાગરિક બેંક નાગરીક બેંક, જયોતિરાદિત્યસિંહ જાડેજા વાઈસ ચેરમેન નાગરિક બેંક હિતેશ દિહોરા જિલ્લા યુવા વિકાસ અધિકારી રાજકોટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સુ શ્રી કૌશર હાજી, આદિત્ય શુકલ, સંજય સંત, દેવર્ષિ ત્રિવેદી, કૃણાલ વ્યાસ, અનવર હાજી, સુ શ્રી પ્રિયંકા શુકલ સુ શ્રી આરઝુ હાજી પોતાની કલા પ્રસ્તુતિ કરશે. પરમ કથક કેન્દ્ર દ્વારા નૃત્ય પ્રસ્તુતિ કરવામાં આવશે તેમજ પાર્થ પંડયા અને વાદ્ય વૃંદ તબલા કચેરી દ્વારા તબલા વાદનનું પરફોર્મન્સ કરવામાં આવશે. કાર્યક્રમમાં પલ્લવીબેન વ્યાસ ઉદઘોષણની ભૂમિકા ભજવશે.

# ''વિજયાદશમી'' ના બ્રહ્મ સેના દ્વારા શસ્ત્ર અને શાસ્ત્ર પુજન કરાશે

બ્રહ્મ સેના દ્વારા હરહંમેશ મુજબ વિજયાદશમી પર્વ નિમિત્તે શસ્ત્ર પુજન અને શાસ્ત્ર પુજન અર્ચના આવતીકાલ તા.૧૨ને શનિવારના રોજ બપોરે ૧૨:૪૫ થી વૈદિક મંત્રોચ્ચાર અનુસાર બ્રહ્મ સેના(સૌરાષ્ટ્ર- ગુજરાત) સ્થાપક-અધ્યક્ષ જગદીશ રાવલના નિવાસ સ્થાને કાર્યક્ષેત્ર બ્રાહ્મણીયા પરા- ૬/૧ કોર્નર ગોવિંદ બાગ શાક માર્કેટ નજીક, પેડક રોડ પાસે, રાજકોટ ખાતે પરીવાર સહિત પૂજન અર્ચના કરાશે.

# અવસાન નોંધ

**રાજકોટ:** મુળ જોડીયા વાળા હાલ રાજકોટ સોની અશોકભાઈ શાંતિલાલ ઝીંઝુવાડીયા તે શૈલેષભાઈ, જીતેન્દ્રભાઈ (જીતુભાઈ), કિંજલબેનના પિતાશ્રી તથા મિલીન, જેનિકા, મીતના દાદા તથા કિશનભાઈ રૂગનાથભાઈ પારેખના જમાઈ તથા હેમેન્દ્રભાઈ કિશનભાઈ પારેખના બનેવી તા.૧૧ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષનું બેસણું તા.૧૨ના ૩-૩૦થી ૫ ખીજડાવાળી યુનીટ નં.૧, કોઠારીયા નાકા ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ભાજપ માટે હરિયાણામાં સત્તાની ચાવી બનેલા અવર્સ બેકવર્ડ કલાસને હવે મહારાષ્ટ્રમાં પણ સાધવા તૈયારી

# OBC માં નોન-ક્રિમીલેયરની આવક મર્યાદા રૂા.૧૫ લાખ કરવા દરખાસ્ત

**મહારાષ્ટ્રથી પ્રારંભઃ શિંદે સરકારે કેન્દ્રને વિધીવત દરખાસ્ત કરીઃ હાલની રૂા.૮ લાખની મર્યાદા અપુરતી છેઃ મરાઠા અનામતની અનિશ્ચિતતા વચ્ચે નવો વ્યુહ અપનાવ્યો**

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હવે ગમે તે સમયે વિધાનસભા ચૂંટણીની જાહેરાત થનાર છે તે પૂર્વે રાજયના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત મુકી છે.ભાજપમાં હરીયાણાની જેમ મહારાષ્ટ્રમાં પણ ઓબીસી-વર્ગ મહત્વનો છે.શિવસેના-ભાજપ-એનસીપીની સંયુકત સરકાર એ નોન-ક્રિમીલેયર એટલે કે જે પરિવારની આવક રૂા.૮ લાખ કે તેથી ઓછી હોય તેને આ સર્ટી અપાય છે.

જેથી તે અનામતનો લાભ મેળવી શકે પણ હવે તે મર્યાદા વધારી છે. રૂા.૧૫ લાખ કરવા શિંદે સરકારે પ્રસ્તાવ કર્યો છે. જે રીતે લોકસભા ચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષોને બેઠકો ગુમાવવી પડી પછી તે ધારાસભા ચૂંટણીમાં ફરી સતા માટે એક પણ તક મુકવા માગતી નથી.

આ ઉપરાંત મહારાષ્ટ્ર સ્ટેટ શેડયુલ કાસ્ટ કમીશનને બંધારણીય દરજજો આપવાની મંજુરી આપી છે જે પક્ષે હવે વટહુકમ બહાર પડાશે અને નવી વિધાનસભામાં તેને કાનુની સ્વરૂપ આપતો ખરડો રજુ થશે રાજયમાં આ ઉપરાંત લઘુમતી મતો અંકે કરવા મૌલાનાં આઝાદ માઈનોરીટી ફાયનાન્સીલ ડીપાર્ટમેન્ટ કોર્પોરેશનને ગ્રાન્ટ રૂા.૭૦૦ કરોડમાંથી વધારીને રૂા.૧૦૦૦ કરોડ કરવા અને મદ્રેસાનાં શિક્ષકોનાં પગાર રૂા.૮૦૦૦ થી વધારી રૂા.૧૬૦૦૦ અને બીએડ લાયકાત ધરાવતાં મદરેસા શિક્ષકોનાં પગાર રૂા.૮૦૦૦ માંથી ૧૮૦૦૦ કરવા મંજુરી આપી છે. આમ લઘુમતીમાં પણ સરકાર વરસી પડી છે.

કેબીનેટ કુલ ૪૦ દરખાસ્તોને મંજુરી આપી છે. જેમાં વિવિધ નાની નીતિમાં ખાસ નિગમ રચવા, ધારાવી ડેવલપમેન્ટ પ્રોજેકટમાં બોરીવલી પાસે સરકારી જમીન ફાળવવા અને રાજયમાં એકસપ્રેસ વે પ્રોજેકટને મંજુરી આપી હતી.હાલમાં જ હરીયાણામાં ધારાસભ્ય ચૂંટણી ઓબીસી મતદારોએ સતા અપાવી હતી તે પછી તે દાવ હવે મહારાષ્ટ્રમાં ખેલાઈ રહ્યો છે.

# ઈરાનના લશ્કરી વડા જ ગદ્દારી નસરાલ્લાહની માહિતી આપવાનો આરોપઃ નજરકેદ કરી દેવાયા



તેહરાન,તા.૧૧

ઈઝરાયલે છેલ્લાં કેટલાક મહિનામાં ઈરાનને ઘણાં આંચકા આપ્યાં છે. ઈઝરાયેલે હમાસના નેતા ઈસ્માઈલ હાનિયા અને હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહના ઠાર કર્યા છે. ઈરાન તપાસ કરી રહ્યું છે કે સુરક્ષામાં ક્યાં ખામી સર્જાઈ હતી આ દરમિયાન ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સનો કમાન્ડર ગુમ થઈ ગયો છે, જેનાં પછી એવી અટકળો ચાલી રહી છે કે તેણે ઈરાનને ઈઝરાયેલની મદદ કરીને દગો આપ્યો છે. ૬૭ વર્ષીય બ્રિગેડિયર જનરલ ઈસ્માઈલ કાની યુએસ દ્વારા કાસિમ સુલેમાનીની હત્યા બાદ ઈરાનમાં સૌથી શક્તિશાળી લશ્કરી વ્યક્તિ છે.

મિડલ ઈસ્ટ આઈએ સૂત્રોને ટાંકીને એક અહેવાલમાં જણાવ્યું હતું કે ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડના ચુનંદા કુદ્સ ફોર્સના નેતા ઈસ્માઈલ કાની જીવંત છે અને નજરકેદમાં સુરક્ષિત છે. પરંતુ તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. આ સમગ્ર તપાસ ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીની દેખરેખ હેઠળ થઈ રહી છે.

હિઝબુલ્લાના નેતા હસન નસરાલ્લાહના મૃત્યુ બાદ કાનીને જાહેરમાં જોવામાં આવ્યો નથી. ૨૭ સપ્ટેમ્બરે ઈઝરાયેલે બેરૂતમાં હવાઈ હુમલામાં નસરાલ્લાહને મારી નાખ્યો હતો. હિઝબુલ્લાહ સાથે ઈરાન માટે આ મોટો ફટકો હતો. ત્યારથી આઈઆરજીસીએ તપાસ શરૂ કરી છે કે ઈઝરાયેલને હસન નસરાલ્લાહના સ્થાનની જાણ કેવી રીતે થઈ હતી. કારણ કે હસન નસરાલ્લાહનું સ્થાન ખૂબ જ ગુપ્ત રાખવામાં આવ્યું હતું. તે લાંબા સમય સુધી કોઈ જગ્યાએ રોકાયો ન હતો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કાની અને તેની ટીમની પૂછપરછ કરવામાં આવી રહી છે. જાન્યુઆરી ૨૦૨૦ માં અમેરિકાએ કાસિમ સુલેમાનીની હત્યા કરી હતી. ત્યારથી તે આઈઆરજીસીની વિદેશી પાંખ કુદ્સ ફોર્સના વડા બન્યાં છે. ઈરાની કમાન્ડરોએ ઈઝરાયેલને માહિતી આપી હોવાની શંકા વધુ વધી જ્યારે હસન નસરાલ્લાહના અનુગામી હાશેમ સફીદ્દીનને ઈઝરાયેલે ૪ ઓક્ટોબરે બંકરમાં મિસાઈલ વડે માર્યો હતો.

હુમલો એટલો જોરદાર હતો કે ચાર મોટી ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી. અહેવાલો અનુસાર, નસરાલ્લાહના મૃત્યુનાં બે દિવસ પછી, કાની પરિસ્થિતિને સમજવા માટે ઘણાં આઈઆરજીસી કમાન્ડરો સાથે લેબનોન પહોંચ્યાં હતાં. પરંતુ સફીઉદ્દીનના મૃત્યુ બાદ બે દિવસ સુધી તેની સાથે કોઈ સંપર્ક થયો ન હતો. બેરૂત બોમ્બ ધડાકામાં તે કાંતો ઘાયલ થયો હતો અથવા માર્યો ગયો હોવાની અટકળો હતી. પરંતુ ઇઝરાયેલના સતત બોમ્બમાળામાં તે ન તો ઘાયલ થયો હતો કે ન તો તે સફીઉદ્દીન સાથે મીટિંગમાં ગયો હતો.

# ઈરાનની સીમા પાસે ઈઝરાયેલનો ઘાતક હુમલો; હિઝબુલ્લાહના ૨૨ લડાકુઓના મોત

**૫૭૦ થી વધુ ઘાયલઃ ઈરાન પર હમલાની તૈયારી હોવાનો સંકેતઃ યુનિટ ૯૯૦૦ નો હુમલો ઘાતક હશે**



તેલઅવીવઃ

મધ્ય પૂર્વમાં હિઝબુલ્લા લડાકુ સંગઠનનો સફાયો કરવાના અભિગમને ફરી તેજ બનાવતાં ઈઝરાયેલની સેનાએ લેબનોનનાં રીસ-અલ-નબતા પર હવાઈ હુમલા કરતા ૨૨ થી વધુ લોકો માર્યા ગયા હતા અને અનેક ઘવાયા છે. મધ્યબૈરૂત કરાયેલા આ હુમલાને લેબનાનના સતાવાળાઓએ ભૌગોલીક સ્થાન પર હુમલા તરીકે ગણાવ્યો હતો જેમાં ૧૧૭ થી વધુ જે ઈજા થઈ છે. ઈઝરાયેલ હવે ઈરાન પર સીધા હુમલાની તૈયારી કરી રહ્યું છે. તે મુદ્દે આસપાસનાં નાના ક્ષેત્રમાં ફેલાયેલા લડાકુ સંગઠનના હથીયારધારીઓનાં ખતમ કરવાનું ઓપરેશન શરૂ કર્યું હોય તેવા સંકેત છે.

બૈરૂતના દક્ષિણ ક્ષેત્રમાં આ હુમલાને મહત્વના ગણવામાં આવે છે જે ઈરાની સીમા નજીક જ છે હાલ અમેરીકા સાથે ઈઝરાયેલ તેના ઈરાન પરનાં હુમલાની આખરી તૈયારીમાં હોવાનું માનવામાં આવે છે અને ઈઝરાયેલી વોર કેબીનેટ આખરી નિર્ણય રહેશે ઈરાને જે રીતે ઈઝરાયેલ પર બેલેસ્ટીક મિસાઈલથી હુમલો કરીને મોટુ નુકશાન પહોંચાડયુ હતું તે પણ ઈઝરાયેલ એ તેના જવાબ ઘાતક અને આશ્ચર્યજનક હશે તેવી જાહેરાત કરી હતી. ઈઝરાયેલ ખુબ જ ઘાતક ગણાતુ યુનિટ-૯૯૦૦ આ યુદ્ધના હુમલા માટે જાણીતું છે. જે પોતાની અલગ ગુપ્તચર પ્રક્રિયા ધરાવે છે.ઈઝરાયેલના સંરક્ષણમંત્રીએ જણાવ્યું કે ઈરાન સમજી શકશે નહી કે આ હુમલો કઈ રીતે થયા.હુમલામાં ઈઝરાયેલનાં વડાપ્રધાન બેન્જામીન નેતાનયાહૂ અને અમેરિકાનાં પ્રમુખ જો.બાઈડન આ અંગે લાંબી ચર્ચા કરી હતી.

# હવે હિમાચલના શિમલામાં સનાતન સબ્જીવાલા પોસ્ટર

**હિન્દુઓની દુકાનેથી શાકભાજી અને ફળ ખરીદવા અપીલઃ લઘુમતીઓના બહિષ્કારનો સંકેત**




સીમલા, તા.૧૧

હિમાચલ પ્રદેશમાં દુકાનો, ધાબાઓ, રેસ્ટોરન્ટ અને અન્ય ખાવા-પીવાના સ્થળો તેમજ શાકભાજીની દુકાનો પર પણ માલિકના નામ લખવાનું ફરજીયાત કરવાના વિવાદમાં હવે નવું પોસ્ટર યુદ્ધ ચાલુ થયું છે અને સીમલાના સંજોલીમાં શાકભાજીના હિન્દુ દુકાનદારોએ પોતાના સ્ટોલ પર સનાતન સબ્જીવાલા તેવા બોર્ડ મુકવાનું શરુ કરી દીધું છે અને એટલું જ નહીં હિન્દુઓને આ દુકાનોથી શાકભાજી ખરીદવાનું અપીલ કરવામાં આવ્યું છે. ફળ અને શાકભાજીની આ વિશાળ માર્કેટમાં વિવાદ ગરમાયો છે ગત તા.૭ના રોજ અહીં એક મસ્જિદના ગેરકાનૂની ભાગને તોડી પડાયા બાદ જે વિવાદ પુરો થયો હતો જે હવે શાકભાજી અને ફળોની દુકાનમાં ફરી શરુ થયો છે. દેવભૂમિ સંઘર્ષ સમિતિના સહ સયોજક વિજય શર્માએ કહ્યું હતું કે સંજલીનું આ અભિયાન ધીમે ધીમે પુરા હિમાચલ પ્રદેશમાં ફેલાવાશે. હિન્દુઓની દુકાનેથી ખરીદી કરવા જણાવાશે. જેથી હિન્દુઓનો ધંધા-વ્યાપાર યોગ્ય રીતે ચાલે. સિમલા અને તેમની આસપાસના અન્ય ધર્મના શાકભાજી વિક્રેતા પણ છે. તેમના વ્યાપારને ફટકો પડે તેવી ધારણા છે. ગત મહિને જ રાજ્યના કેબીનેટ મંત્રી વિક્રમાદિત્યસિંહએ ખાન-પાનના સ્ટોલ, રેસ્ટોરા, હોટલો અને ધાબાઓમાં માલિકના નામ લખવાનું ફરજીયાત બનાવ્યું હતું પછી આ નવો વિવાદ સર્જાણો છે.

# સુરતના માંગરોળમાં ગેંગરેપનો ત્રીજો ફરાર આરોપી ઝબ્બેઃ રેલ્વે પોલીસે પકડયો

**રાજસ્થાન નાસી જવા ટ્રેનમાં જતા પુર્વે જ પકડી લીધો**

સુરત તા.૧૧

સુરતમાં સગીરા પર ગેંગરેપની ઘટનામાં ફરાર ત્રીજા આરોપીને પકડી લેવામાં આવ્યો છે ટ્રેન માર્ગે રાજસ્થાન નાસી રહ્યો હતો ત્યારે રેલવે પોલીસે પકડી પાડયો હતો.

માંગરોળ દુષ્કર્મ કેસનો વોન્ટેડ આરોપી રામસજીવન ઉર્ફે રાજુ રામસબત વિશ્વકર્મા મુંબઈ-અજમેર ટ્રેનમાં રાજસ્થાન જતો હોવાની માહિતી મળતા રેલવે ટીમે અમદાવાદ સાબરમતી સ્ટેશન ખાતેથી ટ્રેનમાંથી ઝડપી લીધો છે અને આરોપીને સુરત ખાતે લાવવાની તજવીજ ચાલુ કરી હતી. આ પૂર્વે બે આરોપી પકડાયા હતા. તેમાંથી એકનું મોત થઇ ગયું હતું.

પોલીસની પૂછપરછમાં શ્વાસની તકલીફ થતા આરોપી શિવશંકરને હોસ્પિટલ ખસેડાયો હતો અને તેનું મોત નીપજ્યું હતું. આજે તેના મૃતદેહની ફોરેન્સિક પોસ્ટમોર્ટમની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ડો. ચંદ્રેશ ટેલરની અધ્યક્ષતામાં ૫ એક્સપર્ટ ટીમ દ્વારા પીએમ શરૂ કરવામાં આવ્યું છે. વીડિયોગ્રાફી સાથે પીએમ કરવામાં આવી રહ્યું છે.

૩ આરોપી પૈકી ૨ નરાધમ એવા મુન્ના કરબલી પાસવાન અને શિવશંકર ઉર્ફે દયાશંકર ચૌરસિયાને પોલીસે ઝડપી લીધા હતા, જ્યારે રાજુ નામનો આરોપી ભાગી છૂટ્યો હતો. ત્યાર બાદ ૧૦ ઓક્ટોબરે બપોર બાદ શિવશંકરને શ્વાસ લેવામાં તકલીફ થતા સુરત સિવિલમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થઈ ગયું હતું. જ્યારે મુન્નાની બરાબરની 'ટ્રીટમેન્ટ' થઈ હોવાથી ત્રણ પોલીસકર્મીએ ઊંચકીને કોર્ટમાં લઈ જવો પડ્યો હતો. જ્યાં કોર્ટે તેના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

# યોગ્ય પર્ફોર્મન્સ ન આપનાર ભ્રષ્ટાચારમાં લિપ્ત સરકારી કર્મીને ઘરે બેસાડી દેવાશે

**પીએમ મોદીના ફરમાનથી કર્મચારીઓમાં ટેન્શન**

નવી દિલ્હી, તા. ૧૧

યોગ્ય પર્ફોર્મન્સ ન આપનાર અને ભ્રષ્ટાચારમાં ડૂબેલા સરકારી કર્મચારીઓને ઘરે બેસાડવાની તૈયારી થઇ રહી છે. વડાપ્રધાન મોદીએ આપેલા ફરમાનથી સરકારી કર્મચારીઓનું ટેન્શન વધી ગયું છે.

યોગ્ય પ્રદર્શન ન કરનાર અને ભ્રષ્ટાચારમાં ડૂબેલા કર્મચારીઓ સામે મોટા એક્શનની તૈયારી થઈ રહી છે. મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય સચિવોના નિયમોના આધારે કર્મચારીઓનું મૂલ્યાંકન કરવાનું કહી રહ્યાં છે. જોકે, આ વિષય પર સત્તાવાર રીતે કંઈપણ કહેવામાં નથી આવ્યું.

મળતી માહિતી મુજબ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે તમામ કેન્દ્રીય મંત્રીઓ અને સચિવો સાથે ચર્ચા કરી છે. જેમાં જણાવવામાં આવી રહ્યું છે કે, વાતચીત દરમિયાન તેઓએ CSS (પેન્શન) નિયમના ૫૬(j)નો ઉલ્લેખ કર્યો છે. આ હેઠળ જો લાગે છે કે, કોઈ સરકારી કર્મચારી સેવામાં રહેવા માટે યોગ્ય નથી, તો તેને નિવૃત્ત કરી શકાય છે. જોકે, જો સરકાર કોઈને અનિવાર્ય રૂપે નિવૃત્ત કરે છે. તો એવા કર્મચારીને ત્રણ મહિનાની નોટિસ અથવા ત્રણ મહિનાનો પગાર ભથ્થું આપવું પડશે.



મળતી માહિતી મુજબ, ૫૫ વર્ષની ઉંમર સુધી પહોંચેલા કર્મચારી આ નિયમથી પ્રભાવિત થઈ શકે છે. નિયમ ૪૮ જણાવે છે કે, જ્યારે સરકારી કર્મચારી ૩૦ વર્ષની યોગ્યતા સેવા પૂરી કરી લે છે. તો બની શકે કે, કોઈપણ સમયે તેમને જનહિતમાં નિવૃત્ત કરવાની જરૂર પડે. જોકે, આવા અધિકારીઓ પાસે જવાબ આપવા અને આદેશની સામે કોર્ટ જવાનો રસ્તો ખુલ્લો રહેશે. ફરિયાદોને ધ્યાનમાં રાખી વડાપ્રધાન મોદીના ટોચના અધિકારી અને મંત્રીઓને જનતાની ફરિયાદોનું તાત્કાલિક નિવારણ થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. આ સચિવોને અઠવાડિયાનો એક દિવસ આ કામ માટે આપવા અને રાજ્ય મંત્રીઓને તેની દેખરેખ રાખવા કહેવાયું છે.

### અમિતાભ અને રજનીકાંત ૩૩ વર્ષ બાદ સ્ક્રીન પર સાથે

# 'વેટ્ટૈયન' રિલીઝઃ સિનેમા હોલમાં રજનીકાંતનું વાવાઝોડુંઃ ફેન્સે ફટાકડા ફોડ્યા

**ફિલ્મે ઓપનીંગમાં જ ૭૦ કરોડની કમાણી કરી**

મુંબઇ, તા.૧૦

રજનીકાંત અમિતાભ બચ્ચન સ્ટારર ફિલ્મ 'વેટ્ટૈયન'આખરે આજે સિનેમા હોલમાં રીલીઝ થઇ છે. ફિલ્મ જોઇને ફેન્સ ઝુમતા નજરે પડ્યા છે. ૩૩ વર્ષના લાંબા રજનીકાંત અને અમિતાભ બચ્ચન ફિલ્મમાં સાથે આવી રહ્યા છે. રજનીકાંતના ફેન્સ થિયેટરની બહાર ઢોલ-નગારા વગાડતા જોવા મળ્યા હતા. ફિલ્મના મોટા પોસ્ટરમાં રજનીકાંતના ગળામાં ફેન્સે હાર પહેરાવ્યો હતો. તમિલ ભાષામાં બનેલી આ એક્શન ડ્રામા ફિલ્મનું નિર્દેશન ટી.જે. જ્ઞાનવેલે કર્યું છે. આ ફિલ્મમાં રજનીકાંત ઉપરાંત ફહાદ ફાઝીલ, રાણા દગ્ગુબલી, રોહિણી, મંજૂ વોરિયર, ઋતિકાસિંહ અને દૂસરા વિજયન એવા સ્ટાર્સ ચમકી રહ્યા છે. આ ફિલ્મથી અમિતાભે તમિલ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું છે.



લગભગ ૩૦૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મમાં કામ કરી રહેલા રજનીકાંત અને અમિતાભે છેલ્લે ૩૩ વર્ષ પહેલા 'હમ' ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. ચાર ભાષા (હિન્દી, તમિલ, તેલુગુ અને કન્નડ)માં બનેલી આ ફિલ્મમાં રજનીકાંતે આઇપીએસની ભૂમિકા ભજવી છે. જયારે બચ્ચન ડીજીપી બન્યા છે. આ ફિલ્મમાં રજનીકાંત એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ બન્યા છે. તો અમિતાભ સત્ય વાતની ભૂમિકામાં છે. જે એક્સ્ટ્રા જ્યુડીશીયલ કિલીંગની વિરુધ્ધમાં દલાલ કરે છે.

ટ્રેડ રિપોર્ટ મુજબ 'વેટ્ટૈયન' ફિલ્મે પહેલા દિવસે ૭૦ કરોડ રૂપિયાનું ઓપનીંગ કલેક્શન મેળવ્યું છે. ફિલ્મની રીલીઝના દિવસે ફેન્સે સિનેમાની બહાર ફટાકડા ફોડીને અને સિનેમા હોલમાં ડાન્સ કરીને ઉજવણી કરી હતી.

# દેશના ૧૨ જયોતિર્લિંગની 'જાતિ' શું?ઃ સંઘના વરિષ્ઠ નેતા સુરેશ ભૈયાજી જોષીનો પ્રશ્ન

**જાતિ જન્મ આધારે નક્કી થાય છે તે મુદ્દે દેશને વિભાજીત કરી શકાય નહીં**



જયપુર, તા.૧૧

દેશમાં હવે જાતિ જનગણના સહિતના મુદ્દે રાજકીય વિવાદ છે તે સમયે રાષ્ટ્રીય સ્વયંસેવકના વરિષ્ઠ નેતા સુરેશ ભૈયાજી જોષીએ કહ્યું હતું કે જાતિ એ જન્મના આધારે નક્કી થાય છે. શું મને કોઇ બતાવી શકશે કે હરિદ્વાર કંઇ જાતું છે અને દેશના ૧૨ જ્યોર્તિલીંગ કંઇ જાતિના છે તેમણે કહ્યું કે આપણે જાતિના આધારે વિભાજન કરી શકીએ નહીં. આરએસએસના વિજ્યાદશમીના કાર્યક્રમ પૂર્વેના પથસંચાલન માટે જયપુર પહોંચેલા શ્રી ભૈયાજી જોષીએ સંઘના કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું છે કે જે લોકો ખેદને હિન્દુ માને છે અને દેશના તમામ ભાગોમાં રહે છે તે તેમામ જ્યોતિર્લીંને માને છે તો પછી તેમાં વિભાજન શા માટે? રાજ્યની સીમાના આધારે કોઇ વિભાજન થવું જોઇએ નહીં અને તેવી જ રીતે ફકત જન્મ કંઇ જાતિમાં થયો છે તેના આધારે વિભાજન થવું જોઇએ નહીં. તેમણે કહ્યું કે જો કોઇ ખોટી ધારણા હોય તો તેને બદલવી જોઇએ જો ખોટો ભ્રમ કે અહંકાર હોય તો તેને પણ ખત્મ કરવો જોઇએ. આરએસએસ દ્વારા વિજ્યાદશમીના દિવસે તેનો સ્થાપના દિવસ મનાય છે અને દેશભરમાં પથ સંચાલન સહિતના કાર્યક્રમ યોજાય છે તેમજ શસ્ત્ર પૂજન થાય છે જે માટે સંઘના વરિષ્ઠ નેતાઓ દેશમાં અલગ અલગ પ્રાંતમાં પહોંચે છે. જો કે સંઘ વડા મોહન ભાગવત નાગપુરમાં સંઘના મુખ્ય કાર્યાલય ખાતે ભગવો ધ્વજ લહેરાવીને સંબોધન કરે છે તે પણ મહત્વનું બની જાય છે.

# ગ્લોબલ ઈફેકટ? રૂપકુંડમાં પહેલી વાર પાણીની જગ્યાએ દેખાયા પથ્થરા

**આ સરોવર આસપાસ આઠમી સદીના માણસોના અસ્થિઓ, જુતા, વાળ રહસ્ય અને કુતુહલનો વિષય**





ગોપેશ્વર (ઉતરાખંડ) તા.૧૧

પ્રકૃતિ પ્રેમીઓ માટે આ ખબર નિરાશ કરનારી છે. જલવાયું પરિવર્તનની અસર હિમાલયમાં સાડા સોળ હજાર ફૂટની ઉંચાઈ પર આવેલા રૂપકુંડની તબિયત પર પડી છે. આસ્થા, ઈતિહાસ પુરા તાત્વીક રહસ્યોનું આ સરોવર હાલના દિવસોમાં પુરેપુરૂ સુકાઈ ગયુ છે કોઈ તેને આસ્થા સાથે જોડી રહ્યું છે તો કોઈ તેને ગ્લોબલ વોર્મીંગની અસર કહી રહ્યા છે.

રૂપકુંડ ચર્મોમ જીલ્લામાં આવેલુ હિમ સરોવર છે. આ સ્થળ પુરેપુરૂ નિર્જન છે. માન્યતા અનુસાર કયારેક આ નંદા (ગૌરા)એ હિમાલયના આ સુંદર સરોવરમાં પોતાનું રૂપ જોયુ હતું એટલે તેને રૂપકુંડ નામ મળ્યુ છે. ઉતરાખંડમાં આસ્થાના મુખ્ય પર્વ રાજજાતનું આ મુખ્ય કેન્દ્ર છે દર ૧૨ વર્ષે યોજાતી પ્રસિદ્ધ નંદા રાજનીત યાત્રાનો રૂપકુંડ મુખ્ય પડાવ છે.યાત્રા દરમ્યાન અહી વિશેષ પૂજા અને ધાર્મિક અનુષ્ઠાન થાય છે.

આઠમી સદીની માનવ અસ્થીઓઃ

આ સરોવરની ચારે બાજુ વેરાયેલી પડેલી માનવ અસ્થિઓ, જુના જુતા, વાળ રહસ્ય અને કુતુહલતાનો આજે પણ વિષય છે ગઢવાલ વિશ્વ વિદ્યાલય પ્રો.રાકેશ ભટ્ટ જણાવે છે કે સૌથી નવીન સંશોધન નેશનલ જયોગ્રાફીએ કર્યુ છે જે મુજબ રૂપકુંડ આસપાસ પડેલી માનવ અસ્થિઓ આઠમી સદીની છે કોઈ પાકૃતિક આપતિનાં કારણે રૂપકુંડ આસપાસના લોકો માર્યા ગયા છે.

# પાકિસ્તાનમાં એસસીઓની બેઠક પૂર્વે જ કોલસાની ખાણ પર હુમલોઃ ૨૦ શ્રમિકોને ગોળીએ વીંધી નખાયા

**રોકેટ-ગ્રેનેડથી એટેકઃ અનેક ઘાયલઃ ઈસ્લામાબાદ- રાવલપીંડીમાં તમામ રેસ્ટોરાં-કાફે-કલબ બંધ રાખવા આદેશ**

ઈસ્લામાબાદ,તા.૧૧

પાકિસ્તાનનાં બલૂચિસ્તાનમાં સ્થિત કોલસાની ખાણમાં મોટો હુમલો થયો છે. સશસ્ત્ર લોકોએ કોલસાની ખાણ પર હુમલો કર્યો હતો. અત્યાર સુધીમાં ૨૦ લોકોનાં મોતનાં અહેવાલ છે. આ ઘટના આજે વહેલી સવારે બલૂચિસ્તાનના ડુકી વિસ્તારમાં બની હતી. અહીં સ્થિત જુનૈદ કોલ કંપનીની ખાણો પર સશસ્ત્ર લોકોએ હુમલો કર્યો હતો.

પોલીસ અધિકારી હુમાયુ ખાને જણાવ્યું હતું કે આજે વહેલી સવારે ભારે હથિયારોથી સજ્જ લોકોએ ખાણ પર હુમલો કર્યો હતો. આ દરમિયાન ખાણ પર રોકેટ અને ગ્રેનેડથી પણ હુમલો કરવામાં આવ્યો હતો. ડો. જોહર ખાન શાદીઝાઈના જણાવ્યાં અનુસાર અત્યાર સુધીમાં ૨૦ મૃતદેહો અને છ ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં છે.મૃતકોમાં ત્રણ અને ઘાયલોમાં ચાર અફઘાન હતાં. હજુ સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી લીધી નથી.



થોડાં દિવસો પહેલા જ ૬ ઓક્ટોબરે રાત્રે બલૂચ લિબરેશન આર્મીએ કરાચી ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે ચીની નાગરિકો પર હુમલો કર્યો હતો. આ આત્મઘાતી હુમલામાં બે ચીની નાગરિકો સહિત ત્રણ લોકો માર્યા ગયાં હતાં. જ્યારે ૧૭ ઘાયલ થયાં હતાં. બીએલએએ પોતે હુમલાની જવાબદારી લીધી હતી. હુમલા બાદ ચીને પાકિસ્તાનમાંથી પોતાનાં ૪૦૦ નાગરિકોને પરત બોલાવી લીધાં હતાં સાથે જ પાકિસ્તાન સરકાર પર ચીનના નાગરિકો અને ચીની પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

ફાઈલ

આ દિવસોમાં સુરક્ષા કડક છે. શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠક આ વર્ષે પાકિસ્તાનમાં થઈ રહી છે. પાકિસ્તાનની સુરક્ષા એજન્સીઓ આ બેઠકને લઈને એટલી ડરી ગઈ છે કે તેણે ઈસ્લામાબાદ અને રાવલપિંડી જેવાં મોટાં શહેરોમાં પાંચ દિવસ માટે તમામ ગતિવિધિઓ બંધ કરી દીધી છે. અહેવાલો અનુસાર,૧૨ ઓક્ટોબરથી ૧૬ ઓક્ટોબર સુધી ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં કડક સુરક્ષા વ્યવસ્થા રહેશે અને આ સમયગાળા દરમિયાન તમામ રેસ્ટોરાં, લગ્ન હોલ, કાફે અને સ્નૂકર કલબ સંપૂર્ણપણે બંધ રહેશે.

પાકિસ્તાનની અધ્યક્ષતામાં એસસીઓ સમિટ ૧૬ અને ૧૭ ઓક્ટોબરના રોજ ઈસ્લામાબાદમાં યોજાશે, જેમાં ચીનના વડાપ્રધાન લી કિઆંગ સહિત વિવિધ દેશોનાં વડાઓ ભાગ લેશે. ભારતનાં વિદેશ મંત્રી એસ જયશંકર પણ એસસીઓ સમિટ માટે પાકિસ્તાન જશે.

સુષ્મા સ્વરાજ ડિસેમ્બર ૨૦૧૫ માં પાકિસ્તાનની મુલાકાતે આવ્યાં હતાં તે સાથે લગભગ નવ વર્ષમાં ભારતીય વિદેશ મંત્રીની પાકિસ્તાનની આ પ્રથમ મુલાકાત હશે.

# ડેરી ફાર્મ પર દરોડા ચાલુ : મીઠાઇના વધુ ૨૦ નમુના લઇ પરીક્ષણમાં મોકલાયા

## નવરાત્રી-દશેરાના દિવસોમાં ભેળસેળ અને હલકા માલના ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવા આદેશ : રૈયા-મઢી ચોક, સોરઠીયાવાડી, વાણિયાવાડી, ખોડીયારપરા, મહાદેવવાડી, મોરબી રોડ પર તપાસ





રાજકોટ, તા. ૧૧

રાજય સરકારના ફૂડ વિભાગની સૂચનાથી પૂરા રાજયમાં તા.૩ થી ૧૭ ઓકટોબર સુધી ફૂડ સેફટી પખવાડીયાની ઉજવણી થઇ રહી છે. જેના ભાગરૂપે નવરાત્રી તથા દશેરાના તહેવારો ધ્યાનમાં રાખી કોર્પો. દ્વારા જુદી જુદી ડેરીઓમાંથી મીઠાઇના નમુના લેવાનું ચાલુ છે. તાજેતરમાં ૧૦ નમુના લેવાયા બાદ જુદા જુદા વિસ્તારની ડેરીઓમાંથી વધુ ૨૦ સેમ્પલ લઇ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

ફૂડ વિભાગ દ્વારા મીઠાઇ અને દૂધની બનાવટના ઉત્પાદકો, વિક્રેતાઓને ત્યાં આ ચકાસણી ચાલુ કરવામાં આવી છે. દશેરાએ મોટા ભાગના પરિવારોના ઘરમાં મીઠાઇ આવતી હોય છે. આથી મોટા પાયે ઉત્પાદન અને વેંચાણ ચાલુ છે. આથી આ મીઠાઇમાં લોકોના આરોગ્ય સાથે ચેડા થાય તેવી કોઇ સામગ્રીનો ઉપયોગ કે ભેળસેળ ન થાય તે જોવા સરકારે ખાસ આદેશ મોકલ્યો છે.

### કઇ કઇ ડેરીમાં તપાસ

- જય યોગેશ્વર ડેરી ફાર્મ
- શ્રી મહેશ ડેરી ફાર્મ
- જય ધારેશ્વર ડેરી ફાર્મ
- શ્રધ્ધા ગુલાબજાંબુ
- હરભોલે ડેરી ફાર્મ
- શ્રી ગેલ માઁ ડેરી ફાર્મ
- જે.જે.સ્વીટ એન્ડ ડેરી ફાર્મ
- બાપા સિતારામ ડેરી ફાર્મ
- શ્રી રાધે ડેરી ફાર્મ
- મધુરમ ડેરી ફાર્મ
- શ્રી દ્વારકાધીશ ડેરી ફાર્મ

મનપાએ જે ૨૦ નમુના લીધા છે તેમાં સોરઠીયા ચોક પાસે આવેલ જય યોગેશ્વર ડેરી ફાર્મમાંથી મલાઇ કેક બરફી અને ઓરેંજ બરફી, વાણીયાવાડી મેઇન રોડ જલારામ ચોક પાસેની મહેશ ડેરીમાંથી ડ્રાયફ્રુટ મઠ્ઠો અને મલાઇ કેક બરફી, કોઠારીયા ખોડીયાર સોસાયટી મેઇન રોડની જય ધારેશ્વર ડેરીમાંથી ડ્રાયફ્રુટ મઠ્ઠો, મહાદેવવાડી મેઇન રોડ, શિવ હોટલ પાસે, શ્રદ્ધા ગુલાબજાંબુમાંથી રસબિહાર બરફી અને ચોકલેટ બરફીના નમુના લેવાયા હતા.

આ ઉપરાંત હનુમાન મઢી પાસે મહેતા કોમ્પ્લેક્ષમાં આવેલ હર ભોલે ડેરી ફાર્મમાંથી પાઇનેપલ અને સ્પે.રબડી, મીઠો માવો, મોરબી રોડ સેટેલાઇટ ચોક પાસે અક્ષર હેબીટેટમાં આવેલ શ્રી ગેલ માઁ ડેરીમાંથી મીઠો માવો અને કોકોનેટ બરફી, સીતારામ સોસાયટીના જે.જે.સ્વીટ એન્ડ ડેરીમાંથી પંચરત્ન હવલો, જય જવાન, જય કિસાન સોસાયટીની બાપા સીતારામ ડેરીમાંથી સંગમ બરફી અને તિરંગા બરફીના સેમ્પલ લેવાયા છે.

જયારે રૈયા રોડ પર શિવમ કોમ્પ્લેક્ષમાં આવેલ શ્રી રાધે ડેરીમાંથી મીઠો માવો અને મેંગો બરફી, ન્યુ યોગી નગર, યોગેશ્વર પાર્ક મેઇન રોડ પર મધુરમ ડેરીમાંથી મીઠો માવો અને માર્સલ બરફી, સાધુ વાસવાણી રોડ, ન્યુ પરીમલ ચોકમાં આવેલ શ્રી દ્વારકાધીશ ડેરી ફાર્મમાંથી ગુલાબ બરફીના નમુના લઇ લેબોરેટરીમાં મોકલાયા છે.

#### ચેકીંગ ડ્રાઇવ

ફૂડ વિભાગની ટીમે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન પેડક રોડ તથા કટારીયા ચોકડી વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૫ ધંધાર્થિઓને ત્યાં ૪૭ નમુનાની તપાસ કરી હતી અને અવેરનેશ ડ્રાઇવ સાથે બે ધંધાર્થીને નોટીસ આપી હતી જેમાં ગીરીરાજ દાળ પકવાન અને પ્રિન્સ બદામ શેકનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તથા ઇઝી બેકરી, લાપીનોઝ પીઝા, વિજય સ્વીટ માર્ટ, પિંડાઝી, ભેરુનાથ આઇસ્ક્રીમ, મયુર ભજીયા, લકઝરી કોલ્ડ્રિંક્સ, સત્યમ દાળ પકવાન, જય જલારામ ડેરી, ન્યુ ભારત સ્વીટ માર્ટ, શ્રીનાથજી ફરસાણ, વરિયા ફરસાણ, અક્ષર ગાંઠિયા ફરસાણ, મધુર બેકરી, ચિલ્ડ હાઉસ, ભેરુનાથ નમકીન, બિગ બાઇટ, રિયલ સેન્ડવિચ ગિરિરાજ ફૂડ કોર્ટ, જલારામ ફૂડ કોર્ટ, મટુકી રેસ્ટોરેન્ટ, ધ ગ્રેટ પંજાબી ઢાબા, બાર્બેક્યૂ કલ્ચરમાં તપાસ કરાઇ હતી.

### રૈયા ચોકડીની બચીસ કેન્ડીમાં ૫૦ નંગ માવા કેન્ડીનો નાશ

#### તારીખ વગરનો પડતર માલ મળતા ફૂડ વિભાગની નોટીસ

રાજકોટ, તા. ૧૧

ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન રૈયા ચોકડી, ૧૫૦ રિંગ રોડ પર આવેલ 'બચીસ કેન્ડી'માં તપાસ કરતા પેઢીના સ્થળ પર સંગ્રહ કરેલ મેન્યૂફેક્ચરિંગ ડેટ તથા યુઝ બાય ડેટ દર્શાવ્યા વગરની પડતર રહેલ માવા ફ્લેવરની કેન્ડી ૫૦ નંગ (પાંચ કિલો)નો જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પેઢીને યોગ્ય સ્ટોરેજ તથા ફૂડ એકટ-૨૦૦૬ મુજબ પેકિંગ કરેલ ખાદ્યચીજો પર લેબલીંગ કરવા ફૂડ વિભાગે નોટીસ આપી છે.

---

નવરાત્રીમાં વડોદરા અને સુરતમાં દુષ્કર્મની ઘટનાથી શહેર પોલીસ સજાગ..

# પરપ્રાંતીય લોકોને પોલીસને જાણ કર્યા વગર મકાન ભાડે આપનાર માલીકો સામે કાર્યવાહી

## શહેરના તમામ પોલીસ મથકનો સ્ટાફ ગ્રાઉન્ડ પર ઉતરી અલગ-અલગ વિસ્તારના રહેણાંક મકાનો, હોટલોમાં તપાસ હાથ ધરી ૨૬ લોકો સામે ગુના નોંધ્યા

રાજકોટ તા.૧૧

માતાજીના પાવન પર્વ નવરાત્રી દરમિયાન વડોદરા અને સુરતમાં દિકરીઓ પર દુષ્કર્મની ઘટના સામે આવતા શહેર પોલીસ પણ સજાગ બની છે અને શહેરના તમામ પોલીસ મથકનો સ્ટાફ ગ્રાઉન્ડ પર ઉતરી અલગ અલગ વિસ્તારના રહેણાંક મકાનો, હોટલોમાં તપાસ કરી પરપ્રાંતિય લોકોને પોલીસને જાણ કર્યા વગર મકાન ભાડે આપનાર માલીકો સામે ગુના નોંધ્યા હતા.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયાએ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં કામ કરવા આવેલા પરપ્રાંતિય લોકોને મકાન આપનાર મકાન માલીકોએ પોલીસને જાણ કરી છે કે નહિ તે અંગે તપાસ કરવાની આપેલ સુચનાથી શહેરના તમામ પોલીસ મથકનો સ્ટાફ ફીલ્ડમાં ઉતરી તપાસ હાથ ધરી હતી.

જેમાં એ ડીવીઝન પોલીસ મથકની ટીમે ઉદ્યોગનગર પાસપોર્ટ ઓફીસ પાછળ બર્ગર ભાઉ બેકર્સના માલીક સુશીલ દિપક અગીચા (ઉ.૨૦)એ પરપ્રાંતીય અલાઉદ્દીન શેખ, અજમત અલી (રહે.બન્ને ઉતરપ્રદેશ)ની જાણ પોર્ટસ વેબસાઈટ ન કરી કામે રાખતા કાર્યવાહી કરી હતી. તેમજ સોનીબજાર બોઘાણી શેરી પારેખ ચેમ્બર ગોલ્ડન એરો નામની દુકાન ધારક કૃણાલ મનોહરદાર વૈષ્ણવે પોતાની દુકાનમાં પરપ્રાંતીય કારીગરને દુકાન ભાડે આપ્યાની પોલીસને જાણ કર્યા વગર આપતા કાર્યવાહી કરી હતી.

જયારે બી ડીવીઝન પોલીસે ૫ લોકો સામે કુવાડવા રોડ પોલીસે ૨ લોકો, એરપોર્ટ પોલીસે ૨ લોકો, થોરાળા પોલીસે ૪ લોકો, આજીડેમ પોલીસે ૬ લોકો, પ્ર.નગર પોલીસે ૨ લોકો અને યુનિ. પોલીસે ૨ લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. જયારે પ્ર.નગર પોલીસે કસ્તુરબા માર્ગ લોર્ડસ બેંકવેટ રેસ્ટરન્ટની સામે યોગી કોમ્પ્લેક્ષના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ કપલ બોકસના સંચાલક કમલેશ મુળીયાએ કપલ બોકસમાં સીસીટીવી કેમેરા ન રાખતા ગુનો નોંધાયો હતો.

### ડમડમ હાલતમાં નવ અને છરી સાથે રૌફ જમાવતા બે લુખ્ખાને પોલીસે દબોચ્યા

રાજકોટ તા.૧૧

શહેર પોલીસ નવરાત્રીના દિવસોમાં રાત દિવસ ફિલ્ડમાં રહી હતી અને દારૂનો નશો કરી ડમડમ હાલતમાં નિકળેલા કરણ મુકેશ બાબરીયાને ઘરઘડીયા ચોકડી પાસેથી પંકજ પરસોતમ વઘેરાને અમુલ સર્કલ પાસેથી, રાજેશ જસા ધારવીયાને સાધુ વાસવાણી રોડ પરથી, કમલ નનુરામ જાલાને ગોકુલધામ પાસેથી દબોચી ગુના નોંધ્યા હતા.

જયારે નવાગામ મામાવાડી જવાના રસ્તેથી ગીરીશ ઉર્ફે ગીરીયો ધીરૂ મકવાણા અને રૂખડીયા સ્મશાન પાસે જાહેર રોડ પરથી નવાજ રહીમ ખીરાને છરી સાથે પકડી પાડયા હતા.

---

# માતાના અવસાન બાદ ચાલીસમાની વિધિ માટે સસ્પેન્ડેડ ડેપ્યુટી ફાયર ઓફિસર ઠેબાને બે દિવસના જામીન મળ્યા

## બી.જે. ઠેબા ટીઆરપી અગ્નિકાંડ અને એસીબીના અપ્રમાણસર મિલકતના કેસમાં જેલહવાલે છે

રાજકોટ, તા.૧૧

માતાના અવસાન બાદ ચાલીસમાની વિધિ માટે સસ્પેન્ડેડ ડેપ્યુટી ફાયર ઓફિસર ઠેબાએ બે દિવસના વચગાળાના જામીન માંગ્યા હતા. માનવતાના ધોરણે કોર્ટે બે દિવસના જામીન મંજુર કર્યા છે.

તા.૨૫ મે ૨૦૨૪ની ગોઝારી સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને પાંચ લોકોને ઇજા થઇ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસ-વે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ કન્હેયાલાલ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલીતભાઇ રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખ ધનજી સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકર જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશ રામજી મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીત આસમલ વિગોરા, ટીપી શાખાના એન્જીનીયર અને એટીપીઓ (૧૨) જયદીપ બાલુ ચૌધરી (૧૩) રાજેશ નરશી મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઇલેશ વાલા ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવા ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો છે. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કન્હેયાલાલ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે છે.



આ તરફ સપ્ટેમ્બર માસમાં બી.જે. ઠેબાના માતા ખતુબેનનું ગોંડલ તાલુકાના નાના મહીકા ગામે અવસાન થતાં મરહુમ ખતુબેનની દફનવિધિ વખતે હાજર રહેવા માટે માનવતાના ધોરણે વચગાળાના જામીન માંગતી અરજી કરી હતી. આ માનવતાના ધોરણે વચગાળાની જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ અદાલતે સસ્પેન્ડેડ ડેપ્યુટી ફાયર ઓફિસર બી.જે. ઠેબાની માનવતાના ધોરણે કરેલી વચગાળાની જામીન અરજી મંજુર કરી પોલીસ જાપતા સાથે તેના માતાની વિધિમાં જવા બે દિવસ પરવાનગી આપવામાં આવી હતી. ત્યારબાદ હવે તેમના માતાના અવસાન બાદ ચાલીસમાની વિધિ માટે ઠેબાએ બે દિવસના જામીન માંગેલ. જેમાં કોર્ટે બે દિવસના વચગાળાના જામીન મંજુર કર્યા છે. આ દરમિયાન ઠેબા સાથે પોલીસ જાપતો રહેશે. ટીઆરપી અગ્નિકાંડ કેસમાં આરોપી ઠેબા તરફે એડવોકેટ વિજયરાજસિંહ જાડેજા અને એસીબી કેસમાં એડવોકેટ દીપ વ્યાસ રોકાયેલા હતા.

### ૧૪મીએ સાગઠિયાની જામીન અરજી પર સુનાવણી

અગ્નિકાંડના ગુનામાં ચાર્જશીટ બાદ આરોપી અશોકસિંહ, કિરીટસિંહ, ઇલેશ ખેર, ગૌતમ જોશી અને રાજેશ મકવાણાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. આ આરોપીઓ દ્વારા હાઈકોર્ટમાં જામીન અરજી કરવાની તૈયારીઓ થઈ છે, ત્યારે સસ્પેન્ડેડ ટીપીઓ મનસુખ સાગઠિયા સામે એસીબીએ પણ અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધ્યો છે. સાગઠિયા સામેના અગ્નિકાંડ અને એસીબી બંને કેસમાં ચાર્જશીટ થઈ ગયા બાદ સાગઠિયાએ જામીન અરજી ગુજારી છે. જેની સુનાવણી ૧૪/૧૦/૨૪ના રોજ છે.

---

# રેલનગરમાં સિકયુરાઈઝેન એકટ હેઠળ નોંધાયેલ બે કેસો અંગેની મિલકતનો કબ્જો લેતા મામલતદાર

## સાઈબાબા કો.ઓપ.હાઉસીંગ સોસાયટીનાં રહેણાંક મકાનમાં તંત્રની કાર્યવાહી

રાજકોટ તા.૧૧

શહેરનાં રેલનગર વિસ્તારની સાંઈબાબા કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં રાજકોટ પૂર્વ વિભાગનાં મામલતદાર એસ.જે.ચાવડા અને સર્કલ ઓફીસર સત્યમ શેરસીયા દ્વારા ધી સિકયુરાઈઝેશન એકટ હેઠળ નોંધાયેલ બે કેસો અંગેની મિલકતનો કબ્જો લેવામાં આવેલ છે.જીલ્લા કલેકટર પ્રભવ જોશીનાં માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે રેલનગર વિસ્તારની સાંઈબાબા કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં રહેતા વનરાજસિંહ વજુભા જાડેજા અને જયપાલસિંહ વનરાજસિંહ જાડેજા રાજકોટ નાગરીક સહકારી બેંકની લોન ભરપાઈ ન કરી શકતા આ આસામીની સાંઈબાબા કો.ઓપ.હાઉસીંગ સોસાયટીનાં પ્લોટ નં.૨૮/એ વાળી મિલકતનો કબ્જો લેવામાં આવેલ હતો.આ આસામી પાસેથી તા.૩૦-૬-૨૦૧૫ સુધી બાકી પડતી લેણી રકમ અનુક્રમે રૂા.૧૦.૫૧.૪૭૩ અને રૂા.૧૦,૪૩,૪૩૯ તેમજ ત્યારબાદ ચડત વ્યાજની રકમની વસુલાત કરવા માટે બાકીદારની મિલકતનો કબ્જો લઈ રાજકોટ નાગરીક બેંકને સોંપવામાં આવેલ હતો.



---

# મવડી ચોકડી પાસે બઘડાટી, મજુરી કામના પૈસા ઓછાં આપતાં શ્રમિકો બાખડયા

રાજકોટ તા.૧૧

શહેરનાં મવડી ચોકડી પાસે ગઈ કાલે શ્રમિકો બાખડી પડયા હતા. ફોર્ચ્યુન હોટલ પાછળ રહેતા યોગેન્દ્રને મજુરી કામના પૈસા લેવાના હોય જેથી પૈસા લેવા ગયો હતો ત્યારે સામેવાળાએ પૈસા ઓછા આપતાં ઝઘડો થયો હતો. જે માથાકુટમાં યોગેન્દ્રને ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયો હતો.

બનાવની વિગત મુજબ મુળ ઉત્તર પ્રદેશ અને હાલ ફોર્ચ્યુન હોટલ પાછળ રહેતો યોગેન્દ્રકુમાર રામશોચ ચમાર (ઉ.વ.૨૪) અને તેની સાથે શશીકાનંદ કુમાર તથા અમિત કુમાર આ ત્રણેય ગઈ કાલ રાત્રીના સાડા આઠ વાગ્યાની આસપાસ પોતાનાં મજુરીના પૈસા લેવાં મવડી ચોકડી પાસે ગયાં હતાં. જ્યાં પૈસા બાબતે સોનુ, દિપક તથા તેની સાથેના અજાણ્યા શખ્સોએ માથાકુટ કરી ઢીકાપાટુનો માર અને યોગેન્દ્રને હથોડી મારી દિધી હતી. બાદ હુમલો કરનારા શખ્સો નાસી ગયા હતા. મારમારીમાં યોગેન્દ્રકુમારને વધુ ઇજા પહોંચતા તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે વધુ જાણવા મળ્યું કે યોગેન્દ્ર અને સામેવાળા બધાં ઉત્તર પ્રદેશના વતની છે. અને અહીં કડિયાકામ કરી ગુજરાન ચલાવે છે. યોગેન્દ્રને મજુરી કામના પૈસા સોનુ પાસે લેવાના હોય જેથી યોગેન્દ્ર અને તેનાં મિત્રો સોનુ પાસે પૈસા લેવાં ગયા હતા. જ્યાં સોનુંએ મજુરીકામના ઓછાં પૈસા આપતાં બંને વચ્ચે બઘડાટી બોલી હતી. હાલ યોગેન્દ્ર રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



---

# લુખ્ખાઓ બેકાબુઃ લાઈનબોય સહિત બે શખ્સોએ હોટલના મેનેજરને ફડાકા ઝીંકી મારમાર્યો

## રેસકોર્સ રિંગ રોડ પર આવેલ વ્રજ હોટેલમાં ઘુસેલા શખ્સોએ ધમાલ મચાવી 'તીઃ વિડીયો વાયરલ થયાં બાદ પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી

રાજકોટ.તા.૧૧

નવરાત્રિના તહેવાર દરમિયાન લુખ્ખાઓ બેકાબૂ બન્યા છે. રેસકોર્સ રિંગ રોડ પર આવેલ વ્રજ હોટેલમાં લાઈનબોય સહિત બે શખ્સોએ ઘૂસી ધમાલ મચાવી હોટેલના મેનેજરને મારકૂટ કરી હતી. બનાવને પગલે મેનેજરે ફરિયાદ કરતાં પ્ર. નગર પોલીસે સીસીટીવીમાં કેદ પોલીસપુત્ર સહિત બેલડીને ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

૮૦ ફૂટ રોડ પર સત્યમ પાર્કમાં રહેતા અને રેસકોર્સ રિંગ રોડ પર હોટેલ વ્રજ રેસકોર્ષમાં મેનેજર તરીકે નોકરી કરતા કલ્પેશભાઈ નરેન્દ્રભાઈ ગઢિયાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હરિજિતસિંહ જાડેજા અને હરિસ ફિરોજ બતાળાનું નામ આપી જણાવ્યું હતું કે, બુધવારે રાત્રીના તે અને તેનો સ્ટાફ હોટેલે હતા તે દરમિયાન બે અજાણ્યા શખ્સ હોટેલમાં ધસી આવ્યા હતા. દરમિયાન એક શખ્સે હોટેલના કાઉન્ટર પર આવી હોટેલના રજિસ્ટર સહિતની વસ્તુઓની માંગ કરી હતી જે નહીં આપતા ધમાલ મચાવી હતી અને મારકૂટ શરૂ કરી હતી.

દરમિયાન પોલીસમાં ફોન કરવાનું કહેતા બન્ને નાસી ગયાનું જણાવ્યું હતું. બાદમાં તેઓ પ્ર. નગર પોલીસ મથકે દોડી જઈ બનાવ અંગે જાણ કરતાં પીએસઆઇ બેલીમ, હેડ કોન્સ્ટેબલ ધર્મેશ ડાંગરે બન્ને આરોપી સામે સીસીટીવીના આધારે તપાસ કરતાં હોટેલમાં ધમાલ મચાવનાર પોલીસ હેડક્વાર્ટર્સમાં રહેતો હરિજિતસિંહ સહદેવસિંહ જાડેજા અને નાનામવા રોડ પર લક્ષ્મીનગરમાં રહેતો હરિશ ફિરોજભાઈ પતાળા હોવાનું બહાર આવતા પોલીસ બન્નેની ધરપકડ કરી વધુ પૂછતાછ કરી હતી.



---


# છેલ્લા ૪ વર્ષથી અવનવી વેરાયટી સાથે 'પ્લેટીનમ શીંગ' સ્વાદુપ્રિય જનતા માટે સુસજ્જ

## સ્વાદ અનુસાર ૨૦૦ થી વધુ ફ્રેશ વેરાયટી સ્ટોર પર ઉપલબ્ધઃ રાજકોટ ઉપરાંત બહારગામની સ્વાદુપ્રિય જનતા માટે એક્ષપોર્ટ સુવિધા

રાજકોટ,તા.૧૧

રંગીલા રાજકોટની સ્વાદપ્રીય શોખીન જનતાને ચટકા માટે કંઈકને કંઈક નવું માંગતા હોય છે. તહેવાર હોય કે જન્મદિવસની પાર્ટી સ્વાદપ્રીય જનતાને ફરસાણ ડ્રાયફ્રુટ્સ અને નમકીનમાં વેરાયટીની પ્રથમ માંગ રહેતી હોય છે. શહેરના એસ્ટોન ચોકમાં આવેલ 'પ્લેટીનમ શીંગ'ના અંજલી કુલર છેલ્લા ૪ વર્ષથી નટફ્રુટસ ફરસાણ અને નમકીનનું મેન્યુફેકચરીંગ કરી રહ્યા છે.

રાજકોટની સ્વાદપ્રીય શોખીન જનતાના જીભના ચટાકાને અનુરૂપ બધી જ પ્રકારના ફરસાણ નમકીન તેમજ અવનવી સ્વીટ્સ પ્લેટીનમ શીંગ દ્વારા બનાવામાં આવે છે.તદ્પરાંત સ્પેશિયલ કસ્ટ્માઈઝ હેમ્પરીંગ લગ્ન પ્રસંગે તેમજ જન્મદિવસ, તહેવાર નિમિતે તૈયાર કરવામાં આવે છે. સાથોસાથ રોજીંદા જીવનમાં ઉપયોગમાં લેવાતા તૈયાર નાસ્તાઓ અને સ્વાદ અનુસાર ૨૦૦ થી વધુ ફ્રેશ વેરાયટી પ્લેટીનમ શીંગ સ્ટોરમાં ઉપલબ્ધ છે.આ ઉપરાંત રાજકોટ ઉપરાંત બહારગામના ગ્રાહકો માટે એક્ષપોર્ટ સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. તેમજ અવનવા કાશ્મીરી ફ્રુટ્સ અને મુખવાસ પણ ઉપલબ્ધ છે. પ્લેટીનમ શીંગ છેલ્લા ૧૭ વર્ષથી સંપૂર્ણ મહિલા સંચાલીત શો-રૂમ છે આથી મહિલાઓના સ્વાદાનુસાર પ્રીમિયમ પ્રોડકટ મળી રહેશે. વધુ માહિતી માટે અંજલી કુલર મો.નં.૮૪૬૦૦૭૮૫૧૮ પર સંપર્ક કરવાનો રહેશે.





---

# રાજકોટમાં સતત બીજા દિવસે ધાબડીયું વાતાવરણ



રાજકોટ શહેરમાં આજે સતત બીજા દિવસે વાદળીયું વાતાવરણ રહ્યું હતું. આજે પણ સૂર્યદેવના દર્શન થયા ન હતા. આકાશમાં વાદળો છવાયેલા રહ્યા હતા. જોકે વરસાદ પડયો નથી, આજે નોરતાના છેલ્લા દિવસે ખેલૈયાઓ વરસાદ ન આવે એવી પ્રાર્થના કરી રહ્યા છે. કારણ કે આ વર્ષની નવરાત્રી જમાવટ વાળી રહી છે.

(તસ્વીર: દેવેન અમરેલીયા)

---

## અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ. હર્ષદભાઈ ચુનીલાલ વોરા (ઉ.૭૦) મૂળ લાઠી નિવાસી અને હાલ રાજકોટ તે અંકિતભાઈ અને મંથનભાઈના પિતાશ્રી, વિપુલભાઈ, મનોરમાબેન, સ્વ. કોકીલાબેન, અનિતાબેન અને શિલ્પાબેનના ભાઈ તથા સ્વ. ઉમેદલાલ ઝવેરચંદ શાહના જમાઈ તા.૧૦ના અરીહંત શરણ પામેલ છે. ઉઠમણું તા.૧૪ના સવારે ૧૦થી ૧૦-૩૦ પ્રાર્થનાસભા ૧૦-૩૦થી ૧૧-૩૦ શેઠ ઉપાશ્રય, ૧૫૦ ફૂટ રીંગ રોડ કેકેવી હોલથી આગળ પ્રસંગ હોલની પાછળ, ચિત્રલેખા એપા.ની નજીક રાજકોટ રાખેલ છે.

### પ્રોજેક્ટ બીડીંગ માટે સક્ષમ ન હોય તેવી કંપનીને રાજ્ય સરકારે સંચાલન સુપ્રત કરી દીધું હતું

# હરણી બોટ દુર્ઘટનાઃ બે પૂર્વ મ્યુનિ. કમિશ્નર તથા રાજ્ય સરકારને હાઇકોર્ટની નોટીસ

## વડોદરામાં ફરજ બજાવી ગયેલા આઇએએસ અધિકારી એચ.એસ. પટેલ તથા વિનોદ રાવની બેદરકારી અંગે તપાસ થશેઃ રાજ્ય સરકારને પણ પોતાનો જવાબ રજુ કરવો પડશે

વડોદરા, તા. ૧૧

હરણી બોટ દુર્ઘટના માટે વડોદરાના બે ભૂતપૂર્વ મ્યુનિસિપલ કમિશનરો એચએસ પટેલ અને વિનોદ રાવને ફરજમાં બેદરકારી અને પોતાના હોદ્દાનો દુરુપયોગ કરવા માટે જવાબદાર ઠેરતા હોવાથી તેમની સામે શિસ્તભંગના પગલાં લેવા બાબતે ગુજરાત હાઇકોર્ટ દ્વારા આદેશ અપાયા બાદ સુપ્રીમ કોર્ટમાંથી પણ રાહત નહી મળતા બન્નેને રાજ્ય સરકાર દ્વારા પોતાનો જવાબ રજૂ કરવા માટે આદેશ આપ્યો છે. આ મહિનાના અંત સુધીમાં તેઓએ જવાબ આપવાનો રહેશે અને ત્યારબાદ તેઓ દ્વારા અપાયેલા જવાબની નોંધ લીધા બાદ તપાસની કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે.



ઉલ્લેખનીય છે કે, ગત ૧૮ જાન્યુઆરીએ હરણી તળાવમાં એક હોડી પલટી ગઈ હતી જેમાં પિકનિકમાં ફરવા આવેલા શાળાના ૧૨ બાળકો અને બે શિક્ષકો ગુજરી ગયા હતા. તેની સુઓમોટો કાર્યવાહીની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટનાં ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે રાજ્ય સરકારને બે ભૂતપૂર્વ મ્યુનિસિપલ કમિશનરો એચએસ પટેલ અને વિનોદ રાવને ફરજમાં બેદરકારી અને પોતાના હોદ્દાનો દુરુપયોગ કરવા માટે જવાબદાર ઠેરતા હોવાથી તેમની સામે શિસ્તભંગના પગલાં લેવા માટે આદેશ આપ્યો હતો. તે પૈકી એક અધિકારી દ્વારા આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી પરંતુ તેમા કોઇ રાહત મળી નહોતી. આદેશની નકલ રાજ્ય સરકારને મળ્યા બાદ કાર્યવાહી આગળ ધપાવવામાં આવી હોવાનું નિવેદન એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ શુક્રવારે કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, દુર્ઘટના અંગેની પીઆઈએલમાં તેના આદેશમાં, મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલની ખંડપીઠે જણાવ્યું હતું કે શહેરના લેક ઝોનનું સંચાલન કરનાર કંપની કોટિયા પ્રોજેક્ટ બિડિંગ પ્રકિયા માટે સક્ષમ નહોતી અને તેની પ્રોજેક્ટ અને સંચાલન માટે તેની પસંદગીનો કોઈ પ્રશ્ન નહોતો. ઉચ્ચ સરકારી અધિકારીઓની ક્ષતિઓ તપાસવા માટે તેના દ્વારા રચવામાં આવેલી ફેક્ટ-ફાઇન્ડિંગ કમિટીના અહેવાલનો ઉલ્લેખ કરતાં હાઇકોર્ટે જણાવ્યું હતું કે મનોરંજન પ્રોજેક્ટ માટે બિડિંગ પ્રક્રિયા દરમિયાન સંબંધિત સમયે પોસ્ટ કરાયેલા બે મ્યુનિસિપલ કમિશનરો - એચએસ પટેલ અને વિનોદ રાવ તેમની ફરજની બેદરકારી અને તેમના પદના દુરુપયોગ માટે દોષિત જણાય છે.

### જળાશયોમાં બોટીંગ અને મનોરંજન પ્રવૃત્તી માટે નિયમો તૈયાર કરાયા

એડવોકેટ જનરલ તરફથી હાઇકોર્ટ સમક્ષ નિવેદન કરવામાં આવ્યું હતું કે, રાજ્યમાં હાલમાં તમામ જળાશયોમાં બોટીંગની પ્રવૃત્તિ બંધ છે. આ પ્રવૃત્તિઓના નિયંત્રણ માટે નિયમો તૈયાર કરી દેવામાં આવ્યા છે અને આગામી પંદર દિવસમાં તે જાહેર કરવામાં આવશે. આ નિવેદનને ચીફ જસ્ટીસે રેકોર્ડ ઉપર લઇને નિયમો જાહેર કરવા માટે પંદર દિવસનો સમય આપ્યો હતો. હવે આ કેસની સુનાવણી ૧૮ ઓક્ટોબરના રોજ રાખવામાં આવી છે.

### જો કોટિયા પ્રોજેક્ટ તરફથી કોઇ હાજર નહી થાય તો વળતર નક્કી કરાશે

શુક્રવારે હાથ ધરવામાં આવેલી સુનાવણી દરમિયાન બોટ દુર્ઘઠનાના પિડીત પરિવારોને વળતરની માગણી ગત સુનાવણી દરિમયાન કરવામાં આવી હતી. ત્યારબાદ કોટિયા પ્રોજેક્ટના સંચાલકોને નોટીસ આપવામાં આવી હતી. પરંતુ નોટીસ પાઠવી દીધા છતાં પણ તેમના તરફથી કોઇ વકીલ હાજર રહ્યા નહોતા. પિડીતો તરફથી પણ વકીલ શુક્રવારે હાજર રહ્યા નહોતા. આથી હાઇકોર્ટ સ્પષ્ટ કર્યું હતું કે, જો આગામી સુનાવણીમાં કોટિયા પ્રોજેક્ટ તરફથી જવાબદારી વકીલો હાજર નહી રહે તો પિડીતોને આપવાની થતી વળતરની રકમ નક્કી કરવામાં આવશે.

### વાઈબ્રન્ટ ગુજરાત ગરીબ કલ્યાણ મેળો કૃષિ મહોત્સવ સહિતની યોજનાઓથી નાગરિકોનું જીવન બદલાયું છે : રાઘવજીભાઇ પટેલ

# રાજકોટ જિલ્લાના ૨૨૭ વિકાસ કામોનું ઇ-લોકાર્પણ-ખાતમુહૂર્ત

## પડધરીની કવિ દાદ કોલેજ ખાતે યોજાયેલ સમારોહમાં રૂા. ૭૦ લાખના ખર્ચે બનનારા સ્પોર્ટસ ગ્રાઉન્ડનું પણ ભૂમિપૂજન

રાજકોટ, તા. ૧૧

કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે વિકાસ સપ્તાહ અંતર્ગત પડધરીની કવિ દાદ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે રૂ.૭૦ લાખના ખર્ચે બનનાર કોલેજના સ્પોર્ટ્સ ગ્રાઉન્ડનું ભૂમિ પૂજન કરી ખાતમુહૂર્ત કર્યું હતું. આ સાથે કાર્યક્રમના સ્થળ પર મંત્રી સહિત મહાનુભાવોએ રૂ.૨૭ કરોડથી વધુ રકમના ખર્ચે બનનારા રાજકોટ જિલ્લાના ૨૨૫ થી વધુ વિકાસના વિવિધ કામોનું ઈ-લોકાર્પણ તથા ઈ-ખાતમુહૂર્ત કર્યુ હતુ.

રાજકોટ જિલ્લાને વિકાસના કામોની ભેટ આપતાં કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ ૨૩ વર્ષ પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી ગુજરાતમાં વિકાસની યાત્રા અવિરતપણે ચાલી રહી છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ એ જ નરેન્દ્રભાઈ મોદીનો વિકાસ મંત્ર છે. વિકાસ સપ્તાહના ભાગરૂપે રાજકોટ જિલ્લામા રૂપિયા ૨૭ કરોડથી વધુ રકમના ખર્ચે બનનારા ૨૨૫ થી વધુ વિકાસના વિવિધ કામોનું ઈ-ખાતમુહૂર્ત તથા ઈ-લોકાર્પણ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ સતત પ્રગતિ કરી રહ્યો છે, રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પગલે ચાલીને ગુજરાતને સર્વાંગી વિકાસનું મોડલ બનાવવા કાર્યરત છે.




તેઓએ જણાવ્યું હતું કે વાઇબ્રન્ટ ગુજરાત ગરીબ કલ્યાણ મેળો કૃષિ મહોસત્વ સહિતની યોજનાઓથી નાગરિકોનું જીવન બદલાયું છે.

આ પ્રસંગે મંત્રીએ કોલેજના મેદાનમાં રમત સંકુલનું ભૂમિ પૂજન કરી ભવિષ્યમાં આ મેદાન પડધરીના યુવાનો તથા રમત પ્રેમીઓની ઉપયોગી બનશે તેવી આશા વ્યક્ત કરવાની સાથે વિકાસ સપ્તાહમાં કાર્યરત જિલ્લા વહીવટી તંત્રને શુભકામના પાઠવી હતી.

જિલ્લા કલેકટર પ્રભવ જોષીએ આ તકે સ્વાગત પ્રવચનમાં રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણીની રૂપરેખા આપી જણાવ્યું હતું કે, આ સપ્તાહ દરમિયાન રાજકોટ જિલ્લામાં વિવિધ કાર્યક્રમો યોજવાની સાથે વિકાસના વિવિધ કામો હાથ ધરાશે,જેનાં ભાગરૂપે પડધરીની કવિ દાદ કોલેજમાં રમત સંકુલનું ભૂમિપૂજન કરાયું છે.

આ રમત સંકુલ પડધરીના રમતવીરોને તથા પોલીસ જેવી ભરતી માટે તૈયારી કરતા યુવાનોને ઉપયોગી બનશે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેકટરશ્રીના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન અને તક પુરી પાડવા માટે વિશેષ પહેલ કરીને આ સ્પોર્ટ્સ કોમ્પ્લેકસનો શુભારંભ કરાવયો છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેકસના નિર્માણ થકી ભવિષ્યની પેઢી રમત-ગમત ક્ષેત્રે પ્રગતિ કરી શકશે, તથા શારીરિક સજ્જતા પ્રત્યે યુવાનોમાં જાગૃતિ આવશે.


આ તકે રમતગમતમાં રાજ્ય કક્ષાએ પહોંચેલા યુવાનોને પ્રમાણપત્ર પાઠવી સન્માનિત કરાયા હતા. પૂર્વ પ્રાથમિક શિક્ષણની સુંદર પ્રવૃત્તિમય કામગીરી કરવા બદલ આંગણવાડીની બહેનોને પણ પ્રમાણપત્ર પાઠવી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, મેયર નયનાબેન પેઢડીયા, ધોરાજીના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયા, જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, પડધરીના સરપંચ વિજયભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય બાવનજીભાઈ, અગ્રણી રોહિતભાઈ ચાવડા શૈલેષભાઈ ગજેરા સહિત મહાનુભાવો અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પૃથ્વી સાથે ટકરાયું શક્તિશાળી સૌર તોફાન

## બ્લેકઆઉટનું જોખમ હોવાની અમેરિકી એજન્સીની લાલબત્તી

મુંબઇ, તા. ૧૧

યુ એસ નેશનલ ઓશનિયક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન (એનઓએએ) મુજબ ગુરુવારે એક શક્તિશાળી સૌર તોફાન પૃથ્વી સાથે અથડાયું છે. એજન્સીઓને ચિંતા છે કે તોફાન હેલન અને મિલ્ટનને પહોંચી વળવા માટે થઈ રહેલા રિકવરી પ્રયત્નોને પ્રભાવિત કરી શકે છે. એનઓએએના અંતરિક્ષ મૌસમ પૂર્વાનુમાન કેન્દ્ર (એસડબલ્યુપીસી) મુજબ મંગળવાર સાંજે સૂર્યથી કોરોનલ માસ ઈજેકશન (સીએમઈ) વિસ્ફોટ થયો અને ગુરુવારે સવારે ૧૧:૧૫ વાગે (ઈએસટી) લગભગ ૧.૫ મિલિયન માઈલ પ્રતિ કલાક (૨.૪ મિલિયન કિમી પ્રતિ કલાક)ની ઝડપથી પૃથ્વી પર પહોંચી ગયું.



શિન્હુઆ સમાચાર એજન્સીએ એસડબલ્યુપીસીના હવાલે જણાવ્યું કે તોફાન જી૪ (ગંભીર)સ્તર પર પહોંચી ગયું. તેને જી૪ જિયોમેગ્નેટિક સ્ટોર્મ વોચ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. ગુરુવાર અને શુક્રવારના રોજ જી૪ કે તેનાથી વધુ જિયોમેગ્નેટિક સ્ટોર્મ વોચ પ્રભાવી રહ્યું. એસડબલ્યુપીસી, જિયોમેગ્નેટિક તોફાનની સ્થિતિઓને લઈને ચેતવણીઓ અને એલર્ટ જાહેર કરે છે.

એનઓએએ મુજબ આ તોફાન હેલન અને મિલ્ટન તોફાનો માટે ચાલી રહેલા રિકવરી પ્રયત્નો પર નકારાત્મક અસર નાખી શકે છે જેમાં રેડિયો બ્લેકઆઉટ, વીજળી ગ્રિડ પર દબાણ અને જીપીએસ સેવાઓમાં ઘટાડો સામેલ છે.

# પાકિસ્તાન સામે ઈંગ્લેન્ડનો પ્રથમ ટેસ્ટ મેચમાં ભવ્ય વિજયઃ પાક.ની એક દાવ અને ૪૭ રનથી હાર

કરાંચીઃ હેરી બ્રુક અને જો રૂટની શાનદાર ઈનિંગ્સના આધારે ઈંગ્લેન્ડે પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાનને એક દાવ અને ૪૭ રનથી હરાવ્યું અને ત્રણ મેચની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી. પાકિસ્તાને આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા ૫૫૬ રન બનાવ્યા હતા, જેના જવાબમાં ઈંગ્લેન્ડે હેરી બ્રુકની ત્રેવડી સદી અને જો રૂટની બેવડી સદીની મદદથી ૮૨૩ રન પર પોતાનો દાવ ડિકલેર કર્યો હતો. ઈંગ્લેન્ડે યજમાન ટીમ પર ૨૬૭ રનની લીડ મેળવી હતી. પાકિસ્તાન બીજા દાવમાં માત્ર ૨૨૦ રન જ બનાવી શકયું અને ઈંગ્લેન્ડે ઈનિંગ્સના માર્જિનથી મેચ જીતી લીધી. અબરાર અહેમદ બીમારીના કારણે બેટિંગ કરવા આવી શકયો ન હતો. ટોસ જીતીને પાકિસ્તાને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ અબ્દુલ્લા શફીક (૧૦૨), કેપ્ટન શાન મસૂદ (૧૫૧) અને આગા સલમાન (૧૦૪)એ સદી ફટકારી હતી. આ ત્રણ બેટ્સમેનોના બળ પર જ પાકિસ્તાન ટીમ ૫૫૦ રનનો આંકડો પાર કરવામાં સફળ રહી હતી. જયારે બાબર આઝમ ૭૧ બોલમાં ૩૦ રન બનાવીને પોતાની સારી શરૂઆતને મોટા સ્કોરમાં ફેરવવામાં નિષ્ફળ રહ્યો હતો.




આ પછી ઈંગ્લેન્ડ તરફથી હેરી બ્રુક અને જો રૂટે બેટિંગ કરવા આવેલી ઈંગ્લેન્ડની ટીમમાં હલચલ મચાવી દીધી હતી. હેરી બ્રુકે તેની ટેસ્ટ કારકિર્દીની પ્રથમ બેવડી સદી ફટકારી અને ૩૨૨ બોલમાં ૨૯ ચોગ્ગા અને ૩ ગગનચુંબી છગ્ગાની મદદથી ૩૧૭ રન બનાવ્યા. જયારે જો રૂટે તેની કારકિર્દીની ૬ઠી બેવડી સદી ફટકારીને ૨૬૨ રન બનાવ્યા હતા. બંને બેટ્સમેન વચ્ચે ચોથી વિકેટ માટે ૪૫૪ રનની ભાગીદારી થઈ હતી, જે એક વર્લ્ડ રેકોર્ડ છે.

# ૨૦૨૪ના નોબેલ શાંતિ પુરસ્કાર માટે જાપાનની સંસ્થાની નિહોન હીડાંકયોની પસંદગી

### આ વર્ષના નોબેલના આખરી પુરસ્કારની પણ જાહેરાત કરવામાં આવી છે. શાંતિ પુરસ્કાર માટે જાપાનની સંસ્થાની નિહોન હીડાંકયોની પસંદગી થઇ છે. વિશ્વને પરમાણુ શસ્ત્રની મુક્ત કરવા માટેના કાર્યક્રમો બદલ આ સંસ્થાની પસંદગી કરવામાં આવી છે.

# ઉમિયા ચોક પાસે આઈડી મારફતે ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતો રેનિસ ફળદુ ઝડપાયો

## માલવીયાનગર પોલીસે સટોડીયાને આઈડી આપનાર બુકીનું નામ ખોલાવવા પૂછતાછ હાથ ધરી

રાજકોટ તા.૧૧

ઉમિયા ચોક પાસે આઈડી મારફતે ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમતો રેનિસ ફળદુને માલવીયાનગર પોલીસે દબોચી બુકીનું નામ ખોલાવવા પૂછતાછ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈની રાહબરીમાં કોન્સ્ટેબલ ભાવેશ ગઢવી અને મથુરદાન પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ૧૫૦ ફૂટ રિંગ રોડ ઉમીયા ચોક બજરંગ પાન પાસે એક શખ્સ મોબાઇલ ફોનમાં હાલમાં ચાલી રહેલ પાકિસ્તાન ઇંગ્લેન્ડ લાઇવ ટેસ્ટ મેચમાં આઈ.ડી. દ્વારા સેશન, રનફેર, ઓવર તેમજ મેચના પરીણામ ઉપર રૂપીયાની હારજીતના સોદાઓ કરી જુગાર રમે છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી મોબાઈલમાં જુગાર રમતાં શખ્સને પકડી પાડી તેનું નામ પૂછતાં રેનીશ મનસુખ ફળદુ (ઉ.વ.૩૮),(રહે. ગોકુલનગર મેઇન રોડ ફાર્ચ્યુન હોટલ સામે ક્રિષ્ના એપાર્ટમેન્ટ બ્લોક નં. ૧૦૪) હોવાનું જણાવ્યું હતું.

પોલીસની ટીમે તેની પાસે રહેલ મોબાઈલ ફોન ચેક કરતાં તેમાં SAT SPORT નામની એપ્લીકિશન જોવામા આવેલ જેમાં પાસવર્ડ નાંખી એપ ખોલી એકાઉન્ટ સ્ટેટમેન્ટ ચેક કરતા લાઇવ ક્રિકેટ મેચમાં ઓનલાઇન અલગ અલગ સોદાઓ નાંખી જુગાર રમતો હોવાનું ખુલતાં તેની ધરપકડ કરી આઈડી આપનાર બુકીનું નામ જાણવા પૂછતાછ હાથ ધરી હતી.

### રવિવારે ગુજરાત-મધ્યપ્રદેશ-રાજસ્થાનના મુખ્યમંત્રી તથા બિહારના નાયબ સીએમ સુરતમાં

#### કેચ ધ રેઈન કાર્યક્રમનો કેન્દ્રીય મંત્રી પાટિલની હાજરીમાં પ્રારંભ થશે

રાજકોટ, તા.૧૧

કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલની ખાસ ઉપસ્થિતિમાં રવિવારે સુરતમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, મ.પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ તેમજ બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી સુરતમાં કેચ ધ રેઇન કાર્યક્રમમાં હાજરી આપશે.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૭૦-૨૬૨૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૨૦-૨૫૭૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૪૦-૨૧૯૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૦૯૦-૨૧૪૦ |
| પામોલીયન તેલ | ૨૦૫૦-૨૦૫૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૯૦-૨૧૧૦ |
| સનફલાવર તેલ | ૧૯૩૦-૧૯૭૦ |
| મકાઇ તેલ | ૧૯૫૦-૧૯૭૦ |
| વનસ્પતિ ઘી | ૨૧૮૦-૨૨૨૦ |
| કોપરેલ | ૩૦૦૦-૩૦૫૦ |
| દિવેલ | ૨૨૩૦-૨૨૫૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૮૦૦૦(+૮૦૦) |

| ચાંદી |
|---|
| ૯૩૬૦૦(+૩૧૦૦) |

# ૩૦ વર્ષિય યુવક સહિત બે ના હાર્ટ એટેકથી મોત

રાજકોટ તા.૧૧

વધુ બે ના હૃદય થંભી ગયા છે. નવા થોરાળામાં ૩૦ વર્ષિય યુવકનું અને વૈશાલી નગરમાં પ્રૌઢનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ નવા થોરાળામાં ન્યુ સર્વોદય સોસાયટી શેરી નં-૭ માં રહેતાં નિકુલભાઈ ધનાભાઈ રાઠોડ (ઉ.વ.૩૦) નામનો યુવક ગઈ કાલ રાત્રીના બાર વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતો ત્યારે હુમલો આવતા બેભાન થઈ ગયો હતો. બાદ તાકીદે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં સારવારમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. મૃતક નિકુલભાઈ બે ભાઈ અને એક બહેનમાં નાના હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

વધુ એક બનાવની વિગત મુજબ રૈયા રોડ પર વૈશાલીનગર શેરી નં-૩ માં રહેતાં ધનાભાઇ ભલાભાઈ ધોળકિયા (ઉ.વ.૫૦) તેઓ આજે સવારે પોતાના ઘરે છ વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે બેભાન થઈ જતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવારમાં ફરજ પરનાં તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઇ ગઇ છે.

# વાંકાનેર રેલ્વે સ્ટેશનમાં આરપીએફ જવાનની બેરેકમાંથી દારૂ મળ્યોઃ ગુનો નોંધાયો

## રાજકોટની ટીમે સરપ્રાઈઝ ચેકિંગ કરતાં એએસઆઈ ચેતન રાઠોડની બેરેકમાંથી દારૂ ભરેલ બે બોટલ મળી આવતાં કાર્યવાહી

રાજકોટ. તા.૧૧

વાંકાનેર રેલવે સ્ટેશનમાં આરપીએફની બેરકમાં રાજકોટના અધિકારીઓના સરપ્રાઇઝ ચેકિંગ દરમિયાન એએસઆઇની બેરકમાંથી દારૂની બે બોટલ અને બે ખાલી બોટલ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. જે મામલે વાંકાનેર આરપીએફના પીઆઇની ફરિયાદ પરથી એએસઆઇ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાંકાનેર હેડ કવાર્ટરમાં આરપીએફના પીઆઇ અનિલકુમાર હુકમચંદ બુંદેલા દ્વારા રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે વાંકાનેર રેલવે સ્ટેશનમાં આરપીએફ બેરેકના રૂમમાં રહેતા એએસઆઈ ચેતન શંકરભાઈ રાઠોડ(ઉ.વ ૪૨) નું નામ આપવામાં આવ્યું છે. તેઓએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, નવરાત્રીના તહેવારોને લઈ સ્ટાફ ફરજ પર હાજર છે કે કેમ? સહિતની બાબતો અંગે તપાસ કરવા માટે ગત તા.૯ ના વાંકાનેર રેલવે સ્ટેશન ખાતે રાજકોટથી આરપીએફના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બેરકનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન એએસઆઈ ચેતન રાઠોડ કે જે બેરકના રૂમમાં એકલા જ રહેતા હોય તેમના રૂમના કબાટમાંથી દારૂની બે બોટલો તથા એક ખાલી બોટલ અને એક અડધી બોટલ મળી આવી હતી. જેથી આ અંગે ઉચ્ચ અધિકારીઓને રિપોર્ટ કરાયા બાદ પીઆઇ દ્વારા એએસઆઇ સામે આ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેના આધારે પોલીસે પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.



### જયપુરની એક શાળામાં વિદ્યાર્થીઓ પાસે મસાજ કરાવતી બિન્દાસ શિક્ષિકા!!

જયપુરઃ જયપુરની એક સરકારી શાળામાં શિક્ષિકા વિદ્યાર્થીઓને ભણાવવાને બદલે તેમની પાસે મસાજ કરાવડાવે છે. સોશ્યલ મીડિયામાં આ વિડીયો બહુ ચર્ચામાં છે. એક ટીચર ખુરસી પર બેઠાં છે અને બીજા જમીન પર પાથરેલી શેતરંજી પર ઉંધા સૂઈ ગયા છે. બે સગીર બાળકો તેમના પગ પર ચાલીને મસાજ કરી રહ્યા છે. મજાની વાત છે કે આ શાળા કરતારપુરામાં આવેલી છે અને એ વિસ્તાર ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન કાલિચરણ સરાફનો મત વિસ્તાર છે. સરકારી તંત્રે સરકારી જવાબ આપ્યો છે. પ્રિન્સીપાલ અનુ ચૌધરીએ કહ્યું છે કે શિક્ષિકાઓ અને બાળકોને અલગ અલગ પૂછતરછ કરવામાં આવશે.


### જાહેર નોટીસ

(૧) ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટ, સબ ડીસ્ટ્રીક્ટ રાજકોટના રાજકોટ તાલુકાના રૈયા ગામ રેવન્યુ સર્વે નંબરઃ ૮૩/૨ પૈકીના ટીપી સ્કીમ નં.૧ના ફાઇનલ પ્લોટ નં. ૧૦૭૯, ૧૦૮૦, ૧૦૮૨, ૧૦૮૩ પૈકીની જમીન ઉપર શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનીયમ-૧૯૭૬ની કલમ ૨૧(૧) તળેની મંજુર થયેલ યોજના (ફ્લેટોની યોજના) કે જે **'શ્રી રવિરત્ન પાર્ક'**ના નામથી ઓળખાય છે તે માંહેના બિલ્ડીંગ નં. સી-૫ ના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં. ૨ જેનો બીલ્ટ-અપ એરીયા ચો.મી.આ. ૨૫-૮૫ છે, તે ફ્લેટ **પ્રવિણકુમાર મોહનભાઇ આરદેશણા**એ **શ્રી શીલ્પાબેન રમેશકુમાર સીતાપરા** પાસેથી રજી વેચાણ દસ્તાવેજ અનુ. નં.૪૧૮૫ તા.૨૭-૦૫-૨૦૨૧ થી ખરીદ કરેલ છે. જે ફ્લેટ અમોના અસીલ **જયાબેન ભગવાનજીભાઇ રાજપરા, ધર્મેઃ હિન્દુ, ઉ.વ.આ. ૭૬, ધંધોઃ ગૃહકાર્ય, રહે. ફ્લેટ નં. ૪૦૧-એ, શ્યામલ વર્ટિકલ્સ, આલાપ ગ્રીન સીટી સામે, સાધુ વાસવાણી રોડ, રાજકોટ**વાળાએ તા.૦૮-૦૫-૨૦૨૪ના રોજના સાટાખતથી કે જે **નોટરી શ્રી પંકજ એલ. જોટંગીયા**ના ચોપડે પેજ નંબરઃ ૨૨૭ના સીરીયલ નંબરઃ ૬૮૭૬ ઉપર નોંધાયેલ છે રૂા.૧૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા અગીયાર લાખ પુરામાં વેચાણે રાખેલ છે કે જે પૈકી અવેજ તથા સુથી પેટેના રૂા.૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પુરા **પ્રવિણકુમાર મોહનભાઇ આરદેશણા**ને ચુકવી આપેલ છે.

(૨) ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટ, સબ ડીસ્ટ્રીક્ટ રાજકોટના રાજકોટ તાલુકાના રૈયા ગામ રેવન્યુ સર્વે નંબરઃ ૮૩/૨ પૈકીના ટીપી સ્કીમ નં. ૧ના ફાઇનલ પ્લોટ નં. ૧૦૭૯, ૧૦૮૦, ૧૦૮૨, ૧૦૮૩ પૈકીની જમીન ઉપર શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનીયમ-૧૯૭૬ની કલમ ૨૧ (૧) તળેની મંજુર થયેલ યોજના (ફ્લેટોની યોજના) કે જે **'શ્રી રવિરત્ન પાર્ક'**ના નામથી ઓળખાય છે તે માંહેના બિલ્ડીંગ નં. સી-૫ ના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ ફ્લેટ નં.-૧ જેનો બીલ્ટ-અપ એરીયા ચો.મી.આ. ૨૫-૮૫ છે, તે ફ્લેટ **મનીષાબેન પ્રવિણકુમાર આરદેશણા**એ **શ્રી રમેશકુમાર બાબુભાઇ સીતાપરા** પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૪૧૮૩ તા.૨૭-૦૫-૨૦૨૧થી ખરીદ કરેલ છે. જે ફ્લેટ અમોના અસીલ **જયાબેન ભગવાનજીભાઇ રાજપરા, ધર્મેઃ હિન્દુ, ઉ.વ.આ. ૭૬, ધંધોઃ ગૃહકાર્ય, રહે. ફ્લેટનં. ૪૦૧-એ, શ્યામલ વર્ટિકલ્સ, આલાપ ગ્રીન સીટી સામે, સાધુ વાસવાણી રોડ, રાજકોટ** વાળાએ તા.૦૮-૦૫-૨૦૨૪ના રોજના સાટાખતથી કે જે **નોટરી શ્રી પંકજ એલ. જોટંગીયા**ના ચોપડે પેજ નં.ઃ ૨૨૭ના સીરીયલ નંબરઃ ૬૮૭૭ ઉપર નોંધાયેલ રૂા.૧૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા અગીયાર લાખ પુરામાં વેચાણે રાખેલ છે કે જે પૈકી અવેજ તથા સુથી પેટેના રૂા.૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પાંચ લાખ પુરા **મનીષાબેન પ્રવિણકુમાર આરદેશણા**ને ચુકવી આપેલ છે.

ઉપરોક્ત મુજબની બન્ને મિલ્કતની અવેજ તથા સુથી પેટેની રકમ અમોના અસીલે **પ્રવિણકુમાર મોહનભાઇ આરદેશણા તથા મનીષાબેન પ્રવિણકુમાર આરદેશણા**ને ચુકવી આપેલ છે. તથા સદરહું સાટાખતની રૂએ અમોના અસીલ **પ્રવિણકુમાર મોહનભાઇ આરદેશણા તથા મનીષાબેન પ્રવિણકુમાર આરદેશણા**પાસેથી ઉપરોક્ત મુજબની મિલ્કતના વેચાણ દસ્તાવેજ કરાવી લેવા હકદાર છે. જે અંગેની કાયદેસરની કાર્યવાહી અમોના અસીલે શરૂ કરી દીધેલ છે. ઉપરોક્ત બન્ને મિલ્કત પૈકી કોઇપણ વ્યકિત કે સંસ્થા વેચાણે રાખે કે વેચાણ દસ્તાવેજ કરશે તે અમોના અસીલને બંધનકર્તા રહેશે નહીં અને અમોના અસીલનું ઉપરોક્ત મિલ્કતમાં રહેલા હિતને કોઇ નુકસાન થશે નહીં. હાલની જાહેર નોટીસ બાદ સદરહું મિલ્કત ખરીદનાર અમોના અસીલે કરેલ દાવાના કામે બોનાફાઇડ પર્ચેઝર ગણાશે નહીં અને તમામ જવાબદારી ખરીદનારની રહેશે. જે અમોના અસીલ હાલની આ નોટીસથી જાહેર કરે છે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

રાજકોટ. તા.૧૧-૧૦-૨૦૨૪

એડવોકેટ ભુમીક પી. પટેલ
અસીલની જાણ તથા સુચના

અમારા મારફતઃ-

**ભુમીકા પી. પટેલ-એડવોકેટ**
**શિવરાજસિંહ બી. ઝાલા-એડવોકેટ**

ઓફિસઃ જે.ડી. પાઠક પ્લોટ, કૃષ્ણનગર મેઇન રોડ, ગુરૂપ્રસાદ ચોક પાસે, ટેલીફોન એક્સચેન્જ પાછળ, રાજકોટ.
મો.નં. ૮૮૪૯૭ ૮૯૧૯૮, ૮૮૪૯૭ ૮૯૮૮૬

## અધર્મ પર ધર્મના વિજયને ઉજાગર કરતું પર્વઃ કાલે વિજયાદશમીઃ રાવણદહન શસ્ત્રપૂજન

# કાલે રેસકોર્સમાં સ્વીટ્ઝર્લેન્ડ બનાવટની લેસર લાઈટ શો ભૂલકાઓનું બનશે આકર્ષણ







રાજકોટ,તા.૧૧

માઁ જગદંબાની આરાધનાનું મહાપર્વ નવરાત્રી અંતિમ ચરણમાં છે રાજકોટમાં પ્રાચીન અને અર્વાચીન રાસોત્સવમાં ભારે જમાવટ જોવા મળી રહી છે. આજે હલનાષ્ટમી હોવાથી પ્રાચીન ગરબી મંડળોમાં હવનના આયોજનનો કરાયા હતા આવતીકાલ તા.૧૨ના શનિવારે બપોરે ૧૧ વાગે નોમ તિથિ પૂર્ણ થશે અને દશેરા શરૂ થશે. આથી આવતીકાલે દશેરાનું પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાશે આવતીકાલે બપોરના ૨.૨૫ થી ૩.૦૯ વાગ્યા સુધી વિજય મુહૂર્ત છે.તથા તા.૧૩ના રવિવારે સવારે ૯.૦૯ સુધી આસોસુદ દશમ તિથિ છે. પછી એકાદશીનો પ્રારંભ થશે. આવતીકાલે લોકો વિજયાદશમીના તહેવાર જલેબી ગાંઠીયા ખાઈને ઉજવશે.કાલે ડેરી અને ફરસાણના ધંધાર્થીઓ વહેલી સવારથી જ જલેબીના તાવડા શરૂ કરી દેશે અને મોડી રાત સુધી ગરમાગરમ જલેબી મળશે.

**રેસકોર્સમાં કાલે રાવણદહન આતશબાજી**

દર વર્ષે દશેરાના પાવન પર્વ નિમિતે વર્ષોની પરંપરા મુજબ વિ.હિ.પ. બજરંગદળ - દુર્ગાવાહીની દ્વારા વિજયાદશમીની ખૂબ ભાવભેર, ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે.

## પ્રથમવાર રકતદાન શિબિરનું આયોજનઃ કાલે રંગબેરંગી ફટાકડાઓની આતશબાજીથી આકાશમાં રચાશે નયનરમ્ય રંગોળીઃ રાજકોટની જનતાને પધારવા વિહિપ બજરંગદળનું આમંત્રણ

જેના સંદર્ભમાં આ વર્ષે પણ તા. ૧૨/૧૦/૨૦૨૪ ને શનિવારના રોજ રેસકોર્ષ મેદાન ખાતે સાંજે ૭-૦૦ કલાકે અનેકવિધ કાર્યક્રમોની હારમાળ સર્જાવાની છે. આ વર્ષે પૂતળા દહન - શસ્ત્ર પૂજન - આતશબાજી સાથે નવીનતમ લેસર શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ લેસર શોમાં અદ્યતન લાઈટ એન્ડ સાઉન્ડ ઈફેકટ દ્વારા ધર્મભક્તિ અને રાષ્ટ્રશક્તિનો સમન્વય યોજી ઉપસ્થિત તમામ લોકોને પસંદ પડે તેવો શો યોજાવાનો છે. આ શો જોવા દર વર્ષે વધુને વધુ લોકો જોડાતા જાય છે તેમજ આ શો માં અનેકવિધ ગીતોનો સમાવેશ કરવામાં આવશે. આમ એક નવુ આકર્ષણ ઉમેરાતા પ્રજાજનોને દર વર્ષ કરતાં પણ વિશેષ આનંદ આવશે અને લોકો બહોળી સંખ્યામાં જોડાશે.

આ વર્ષે પણ ગુજરાતના સૌથી ઉચા પૂતળા બનાવવાનો રાજકોટનો રેકોર્ડ અકબંધ રહયો છે. આ વખતે ગુજરાતના સૌથી ઉચો ૬૦ ફુટનો રાક્ષસ રૂપી રાવણ તથા અન્ય ૩૦-૩૦ ફૂટ ઉચા પૂતળા બનાવવામાં આવ્યા છે. આ પૂતળાઓ બનાવવા માટે ખાસ આગ્રા (યુ.પી.) થી તેના સ્પેશ્યાલીસ્ટ કારીગરોને રાજકોટ બોલાવવામાં આવ્યા છે જેમની ૨૫ થી વધુ લોકોની ટીમ દ્વારા મહિનાઓની જહેમત બાદ આ પુતળા તૈયાર થાય છે.

**આતશબાજી**

દર વર્ષની માફક આ વર્ષે પણ રાક્ષસ દહન વખતે અવનવા રંગબેરંગી પ્રકારના ફટાકડાઓની આતશબાજીથી કાર્યક્રમ સ્થળે દિવાળી જેવો માહોલ રચાશે. આ વર્ષે ખાસ તામીલનાડુથી મંગાવવામાં આવેલ ફટાકડાની અવનવી વેરાયટીઓ જેવી કે ૫૦૦ મલ્ટી શોટ, ૨૪૦ રંગીન ફેન્સી શોટ, ૨૪૦ રંગીન મલ્ટી મ્યુઝીક શોટ, ૧૦૦ મ્યુઝીકલ કલર શોટ, ૧૦૦ મલ્ટી મ્યુઝીકલ કલર શોટ, ૧૦૦ કલરફુલ શોટ,



૫૦ મ્યુઝીકલ ફેન્સી કલર શોટ, ૫૦ ફેન્સી સાયરીંગ મ્યુઝીક શોટ તેમજ ૨૫૦૦ ફુટ ઉપર ફુટી શકે એવા હેવી શોટ જેમાં મીરચી હેવી શોટ, થોર આતશબાજી શોટ, મલ્ટી મીકસ આતશબાજી હેવી, રેડ સાવર, લીલ સાવર, લાલ કલર ઝુમખા હેવી શોટ, બેડ સ્ટ્રીટ બોય હેવી શોટ, નીલા એન્જલ શોટ, પંટર સ્ટ્રોમ, પાયો રંગીન, લીંબાગીડી, સ્કાય ફલોર, કેપેસીનો, ગોલ્ડ સ્ટાર, બાસ્કેટ બોલ, જય હો, કીલર, પોપઅપ કેન્ડી, સીલ્વર કેન્ડી, ઓરેન્જ કેન્ડી, ગ્રીન કેન્ડી, સીલ્વર કેન્ડી, બઝી મ્યુઝીક, ગોલ્ડ રસ, કલરપીન જોર ડ્યુલક્સ, લકકી ડ્રોપસ, ગ્રાન્ડ માસ્ટર, રેડ રીવેરીય, ક્રિસ્ટોન હેવી શોટ વિગેરેની આતશબાજી જોઈને બાળકો સહિત મોટેરા તમામ આનંદીત થઈને જુમી ઉઠશે. બાળકોની ઉત્સાહભરી કીલકારીઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠશે.

**બેઈઝ લેસર શો**

દર વર્ષે પ્રજાજનો સ્વયંભૂ રીતે જ પૂતળાદહન અને આતશબાજી જોવા માટે ઉમટી પડે છે. આ વર્ષે તેમાં એક નવા નજરાણાનો સમાવેશ કરી લાઈટ એન્ડ સાઉન્ડ પર આધારીત થીમ બેઈઝ લેસર શો નું આયોજન કરવામાં આવ્યું છે. આ લેસર શો ના સંચાલક ડી.જે. અમર ઠાકર કરશે. આ તકે સંચાલક દ્વારા માહિતી આપતા જણાવવામાં આવ્યું છે કે, તેઓ દ્વારા દશેરા નિમિતે અલગ-અલગ પ્રકારની લાઈટ એન્ડ સાઉન્ડ સીસ્ટમના ઉપયોગ થકી લેસર શો કરવામાં આવશે જેમા ખાસ કરીને બાળકોને મજા પડી જાય તે રીતના ડી.જે. વીથ લેસર શો કરવામાં આવશે અને આ લેસર શો માં ધર્મભક્તિથી રાષ્ટ્રભક્તિ સુધીના ગીતોની સફર સાથે અધ્યતન ટેકનોલોજીના માધ્યમથી લેસર એન્ડ સાઉન્ડ શો તથા સાથે ભવ્ય આતશબાજી કરવામાં આવશે. આ લેસર શોમાં ખાસ સ્વીર્ઝલેન્ડ બનાવટની લેસર લાઈટની સ્પેશીયલ ઈફેકટ સાથે આ શો યોજવામાં આવશે જેમાં મુખ્ય બાર ખૂબ જ અતિ આધુનિક લેસર તથા અન્ય લેસર લાઈટ દ્વારા આ શો કરવામાં આવશે. તેમજ લેસર લાઈટ દ્વારા ડીમ શોના અદભૂત દ્રશ્યો જેમાં ફોગીગ દ્વારા લેસર શો કરવામાં આવશે તેમજ આતશબાજી અને લેસર શોનું કોમ્બીનેશન કરી આ લેસર શો કરવામાં આવશે. જેમાં ધર્મભક્તિ સાથે રાષ્ટ્રભક્તિનો સમન્વય જોવા મળશે.

**રકતદાન શિબિર**

આ વખતે પ્રથમવાર સામાજીક જવાબદારીના ભાગ રૂપે એક રક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાતાઓ રાક્ષસ દહનના કાર્યક્રમ સ્થળે બનાવવામાં આવેલ એક વિશેષ મંડપમાં રક્તદાન કરી શકે તેવી અલાયદી વ્યવસ્થા તજજ્ઞોની દેખરેખમાં કરવામાં આવી છે. આ કેમ્પ ખાતેથી રકતદાન કરનાર રક્તદાતાને પોતાનું બ્લડગ્રુપ સહિતની માહિતી મળી શકશે. તો આ સેવા કાર્યમાં જોડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**શસ્ત્ર પૂજન**

વિજયા દશમી નિમિતે દરેક હિન્દુ સમાજમાં શસ્ત્રોનું પુજન કરવાનું પણ અનેરૂ મહત્વ રહેલુ છે. બાળકોને હિન્દુ સંસ્કૃતિ અને રીત-રીવાજો વિશે જાગૃતિ રહે તથા આપણા સંસ્કારો સાથે બાળકો જોડાયેલા રહે તેવા હેતુસર કાર્યક્રમ સ્થળે એક ખાસ પંડલા દર વર્ષની માફક બનાવવામાં આવ્યો છે. આ પંડાલમાં શસ્ત્રો સજાવવામાં આવશે. જેના પૂજનનો લાભ તમામ પ્રજાજનો લઈ શકશે તેવું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજન જેમાં પૂતળાદહન - શસ્ત્ર પૂજન - અતિભવ્ય નવીનતમ આતશબાજી તથા લેટેસ્ટ સાઉન્ડ એન્ડ લાઈટ ઈફેકટ લેસર શો સહિતના કાર્યક્રમો યોજાવાના છે જેનો રાજકોટના લોકો બહોળી સંખ્યામાં ભાગ લે તે માટેનું આમંત્રણ વિ.હિ.પ. રાજકોટ મહાનગરના અધ્યક્ષ શાંતુભાઈ રૂપારેલીયા તથા કાર્યકારી અધ્યક્ષ હસુભાઈ ચંદારાણા તથા વિ.હિ.પ. સૌરાષ્ટ્ર પ્રાંતના નિતેશભાઈ કથીરીયા, કોષાધ્યક્ષ વિનુભાઈ ટીલાવત દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. તેવુ વિ.હિ.પ. પ્રેસ મીડીયા ઈન્ચાર્જ પારસભાઈ શેઠની યાદીમાં જણાવેલ છે.

## આવતીકાલે શ્રવણ નક્ષત્રમાં દશેરા

રાજકોટ,તા.૧૧

આસો શુદ નોમ ને શનીવાર તા. ૧૨/૧૦/૨૦૨૪ ના દિવસે સવારના ૧૧ વાગ્યા સુધી નોમ તિથિ છે ત્યારબાદ દશમ તિથિ છે આમ જ્યોતિષના નિયમ પ્રમાણે દરેક પંચાંગ પ્રમાણે આ દિવસે દશેરા છે.

હિન્દુ પંચાગ પ્રમાણે વર્ષમાં ચાર શ્રેષ્ઠ દિવસ આવે છે. આ ચાર શ્રેષ્ઠ દિવસોમાં મુહુર્ત જોવાની જરૂર રહેતી નથી. આ દિવસે કોઈપણ કામ મુહુર્ત શુભ કાર્ય કરવું ઉત્તમ ફળદાયી માનવામાં આવે છે. બેસતુ વર્ષ, ચૈત્ર શુદ એકમ, અખાત્રીજ, દશેરા, આ ચાર વણજોયા મુર્હુતના દિવસો છે. આથી દશેરાના દિવસે મુર્હુતમાં ચંદ્ર બળ, નક્ષત્ર જોવાની જરૂર રહેતી નથી. દશેરાના દિવસે નવુ વાહન ખરીદવુ, કળશ પધરાવો, વાસ્તુ, ખાતમુર્હુત, નવી દુકાન પેઢીનું મુર્હુત, સોના, ચાંદીની ખરીદી નવા વસ્ત્રો, સામાનની ખરીદી બધુજ ઉત્તમ અને શ્રેષ્ઠ છે.

આ દિવસે રામ ભગવાને અપરાહન કાળ માં એટલે કે, બપોરના સમયે રામ ભગવાને રાવણ ને માર્યો હતો. આ દિવસે પાંડવોએ વનવાસના તેરમા વર્ષે શમીના એટલે કે, ખીજડાના વૃક્ષની બખોલ માં પોતાના હથીયાર છુપાવેલા હતા તે મેળવી અને આ દશેરાના દિવસે અર્જુને વિજય ટંકાર કરેલો આથી દશેરાના દિવસે શમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે. આ દિવસે શસ્ત્રોનું દેવી સ્વરૂપે પૂજન કરવામાં આવે છે. દશેરાનો આખો દિવસ શુભ છે. આમ આ દિવસે કોઈપણ ચોઘડીયા જોવાની જરૂર રહેતી નથી. વણજોયું મુર્હુત હોવાથી આખો દિવસ શુભ છે. શસ્ત્ર પૂજા વિજય મુર્હુતમાં કરવી શુભ છે. વિજય મુર્હુત બપોરે ૨:૩૦ થી ૩:૧૭,

**ગરબો પધરાવવા માટે શુભ મૂહુર્ત**

રિવાજ પ્રમાણે રવિવારે અને મંગળવારે ગરબો પધરાવાતો નથી આથી શનિવારે સાંજે દિવસ આથમ્યા પછી ગરબા મા દીવો કરી ગરબા ગાય અને ત્યારબાદ દિવસ આથમ્યા પછી લાભ ચોઘડિયા મા રાત્રે ૬.૨૩ થી ૭.૫૬ વાગ્યા દરમિયાન મંદિરે અથવા નદીએ ગરબો પધરાવવા જવું શુભ રહેશે

**(શાસ્ત્રી રાજદીપ જોષી, વૈદાંતરત્ન)**

## શનિવારે નવમા નોરતે માઁ સિદ્ધિદાત્રીની પૂજા



રાજકોટ,તા.૧૧

આસો શુદ નોમ ને શનિવાર ૧૨ ઓક્ટોબર આ દિવસે સવારે ૧૧ વાગ્યા સુધી નોમ તિથિ છે આથી નવમા નોરતા ના માતાજીની ઉપાસના સવારના ૧૧ વાગ્યા પહેલા કરવી ઉત્તમ ગણાશે

નવમું નોરતું સિધ્ધિદાત્રી માતાજીની પૂજા માતાજી નું નવમું સ્વરૂપનું નામ સિધ્ધિદાત્રી છે . માતાજી બધી જ પ્રકારની શુભ સિધ્ધિ આપનાર છે. માર્કન્ડેય પુરાણ પ્રમાણે અણિમા મહિમા, લધિમા, પ્રાપ્તી, પ્રકામ્ય, ઈશિત્વ અને વશિત્વ આ આઠ પ્રકારની સિધ્ધિ છે.

જયારે બ્રહ્મ વૈવર્તપુરાણમાં અઢાર પ્રકારની સિધ્ધિ બતાવવામાં આવી છે. ૧. અણિમા, ૨. લધિમા, ૩. પ્રાપ્તિ, ૪. પ્રકામ્ય, ૫. મહિમા, ૬. વિશિત્વ, ૭. સર્વકામ, ૮. સર્વરીત્વ ૯. દુર શ્રવણ, ૧૦. પરકાયા, ૧૧. વાકસિધ્ધિ, ૧૨. કલ્પવૃક્ષત્વ, ૧૩, સુષ્ટિ, ૧૪. સંહાર, ૧૫. અમરત્વ, ૧૬. સર્વન્યાથકત્ય, ૧૭, ભાવના, ૧૮. સિધ્ધિ,મા સિધ્ધિદાત્રી ભક્તો અને સાધકોને આ બધી જ પ્રકારની સિધ્ધિ આપવાનું સામર્થ ધરાવે છે . દેવી પુરાણ પ્રમાણે ભગવાન શિવને માતાજીની કૃપાથી સિધ્ધિ પ્રાપ્ત થઈ હતી. મહાદેવજીનુંસ્વરૂપ અર્ધનારીશ્વરના રૂપમાં પ્રખ્યાત થયા માતાજી સિધ્ધિદાત્રીનું પૂજન અને ઉપાસના કરવાથી પરમ શક્તિની પ્રાપ્તી થાય છે અને અમૃત તત્વની પ્રાપ્તી થાય છે .

**મંત્રઃ- ઓમ હ્રીં ક્રીં સિધ્ધિયે નમઃ**

નૈવેદ્યઃ માતાજીને હલવો પુરી ખીર અર્પણ કરવા ગરીબોને ભોજન કરાવું.

**શાસ્ત્રી રાજદીપ જોશી વેદાંત રત્ન**





# લેઉવા પટેલ સોશ્યલ ગ્રુપના રાસોત્સવમાં બાળસ્વરૂપ જોગણીઓના સુ-દર્શનમ્

રાજકોટ,તા.૧૧

શહેરના નવા દોઢસો ફૂટ રીંગ રોડ, મવડી કણકોટ માર્ગ પર લેઉવા પટેલ સોશ્યલ ગ્રુપ મવડી દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવમાં આઠમા નોરતે બાળ સ્વરૂપા જોગણીઓના સાક્ષાત સુ-દર્શનમ્ થયા હતાં. આજના રાસોત્સવ દરમ્યાન લાઈટો બંધ કરી, મોબાઈલની ફ્લેશ લાઈટ વચ્ચે બે મિનિટનું મૌન પાળી સ્વ. રતન ટાટાને ભાવપૂર્વક શ્રધાંજલિ આપવામાં આવી હતી.

### સ્વ.રતન ટાટાને મોબાઈલની ફલેશ લાઈટો વચ્ચે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અપાઈ

આઠમા નોરતે લેઉવા પટેલ સોશ્યલ ગ્રુપના રાસોત્સવમાં ધારાસભ્યો રમેશ ટિલાળા, રિવાબા જાડેજા, પરેશ ગજેરા (સરદાર ધામ સૌ.ઝોન ઉપપ્રમુખ તથા બિલ્ડર એસો. પ્રમુખ), વિજય ડોબરિયા (સદ્દભાવના વૃદ્ધાશ્રમ), વર્ષાબેન ખૂંટ (જિલ્લા ભાજપ મહામંત્રી મહિલા મોરચો), ડી.કે. સખીયા (પૂર્વ ચેરમેન એ.પી.એમ સી), પ્રવીણ નિમાવત (વા. ચેરમેન નગર પ્રા. શિક્ષણ સમિતિ), અગ્રણી ઉદ્યોગપતિઓ વસંતભાઈ લિંબાસિયા તથા કેશુભાઈ રાંક, ઉમેશભાઈ માલાણી (મલાણી કન્ટ્રક્શન), ડો. સાપોવાડિયા (આશીર્વાદ હોસ્પિટલ) સહિતના મહેમાનોએ ઉપસ્થિત રહી મન ભરીને રાસોત્સવ માણ્યો હતો અને આયોજક કમિટીના સદસ્યોને, મુખ્ય સ્પોનસર શૈલેષ ફોર્જ, તેમજ ગોકુલ હોસ્પિટલની ટીમને બિરદાવ્યા હતા.

આઠમા નોરતે સિનિયર જુનિયર કેટેગરીમાં બેસ્ટ પરફોર્મન્સ કરનારા વિજેતા પ્રિન્સ, પ્રિન્સેસ તેમજ વેલડ્રેસ વિનર્સને ૧૦થી ૫૦ ગ્રામ સુધીની ચાંદીની ગીની ઇનામ સ્વરૂપે આપવામાં આવી હતી. જેમાં સિનિયર કેટેગરીમાં પ્રિન્સ રાજ ખૂંટ, દેવ સોરઠીયા, હર્ષ દોમડીયા, વે.ડ્રે. વિનર નરેન્દ્ર રૂપારેલિયા, પ્રયાગ આંબલીયા, તથા પ્રિન્સેસ સંગીતા સેજલિયા, જીંકલ સોરઠીયા, દિવ્યા બાલધા, વે.ડ્રે. વિનર પેઠલીયા મનસ્વી, ચાંદની સાકરીયા, તેમજ જુનિયર કેટેગરીમાં પ્રિન્સ દક્ષ ડોબરિયા, ક્રેનીશ કપૂરિયા, મંથન કોથીયા, .ડ્રે. વિનર દક્ષ ડોબરિયા, શિવમ વૈષ્ણવ તથા પ્રિન્સેસ હસ્તી હીરાની, ઋત્વી સાકરીયા, ધૃતિ રાદડિયા તથા વે.ડ્રે. વિનર અંજલી ડાંગરીયા, યાના અકબરીને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. આજે છેલ્લા નોરતે નવેય દિવસના સિનિયર જુનિયર પ્રિન્સ, પ્રિન્સેસ વચ્ચે મેગા ફાયનલ રાઉન્ડ રમાડવામાં આવશે અને રાસોત્સવ રાત્રે ૯ ના બદલે ૮ વાગ્યાથી જ શરૂ થઈ જશે, જેને લઈને ખેલૈયાઓમાં ભારે ઉત્તેજના છવાઇ છે.

## આવતીકાલે શનિવારે સાંજે દિવસ આથમ્યા બાદ ગરબો પધરાવવો શુભ અને ઉત્તમ રહેશે



રાજકોટઃ આપણા રિવાજ પ્રમાણે રવિવારે.. મંગળવારે ગરબો પધરાવતો નથી આથી શનિવારે જ સાંજના દિવસ આથમ્યા પછી ગરબામાં દીવો કરી શનિવારે ઉદીત નામ તિથિ હોવાથી ગરબા ગાય અને ત્યાર બાદ મંદિરે અથવા તો નદીએ શનિવારે જ ગરબો પધરાવા જવું યોગ્ય ગણાશે. ગરબો પધરાવવામાં શનિવારનું દિવસ આથમ્યા પછીનું છેલ્લું ચોઘડિયું લાભ છે આથી ગરબો પધરાવવાનો શુભ સમય શનિવારે સાંજે ૬.૨૩થી ૭-૫૬ સુધી ઉત્તમ ગણાશે.

**★ જયોતિષી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

## કાલે 'ગોકુળિયુધામ બાય બાય નવરાત્રી મહોત્સવ ૨૦૨૪' માં ગરબે ઘુમવા ખેલૈયાઓમાં થનગનાટ

રાજકોટ, તા.૧૧

આદ્ય શક્તિ માં અંબાના નવલા નોરતાની ઉજવણી ચાલી રહી છે. ઠેર ઠેર પ્રાચીન - અવાચીન રાસ ગરબાની રમઝટ સાથે ખેલૈયાઓ રાસ રમી માતાની આરાધના કરી રહ્યા છે. ત્યારે ત્રણ વર્ષની ભવ્ય સફળતા બાદ સતત ચોથા વર્ષે રાજકોટમાં આયોજક ધવલ ગોંડલીયા અને અમિત વાકાણી દ્વારા આવતીકાલ તા.૧૨ ને શનિવારના રોજ દશેરાના દિવસે શીતલપાર્ક આર.કે.વર્લ્ડ ટાવર પાસે ૧૫૦ ફૂટ રિંગ રોડ રાજકોટ ખાતે 'ગોકુળિયુધામ બાય બાય નવરાત્રી મહોત્સવ ૨૦૨૪' નું ધમાકેદાર આયોજન કરવામાં આવ્યું છે.

આ નવરાત્રી મહોત્સવમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ નેતા નીતિનભાઈ ભારદ્વાજ, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભારત બોધરા, ધારાસભ્ય જયેશ રાદડિયા, જવાહર ચાવડા, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશ ટીલાળા, ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડિયા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ આયોજનને સફળ બનાવવા માટે કિશન રાજાણી, જીગર ગોંડલીયા, કુશલ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે.

### 'હાલો ને રમવા ને..ગરબે ઘુમવા ને..'

# સમસ્ત શ્રીમાળી સોની પાટડીયા પરિવાર દ્વારા યોજાશે આયોજીત બાય બાય નવરાત્રી મહોત્સવ

### ૧ લાખ વોલ્ટની સાઉન્ડ સિસ્ટમના સથવારે ખેલૈયાઓ ઝુમી ઉઠશે




રાજકોટ, તા.૧૧

સમસ્ત સોની સમાજ માટે સૌરાષ્ટ્રમાં સૌથી વિશાળ ગ્રાઉન્ડ શાસ્ત્રી મેદાન માં સમસ્ત સોની સમાજ માટેનું આયોજન સમસ્ત શ્રી માળી સોની પાટડીયા પરિવાર દ્વારા શાસ્ત્રી મેદાન ખાતે કરવામાં આવ્યું છે.રાજકોટ શહેરમાં શાસ્ત્રી મેદાન માં ૧ લાખ વોલ્ટ ની સાઉન્ડ સિસ્ટમ તથા ૨૫ બાઉન્સર અને ખૈલૈયાઓ માટે ફુડ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે.

વી વીઆઇપી માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ છે.ખૈલૈયાઓ માટે ખાસ સેલ્ફી ઝોન તૈયાર કરવામાં આવશે. જ્યાં ખૈલૈયાઓ પોતાના સુંદર ડ્રેસ અપ સાથે પોતાના યાદગાર પળો ને કેપ્પચર કરી શકશે.મુંબઈનું પ્રખ્યાત ગ્રુપ બામ્બુ બિટ્સ ના સથવારે સમસ્ત સોની સમાજ નાં ખૈલૈયાઓ મન મુકીને ઝુમશે.

આ કાર્યક્રમમાં છેલ્લા ફાઈનલ રાઉન્ડમાં રમાડવામાં યોજવામાં આવશે. તેમાંથી પ્રિન્સ તથા પ્રિન્સેસ પસંદગી કરીને ઈનામની વણઝાર કરવામાં આવશે. તારીખઃ-૧૫/૧૦ રોજ સમય સાંજે ૬ વાગ્યે થી રાત્રી નાં ૧૦ વાગ્યા સુધી ખૈલાયાઓ ગરબા રમી શકશે.પાસ મેળવવા માટે જીજ્ઞેશ વાગડીયા ગુદા વાડી ૧૪ વ્રજ નિકુંજ, ક્રિષ્ના પ્રિન્ટર્સ પરેશભાઈ પાટડીયા સાંકડી શેરીમાં વિરમ ચેમ્બર ગ્રાઉન્ડ ફ્લેર ખાતે થી પાસ મેળવી શકશે.

## કોઠારીયા કોલોની ગરબી ચોકમાં આવતી કાલે શસ્ત્રપૂજન અને દિવ્ય હવનનું અનુષ્ઠાન

### માઁ આશાપુરા સહુની મનોકામના પૂર્ણ કરે..



રાજકોટ તા.૧૧

કોઠારીયા કોલોની ગરબી મંડળ દ્વારા ગરબી ચોક ખાતે શનિવારનો વિજયાદશમીના શુભ દિને માં આશાપુરા માતાજીના સાંનિધ્યમાં દિવ્ય હવન અને શસ્ત્ર પૂજનનું આયોજન કરેલ છે. યજમાન પદે કિર્તિરાજસિંહ સહદેવસિંહ જાડેજા પરિવાર બેસશે. સાથે ગરબી મંડળના સભ્યો રહેશે. શાસ્ત્રોકતવિધિ હસુ મહારાજ દ્વારા કરવામાં આવશે. હવનમાં દરેક દેવતાઓને આહ્વાન આપી ફળ ફુલોથી હવનમાં આહુતિ આપવામાં આવશે.

આ સમયે ચંડીપાઠ, શ્લોક, માંના ગરબા ગવાશે. હવનમાં બીડુ બપોરે ૪ કલાકે હોમાશે. આ સાથે સમગ્ર મંડપ માં આશાપુરામાંના જયનાદથી ગુંજી ઉઠશે. વાતાવરણ ભકિતમય બની જશે. ધર્મપ્રેમી ભાવિકોને વિજયાદશમીના હવનમાં દર્શન કરવા પધારવા કોઠારીયા કોલોની ગરબી મંડળ દ્વારા અનુરોધ કરાયો છે તેમ મંડળની યાદીમાં જણાવેલ છે.

## કાલે આહીર ગરબા મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં ૧૦ હજાર ભાઈ -બહેનો પરંપરાગત પહેરવેશમાં ગરબે ઘુમશે

### કરોડોના ઘરેણા પહેરી અમિત ધોરડાનાં સુરે ગરબે ઘુમીને માઁ અંબાની આરાધના કરશે




રાજકોટ, તા.૧૧

આહીર ગરબા મંડળ (AGM) દ્વારા એક દિવસીય નવરાત્રી રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ નવરાત્રિનું આયોજન તા.૧૨/૧૦/૨૦૨૪ શનિવારના રોજ સાંજે ૮ વાગ્યે સીઝન્સ હોટેલ, અવધ રોડ,પર રાખવામાં આવ્યું છે. આ નવરાત્રી મહોત્સવમાં ૧૦ હજાર જેટલી સમાજની મહીલાઓ અને ભાઇઓ પરંપરાગત વેશમાં કરોડોના ઘરેણા સાથે આ નવરાત્રી મહોત્સવમાં અમિત ધોરડાનાં સુરે ગરબે ઘુમીને માં અંબાની આરાધના કરશે.

દ્વારકા ખાતે આહીરાણી મહારાસ બાદ રાજકોટમાં સૌપ્રથમ વખત આહીર સમાજની ૧૦ હજારથી વધુ બહેનો તથા ભાઈઓ પરંપરાગત વેશ સાથે કરોડોના ઘરેણા સાથે ગરબે ઘૂમ છે. આ ગરબાનું આયોજન સૂરજભાઈ ડેર, વિજયભાઈ મકવાણા, હાર્દિકભાઈ કાનગડ દ્વારા કરવામાં આવ્યું છે. આ આયોજનમાં આહીર સમાજના ભાઈઓ તથા બહેનોને પરંપરાગત વેશ પહેરી અને મોટી સંખ્યામાં પધારવા જણાવ્યું છે અને આહીર સમાજના ભાઈઓ અને બહેનો માટે એન્ટ્રી પણ નિઃશુલ્ક રાખવામાં આવી છે.





**રૂમઝુમ રથડો આવ્યો માઁ ખોડલનો**

# ખોડલધામ નવરાત્રિ મહોત્સવમાં આઠમા નોરતે ઢોલ અને ત્રાસા વગાડીને માઁ ખોડલના વધામણા

## માતાજીના સ્વરૂપમાં સજ્જ થયેલી દીકરીઓ રથમાં બિરાજી:આતશબાજીથી અલૌકિક અને અદભુત નજારો સર્જાયો

રાજકોટ : તા.૧૧

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ગુજરાતભરમાં કૂલ ૩૭ જગ્યાએ નવરાત્રિ મહોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટ શહેરના ચાર અલગ અલગ ઝોનમાં ભવ્યાતિભવ્ય નવરાત્રિ મહોત્સવ ચાલી રહ્યો છે. જેમાં દરરોજ હજારો ખેલૈયાઓ ગરબે ઘુમીને મા ખોડલની આરાધના કરી રહ્યા છે. ત્યારે તારીખ ૧૦ ઓક્ટોબરના રોજ આઠમના નોરતે ચારેય ઝોનના નવરાત્રિ મહોત્સવમાં મા ખોડલની મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને સાત દીકરીઓ માતાજીના વેશમાં પધારતા અદ્દભુત અને અલૌકિક વાતાવરણ સર્જાયું હતું.

રાજકોટ શહેરમાં આયોજિત શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- નોર્થ ઝોનમાં આઠમના દિવસે મા ખોડલની મહાઆરતી સાથે આતશબાજી કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મા ખોડલ સહિત સાતેય બહેનોના વેશ ધારણ કરીને સાતેય દીકરીઓને રથમાં બેસાડીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. માતાજીના સ્વાગત માટે ખાસ નાસિક ઢોલની ટીમ દ્વારા ઢોલ અને ત્રાસા વગાડીને માતાજીના વધામણા કરવામાં આવ્યા હતા. સાતેય માતાજી રથમાં બિરાજમાન થઈને સ્ટેજ સુધી પહોંચ્યા હતા અને ત્યારબાદ આતશબાજી કરવામાં આવી હતી. આમ સમગ્ર મેદાનમાં ભક્તિમય વાતાવરણ ઉભું કરવામાં આવ્યું હતું.

આ તરફ શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- વેસ્ટ ઝોનમાં પણ આઠમ નિમિત્તે મા ખોડલની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ સુશોભિત રથમાં માતાજીના વેશમાં સાતેય દીકરીઓ બિરાજમાન થઈને સ્ટેજ સુધી પહોંચી હતી અને ભવ્ય આતશબાજી કરતાં અલૌકિક અવકાશી નજારો જોવા મળ્યો હતો.

શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- ઈસ્ટ ઝોનમાં પણ આઠમા નોરતે માતાજીની મહાઆરતીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શણગારેલા રથમાં માતાજીના સ્વરૂપમાં સજ્જ થયેલી સાતેય દીકરીઓ બિરાજી ગ્રાઉન્ડમાં સૌને દર્શન આપ્યા હતા. ભવ્ય આતશબાજી સાથે આ રથ સમગ્ર ગ્રાઉન્ડમાં ફર્યો હતો અને ભગવા ધ્વજ લહેરાવી ખેલૈયાઓએ માતાજીના વધામણા કર્યા હતા.

શ્રી ખોડલધામ નવરાત્રિ મહોત્સવ- સાઉથ ઝોનમાં પણ આઠમા નોરતે માતાજીની મહાઆરતી કરવામાં આવી હતી અને ત્યારબાદ ખેલૈયાઓ દેશભક્તિની થીમ પર ગરબે રમી માતાજીની આરાધનાની સાથે સાથે દેશભક્તિ પણ ઉજાગર કરી હતી.

# રવિવારે સોરઠીયા દરજી જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા એક દિવસીય નવરાત્રી રાસોત્સવ : ૬૦૦થી વધુ ખેલૈયાઓ ગરબે ઘુમશે

રાજકોટ, તા.૧૧

રાજકોટ સોરઠીયા દરજી જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા તા.૧૩ ને રવિવારના રોજ સોરઠીયા દરજી જ્ઞાતિના ખેલયાઓ માટે 'ઠાકર મંદિર' ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ચોકડી પાસે, રાજકોટ ખાતે દાંડીયા રાસનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રાસોત્સવમાં ૬૦૦થી વધુ ખેલૈયાઓ ગરબે ઘૂમશે. આ એક દિવસીય રાસોત્સવમાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તેમજ તમામ જ્ઞાતિજનો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. સામાજિક, પારિવારિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ભાવનાઓ ઉજાગર કરવા માટે માત્ર સોરઠીયા દરજી જ્ઞાતિના ખેલૈયાઓને રાજકોટ સોરઠીયા દરજી જ્ઞાતિ ટ્રસ્ટ તરફથી ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું છે.



'સાંજ સમાચાર' ની મુલાકાતે સતિષભાઈ ગોહેલ, રણજીતભાઈ ગોહેલ, દીપેશભાઈ કાલાણી, ચંદુભાઈ પરમાર, ભીખુભાઈ ગોહેલ અને નલીનભાઇ હિંગુ આવ્યા હતા.

# રવિવારે સમસ્ત પ્રજાપતિ યુવા ગ્રુપ દ્વારા એક દિવસીય રાસોત્સવનું જાજરમાન આયોજન

## પ્રિન્સ-પ્રિન્સેસ તેમજ વેલડ્રેસ ખેલૈયાઓને ઇનામોથી સન્માનિત કરાશે

રાજકોટ, તા.૧૧

સમસ્ત પ્રજાપતિ યુવા ગ્રુપ - રાજકોટ (SPYG) દ્વારા સતત દસમાં વર્ષે સમસ્ત પ્રજાપતિ સમાજ માટે "બાય બાય નવરાત્રી ૨૦૨૪" એક દિવસીય રાસોત્સવનું તા.૧૩ ઓકટોબરને રવિવારના રોજ સાંજે ૬:૩૦ કલાકે સહિયર કલબ, ફનવર્લ્ડની બાજુમાં, રેસકોર્સ મેદાન, રેસકોર્ષ રીંગ રોડ, રાજકોટ ખાતે જાજરમાન આયોજન સાથે એક દિવસીય રાસોત્સવ યોજાશે.

આ એક દિવસીય રાસોત્સવમાં બાળકો અને યુવાઓને પ્રિન્સ-પ્રિન્સેસ તેમજ વેલડ્રેસ પ્રિન્સ-પ્રિન્સેસ ઇનામોથી સન્માનિત કરવામાં આવશે. પાસ મેળવવા માટે વીકી ટાંક રાજેશ વેફર્સ, સંતકબીર રોડ (૯૬૮૭૨૭૨૭૨૬) અને જાબાલ કટકિયા બાલાજી એક્ષિમ, ૪૧૨, આર.કે.એમ્પાયર, મવડી ચોકડી (૯૮૯૮૧૫૪૧૫૩) પર સંપર્ક કરવાનો રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અતુલ સુરાણી, જાબાલ કટકિયા, વિજય મુલિયા, અનીલ મુલિયા, વીકી ટાંક, અનીલ ચૌહાણ, અમિત પ્રજાપતિ, દિલીપ વેગડ, સંજય સરવૈયા, ભૌતિક કાપડિયા, કપિલ સતાપરા, રોહિત ચૌહાણ, દિવ્યેશ સંચાણીયા, કૌશલ મોજીત્રા, મંથન પ્રજાપતિ-, મિતેશ પ્રજાપતિ, પ્રિન્સ પ્રજાપતિ, પ્રથમ પ્રજાપતિ, સંદીપ જાદવ, સાગર પ્રજાપતિ, મીત પ્રજાપતિ જહેમત ઉઠાવી રહ્યા છે.








# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓ માટે દાંડિયા, આરતી અને ગરબા સુશોભન સ્પર્ધા યોજાઈ

મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ માટે માઁ અંબાની આરાધનાના પર્વ અંતર્ગત દાંડિયા સજાવટ, આરતી સજાવટ અને દાંડિયા સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ જેટલી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મનસુખભાઈ જોષી, ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી તથા શાળાનાં આચાર્યએ ઉપસ્થિત રહી ઈનામ વિતરણ તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર સ્પર્ધાનું સફળ આયોજન સંસ્થાના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સદગુરૂ વિદ્યાલયના આચાર્યા તૃપ્તિબેન જોષી, જગદગુરૂ વિદ્યાલયના આચાર્યા ભાવનાબેન જોષી તથા સદગુરૂ બાલમંદિરના આચાર્યા કૃપાલીબેન મકવાણા અને તેમના સ્ટાફ પરિવારે કરેલ હતું.




# કારડીયા રાજપૂત જ્ઞાતિ સમાજ રાજકોટ દ્વારા સોમવારે નવરાત્રી રાસોત્સવનું આયોજન

શ્રી કારડીયા રાજપૂત સમાજ, રામજી મંદિર ૨-રજપૂત પરા રાજકોટ દ્વારા આયોજીત જય ભવાની રાસોત્સ નું આયોજન તા . ૧૪/૧૦/૨૦૨૪ ને સોમવાર સાંજે ૬-૦૦ થી ૧૦-૦૦ કલાકે જય ભવાની રાસોત્સવ, રોયલ રજવાડી ગ્રાઉન્ડ વિરાણી હાઇસ્કુલ ગ્રાઉન્ડ, ટાગોર રોડ, રાજકોટ ખાતે કરેલ છે. તેમના રમવા ના પાસ મવડી ચોકડી વાડી ઉપર સાંજે ૬-૦૦ થી ૮-૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે.

આ કાર્યેક્રમ માં અતિથિ વિષેશ તરીકે ઉપસ્થિત રહેનાર મહાનુભવો વજુભાઈ વાળા, પૂર્વે રાજપાલ કણોટક રાજય, રમેશભાઈ ચૌહાણ પ્રમુખ બેડીપરા કારડીયા રાજપૂત સમાજ , મહેશભાઈ રાજપૂત પ્રમુખ રામનાથપરા કારડીયા રાજપૂત સમાજ, હિમંતસિંહ રાઠોડ પ્રમુખ બાંટવા-સતાપર કારડીયા રાજપૂત સમાજ, વિજયસિંહ ડોડીયા પ્રમુખ ગીર સોમનાથ કારડીયા રાજપૂત સમાજ, હરેન્દ્રસિંહ ડોડીયા પ્રમુખ કર્મચારી મંડળ કારડીયા રાજપૂત સમાજ, પ્રવિણસિંહ હેરમા હાજર રહેશે.

## બહેનો માટે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પ યોજાયો

રાજકોટ,તા.૧૧

નેચરોપેથી નિષ્ણાંત અકબરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ બહેનો માટે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન નારાયણી ચિકિત્સાલય ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નિષ્ણાંત ડો. વિશાખા ખેરડીયા-એમ.ડી.(પંચકર્મ) નિઃશુલ્ક સેવા આપી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે રાજેશ જે. ભાતેલીયા, દર્શિત ભાતેલીયા, સરયુ તન્ના અને એડવોકેટ- અમિત આર. ચૌહાણ તથા એડવોકેટ-આઈ.ઓ.ખેબર, ભુપેન્દ્રભાઈ મહેતા- સરધારે ભારે જહેમત ઉઠાવી હતી.

# કોળી સેના રાજકોટ જીલ્લા - શ્રી ચામુંડાધામ ટ્રસ્ટ દ્વારા એક દિવસીય દાંડિયા રાસ રાસોત્સવ યોજાશે

## ગુજરાત રાજયના મંત્રી પરષોત્તમભાઈ સોલંકી,કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા,સાંસદ પરષોત્તમભાઈ રૂપાલા ખાસ હાજરી આપશે

રાજકોટ,તા.૧૧

કોળી સેના રાજકોટ જીલ્લા / શ્રી ચામુંડાધામ ટ્રસ્ટ રાજકોટ જીલ્લા દ્વારા આયોજીત એક દિવસીય દાંડિયા રાસ રાસોત્સવ ૨૦૨૪ નું આયોજન તા, ૧૩/૧૦/૨૦૨૪ રવિવાર ના રોજ સાંજે ૬:૩૦ કલાકે વિરાણી હાઈસ્કૂલ ,ગ્રાઉન્ડ, ટાગોર રોડ, રાજકોટ ખાતે યોજવામાં આવેલ છે.પાસ મેળવવા માટે કોળી સેના રાજકોટ જીલ્લા કાર્યાલય ૧૧, મનહર પ્લોટ, મંગળા મેઇન રોડ, રાજકોટ ખાતે સંપર્ક કરવો.

આ આયોજન માં અતિથિ તરીકે ગુજરાત રાજય ના મંત્રી પરષોત્તમભાઈ સોલંકી સ્થાપક, કોળી સેના ગુજરાત, નિમુબેન બાંભણીયા, કેન્દ્રીય મંત્રી ગુજરાત,પરષોત્તમભાઈ રૂપાલા સાંસદ રાજકોટ, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, યુવા પ્રમુખ દિવ્યેશભાઈ સોલંકી કોળી સેના ગુજરાત, મહિલા પ્રમુખ દીપાબેન બોભણીયા કોળી સેના ગુજરાત ભૂપતભાઈ ડાભી પૂર્વ ચેરમેન ઠાકોર કોળી વિકાસ નિગમ, પ્રમુખ ભીખુભાઈ ડાભી તળપદા કોળી સમાજ સમૂહ લગ્ન સમિતિ રાજકોટ વગેરે ઉપસ્થિત રહેશે.

આયોજન ને સફળ બનાવવા માટે આયોજન ના - મુખ્ય આયોજક પ્રમુખ અજયભાઈ એન. ડાભી કોળી સેના રાજકોટ જીલ્લા તથા સાગરભાઈ ડાભી, પ્રજ્ઞેશભાઈ ગોહિલ, ચિરાગભાઈ મેર, વિજયભાઈ ભાલિયા. જીતુભાઈ બારૈયા, પંકજભાઈ રાજપરા, રાજુભાઈ મોકરિયા, વિશાલભાઈ ધનવાણિયા સફળ બનાવવા જહેમત ઉઠાવી રહિયા છે.



## કોઠારીયા નાકા મામા સાહેબની ગરબીમાં ધૂનેચી રાસની રમઝટ

મહાનગરમાં નવરાત્રી મહોત્સવમાં ઠેર ઠેર વિસ્તારોની ગરબીઓમાં અવનવા રાસની પ્રસ્તુતિ થઈ રહી છે. કોઠારીયા નાકા મામા સાહેબ ગરબીમાં બાળાઓના સુપ્રસિધ્ધ ધૂનેચી રાસનું આકર્ષણ રહ્યું છે. દુર દુરના વિસ્તારોમાંથી ધૂનેચી રાસ નિહાળવા લોકો ઉમટી રહ્યા છે. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)




# કાલે અટલ સરોવર ખાતે બાય બાય નવરાત્રીનું આયોજન

## બાઉન્સર સીક્યુરીટીથી સજ્જ ગ્રાઉન્ડ પર ખેલૈયાઓ ઝુમી ઉઠશે

રાજકોટ, તા.૧૧

આવતીકાલે રાજકોટની સૌથી મોટી બાય બાય નવરાત્રી નુ આયોજન અટલ સરોવર ખાતે કરેલ છે.

પારીવારીક વાતાવરણ મા ગરબે જુમી શકસો તેવુ જાજરમાન આયોજન કરેલુ છે. આ આયોજન મા બાઉન્સર સીકયુરીટી પણ ઉપલબ્ધ રહેશે. ખૈલેઆયો માટે મેડીકલ સ્ટાફ અને ડોકટર પણ ગ્રાઉન્ડ ઉપર ઉપસ્થિત રહેશે.આ બાય બાય નવરાત્રીની સોભા વધારવા રાજકોટ ના તમામ જગ્યાના પ્રિન્સેસ પ્રિન્સ રમવા પધારશે.આયોજનમાં ખૈલયાઓ ને મોજ કરાવવા સીંગર હાર્દીક ડોડીયા, સંદીપ પ્રજાપતી, આરતી ભટ્ટ અને મીરલ પટેલ પોતાના સુરથી બધાને ગરબે જુમાવશે. વિશેષમા પાસ બૂક કરાવા માટે ૭૯૯૯૯૯૭૩૭૨ પર સંપર્ક કરવો. આ કાર્યક્રમને સફળ બનાવા અવી પટેલ, સૌમિલ પટેલ, મેહુલ જેઠવા, આદિત્યરાજસિંહ વાઢેર, આદિત્ય મજેઠીયા, નકુલ સોની, રાજ નથવાની, દીશા પટેલ, દર્શિત મોરી, નીધી પટેલ જહેમત ઉઠાવી રહ્યા છે.

## ભાવનગરમાં શરદપુનમ નિમિત્તે-દમ-શ્વાસ-અસ્થમાના દર્દીઓને ઔષધી વિતરણ કાર્યક્રમ

ભાવનગરના જાણીતા લોકપ્રિય વૈદ્ય તથા આરોગ્ય વિષય ઉપરના લેખક વૈદ્ય હકીમ મહેમુદ રોખ શરદ પુનમની રાત્રે ખીર સાથે લેવાની ઔષધી છેલ્લા ઘણા વર્ષોથી આપી રહ્યા છે. અમદાવાદ તથા ભાવનગર ખાતે ઘણા દર્દીઓએ લાભ લીધેલ છે. આ ઔષધી દમ-શ્વાસ-કફ-શરદી-ઉધરસ-હૃદયરોગ જેવા દર્દો ઉપર લાભદાયી છે. આ શરદપૂર્ણિમા દરમ્યાન જે વ્યકિતને ઔષધીની પડીકી મેળવવી હોય તેમણે શરદપૂનમના ૫ દિવસ પહેલા સંજીવની દવાખાનું, વૈદ્ય મહેમુદભાઈ હકીમ, રૂવાપરી રોડ, બારટર્ન લાઈબ્રેરી રોડ, કાગદીવાડ ભાવનગર ખાતે સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૬ થી ૮ દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.



# રાજકોટ ટ્રેકર્સ ગ્રુપ અને આર્ય એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટના સંગાથે મહેશ્વરી વૃદ્ધાશ્રમ અને અનાથાલયમાં માતાઓ અને બાળાઓનું પૂજન સાથે નવલા નોરતાની ઉજવણી કરાઇ

રાજકોટ, તા.૧૧

રાજકોટ ટ્રેકર્સ ગ્રુપ અને આર્ય એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સંગાથે મહેશ્વરી વૃદ્ધાશ્રમમાં અને અનાથાલયમાં માતાઓ અને બાળાઓનું પૂજન સાથે નવલા નોરતાની ઉજવણી કરવામાં આવી. ગત તા.૫ ને શનિવારની સંધ્યાએ વૃદ્ધાશ્રમની માતાઓ સાથે ગરબો પ્રગટાવી તેમનું પૂજન કરી તેમ તેમની ચુંદડી ઓઢાડીને કંકાવટીની લાહણી સાથે નવરાત્રીનું ત્રીજું નોરતું ગરબા રમાડીને ઉજવવામાં આવ્યું.

આર્યા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સંલગ્નથી રતનપર પાસેના અનાથાલયની બાળાઓને પણ લહાણી આપવામાં આવી હતી.

રતનપરના વૃદ્ધાશ્રમના પ્રમુખ પ્રવિણસિંહ ઝાલાએ પણ આ પ્રસંગને વધાવીને માતાઓ સાથે રાસ લીધા. રાજકોટ ગ્રુપના પ્રમુખ ડો. ભાવનાબેન કક્કડ ગણેશ પૂજન અને ગરબાનું પૂજન કરી દિપ પ્રાગટ્ય કરી નોરતાની શુભ શરૂઆત કરી હતી. અનાથાલયની ૭૦ દીકરીઓ અને ૮૦ માતાઓના પૂજન સાથે ત્રીજું નોરતું માની આરાધના સાથે રાસ ગરબાની રમઝટ કરાવીને ઉજવણી કરી હતી. તેમાં આર્યા ટ્રસ્ટના પ્રમુખ ભાવનાબેન કકકડએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી અને રાજકોટ ટ્રેકર ગ્રુપના હાજર રહેલ દરેક નેચર લવર્સનું પ્રમાણપત્રો અને ગિફ્ટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# નવરાત્રીના ગરબાનો સદુપયોગ ચકલીના માળા તરીકે કરવા એનિમલ હેલ્પલાઈનનો અનુરોધ

રાજકોટ,તા.૧૧

નવરાત્રી મહોત્સવમાં મા આધશકિતની આરાધના માટીનાં ગરબા સ્વરૂપે થતી હોય છે. અને એક શ્રધ્ધા કેન્દ્ર તરીકે આ માટીનાં ગરબાનું અનેરૂ મહત્વ છે. દરેક માતાજીનું વાહન પશુ-પક્ષીઓ હોય છે. આ માતાજીનાં અતિ પવિત્ર ગરબા કે જેનો સદુપયોગ નવરાત્રી પછી પણ થાય તો માતાજીના આશીર્વાદ સૌને મળી શકે. એટલા માટે જ આ માતાજીના ગરબામાંથી ચકલીનો માળો બનાવી ખુદ ચકલી માતાજી (ઉડતાં ભગવાન)ને આપણા ઘરમાં જ તેમનું ઘર આપીએ તો ખુબ સારૂ પર્યાવરણ અને જીવદયાનું કાર્ય થઈ શકે.

નવરાત્રીની નવ દિવસની આરાધના જેના પ્રકાશમાં કરીએ છીએ તે ગરબાને દસમે દિવસે મંદિરમાં મૂકવા જવાની પૌરાણીક શ્રદ્ધા છે,ઘણા તેને પાણીમાં પણ પધરાવે છે. તેવા સમયે જો ગરબાને તેની ગરીમાં અને પવિત્રતા સાથે ચકલીનાં માળા માટે મૂકવામાં આવે તો ચકલી પણ સુરક્ષિત ઘર મેળવી શકે. ઘર એક મંદિર છે. તો ગરબો મંદિરે મૂકવાને બદલે ચકલીનું ઘર બનાવીએ.

ગરબાની બાંધણી પક્ષીના માળા માટે ઉપયોગી છે.જૂના જમાનાનાં મકાન હવે નહિ રહેતા ચકલીને માળો બનાવવો મુશ્કેલ છે તેવા સમયે ગરબાને છતમાં ટિંગાડવામાં આવે તો તેનો ઉપયોગ ચકલી ઉછેર માટે આશીવાર્દ રૂપ બનશે. અને ગરબાની ગરીમાં પણ જળવાઈ રહેશે.ચકલી પોતાનો માળો જાતે બનાવી શકતી નથી. અને દિન-પ્રતિદિન વધતા જતા પ્રદુષણયુકત વાતાવરણમાં આમતેમ વલખા મારી પોતાનો જીવ ગુમાવી બેસતી હોઈ છે, ત્યારે આવા અબોલ જીવની સુરક્ષા અને તેઓને સારો આવાસ આપવાનાં હેતુથી ગરબાનો સદુઉપયોગ તે ખૂબ મોટુ સત્કાર્ય થશે.

સમગ્ર વિશ્વ ચકલી દિન ઉજવીને લુપ્ત થતી ચકલીઓને બચાવવા ઝુબેશ ચલાવી રહેલ છે. તેવા સમયે ગરબાને ચકલીનાં માળા માટે ઉપયોગમાં લઈ ગરબાની પવિત્રતા સાથે પ્રકૃતિના જતનની હિમાયત એનીમલ હેલ્પલાઈનનાં ઘનશ્યામભાઈ ઠકકર, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરેન્દ્ર કાનાબાર, રજનીભાઈ પટેલ, એડવોકેટ કમલેશભાઈ શાહ, વિષ્ણુભાઈ ભરાડ, પારસભાઈ ભરતભાઈ મહેતા, ગૌરાંગભાઈ ઠકકર સહિતની ટીમે કરી છે.




# છેલ્લા ૩૫ વર્ષથી અવિરત માતાજીની આરાધના કરતુ જય ઉમિયા ગરબી મંડળ

## સાતમાં નોરતે કોંગ્રેસ પ્રવકતા નયનાબેન જાડેજાએ બાળાઓને લ્હાણી વિતરણ કરી

રાજકોટ,તા.૧૧

રાજકોટના વોર્ડ નં.૨ માં રૈયારોડ રેલ્વે બ્રીજ પાસેના ચુડાસમા પ્લોટ ચોકમાં છેલ્લાં ૩૫ વર્ષથી જય ઉમિયા ગરબી મંડળ નવદુર્ગા માતાજીની આસ્થાપૂર્ણ અવિરત આરાધના કરે છે. ગરબી મંડળના નવ દિવસ દરમ્યાન સમાજના વિવિધ ક્ષેત્રના ભાવિક મહાનુભાવો હાજરી આપીને નવદુર્ગા માતાજીની પૂજા કરીને, ગરબી મંડળની બાળાઓને કંઈક ને કંઈક ભેટ આપીને ખુશ કરે છે. નવરાત્રીના સાતમાં નોરતે રાજકોટ શહેર કોંગ્રેસના પ્રવકતા અને મહિલા કોંગ્રેસ આગેવાન નયનાબા જાડેજા તેમના સાથી કોંગ્રેસ આગેવાનો સાથે પધારીને સર્વેએ પૂજા કરીને બાળાઓને લ્હાણી આપી હતી. તેમની સાથે રાજકોટ શહેર કોંગ્રેસના મંત્રી અને વોર્ડ-૨ના કોંગ્રેસ પ્રમુખ કૃષ્ણદત્ત રાવલ, વોર્ડ નં.૨ના કોંગ્રેસ ઉપપ્રમુખ દેવેન્દ્રસિંહ રાણા અને રાજકોટ જીલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ જીજ્ઞેશભાઈ બોરડ સાથે રહ્યા હતાં.

# સૌરાષ્ટ્રમાં ખેલૈયા અને ખેડૂતોની ચિંતા વધારતો વરસાદ : ખેતરો પાણી-પાણી

## ગીર સોમનાથ, અમરેલી, ઉના પંથકમાં ગાજયો અને વરસ્યો : અનેક ગરબા આયોજનોમાં ખલેલ : કોડીનારમાં ૨, ઉનામાં ૧ ઈંચ, પ્રભાસપાટણ, બાબરા, કુંડલા, ખાંભામાં પણ મગફળી, તલ, સોયાબીનને નુકસાનનો ભય







રાજકોટ, તા. ૧૧

સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી સત્તાવાર રીતે ચોમાસાની વિદાય થયા બાદ ગઇકાલે ભાવનગર બાદ અમરેલી, ગીર સોમનાથ, ઉના સહિતના વિસ્તારમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થતાં નવરાત્રિમાં પણ ભર ઉંઘમાં સુતેલા લોકો જાગી ગયા હતાં અનેક જગ્યાએ વરસાદ પાણી ભરાયા હતા અને ખેતરો પણ પાણી પાણી થતા મગફળી સહિતના પાકને નુકસાનની ભીતિ સર્જાઇ છે.

જયારે નવરાત્રિની મોજ માણવા ગયેલા યુવાધનને રાસ લેવામાં વરસાદ વિલન બનતા સૌરાષ્ટ્રમાં ઘણી પ્રાચીન અને અર્વાચીન ગરબીઓ બંધ કરવાની ફરજ પડી હતી. ગઇકાલે બપોર બાદ અને રાત્રી સુધી ઘણા વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો તો હજુ બે કે ત્રણ દિવસ સૌરાષ્ટ્રના અમુક ભાગોમાં હળવો ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

### ગીર સોમનાથ

રાજયના હવામાન વિભાગની આગાહી મુજબ ગઇકાલે સવારથી ગીર સોમનાથ જીલ્લાના આકાશમાં વાદળછાયુ વાતાવરણ છવાયેલું જોવા મળતુ હતુ. બપોર બાદ જીલ્લાના છએય તાલુકામાં મેઘરાજાએ પધરામણી કરી ઝાપટાથી લઈને ધોધમાર વરસાદ વરસાવી દેતા અનેરી ઠંડક પ્રસરી ગઈ હતી.

બપોરના સમયે જીલ્લાના કોડીનાર શહેર પંથકમાં મેઘરાજાએ મુકામ કરી બે કલાકમાં અનરાધાર સૌથી વધુ અઢી ઈંચ જેટલો વરસાદ વરસાવી દીધો હતો. જેના પગલે શહેરની બજારો અને રસ્તાઓ તથા ગ્રામ્ય વિસ્તારના માર્ગો ઉપર વરસાદી પાણીની નદીઓ વહેવા લાગી હતી.

જિલ્લામાં સાંજે છ વાગ્યા સુધી કોડીનારમાં ૬૪ મીમી (૨.૫ ઈંચ), વેરાવળ ૨૧ મીમી (૧ ઈંચ), સુત્રાપાડા - ૩૨ મીમી (૧ ઈંચ), તાલાલા ૧૪ મીમી, ગીરગઢડા ૩ મીમી અને ઉનામાં ૧૩ મીમી વરસાદ પડ્યો છે.

### કોડીનાર

કોડીનારમાં કાલે બપોરે એક કલાકમાં બે ઈંચ ધોધમાર વરસાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે.આમ છતાં વાહન વ્યવહાર પૂર્વવત છે.કોડીનારના પાણી દરવાજા મુખ્ય રોડ,બસ સ્ટેન્ડ વિસ્તાર સુગર ફેકટરી રોડ,હરિ ૐ ચોક સહિતના વિસ્તારમાં પાણી ભરાયા છે.વાતાવરણ માં ભારે ગરમી વચ્ચે વરસાદ પડતાં વાતાવરણ માં ઠંડક પ્રસરી જવા પામી હતી .

ચોમાસામાં જતા જતા ગીરના ખેડૂતો માટે વરસાદ વેરી બન્યો હોય તેમ વરસાદના કારણે ખેતરો તરબોળ થતાં ગીર સોમનાથ જિલ્લાના અનેક ખેડૂતો ની મગફળી માં નુકશાન, કેટલાક ખેડૂતોને મગફળીના પાથરા પડ્યા છે તો કેટલાક ખેડૂતો મગફળી લણવા ની તૈયારી હતા અને આકાશી આફત વરસતા ખેડૂતો ને પડ્યા પર પાટું જેવો ઘાટ ઘડાયો હતો ગીરનો ખેડૂત ચિંતિત બન્યો છે.

### ઉના ૧ ઈંચ

ઉના પંથકમાં ગરબા રમતા ખેલૈયાઓ વરસતા વરસાદ વચ્ચે પણ ગરબે ઘૂમ્યા હતા અને આજે સવાર થી સમગ્ર વિસ્તાર મા મેધાવી માહોલ વચ્ચે બપોરે બાદ વરસાદ શરૂ થતા સાંજ સુધી મા એક ઈંચ વરસાદ વરસી જતા ખેલૈયા ઓમાં નિરાશા જોવા મળતી હતી પણ નવરાત્રિ નો ઉમંગ પણ ખેલૈયા ઓમાં જોવા મળતો હોય તેમ વરસતા વરસાદ મા પણ માતાજી ની આરાધના કરવાનો ઉત્સાહ પણ જોવા મળતો હતો. ગ્રામ્ય વિસ્તાર જેવા ગીરગઢડા સનખડા ગાંગડા સહિત ના ગ્રામ્ય વિસ્તારોમાં મા પણ એક ઈંચ થી વધુ વરસાદ વરસતા મગફળીના પાકને વ્યાપક નુકશાન થવા પામેલ હતું.

### વેરાવળ-પાટણ

વેરાવળ તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ મુશળધાર વરસાદ વરસતા મગફળી ના પાથરા પલળી ગયેલ છે. અત્યારે મગફળી કાઢવાની કામગીરી શરૂ થયેલ છે જેથી મગફળી ના પાથરા ખેતરો મા હતા અને તેના ઉપર જોરદાર વરસાદ વરસતા મગફળી ના પાથરા પલળી ગયેલ છે અને ખેતરો મા પાણી ભરાણા છે ખેડૂતો ની ચાર માસ ની મહેનત ઉપર પાણી ફરી વળતા ખેડૂતો ખુબજ દુ:ખી થયેલ મગફળી ની સાથે માલ ઢોરનો છારો પણ ફેલ થયેલ છે.

### અમરેલી જિલ્લો

અમરેલી જિલ્લામાં આસ્થા અને ઉત્સાહભેર નવરાત્રિ મહોત્સવ ચાલી રહ્યો છે તેવા સમયે કુદરતે વર્ષાત્સવ શરૂ કરતાં ખેલૈયાઓ, વેપારીઓ અને ખેડૂતો સહિત સૌ કોઈ પરેશાન થઈ રહ્યા છે. ઓકટોબર મહિનો ફટાફટ પસાર થઈ રહ્યો છે. આ સમયે વાતાવરણમાં ઠંડકને બદલે ગરમીનો માહોલ જોવા મળી રહ્યો છે.

**અમરેલી, સાવરકુંડલા, બાબરા, ખાંભા સહિતનાં વિસ્તારમાં વરસાદથી નવરાત્રિ મહોત્સવનાં આયોજનકો અને ખેલૈયાઓ ચિંતામાં મુકાય છે તો ખેડૂતોને કપાસ મગફળીનો પાક નિષ્ફળ જવાની દહેશત સતાવી રહી છે.**

સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી સત્તાવાર રીતે ચોમાસાની વિદાય થયા બાદ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થતાં નવરાત્રિમાં પણ ભર ઉંઘમાં સુતેલા લોકો જાગી ગયા હતાં. જયારે નવરાત્રિની મોજ માણવા ગયેલા યુવાધનને રાસ લેવામાં વરસાદ વિલન બનતા રાત્રીનાસમયે રાસનો કાર્યક્રમ બંધ કરવો પડયો હતો. જયારે ગત સાંજે ફરી અમી છાંટણા જેવો વરસાદ પડયો હતો.

ગઇકાલે અચાનક જ રાત્રીના દોઢેક વાગ્યાના સમયે આકાશમાં કાળા ડિબાંગ વાદળાઓ ઉમટી પડયા હતાં અને થોડીવારમાં વીજળીનાં ચમકારા તથા ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. નિંદરમાં પોઢી ગયેલા લોકો સફાળા જાગી ગયા હતાં. જયારે નવરાત્રિની મોજ માણવા ગયેલા યુવાધનને રાસ લેવામાં વરસાદ વિલન બનતા રાત્રીના સમયે રાસનો કાર્યક્રમ બંધ કરવો પડયો હતો અને લોકો પોતાના ઘર તરફ ભાગવા લાગ્યા હતાં.

### બાબરા

બાબરામાં માવઠાના કારણે ખેડૂતોમાં ચિંતામાં વધારો જોવા મળી રહ્યો છે. ગત મોડી રાતથી બાબરામાં વરસાદના છાંટા પડી રહ્યા છે અને વાદળછાંયુ વાતાવરણ ઊભું થયું છે.

બાબરામાં હાલ મગફળીના પાથરા પડયા છે ખેડૂતો મગફળી ઉપાડવાની તૈયારીઓ કરી રહ્યા છે પણ વરસાદ વિઘ્ન ઉભું કરી રહ્યો છે તેમજ કપાસના પાક પણ પાકી ગયો છે દિવાળીના તહેવાર નજીક હોવાથી ખેડૂતો યાર્ડમાં કપાસ દેવા માટે વીણવા લાગ્યા છે પણ વરસાદના કારણે ફાલ ખરી જવાની ભીતિ સતાવી રહી છે.

### સાવરકુંડલા

સાવરકુંડલા શહેરમાં નવરાત્રીના સાતમાં નોરતાએ વાતાવરણમાં પલટો આવતા ઝરમરિયા વરસાદના આગમને ખેલૈયાઓનો મુડ બગાડયો હતો. હજુ ગઈકાલ સુધી ગરમીનો પારો ઉંચકી રહ્યો હતો એવામાં વાતાવરણમાં પલટો આવતા ઠંડક પ્રસરી જવા પામી છે.

### ખાંભા

ખાંભા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લે છેલ્લે પવન સાથે ધોધમાર વરસાદી માવઠું પડયું હતું. હવામાન વિભાગે ચોમાસાની વિદાય આપ્યા બાદ ખાંભા ગીરના ગામડાઓમાં વરસાદ પડયો હતો. ખાંભા શહેરમાં ધોધમાર વરસાદ પડવાના પગલે રોડ રસ્તા પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. ખાંભાના નાનુડી, ભાડ, ઈંગોરાળા, ભાવરડી, ખડાધાર સહિતનાં ગામોમાં કમોસમી માવઠું થતાં ખેડૂતોનો તૈયાર મગફળી, કપાસ સહિતનો પાક વરસાદમાં પલળ્યો હતો. ખેતીના સોયાબીન,મગફળી, તલના પાકને કમોસમી વરસાદથી નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. જગતના તાતને મોં એ આવેલો કોળિયો હોય તેવું લાગી રહ્યું છે.

### વીજપડી

સાવરકુંડલાનાં વીજપડી ગામે ધોધમાર સારામાં સારો વરસાદ વરસ્યો હતો. થોડા દિવસોથી ગરમી અને તડકા બાદ ચોમાસાનાં આખર સમયે વિદાયના આરે વરસેલા આ વરસાદ જાણે કે મગફળી અને કપાસઉપર જાણે સોનું વરસી રહ્યું હોય તેવું ફાયદા કારક વરસાદ વરસ્યો હતો. પાસ્તર મગફળી ચાર પાંચ ટકા ખેડૂતોએ ઉપાડી હોય તેને થોડુંઘણું નુકસાન બાકી શિંગ અને કપાસના પાકને ઘણો ફાયદાકારક વરસાદ વરસ્યો હતો. વાવણી થોડી મોડી થયેલ હોવા થી આ વરસાદ ફાયદાકારક ગણાય તેવું એક ખેડૂત દ્વારા જાણવા મળેલ હતું. દસેક વાગ્યે વાતાવરણ વાદળછાયું થયેલ ત્યારબાદ બાર વાગ્યા બાદ ધીમીધારે શરૂ થયેલ અને ત્રણ વાગ્યે ધોધમાર વરસાદ વરસ્યો હતો. પાકને ખુબ ફાયદાકારક વરસાદ વરસ્યો હતો.

### જાફરાબાદ

જાફરાબાદમાં બે ત્રણ દિવસ ભારે ઉકળાટ રહ્યા બાદ ગુરૂવારે બપોરના સમયે પવન સાથે ધોધમાર વરસાદ વરસતા જાફરાબાદની બજારમાં નદીઓ વહેતી થઈ હતી તોફાની પવન સાથે વરસાદ વરસ્યો હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી બફારો અને ઉકળાટનો અનુભવ લોકો કરી રહ્યા હતા. જયારે ગુરૂવારે બપોરના સમયે વરસાદનું ભારે ઝાપટું વરસી ગયું હતું. આ વરસાદને કારણે લોકોએ વાતાવરણમાં ઠંડકનો અનુભવ કર્યો હતો પરંતુ માછીમારોને ભારે નુકસાની વેઠવી પડી છે. ધોધમાર વરસાદ વરસતા અનેક જગ્યાએ પાણી ભરાયાં હતાં અને જોરદાર ઝાપટું વરસતા પાલિકાની ગટરો પણ ઉભરાઈ હતી ઉભરાતી ગટરના ગંદા પાણી બજારોમાં ફરી વળ્યા હતા.

## ભાણવડ પંથકમાં વાતાવરણ પલટાયુંઃ વાજડી સાથે વરસાદ

ખંભાળિયા સહિત જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી ધાબડિયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આ દરમિયાન ગઈકાલે ભાણવડ તાલુકામાં એકાએક વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવ્યો હતો. જેમાં ગુરુવારે દિવસ દરમ્યાન ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો હતો. તેજ ફૂંકાતા પવનના કારણે કેટલાક વાડી વિસ્તારમાં વૃક્ષો ધરાશયી બની ગયા હતા. આમ, ભાણવડના કેટલાક વિસ્તારોમાં વાજડી સાથે પોણો ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો.

ભારે પવન સાથે વરસેલા આ વરસાદના કારણે કેટલાક સ્થળોએ વિજ વાયરો તૂટી પડતા વીજ વિક્ષેપ પણ સર્જાયો હતો અને માર્ગમાં ઝાડ તૂટી પડતાં ગ્રામજનોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આટલું જ નહીં, કેટલાક સ્થળોએ ખેતરોમાં પાકને નુકસાની થયાનું પણ કહેવાય છે.

## હરિયાણામાં તા.૧૫ના રોજ સૈની સરકારની શપથવિધિઃ મોદી હાજર રહેશે

ચંદીગઢ, તા.૧૧

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બાદ હવે તા.૧૫ના રોજ રાજ્યની નવી સરકાર શપથ લેશે અને તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ શાસનના મુખ્યમંત્રી પણ હાજર રહેશે. વર્તમાન મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીને જ ફરી ભાજપ સુકાન સોંપી રહ્યો છે અને તેમની સાથે ૧૦ થી ૧૧ મંત્રીઓ શપથ લેશે જેમાં નવા ચહેરાને તક મળી જશે તેવા સંકેત છે. ભાજપ આ શપથ વિધિને એક મોટા શો તરીકે દેશ સમક્ષ રજૂ કરશે. રાજ્ય વિધાનસભામાં ભાજપને ૪૯ બેઠકો મળી છે. એક તબકકે મુખ્યમંત્રી બનવા પક્ષના બે કે ત્રણ સીનીયર નેતાઓનો દાવો હતો પરંતુ પક્ષ મોવડી મંડળે સૈનીને ફરી જ મુખ્યમંત્રી બનાવવા નિર્ણય લીધો છે.

## પરીક્ષા

(છેલ્લા પાનાનું ચાલુ)

જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પણ બેસ્ટ ઓફ ટુ મુજબ પરિણામ સુધારવાની તક મળે તે માટે આ બંને ધોરણમાં પણ મુખ્ય પરીક્ષા સાથે પૂરક પરીક્ષામાં પણ તમામ વિષયની પરીક્ષા લેવા માટેની દરખાસ્ત કરાઇ હતી. દરખાસ્તના અનુસંધાને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પરીક્ષા માટેની જોગવાઈમાં સુધારો કરવાની મંજૂરી આપી છે. જેના પગલે હવે ધોરણ-૧૨ સાયન્સની જેમ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને પણ બેસ્ટ ઓફ ટુ મુજબ પરિણામ સુધારવાની તક મળશે. આ માટે બોર્ડ દ્વારા મુખ્ય પરીક્ષા ઉપરાંત પૂરક પરીક્ષામાં તમામ વિષયોની પરીક્ષા લેવાશે.

આ વખતે ફેબ્રુઆરીથી શરૂ થનારી પરીક્ષા બાદ પૂરક પરીક્ષામાં પણ તમામ વિષયોની પરીક્ષાનું આયોજન કરાશે. આમ, બોર્ડને આગામી પરીક્ષા બે વખત યોજવી પડશે. મુખ્ય પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થી પણ પરિણામ સુધારવા માટે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. ત્યારબાદ મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા બંનેમાંથી જેમાં વધુ ગુણ હશે તે માન્ય રાખી પરિણામ તૈયાર કરવામાં આવશે.

શિક્ષણ બોર્ડની અગાઉની જોગવાઈ અનુસાર પૃથ્થક ઉમેદવાર પૂરક પરીક્ષામાં બેસી શકશે નહીં તેમ જણાવાયું હતું. જોકે, નવી જોગવાઈ અનુસાર પૃથ્થક ઉમેદવાર જે વર્ષની મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત હોય અને પૂરક પરીક્ષાની જોગવાઈ અનુસાર પૂરક પરીક્ષા આપવા માટે પાત્રતા ધરાવતા હોય તો તેવા ઉમેદવાર તે જ વર્ષની પૂરક પરીક્ષા માટે લાયક ઠરશે તેમ નક્કી કરાયું છે. આ ઉપરાંત સરકાર દ્વારા કરવામાં આવેલી વિશેષ જોગવાઈ સિવાય કોઈ પણ વિદ્યાર્થી જે તે વર્ષની મુખ્ય પરીક્ષામાં નોંધાયેલો ન હોય તો તે ઉમેદવાર પૂરક પરીક્ષા માટે લાયક ઠરશે નહીં.

## હસમુખ પટેલ

(છેલ્લા પાનાનું ચાલુ)

વચ્ચે શારીરિક શ્રમ તેમને અભ્યાસમાં મદદ કરશે. શારીરિક શ્રમ મનને ઉર્જાવાન અને હકારાત્મક રાખે છે અને નિરાશા તથા ઉદાસી ની શક્યતા ઘટાડે છે.

CCEની પરીક્ષા આપનાર ઉમેદવારો માટે આપી માહિતી

આ સાથે તેમણે બીજા ટવીટમાં જણાવ્યુ છે કે, CCEની પરીક્ષા આપનાર ઉમેદવારો પણ પોલીસ ભરતીની શારીરિક કસોટી ની તૈયારી ચાલુ રાખી શકે. વાંચનની વચ્ચે શારીરિક શ્રમ તેમને અભ્યાસમાં મદદ કરશે. શારીરિક શ્રમ મનને ઉર્જાવાન અને હકારાત્મક રાખે છે અને નિરાશા તથા ઉદાસીની શક્યતા ઘટાડે છે.

## વડોદરા

(છેલ્લા પાનાનું ચાલું)

પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી દ્વારા વિદ્યાર્થિનીને બોલાવી સાથે ગરબા રમવા માટે પણ આરોપી દબાણ કરતો હતો.

મળતી માહિતી મુજબ, ધો. ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનો ચાર મહિના પહેલા ઇન્સ્ટાગ્રામ પર મકરપુરા ગામમાં રહેતા વાજીદશા દીવાન (ઉં.વ.૧૯) સાથે પરિચય થયો હતો. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા થઇ હતી. વાજીદશા દીવાન દ્વારા વિદ્યાર્થિનીને પોતાની સાથે પ્રેમ સંબંધ બાંધવા માટે ધમકી આપવામાં આવતી હતી. વાજીદશા દીવાન તેની સ્કૂલ પર જઇને બળજબરીથી વાત કરવાનો પણ પ્રયાસ કરતો હતો. હાલમાં ચાલતી નવરાત્રિમાં પણ માંજલપુર વિસ્તારના ગરબા ગ્રાઉન્ડ પર વિદ્યાર્થિનીને મળવા માટે આરોપી બોલાવતો હતો. આરોપી દ્વારા ગરબા ગ્રાઉન્ડ પર તેની સાથે ફોટા પણ પાડવા માટે દબાણ કરવામાં આવતું હતું. વાજીદશા દીવાનની આવી હરકતોથી વિદ્યાર્થિનીએ તેની સાથે સંબંધ તોડી નાંખવાનું નક્કી કર્યુ હતું. વાજીદશા દીવાનને જ્યારે વિદ્યાર્થિનીના ભાઇએ સમજાવવાની કોશિશ કરી ત્યારે તેણે એવી ધમકી આપી હતી કે, તારી બહેનના ૧૮ વર્ષ પૂરા થયા પછી તેને હું ઉઠાવી જઇશ. આ અગાઉ એક વખત એસ.આર.પી. ગ્રુપ નજીક રહેતા પોતાના મિત્રના ઘરે લઇ ગયો હતો. જ્યાં તેણે વિદ્યાર્થિનીની મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો.

આ અંગે યુવતીએ તેની માતાને જાણ કરતા ગઈકાલે મોડી રાત્રે ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી યુવતીએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદના આધારે પોલીસે મકરપુરા વિસ્તારમાં રહેતા વાજીદશા દિવાન નામના યુવકની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

યુવતી દ્વારા પોલીસમાં આપેલી ફરિયાદમાં છેલ્લા કેટલાક દિવસથી વાજીદશા દીવાન હેરાન કરતો હતો એટલું જ નહીં છેલ્લા કેટલાક વખતથી સંપર્કમાં આવ્યા બાદ આરોપી વાજીદશા દીવાને તેના મિત્રને ઘરે લઈ જઈ બે વખત દુષ્કર્મ આચર્યું હતું.

આ અંગે એસીપી પ્રણવ કટારીયા એ માહિતી આપતા જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે યુવતી ની માતાએ ફરિયાદ આપી હતી કે મકરપુરા વિસ્તારમાં રહેતા યુવક સાથે મારી દીકરી નો સંપર્ક ઇન્સ્ટાગ્રામ પર થયો હતો અને તેની સાથે અવારનવાર જતી હતી તે દરમિયાન મકરપુરાના યુવકે તેણીને પટાવી ફોસલાવી દુષ્કર્મ આચર્યું છે અને નવરાત્રી દરમિયાન પણ તેને હેરાન પરેશાન કરી રહ્યો છે

આ ફરિયાદના આધારે તાત્કાલિક અસરથી પોલીસે મકરપુરાના સાજીદશા દિવાન ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીએ અન્ય કોઇ કિશોરીને આ રીતે ફસાવી છે કે કેમ? અન્ય કોઇ આરોપીની સંડોવણી છે કે કેમ? તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલામાં કોલેજીયન યુવતીની છેડતી કર્યાના બનાવમાં પ્રોફેસર અને છાત્ર સામે ગુનો દાખલઃ કોલેજમાંથી હકાલપટ્ટી

### છાત્રા રાજકોટ ખાતેની ટુર્નામેન્ટમાંથી પરત ફરતા જાતીય સતામણીનો ભોગ બની હતીઃ હિન્દુ સંગઠનોમાં આક્રોશ



પ્રોફેસર - એજાજ કાઝી વિદ્યાર્થી - શાબીર મલેક

સાવરકુડલા, તા.૧૧

સાવરકુંડલામાં કોલેજની છાત્રા સાથે રાજકોટ થી પરત આવતા રસ્તામાં ગાડીમાં બેસી મુસ્લિમ યુવકના ફરિયાદી છાત્રા સાથે ના ચેન ચાળા અને જાતીય સતામણીની ૧૩ દિવસ પહેલા બનેલી ઘટનાની આખરે પોલીસે મોડી ફરિયાદ નોંધી ગુનો દાખલ કર્યો છે.

સાવરકુંડલા શહેરમાં આવેલ કાણકીયા કોલેજમાં કબડી ની હરીફાઈમાં ૧૨, જેટલી વિદ્યાર્થીનીઓ અને કોલેજના પ્રોફેસર એઝાદ કાજી તેમજ એક તેમનો માનીતો વિદ્યાર્થી સાબીર મલેક રાજકોટ ખાતે કબડીની હરીફાઈમાં ભાગ લેવા જઈ રહ્યા હતા ત્યારે આ ટુર્નામેન્ટ માંથી પરત ફરી રહેલા વિદ્યાર્થીની સાથે કોલેજના પ્રોફેસર એજાજ કાઝીએ ફરિયાદી વિદ્યાર્થીનીની બાજુમાં સાબીર મલકને બેસાડ્યો ત્યારે આ તુફાન ગાડીની અંદર તે સમયે આરોપી સાબીર મલેકે ફરિયાદી પાસે બેસી શારીરિક છેડછાડ કરી અડપલા કર્યા સતત ફરિયાદીએ ઇનકાર કર્યો હતો પરંતુ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી આ ઘટનાએ સમગ્ર સાવરકુંડલા શહેર અને શિક્ષણ જગતમાં ચકચાર તો મચાવી જ છે પરંતુ ગુરુજી સાથે હોય અને એક વિદ્યાર્થી નીની સાથે આવી ઘટના બને તે શરમજનક તો છે જ પણ શિક્ષણ જગતને કલંક લાગે તેવી ઘટના છે.

આ બાબતે સાવરકુંડલા ટાઉન પોલીસ તેમજ કાનકિયા કોલેજના પ્રિન્સિપાલ સહિત જવાબદાર વ્યક્તિઓને ફરિયાદ કરવા માટે હિન્દુ સંગઠનો દ્વારા સાજીજી કરવામાં આવી મહેનત કરવામાં આવી છતાય ૧૩ દિવસ સુધી ફરિયાદ નહીં દાખલ થતા સાવરકુંડલા ટાઉનમાં પ્રોફેસર એઝાઝ કાજી અને વિદ્યાર્થી સાબીર મલેક વિરૂદ્ધ કલમ ૭૫, ૫૪, ૩૫૧(૩) અને પોસ્કો એક કલમ ૧૨ મુજબ ફરિયાદ નોંધવામાં આવી છે જેની તપાસ નવા આવેલા પીઆઇ કુગસિયા ચલાવી રહ્યા છે ત્યારે સમગ્ર ઘટના ની વિડીયોગ્રાફી એક વિદ્યાર્થીનીએ ઉતારી વાઇરલ કરી દેતા ભાંડો ફૂટ્યો છે.

જોકે અગાઉ મળતી માહિતી મુજબ આ છાત્રા સાથે સાબીર મલેકે આઠ માસ પહેલા પણ ફરિયાદીની શારીરિક અડપલા પણ કર્યા હતા. પરંતુ એક જાગૃત છાત્ર એ વિડીયો વાયરલ કરતા સમગ્ર ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો. જોકે કોલેજ ના વહીવટી તંત્રએ આ. આરોપી વિદ્યાર્થીને અને પ્રોફેસર એજાજ કાઝીને કોલેજમાંથી દૂર કર્યા છે પરંતુ આવી ઘટના ન બને તે માટે કડકમાં કડક સજા થાય તેવું શહેરીજનો ઈચ્છે છે.

## ઘરપકડ

(છેલ્લા પાનાનું ચાલું)

શોધતી શોધતી મહેસાણા પહોંચી અને એક મકાનનો દરવાજો ખખડાવ્યો તો એક ૪૭ વર્ષની મહિલાએ ખોલ્યો પોલીસે બેન્ક લોન રીકવરી એજન્ટ તરીકે ઓળખ આપી અને મહિલાને તેનું નામ પૂછતાં જેનુ અપહરણ થયુ હતું. તે નિશ્ચિત થતા પોલીસે પછી પતા ખોલ્યા તો વધુ આશ્ચર્ય સર્જાયુ જેની સામે અપહરણની ફરીયાદ ૨૭ વર્ષ પહેલા થઈ હતી તે જ મહેન્દ્ર આ મહિલાનો પતિ છે જે મહેસાણામાં રીક્ષા ચલાવે છે પોલીસ થોડો સમય તો ગુંચવાઈ ગઈ કે તેઓ ખોટી તપાસ કરે છે પણ અંતે વાસ્તવિકતા સામે આવી મહિલાના પિતાએ ૨૭ વર્ષ પૂર્વે પુત્રીનાં અપહરણની ફરીયાદ કરી હતી અને લાંબો સમય પૂર્વે મૃત્યુ પામ્યા અને મહિલાના ભાઈ કે કુંટુંબીજનોને તો આવી ફરીયાદ થઈ હતી તેવુ પણ યાદ નથી. આ યુગલ ગુજરાતમાં સ્થાયી થયુ સંતાનો થયા. તેના પણ લગ્ન કર્યા અને યુવતીના ભાઈ સહીતના પરીવારો સાથે સારા સબંધો છે.

વાસ્તવમાં લાંબા સમય પૂર્વે જ આ લગ્નને કુટુંબીજનોએ સ્વીકારી લીધા હતા પણ પોલીસ ચોપડે તો અપહરણ ભાગેડુ આ બધા સ્ટેટસ યથાવત રહ્યા હતા.

મહેન્દ્ર યુવા વયે જયાં કામ કરતો હતો ત્યાં તેના જુના સાથીની પૂછપરછ પરથી તેનુ ''સાસરૂ' શોધી કઢાયુ અને ત્યાંથી પોલીસ મહેન્દ્ર સુધી પહોંચી હતી હવે કાનુની પ્રક્રિયા તો કરવી પડે તેની પોલીસે 'અપહરણ'ના ગુન્હામાં મહેન્દ્રની ધરપકડ કરીને હાલ જામીન પર છોડયો છે.

પછી અદાલતની મંજુરીથી કેસ બંધ કરાશે.

## *રતન ટાટાના પિતરાઈ ભાઈએ હવે દેશના એક સૌથી મોટા ઉદ્યોગગ્રહનું સુકાન સંભાળ્યુઃત્રણ સંતાનોમાં પણ સ્પર્ધા હતી
## *ટાટા ગ્રુપ સાથે બાખડી ચુકેલા મીસ્ત્રી ગ્રુપનાં જમાઈ છેઃ કંપની સંચાલનમાં અનેક ફેરફારના સંકેત ગ્રુપની અનેક કંપનીઓમાં જવાબદારી બજાવે છે

## ટાટા ગ્રુપ

(પહેલા પાનાનું ચાલું)

કંપની ટાટા ટ્રસ્ટનાં ચેરમેન પદે નોએલ ટાટાની વરણી કરવામાં આવી છે. બુધવારે રાત્રીનાં માનદ અધ્યક્ષ અને ટ્રસ્ટના શ્રી રતન ટાટાનું નિધન થયા બાદ આ સ્થાન પર તેમના પિતરાઈ ભાઈ નોએલ ટાટાને જવાબદારી સુપ્રત થઈ છે. સ્વ.રતન ટાટા અપરીણીત હતા ત્યારે તેના નાનાભાઈ જીમ્મી ટાટા પણ અપરીણીત છે અને તેઓ ૨૫ વર્ષથી ગ્રુપના બીઝનેસથી દુર થયા છે અને અત્યંત સાદગીપૂર્ણ જીવન વિતાવે છે આજે ટાટા-હાઉસમાં મળેલી બેઠકમાં નોએલ ટાટાને સર્વાનુમતે ટાટા ગ્રુપના વડા તરીકે નિયુકત કરવા નિર્ણય લેવાયો હતો.

નેઓલ ટાટા હાલ ટાટાગ્રુપની કંપની ટ્રેન્ટ અને વોલ્ટાસનાં ચેરમેન છે તેઓ સર દોરાબજી ટાટા ટ્રસ્ટ અને સર રતન ટાટા ટ્રસ્ટનાં ટ્રસ્ટી પણ છે અને રતન ટાટાનાં સીધા વારસદાર પણ ગણાય છે. તેઓ ટાટા ઈનવેસ્ટમેન્ટ અને ટાટા ઈન્ટરનેશનલનાં પણ વડા છે અને ટાટા સ્ટીલનાં બોર્ડમાં વાઈસ ચેરમેન છે.



ટાટા ટ્રસ્ટ એ ટાટા ગ્રુપની કંપનીઓની હોલ્ડીંગ કંપની છે.જેની પાસે ગ્રુપની કંપનીઓના ૬૬ ટકા શેરો છે અને ૧૩.૮ લાખ કરોડના આ ટ્રસ્ટ દ્વારા જ ટાટા ગ્રુપનાં તમામ મહત્વના નિર્ણયો લેવાય છે આ સાથે નેઓલ ટાટા સર દોરાબજી ટાટા ટ્રસ્ટનાં ૧૧ માં અને રતન ટાટા ટ્રસ્ટનાં છઠ્ઠા ચેરમેન બન્યા છે.

રતન ટાટાની ચિર વિદાય બાદ ગ્રુપના વડા તરીકે નિયુકત નોએલ ટાટા બ્રિટનની સસેકસ યુનિ.માં ગ્રેજયુએટ થયા છે તેઓએ ઈન્ટરનેશનલ એકઝીકયુટીવ પ્રોગ્રામ પણ પાસ કર્યા છે.

રતન ટાટાએ તેમના વારસદાર તરીકે કોઈનુ નામ આપ્યુ ન હતું જયારે રતન ટાટા ટ્રસ્ટનાં બીજા પત્નિનાં પુત્ર છે અને તેમનાં લગ્ન ટાટા સન્સનાં બીજા નંબરના સૌથી મોટા શેરહોલ્ડર પાલોનજી મીસ્ત્રીનાં પુત્રી આલુ મીસ્ત્રી સાથે થયા છે. આ દંપતીને ત્રણ સંતાન છે જેના તાવલીહ ટાટા માયા ટાટા અને નેવાઈલ ટાટા છે જેમાં લીહ ટાટા પણ ગ્રુપનાં ચેરમેન બનવાની સ્પર્ધામાં હતા તેણે સ્પેનમાં આઈઆઈ બીઝનેસ સ્કુલમાં અભ્યાસ કર્યા અને ગ્રુપનાં હોટેલ બિઝનેસને સંભાળે છે જયારે અન્ય બે સંતાનો પણ ગ્રુપની કંપનીઓ સાથે સંકળાયેલા છે.

## રાજકીય ક્ષેત્રે ચકચારી બનેલી ઘટનામાં પોલીસ તપાસનો ધમધમાટ

# અમરેલીમાં કથિત દુષ્કર્મની કોઇ ઘટના બની જ નથી : એસ.પી.

### સોશયલ મીડિયામાં વાયરલ થયેલા મેસેજ અનુસંધાને મહિલાનું નિવેદન લેવાયું : દુષ્કર્મની ઘટનાને કોઇ સમર્થન મળ્યું નહીં

**(મિલાપ રૂપારેલ)** અમરેલી, તા. ૧૧

અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ ફલેટમાં મહિલા સાથે દુષ્કર્મના બનાવ અંગેનો ચકચારી મેસેજ ગત તા.૯ નાં રોજ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ હતો. જે અનુસંધાને આજે અમરેલી ખાતે જિલ્લા પોલીસ અધિક્ષકે પ્રેસ કોન્ફરન્સ યોજી આ ઘટનામાં દુધનું દુધ અને પાણીનું પાણીનું કરી નાંખતા આ બનાવમાં હવે પરદો પડી ગયો છે.



અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ ફલેટમાં મહિલા સાથે દુષ્કર્મના બનાવ અંગેનો મેસેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ મેસેજ અંગે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહને જાણ થતા, અમરેલી સીટી પોલીસને તુરંત જ બનાવની જીણવટ ભરી રીતે તપાસ કરવા સુચના આપેલ હતી. જે અનુસંધાને અમરેલી સીટી પોલીસ દ્વારા જે જગ્યાએ આ ઘટના બનેલ હોવાની વિગતો વાયરલ થયેલ હોય, તે જગ્યાએ રહેતા રહીશો તેમજ આજુ બાજુના રહીશો પાસેથી ઉપરોકત ઘટના અંગે માહિતી અમરેલી સીટી પોલીસના પી.આઈ.દ્વારા મેળવતા આવી કોઈ દુષ્કર્મની ઘટના બનવા પામેલ ન હોવાનું આજુ બાજુના રહીશો પાસેથી જાણવા મળેલ હતું. તેમજ કહેવાતા આ વાયરલ મેસેજમાં જે મહિલા સાથે આ ઘટના બનેલ હોવાની હકિકત જાણવા મળેલ તે મહિલા અંગે તપાસ કરાવી, અધિકારીઓ દ્વારા ટેલીફોનીક પુછપરછ કરતા તેઓ સાથે આવી કોઇ દુષ્કર્મની ઘટના ન બનેલ હોવાનું પણ આ મહિલાએ પોલીસ અધિકારીઓને જણાવેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ મહિલા પોલીસ ઇન્સ્પેકટર આઈ. જે. ગીડા દ્વારા આ મહિલા જ્યાં છે ત્યાં રૂબરૂમાં મોકલી વિડીયોગ્રાફીથી નિવેદન લેતા આવી કોઈ દુષ્કર્મની ઘટનાને સમર્થન આપેલ ના હતું. તેમજ આ કહેવાતી ઘટના અંગે કોઇ વ્યકિત દ્વારા લેખીત, મૌખિક કે ટેલીફોનીક રીતે પોલીસ વિભાગને ફરીયાદ કરવામાં આવેલ નથી. વાયરલ મેસેજ અંગે તટસ્થ તપાસ કરાવતા કહેવાતો દુષ્કર્મનો કોઇ બનાવ બનેલ નહી હોવાનું પણ જણાય આવેલ છે.

મહિલા અત્યાચારના ગુનાઓ પ્રત્યે અમરેલી પોલીસ સંવેદનશીલ છે. અમરેલી જિલ્લા પોલીસ દ્વારા બાતમી મળ્યેથી દેહ વ્યાપારના ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે. જણાવવામાં આવેલ કોમ્પ્લેક્ષના રહીશો દ્વારા દેહ વ્યાપાર અંગેની આવી કોઇ જાણ પોલીસને કરવામાં આવેલ નથી.

અગાઉ ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મહિલા અત્યાચાર અંગેનો વિડીયો પોલીસ પાસે આવેલ. ત્યારે પોલીસ દ્વારા યુવતીની ઓળખ મેળવી, તેના પરીવારનો સંપર્ક કરી, ભોગ બનનાર યુવતીની ફરીયાદ લઇ તમામ આરોપીઓ ઉપર પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.




# ઉનાની મીલમાંથી ઓર્ગેનિકના નામે વેચાતું ૨૭ લાખનું ભેળસેળીયું તેલ જપ્ત

### ઓર્ગેનિક શુદ્ધ તેલના લેબલ લગાડી ટીન ભરતા હતાઃ લુઝ તેલ, ટાંકા, ટીન, પ્રિન્ટ લેબલ, મશીનરી સહિત રૂા.૩૨ લાખનો મુદ્દામાલ સીઝ થતાં સમગ્ર પંથકમાં ખળભળાટઃ જથ્થો અમરેલીથી આવ્યો હોવાની ચર્ચા

**(ફારૂક કાઝી)** ઉના, તા. ૧૧

ઊના શહેરનાં દેલવાડા રોડ પર આવેલા નગરપાલિકા ટાઉનહોલ પાછળનાં ભાગે લુજ તેલ મંગાવી તેમાં ભેળસેળ કરી લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરતી કેમીકલ ભેળસેળ કરી અંલગ અંલગ કંપનીઓ નામે ખાલી ડબ્બા અને પ્લાસ્ટીક પાઉચ બોટલ ખોખાં માં લેબલ મારી ડુપ્લીંકિટ તેલ માર્કેટમાં વેપારીને સપ્લાય કરવા તેમજ છુટક વેપાર ધંધા કરતાં લોકો ને વેચાણ કરાતું હોવાની ચોક્કસ બાતમી જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા ને મળતાં ઉના પ્રાન્ત અધિકારી તેમજ મામલતદાર ને જાણ કરતાં તાત્કાલિક પુરવઠા વિભાગ નો મોટો કાફલો ઘટનાસ્થળે ત્રાટકી ને લુજ તેલ ભરેલ ટાંકા અને તૈયાર કરેલ તેલ નાં ડબ્બા, પ્લાસ્ટિક બોટલ પાઉચ પેકીગ ચોંટાડવા નાં છપાયેલાં પ્રિન્ટ પોસ્ટર તેમજ તૈયાર પ્રિન્ટ થયેલાં કાર્ટુન મશીનરી કોમ્પ્યુટર ફર્નિચર સહિત ૩૨ લાખ થી વધું રકમ નો મુદ્દામાલ જપ્ત કરી સીજ કર્યો હોવાની વિગતો બહાર આવી છે આ તેલ ઓર્ગેનિક હોવાનું કહી લોકો સાથે છેતરપિંડી કરાતી હોવાની તંત્ર પાસે વિગતો મળી હતી

ઉનાનાં દેલવાડા રોડ ઉપર આવેલાં નગરપાલિકા ટાઉનહોલ ની પાછળ નાં ભાગે અમરીશ ખાલપડા નામનાં લુહાણા શખ્શ નાં રહેણાંકી મકાન પાસે એક ગોડાઉન બનાવી તેમાં તેલ બનાવવાની ફેક્ટરી ઊભી કરીને ત્યાં અમરેલી તેમજ અન્ય જિલ્લા માંથી લુજ તેલ મંગાવી તેમાં ભેળસેળ કરીને અલંગ અલંગ કંપનીનાં સિમ્બોલ મારીને બેજ નંબર ઉત્પાદન તારીખ, સ્થળ વીટામીન કોનટેટિ તેમજ કેલેરી સહિત નાં ખાદ્ય પદાર્થો એક્ટ નાં નિયમોનું પાલન કર્યા વગર મોટાં પાયે તેલનો જથ્થો બનાવટી બનાવી કોઈ પ્રકાર નાં વેચાણ જથ્થા નાં હિસાબ કિતાબ રાખ્યા વગર ઓર્ગેનિક બતાવી ને વેચાણ કરતો હોવાની રેઈડ દરમ્યાન વિગતો બહાર આવતાં ઊના નાયબ કલેકટર ચિરાગ હિરવાણીયા તેમજ મામલતદાર ડી કે ભીમાણી સહિત નાં પુરવઠા વિભાગ નો સ્ટાફ પણ ચોંકી ઊઠયો હતો આ બોગસ તેલ મીલ માંથી અન અધિકૃત રીતે રાખેલ અંદાજીત ૨૭ લાખ નું તેલ તેમજ તેલ સ્ટોક નો ૩ લાખ ની કિંમત નો ટાંકો ૧.૫૦ લાખનાં સ્ટીકર લગાડ્યા વગરનાં ખાલી ડબ્બા પ્લાસ્ટીક પાઉચ બોટલ પ્રિન્ટ પુઠા બડલ તેમજ અંલગ અંલગ કંપનીઓ નામે છપાવેલા સટિકર સહિતનો અંદાજીત ૩૨ .૫૦ લાખ નો શંકાસ્પદ મુદામાલ સીઝ કર્યો હતો અને ગોડાઉન ને પણ સીલ કરી દેવાયું હતું.

પ્રાંત અધિકારી ચિરાગ હિરવાણીયા ઉના મામલતદાર ડી કે ભીમાણી પુરવઠા નાયબ મામલતદાર તેમજ ગીરગઢડા મામલતદાર સહિત પ્રાંત અધિકારી ઉના ગીરગઢડા મામલતદાર ઓફિસ નો સ્ટાફ સાંજના ૭ વાગ્યા થી રાત્રીના ૧૧ વાગ્યા સુધી આ તેલ મીલ નાં અંદર ઝડપાયેલ મુદામાલ ગણતરી કરીને કાર્યવાહી કરી હતી ૫ કલાક થી વધુ સમય સુધી રેઈડ ની કામગીરી ચાલી હતી.

### મોતી વેરાણા ચોકમાં આવ્યા અંબે માઁ...

# ‘સાંજ સમાચાર-પાર્થરાજ ક્લબ’ બામ્બુ બીટ્સના ખેલાડીઓએ અમીવર્ષા વચ્ચે ગરબાની રમઝટ બોલાવી





## ૨ મિનિટનું મૌન પાળી ઉદ્યોગપતિ રતન ટાટાને આયોજકો, તમામ ખેલૈયાઓ, ઉપસ્થિત મહેમાનોએ શ્રદ્ધાંજલિ પાઠવી

પાર્થરાજ ક્લબ અને સાંજ સમાચાર બામ્બુ બીટ્સ નવરાત્રી મહોત્સવના આઠમા નોરતે ખેલૈયાઓ મન મૂકી ગરબે ઘૂમ્યા હતા. જુના લોક ગીતો ના સથવારે યુવા ધન હિલોળે ચડયું હતું. ગઈકાલ એસ.પી. જયપાલસિંહ રાઠોડ મુખ્ય મહેમાન બન્યા હતા અને માતાજીની આરતી કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ ઉપરાંત અનેક મહાનુભાવો એ હાજરી આપી હતી. કપડા મેચીંગ કરવા, ગલગોટો જેવા ગીતો પર ખેલૈયાઓને મોજ પડી ગઈ હતી. ખેલૈયાઓએ ૫૦ બાઉન્સરની સીક્યુરીટી વચ્ચે ગરબા રમ્યા હતા. મુંબઈનું પ્રખ્યાત ગ્રૂપ બામ્બુ બીટ્સ ફરી એકવાર ખેલૈયાઓને મન મુકીને જુમાવ્યા હતા. ગઈ કાલે સાંજે બાળકો નો પ્રિન્સ પ્રિન્સેસ ફાઈનલ યોજાયો હતો. જે સાંજે ૬ કલાકે શરૂ થઈ ગયો હતો. અને કિંગ અને ક્વીન બાળ વિજેતાને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તા.૯ રાત્રે જાણીતા ઉદ્યોગપતિ રતન ટાટાનું નિધન થતાં ગઈ કાલે પાર્થરાજ ક્લબ અને સાંજ સમાચાર બામ્બુ બીટ્સ નવરાત્રી મહોત્સવના ગ્રાઉન્ડ્ ૨ મિનિટ નું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. થોડીવાર કાર્યક્રમ થંભાવી તમામ ખેલૈયાઓ આયોજકો ઉપસ્થિત મહેમાનો એ શ્રદ્ધાંજલિ પાઠવી હતી. ગઇકાલે મેઘરાજાની અમીવર્ષા વરસાવી રહ્યા હતા પરંતુ ખેલૈયાઓને ગરબા રમવાનો જુસ્સો ઘટયો ન હતો. અમીવર્ષા વચ્ચે ગરબાની રમઝટ બોલાવી હતી.

(તસ્વીર : પંકજ શીશાંગીયા)



### તારા વિના શ્યામ મને એકલડું લાગે , રાસ રમવાને વહેલો આવજે...

# સતત આઠમા નોરતે ‘સાંજ સમાચાર લીયો લાયન્સ’ના ખેલૈયાઓનો જોશ અકબંધઃ ખેલૈયાઓ ઉત્સાહભેર ગરબે ઘૂમ્યા








‘સાંજ સમાચાર લીયો લાયન્સ’ ખેલૈયાઓનો જોશ સતત આઠમા નોરતે પણ અકબંધ જોવા મળ્યો હતો. આઠમા નોરતે હજારો ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા હતા. ‘સાંજ સમાચાર લીયો લાયન્સ’ના ગ્રાઉન્ડમાં જાણે રાત્રે સૂરજ ઊગ્યો હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. જાણીતા ગાયક કલાકારો શ્રુતિ પટેલ, શિવાની ગોહિલ, શ્રદ્ધા ખખ્ખર, પ્રાચીન અને અર્વાચીન ગીતોની રમઝટ બોલાવી હતી અને ખેલૈયાઓ મન મૂકી ગરબે ઘૂમ્યા હતા. ઓર્કેસ્ટ્રા રવિ સોનિયા સાંભળી ધૂમ મચાવી હતી. આયોજનના અંતે આઠમા નોરતે અનેક ખેલૈયાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ભવ્ય આયોજનને નિહાળવા ‘સાંજ સમાચાર’ લીયો લાયન્સ નવરાત્રીના મહોત્સવના ગ્રાઉન્ડમાં પૂર્વ સાંસદ ડો. વલ્લભભાઈ કથીરિયા, JMJ ગ્રુપના મયુરધ્વજસિંહ જાડેજા તેમજ યુનિટી ફાઉન્ડેશનની ટીમ પહોંચ્યા હતા અને સમગ્ર આયોજનને નિહાળ્યું હતું. આઠમા નોરતે ખેલૈયાઓ ગોરી તમે મનડા લીધા મોહી રાજ..., રે...અરર...માડી રે... સાણા વિંજતા કરડયો મન વિંચ્છુડો..., એક પાટણ શહેરની નાર પદમણી..., ગીરો રાધાને કાળો કાન... જેવા ગીતો પર ગરબાની રમઝટ બોલાવી હતી. સમગ્ર આયોજકો સફળ બનાવવા માટે જયેશ પટેલ, ભાવેશ પટેલ, મયુર પટેલ, કુમાર વાસદેવાણી સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

## નવરાત્રી દરમિયાન રાજકોટ પોલીસ અને ‘શી-ટીમ’ ની જાગૃતિ અંગે વિવિધ કામગીરી



પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાનાઓની સૂચના મુજબ રાજકોટ શહેર પોલીસ દ્વારા નીચે મુજબની વિશિષ્ટ કામગીરી કરવામાં આવેલ છે.નવરાત્રી પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ મહીલા પો.સ્ટે. ના કર્મચારી ઈન્ચાર્જ PC કિરણબેન, PC સંગીતાબેન, PC પૂનમબેન, PC સવિતાબેન દ્વારા રાજકોટ તાલુકા પો.સ્ટે. વિસ્તાર ગરબી મંડળની બાળાઓને ત્યાં ’શી-ટીમ નો અવેરનેસ પ્રોગામ લઈ મહિલાઓને શી-ટીમ તેમજ ૧૮૧ વિશે માહિતી આપેલ તથા ગુડ ટચ-બેડ ટચ અંગે માહિતી આપેલ. નવરાત્રી પર્વ અનુસંધાને રાજકોટ શહેર પોલીસ દ્વારા પ્રોહી. એક્ટ મુજબના કુલ-૦૪ કેસો, જી.પી. એક્ટ કલમ (૧૩૫ )મુજબના કુલ-૦૧ તથા એમ.વી. એક્ટ કલમ ૧૮૫ મુજબ કુલ-૦૨ કેસ કરવામાં આવેલ છે. તથા આર્મ્સ એકટ મુજબ કૂલ-૦૧ કેસ કરવામાં આવેલ છે. તેમજ કૂલ ૧૭૦ વાહનો ચેક કરી રૂા.૬૯૦૦ ના ઇ-ચલણ ઇસ્યુ કરવામાં આવેલ તથા રોકડ દંડ રૂા.૧૭૦૦ વસુલ કરવામાં આવેલ છે.

## સોનમ-નવનાત રાસોત્સવના મેગા ફાઈનલમાં રમવા ખેલૈયાઓ ઉત્સુક

### નવમા નોરતે પાર્શ્વગાયક, ગરબા કિંગ દીપક જોશી કરશે જમાવટ

રાજકોટ,તા.૧૧

નવરાત્રીનો તહેવાર હવે તેના અંતિમ તબક્કામાં છે અને ખેલૈયાઓનું જોશ પણ જોરદાર છે. ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર અયોધ્યા ચોકડી પાસે જૈન વિઝન અને વિશ્વ વણિક સામાજિક સંગઠન આયોજિત સોનમ-નવનાત રાસોત્સવનાં મેગા ફાઈનલમાં રમવા માટે ખેલૈયાઓ થનગની રહ્યા છે અને છેલ્લા દિવસોમાં પ્રિન્સ-પ્રિન્સેસ થવા માટે અદ્ભુત કૌશલ્ય દેખાડી રહ્યા છે.

આ રાસોત્સવને આ વખતે જોરદાર સફળતા મળી છે અને મોટા ભાગના આગેવાનોએ એકી અવાજે આયોજનને વખાણ્યું છે. અનેક મહાનુભાવોએ જૈન વિઝનનાં મિલન કોઠારી અને વિશ્વ વણિક સામાજિક સંગઠનનાં ચંદ્રકાંતભાઈ શેઠને આ આયોજન બદલ અભિનંદન પણ આપ્યા છે.

આઠમા નોરતે આ રાસોત્સવને માણવા માટે પૂર્વ કેબીનેટ મંત્રી તેમજ રાજકોટ ના સાંસદ પુરુષોત્તમ રૂપાલા , રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા ,જૈન અગ્રણી દર્શનભાઈ શાહ, જાણીતા બિલ્ડર શૈલેષભાઈ પાબારી (તા) વિસામણ સેલ્સના સુરેશભાઈ વસા જૈન અગ્રણી પ્રવીણભાઈ કોઠારી, સોનમ ક્વોર્ટ્ઝ જયેશભાઇ શાહ,વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

નવમાં નોરતે રાસગરબાની રમઝટ બોલાવવા માટે જાણીતા પાશ્વ ગાયક અને ગરબા કિંગ દીપક જોશી સોનમ-નવનાતના આંગણે આવી રહ્યા છે ત્યારે ખેલૈયાઓનો ઉત્સાહ બમણો થઇ ગયો છે.

આ ગરબાને સફળ બનાવવા માટે ટીમ જૈન વિઝનનાં સંયોજક મિલન કોઠારી અને વિશ્વ વણિક સામાજિક સંગઠનનાં પ્રોજેક્ટ ચેરમેન સી.એમ.શેઠ જયેશ શાહ, સુનીલ શાહ, ભરત દોશી, અજીત જૈન, ગીરીશ મહેતા, મિતુલ વસા, સુનીલ કોઠારી, અખિલ શાહ, હેમલ મહેતા, નીલ મહેતા, રાજીવ ઘેલાણી,વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# તહેવારોમાં હવે 'લાંબા પ્રવાસ'નો ટ્રેન્ડ



## દિવાળી વેકેશનમાં ફલાઈટ બુકિંગમાં ૬૦ ટકાનો વધારોઃ ડોમેસ્ટીક-ઈન્ટરનેશનલ પ્રવાસમાં ખર્ચે ૧૫ ટકા વધી ગયો

મુંબઈ ,તા.૧૧

ભારતીય પ્રવાસીઓ ગત વર્ષની સરખામણીએ ૧૦-૧૫ ટકા વધુ ખર્ચ કરીને અને ૬ થી ૧૫ દિવસના લાંબા વેકેશનને પસંદ કરી રહ્યાં છે.

લોકપ્રિય સ્થળો માટે ફ્લાઇટ બુકિંગમાં ૬૦ ટકાનો વધારો થયો છે, જેનાં કારણે ઘણાં પ્રદેશોમાં હોટેલો પણ સંપૂર્ણ બુક થઈ ગઈ છે. થાઈલેન્ડ અને જ્યોર્જિયા જેવાં લોકપ્રિય આંતરરાષ્ટ્રીય સ્થળોની બુકિંગમાં પણ ૭૦-૮૦ ટકાનો વધારો થયો છે.

થોમસ કૂક ભારત ખાતેના લેઝર ટ્રાવેલ અને એમઆઇસીઈના કન્ટ્રી હેડ રાજીવ કાલેએ જણાવ્યું હતંમ કે મુસાફરી એક જરૂરિયાત બની ગઈ છે. આગામી તહેવારોની સિઝનમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને પ્રવાસોની મજબૂત માંગ જોવા મળી રહી છે અમારા બુકિંગ ડેટા મુજબ ગ્રાહકો તેમનાં પ્રવાસ ખર્ચમાં ૧૦-૧૫ ટકાનો વધારો કરવા તૈયાર છે'' સાથે લાંબા સમય સુધી રોકાય છે, સામાન્ય ૩-દિવસની ટ્રિપથી ૬-૧૫ દિવસની ટ્રિપ થઈ રહી છે.

ઇન્ડસ્ટ્રીના એક્ઝિક્યુટિવસે જણાવ્યું હતું કે, ચોક્કસ, ઉચ્ચ માંગવાળા રૂટ પરનાં હવાઈ ભાડામાં વાર્ષિક ધોરણે ૨૫ ટકા સુધીનો વધારો જોવા મળ્યો છે.

ઇક્સિગોના ગ્રુપ સીઇઓ આલોક બાજપાઇએ જણાવ્યું હતું કે, ''દિવાળી માટે સૌથી વધુ સર્ચ કરાયેલાં સ્થળોમાં લખનૌ, જયપુર, વારાણસી અને દેહરાદૂનનો સમાવેશ થાય છે, જેમાં ફ્લાઇટ બુકિંગમાં ૬૦ ટકાનો વધારો થયો છે.''

તેમણે જણાવ્યું હતું કે બેંગલુરુથી લખનૌ, બેંગલુરુથી જયપુર અને દિલ્હીથી વારાણસી જેવાં ચોક્કસ રૂટના હવાઈ ભાડામાં ૨૦-૨૫ ટકાનો વધારો જોવા મળ્યો છે, તેમ છતાં મુખ્ય રૂટ પરનાં હવાઈ ભાડા છેલ્લાં સપ્તાહમાં ૨૦-૨૫ ટકા નીચા હતાં.

ટ્રાવેલ પોર્ટલ મેક માય ટ્રીપે જણાવ્યું હતું કે ઘણાં ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં પ્રવાસની માંગ છે.'' તેનાં હરીફ ક્લિયરટ્રિપના ડેટા દર્શાવે છે કે વિવિધ શહેરોમાં હોટેલ બુકિંગમાં વધારો થયો છે, જેમાં બેંગલુરુ અને અમૃતસરમાં અનુક્રમે ૨.૨ ગણો અને ૩ ગણો વધારો થયો છે. ડોમેસ્ટિક ટ્રાવેલમાં ઉછાળાને કારણે ઘણી જગ્યાએ ખાસ કરીને જયપુર, ઉદયપુર, ઋષિકેશ અને કુર્ગ જેવાં પ્રવાસી હોટસ્પોટ્સમાં સુપર-પ્રીમિયમ અને બુટિક હોટેલો સંપૂર્ણ રીતે બુક થઈ ગઈ છે.

થોમસ કૂકના કાલેએ જણાવ્યું હતું કે, ''તહેવારોની સિઝન માટે અમારાં ટોચનાં સ્થળોમાં કાશ્મીર, હિમાચલ પ્રદેશ, આંદામાન ટાપુઓ, કેરળ, રાજસ્થાન, ગોવા અને ઉત્તરપૂર્વનો સમાવેશ થાય છે.'' આંતરરાષ્ટ્રીય સ્થળો જેમ કે શ્રીલંકા અને ભૂતાન પણ આકર્ષણ મેળવી રહ્યાં છે સાથે સાથે દુબઈ, થાઈલેન્ડ, મલેશિયા અને કેટલાક યુરોપીયન સ્થળોનો પણ સમાવેશ થાય છે.





# રેઈન ગરબા : મુંબઈમાં ધોધમાર વરસાદ વચ્ચે ગરબે રમ્યા ખેલૈયા

## ફાલ્ગુની પાઠકએ પણ છત્રી સાથે રાખી ગીતોની જમાવટ કરી

મુંબઈ, તા.૧૧

કહેવાઈ છે ને જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત. ગુજરાત હોય કે મુંબઈ ગુજરાતીઓના રોમ રોમમાં ગરબા વસે છે. ગરબા રમવા સમય કે સ્થાન નથી જોઇતું બસ ગરબાની મોજ માણવાનું શરૂ કરી દે છે. ત્યારે એવો જ એક કિસ્સો ગઈકાલે મુંબઈમાં જોવા મળ્યો હતો. જેમાં ધોધમાર વરસાદ વચ્ચે ખેલૈયાઓ ગરબે ઘૂમ્યા હતા. ગ્રાઉંડ માં ખેલૈયાઓ એ વરસતા વરસાદ વચ્ચે ગરબાનો મોજ માણી હતી.

બોરીવલીમાં જાણીતા ગાયક ફાલ્ગુની પાઠક નો રાસોત્સવ યોજાયો હતો. ફાલ્ગુની પાઠક સિંગર તરીકે હોવાથી બહોળી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. ફાલ્ગુની પાઠક એ પણ છત્રી સાથે રાખી ગીતો ની જમાવટ કરી હતી. પરંતુ ત્યાં ગઈકાલે રાત્રે ૯ વાગ્યાથી અંદાજે એક કલાકથી વધુ સમય માટે વરસાદ વરસતો રહ્યો તો પણ રાસોત્સવને અસર ન થઈ અને જોકે ખેલૈયાઓને મોજ પડી ગઈ હતી.

બોરીવલી વેસ્ટમાં પ્રમોદ મહાજન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાસોત્સવ નું આયોજન થયું હતું. જ્યાં જાણીતા ગાયક કલાકાર ફાલ્ગુની પાઠક એ ગુજરાતી ગરબાની રમઝટ બોલાવી હતી. ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘૂમ્યા હતા. પરંતુ વરસાદ વિઘ્ન બન્યું હતું. ધોધમાર વરસાદ વરસ્યો હતો છત્તાં લોકોનો ઉત્સાહ ઓછો થયો ન હતો. અને ચાલુ વરસાદે ગરબા રમ્યા હતા. અને ગઈકાલે આગાહી મુજબ મુંબઈમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો પરંતુ ગરબા આયોજકોએ આગોતરા તૈયારી કરી હતી જેથી મ્યુઝિક બંધ ન થાય, તેથી વરસતા વરસાદ વચ્ચે પણ રાસ ગરબા રમવાની સૌને મોજ પડી ગઈ હતી.

### રતન ટાટાએ ઘણા ક્રિકેટરોની કિસ્મત બદલી હતી

# સચિનની ટાટાને શ્રદ્ધાંજલીઃ રતનજી સાથે ઘણો સમય પસાર કરવાની તક મળી હતીઃ રતન ટાટાને ક્રિકેટમાં ઉંડો રસ હતો

મુંબઈ : આજે ક્રિકેટરો રણજી રમે તો પણ તેમનું જીવન સારું બની જાય છે, તેઓ નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરતાં નથી. મોંઘી કાર, લક્ઝરી ઘરો અને ભવ્ય જીવનશૈલી તેઓ જીવી શકે છે, પરંતુ હંમેશાંથી એવું ન હતું. એક સમય હતો જ્યારે ક્રિકેટમાં વધારે પૈસા નહોતાં. ક્રિકેટરોને પણ નોકરી કરવી પડતી હતી. તાજેતરમાં જ્યારે રતન ટાટાનું નિધન થયું છે ત્યારે ક્રિકેટ સ્ટાર્સ શોકમાં છે. બધાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને શોક વ્યક્ત કર્યો છે.



એક સમયે રતન ટાટાની કંપનીનો કલબ ક્રિકેટમાં મોટો દબદબો હતો. રમતગમતને પ્રેમ કરતાં રતન ટાટાનું ટાટા ગ્રૂપ ક્રિકેટરો પાછળ જંગી રકમ ખર્ચ કરતું હતું. બધા જાણે છે કે ટાટા ગ્રુપ હેઠળ રતન ટાટાની ઘણી કંપનીઓ છે. આ કંપનીઓ ભારતીય ક્રિકેટરોને નોકરીઓ, નાણાકીય સહાય, રમતનાં પ્રમોશન અને વ્યાવસાયિક કારકિર્દી પ્રદાન કરવામાં સક્રિયપણે સામેલ છે. ઘણાં પ્રખ્યાત ક્રિકેટરો સીધાં ટાટા જૂથની કંપનીઓ સાથે સંકળાયેલાં હતાં. ઉદાહરણ તરીકે, ફારુક એન્જિનિયરને ટાટા મોટર્સ દ્વારા ટેકો મળ્યો હતો, જ્યારે એર ઈન્ડિયાએ મોહિન્દર અમરનાથ, સંજય માંજરેકર, રોબિન ઉથપ્પા અને વીવીએસ લક્ષ્મણ જેવાં ખેલાડીઓની કારકિર્દીમાં ટાટા ગ્રુપે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

ટાટા ગ્રુપ ઈન્ડિયન એરલાઈન્સ ફાસ્ટ બોલર જવાગલ શ્રીનાથ, ૨૦૦૭ ટી૨૦ અને ૨૦૧૧ વર્લ્ડ કપ વિજેતા યુવરાજ સિંહ, સ્પિન લિજેન્ડ હરભજન સિંહ અને વિસ્ફોટક ફિલ્ડર મોહમ્મદ કૈફ સહિત ઘણાં ખેલાડીઓ માટે પ્લેટફોર્મ બની ગયું છે. આ સિવાય વર્તમાન ચીફ સિલેક્ટર અજીત અગરકર (ટાટા સ્ટીલ) અને રૂસી સુરતી ( ઈન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ) જેવાં ક્રિકેટરો પણ ટાટા ઈકોસિસ્ટમનો ભાગ હતાં. મહાન સચિન તેંડુલકર અને લિટલ માસ્ટર સુનીલ ગાવસ્કર જ્યારે પણ તક મળે ત્યારે ટાટાને મળતાં રહેતાં હતાં.

# 'અનુપમા'માં સોમવારથી નવા રૂપમાં જોવા મળશેઃ બે નવા કલાકારો જોડાશે



મુંબઇ:

સ્ટાર પ્લસની સુપરહિટ ટીવી સીરીયલ 'અનુપમા'માં ટાઇમ-જમ્પ આવી રહ્યો છે. આ ઉપરાંત આ સિરિયલની મુખ્ય નાયિકા રૂપાલી ગાંગુલી સાથે બે નવા કલાકારો પણ જોડાશે. આ નવા કલાકારો છે અલીશા પરવીન જે આધ્યાના પાત્રમાં જોવા મળશે અને એક છે શિવમ ખજુરીયા જે આધ્યાના પ્રેમીની ભૂમિકા ભજવશે. આ ફેરફારો ૧૪ ઓક્ટોબરના સોમવારથી જોવા મળશે અને એના પ્રોમો પણ ચાલુ થઇ ગયા છે.

નવા પ્રોમોમાં અનુમાની નવી સફર દેખાડવામાં આવી છે. એમાં તેનો નવો લુક દેખાય છે. તે 'અનુ કી રસોઇ' નામનો પોતાનો બિઝનેસ ચલાવી રહી છે. અનુપમા પોતાના પરિવાર વિશે વિચારે છે અને દીકરી આધ્યાને મળવા માગે છે. આ દરમ્યાન આધ્યા એક ટૂર-ગાઇડ બની ગઇ છે. પ્રેમનું પાત્ર ભજવતો શિવમ ખજૂરિયા આધ્યાને પહેલીવાર મંદિરમાં જોઇને તેને દિલદઇ બેસે છે. આધ્યાના જીવનમાં આવેલી આ નવી વ્યકિત મા-દીકરીના સંબંધો સુધારી શકશે કે કેમ અને મા પોતાની દીકરીને મેળવી શકશે કે કેમ એ જોવાનો દર્શકોને ઇન્તેજાર રહેશે.

### બિગ બીનો આજે જન્મદિનઃ ૮૩માં વર્ષમાં પ્રવેશ

# ઓન્લી અમિતાભઃ ૮૩મા વર્ષે નોટ આઉટ

## મુંબઈની ફૂટપાથ પર રાત ગુજારી, શરૂઆતમાં લાંબો સમય કારમી નિષ્ફળતા ભોગવ્યા બાદ સફળતાના શિખરે જૈફ વયે પણ અણનમ છે અમિતાભ બચ્ચન

મુંબઇ:

ભારતીય ફિલ્મોની અજાયબી જેવા જીવંત દંતકથારૂપ અમિતાભ બચ્ચને આજે ૮૨ વર્ષ પૂરા કરીને ૮૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

જે વયે માણસ પથારીવશ હોય, હાથ-પગ કામ કરતા બંધ થઇ ગયા હોય, શરીર અને મનનું સંતુલન ન રહેતું હોય, લોકો પ્રભુભક્તિમાં લીન હોય ત્યારે અમિતાભ બચ્ચન ફૂલ એક્ટિવ છે.

એ જ સ્ફૂર્તિ અને ઉત્સાહથી કામ કરી રહ્યા છે. બર્થ-ડેના આગલા દિવસે એટલે કે ગઇકાલે રાત્રે ત્રણ વાગ્યા સુધી એક એડ ફિલ્મનું શૂટીંગ કરતા હતા, આ ઉપરાંત 'કૌન બનેગા કરોડપતિ'નું પણ તેઓ શૂટીંગ કરી રહ્યા છે. સાથે સાથે ફિલ્મોના શૂટીંગ પણ ચાલુ છે. પોતાના બર્થ-ડે પૂર્વે અમિતાભની ગઇકાલે રજનીકાંત સાથેની પોતાની પ્રથમ તમિલ ફિલ્મ 'વેટ્ટયન' રીલીઝ થઇ છે.



અમિતાભે જૈફ વયે પોતાની અદભૂત અદાકારીનો પરિચય તાજેતરમાં રીલીઝ થયેલી ફિલ્મ 'કલ્કિ'માં આપ્યો હતો. અમિતાભના સમકાલીન અભિનેતા હતો આજે નિવૃત્ત થઇ ગયા છે. તો કેટલાક મૃત્યુ પામ્યા છે ત્યારે અમિતાભ બચ્ચન આ ઉંમરે સક્રિય છે.

હિન્દીના સુપ્રસિદ્ધ કવિ હરિવંશરાય બચ્ચન અને તેજી બચ્ચનના પુત્ર અમિતાભ બચ્ચને કારકિર્દીની શરૂઆતમાં કારમી નિષ્ફળતા બાદ 'જંજીર'ની સફળતા બાદ અમિતાભે પાછું વળીને નથી જોયું. 'દીવાર, શોલે, કભી કભી, ત્રિશુલ, અમર અકબર એન્થની' જેવી ફિલ્મોએ ભારે લોકપ્રિયતા અપાવી હતી. રૂપેરી પરદે એંગ્રી યંગમેનને સ્થાપિત કર્યો હતો. જીવનના ઉત્તરાર્ધમાં અમિતાભે 'બ્લેક', 'પા' જેવી ઓફબીટ ફિલ્મમાં પોતાની પ્રતિભાનો પરચો બતાવ્યો હતો.

અમિતાભની સફળતાનું રહસ્ય છે. પ્રતિભા, પુરુષાર્થ,પ્રારબ્ધ અને શિસ્ત આ ઉંમરે પણ કડક શિસ્તબદ્ધ છે. વહેલી સવારથી માંડી રાત સુધી તેઓ શૂટીંગ કરે છે, પણ રવિવારે રજા રાખે છે.

### બોલિવૂડથી સાઉથની ફિલ્મોમાં હમણા નવો ક્રેઝ

# સિકવલ્સ ફિલ્મો હવે જૂની બની, હવે પ્રિકવલ્સ ફિલ્મનો યુગ આવ્યો



દબંગ-૩ | ૧૨ ફેઈલ | ટ્રાન્સફોમર્સ વન | કંટારા ભાગ-૧

જ્યારે કોઈ ફિલ્મ હિટ બને છે, ત્યારે દિગ્દર્શક તેની આગળની વાર્તાને આગામી ફિલ્મમાં બતાવવાનું આયોજન શરૂ કરે છે જેને સિક્વલ કહેવામાં આવે છે. પરંતુ હવે એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જેને પ્રિક્વલ કહેવામાં આવે છે. એટલે કે આ ફિલ્મમાં બતાવેલ વાર્તા પહેલાની વાર્તા, અને તે પહેલાં શું થયું હતું તે રજૂ કરે છે જેને પ્રિક્વલ ફિલ્મો કહેવાય છે.

જ્યારે કોઈ ફિલ્મ મોટાં પડદા પર હિટ બને છે, ત્યારે ફિલ્મ નિર્માતાઓ તેની આગળની વાર્તા પ્રેક્ષકોને કહેવાનું આયોજન કરવાનું શરૂ કરે છે. તેને ફિલ્મની સિક્વલ કહેવામાં આવે છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં બોલિવૂડ અને સાઉથ સિનેમામાં સિક્વલ ફિલ્મોનો ભારે ટ્રેન્ડ જોવા મળ્યો છે. પરંતુ હવે બોલિવૂડમાં એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જેમાં ફિલ્મ નિર્માતાઓ તેમની હિટ ફિલ્મની વાર્તા પહેલાં મુખ્ય પાત્ર સાથે શું થયું તે બતાવે છે. તેને પ્રિક્વલ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, ગયાં વર્ષે ૧૨ ફેલ ફિલ્મ જોઈ હતી જેને દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો હતો. પરંતુ હવે ફિલ્મ નિર્માતાઓએ તે ફિલ્મની વાર્તા સુધી પહોંચતાં પહેલાં પાત્રોને કેવાં સંઘર્ષનો સામનો કરવો પડ્યો તે બતાવવા માટે તેની પ્રિક્વલ રીસ્ટાર્ટ બનાવવાની જાહેરાત કરી છે.

ઘણી ફિલ્મોની વાર્તા એવાં બિંદુએ સમાપ્ત થાય છે જ્યાંથી તેમને આગળ લઈ જવું સરળ હોતું નથી. આવી સ્થિતિમાં, નિર્માતાઓ પ્રિક્વલનો વિકલ્પ શોધે છે. ૧૨ ફેલ ફિલ્મની વાર્તા પણ એવા તબક્કે સમાપ્ત થઈ ગઈ હતી જ્યાંથી તેને આગળ લઈ જવી અને સિક્વલ બનાવવી સરળ ન હતી. આવી સ્થિતિમાં નિર્માતાઓએ પ્રિક્વલનો રસ્તો પસંદ કર્યો છે.

### સાઉથથી લઈને હોલિવૂડ સુધી

વર્ષ ૨૦૨૨માં રિલીઝ થયેલી સુપરહિટ કન્નડ ફિલ્મ કંતારાના દિગ્દર્શક અને મુખ્ય અભિનેતા ઋષભ શેટ્ટીએ ફિલ્મ સુપરહિટ થયાં બાદ વર્તમાન ટ્રેન્ડ મુજબ વાર્તાનો આગળનો ભાગ બનાવવાનું આયોજન કર્યું હતું, પરંતુ પછી તેમને લાગ્યું કે તે વાર્તાનો પાછલો ભાગ પણ વધુ રસપ્રદ બનશે. તેથી તેને તેની ફિલ્મ કંતારા પાર્ટ ૧ ની પ્રિક્વલની જાહેરાત કરી હતી. આ ફિલ્મનું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે. તે આવતાં વર્ષે રિલીઝ થવાની શક્યતા છે. સુપરહિટ હોલીવુડ ફિલ્મ ધ લાયન કિંગની પ્રિક્વલ ફિલ્મ મુફાસા ધ લાયન કિંગ આ વર્ષે ક્રિસમસ પર રિલીઝ થશે. આ ફિલ્મને લઈને દર્શકોમાં ઘણો ક્રેઝ છે. તાજેતરમાં રિલીઝ થયેલી સુપરહિટ હોલીવુડ ફિલ્મ ટ્રાન્સફોર્મસની પ્રિક્વલ ટ્રાન્સફોર્મસ વનને દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

**આગામી પ્રિક્વલ ફિલ્મો**

- ઝીરો સે રીસ્ટાર્ટ
- કંટારા ભાગ ૧
- જીગરઠંડા ડબલ એક્સ
- ટ્રાન્સફોર્મર્સ વન
- મુફાસા ધ લાયન કિંગ

### પ્રિક્વલ ફિલ્મો શું છે

જ્યારે કોઈ હિટ ફિલ્મની સિક્વલ બનાવ્યાં પછી નિર્માતાને ખ્યાલ આવે છે કે જો તે તેની પહેલી ફિલ્મ પહેલાંની વાર્તા તેઓ દર્શકોને કહે તો તે દર્શકોને પણ ગમશે. તેથી તે સૌથી પહેલી ફિલ્મની સ્ટોરીને પાછળ લઈ જાય છે આ રીતે બનાવેલી ફિલ્મ પ્રિક્વલ ફિલ્મ કહેવાય છે. ઘણી વખત, પ્રથમ ભાગ પછી, નિર્માતા અને દિગ્દર્શક પાસે વાર્તાને આગળ લઈ જવાનો વિકલ્પ નથી, તેથી તેઓ ફિલ્મની વાર્તાને પાછળ ખસેડવાનું શરૂ કરે છે. જેને પ્રિક્વલ ફિલ્મ કહેવાય છે.

### પ્રિક્વલ ફિલ્મો હિટ રહી

વર્ષ ૨૦૧૭માં રિલીઝ થયેલી ફિલ્મ બાહુબલી ૨ એ બોક્સ ઓફિસ પર કમાણીના નવાં રેકોર્ડ બનાવ્યાં હતાં. આ ફિલ્મનું હિન્દી ડબ વર્ઝન રૂ.૫૦૦ કરોડની ક્લબમાં પ્રવેશ કરીને સૌને ચોંકાવી દીધાં હતાં. આ ફિલ્મમાં બાહુબલીના પિતાની વાર્તા બતાવવામાં આવી હતી. તેમજ શ્રોતાઓને પહેલાનાં ભૂતકાળનાં સત્યોથી પરિચય કરાવ્યો હતો. પહેલાં ભાગમાં, વાર્તા મધ્યથી શરૂ કરવામાં આવી હતી અને પછી પ્રથમ ભાગમાં, કટપ્પાએ બાહુબલીને શા માટે માર્યો ? ના પ્રશ્ન પર સમાપ્ત થયું હતું. આનાથી પ્રેક્ષકોની ઉત્સુકતા જળવાઈ રહી હતી. એ જ રીતે વર્ષ ૨૦૧૯ માં રિલીઝ થયેલી સલમાન ખાનની ફિલ્મ દબંગ ૩ એ પણ સારું પ્રદર્શન કર્યું હતું. તેણે તેનાં બજેટ કરતાં બમણાં કરતાં વધુ કમાણી કરી હતી. સલમાન ખાનની ફિલ્મ દબંગ ૨ આ શ્રેણીની પ્રથમ ફિલ્મ દબંગની સિક્વલ હતી, પરંતુ દબંગ ૩ ફિલ્મ દબંગની પ્રીક્વલ હતી. આ ફિલ્મમાં એ બતાવવામાં આવ્યું હતું કે કેવી રીતે સલમાન ખાનનું પાત્ર દબંગ બન્યું હતું.

### પ્રિક્વલનો ટ્રેન્ડ ચર્ચામાં છે

ફિલ્મ જગતનાં નિષ્ણાતોનું માનીએ તો, વર્તમાન યુગમાં નવી વાર્તાઓના અભાવને કારણે, નિર્માતાઓ જૂની હિટ ફિલ્મો સાથે સંબંધિત વાર્તાઓ પર દાવ લગાવવાનું પસંદ કરે છે.

પરંતુ ઘણી વખત ફિલ્મની વાર્તા આવાં તબક્કે સમાપ્ત થઈ જાય છે કે તેને આગળ લઈ જવાનું શક્ય નથી હોતું. આવી સ્થિતિમાં, દિગ્દર્શક પ્રિક્વલ બનાવીને વાર્તાને પાછી લેવાનો વિકલ્પ પસંદ કરે છે.

ફિલ્મ બિઝનેસ એનાલિસ્ટ કહે છે, 'હોલીવુડની પ્રિક્વલ ફિલ્મો બનાવવાનો ટ્રેન્ડ ઘણો જૂનો છે. પ્રિક્વલ ફિલ્મોએ ત્યાં સારો બિઝનેસ કર્યો છે. છેલ્લાં કેટલાક સમયથી ભારતમાં પણ પ્રિક્વલ ફિલ્મો તરફ ફિલ્મપ્રેમીઓનો ઝુકાવ વધ્યો છે. ઉપરાંત આવી ફિલ્મોને દર્શકો તરફથી પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આવી સ્થિતિમાં બોક્સ ઓફિસ પર આગામી દિવસોમાં વધુ પ્રિક્વલ ફિલ્મો જોવા મળી શકે છે.

# તહેવારોમાં મહિલાઓ સસ્તા ભાવે સેલિબ્રિટી લુક આપવા તૈયાર : લાખો રૂપિયા નેકલેસની કોપી પાણીના ભાવે !!

## અભિનેત્રીઓએ પહેરેલ નેકલેસ અને હાર પણ કોપી કરીને વેંચાય છે

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ફંક્શનમાં નીતા અંબાણીએ લીલા રંગનો પન્નાનો હાર પહેર્યો હતો જેની કિંમત ૫૦૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. હવે એક એવો જ નકલી નેકલેસ માર્કેટમાં આવ્યો છે જેની કિંમત ૧૦૦ રૂપિયાથી શરૂ થાય છે અને આ તહેવારો પર આ નેકલેસની સારી માંગ છે.

રાજકોટમાં પણ આવાં સેલિબ્રિટી નેકલેસની માંગ જોવા મળે છે. રાજકોટના ઈમિટેશન જવેલરીના વેપારીઓના જણાવ્યાં મુજબ સોશિયલ મીડિયા પર વાઈરલ થતી જ્વેલરી ૧૫ થી ૨૦ દિવસમાં બનીને તૈયાર થઈ જાય છે. આવી જ્વેલરી લોકોને આકર્ષે છે અને રાજકોટમાં પણ તેની સારી માંગ રહે છે.

આ ઈમિટેશન જવેલરી મુંબઈ , કોલકાતા, દિલ્હી, જેતપુર મથુરામાં બને છે અને ત્યાંથી દેશભરમાં સપ્લાઈ કરવામાં આપે છે. સેલિબ્રિટીની ઈમિટેશન જ્વેલરીની કિંમત રાજકોટમાં ૧૦૦ થી લઇને ૩૦૦૦ સુધીની રેન્જમાં છે.


ઈમિટેશન જ્વેલરીનીના વેપારીઓ મુજબ આ વર્ષે તહેવારો પર સામાન્ય મહિલાઓ પણ બોલીવુડની અભિનેત્રીઓ જેવી લાગવા માટે અને સુંદર દેખાવા માટે સેલિબ્રિટીની ઈમિટેશન જ્વેલરી પહેરવા માંગે છે જેથી તે અન્ય કરતાં અલગ દેખાય શકે. આ વર્ષે મહિલાઓ માટેના ટ્રેન્ડમાં નવું શું છે તે જાણવા જેવું છે.

### સેલિબ્રિટીઝવાળી જ્વેલરીઓ મહિલાઓની પહેલી પસંદ

તહેવારોની ખરીદી કરવા મોટી સંખ્યામાં મહિલાઓ બજારમાં આવી રહી છે, કારણ કે સેલિબ્રિટીઝની જ્વેલરી આવી રહી છે. બજારનું ઝવેરી બજાર મહિલાઓથી ભરેલું છે. આ વખતે માર્કેટમાં સેલિબ્રિટી જ્વેલરીની ઘણી માંગ છે. આ વિશે વેપારીઓ કહે છે, 'તાજેતરમાં ઘણી સેલિબ્રિટીઓના કેટલાક નેકલેસ સોશિયલ મીડિયા પર ખૂબ લોકપ્રિય થયાં છે, જેની માંગ બજારમાં પણ જોવા મળી રહી છે. મોટાભાગની મહિલાઓ નીતા અંબાણીએ તેમનાં લગ્ન સમારોહમાં પહેરેલાં પન્નાના હારની માંગ કરી રહી છે. આમાં અમારી પાસે લીલા રંગનો નેકલેસ છે. અન્ય ઘણાં રંગો પણ ટ્રેન્ડમાં છે. કરીના કપૂરે એક ઇવેન્ટમાં ખાસ અમેરિકન ડાયમંડ અને ક્યુબિક ઝિર્કોનિયા સ્ટોનથી બનેલો સુંદર નેકલેસ પહેર્યો હતો. આ નેકલેસની પણ ખૂબ માંગ છે. 'ઘણી મહિલાઓએ કરીના કપૂરના ક્યુબિક નેકલેસની પણ ડિમાન્ડ કરી છે. માર્કેટમાં તેમનું વેચાણ એટલું ઊંચું છે કે અમારી પાસે સ્ટોક ઓછો પડે છે.

એક જવેલરી શોપના માલીક કહ્યું કે 'નીતા અંબાણીના નેકલેસની સોશિયલ મીડિયાને કારણે ખૂબ ચર્ચા થઈ છે. તે પ્રસંગને કારણે, કરવા ચોથ એ મહિલાઓનો સૌથી મોટો તહેવાર છે, તેથી આ વર્ષે નીતા અંબાણીના નેકલેસની ખૂબ માંગ છે. લીલા પથ્થરોવાળા નેકલેસની ઘણી માંગ છે.

### કરવાચોથ પર ઈલેક્ટ્રિક



નીતા અંબાણી અને તેમની પુત્રી ઈશાએ પહેરેલ નેકલેશની કોપીની મહિલાઓમાં માંગ !!



અનુષ્કા શર્મા | સોનમ કપુર | આલિયા ભટ્ટ | જહાનવી કપુર

### થાળીની માંગ :

દેશનાં ઉત્તર ભાગમાં કરવા ચોથનું વધારે મહત્વ હોય છે તે દિવસે મહિલાઓ ઘરે જ થાળી સજાવીને પૂજા કરતી હતી, જ્યારે આજકાલ બજારમાં થાળીનો સંપૂર્ણ સેટ ઉપલબ્ધ છે. તેમાં થાળીની સાથે વાસણ અને ચાળણી પણ હોય છે. બદલાતાં સમય સાથે ડેકોરેટેડ થાળીઓ પણ બજારમાં આવવા લાગી છે. બજારમાં આની ઘણી વેરાયટીઓ ઉપલબ્ધ છે. આ વર્ષે મહિલાઓને ઈલેક્ટ્રીક થાળી સૌથી વધુ પસંદ આવી રહી છે. લાઇટ સાથેની સુંદર હાર્ટ-આકારની થાળી માર્કેટમાં ટ્રેન્ડમાં છે. ખાસ વાત એ છે કે આ થાળી સાથે ચાળણી



કરવાચોથ પર ઈલેક્ટ્રિક થાળીની માર્કેટમાં ખુબ જ માંગ

આવે છે તેમાં લાઇટ પણ લગાવવામાં આવી છે. જ્યારે આ થાળી વડે પૂજા કરો છો, ત્યારે ઓન-ઓફ સ્વીચનો ઉપયોગ કરીને લાઇટને ચાલુ અને બંધ કરી શકાય છે. આ સુંદર લાલ રંગની કરવા ચોથ થાળી ઉપરાંત, ગોટાથી શણગારેલી ઘણી ડિઝાઇન કરેલી થાળી બજારમાં જોવા મળે છે. આ થાળીની કિંમત ૩૦૦-૪૦૦ રૂપિયા હોય છે.

### બોલિવૂડ સ્ટાર્સ દ્વારા ફેમસ કરાયેલાં નેકલેસ

કરવાચોથ અને તહેવારો પહેલાં સેલિબ્રિટીઝના નેકલેસની માંગ ખૂબ વધી છે. મહિલાઓ પણ ફિલ્મ સ્ટારની જવેલરીને ખૂબ પસંદ કરી રહી છે. ઉદાહરણ તરીકે, જહાન્વી કપૂર, કિયારા અડવાણી, આલિયા ભટ્ટ અને દીપિકા પાદુકોણ સહિતની ઘણી અભિનેત્રીઓ ઘણાં પ્રસંગોએ ચોકર નેકલેસ પહેરેલી જોવા મળી હતી. તેથી નેકલેસની આ ડિઝાઇનની પણ ખૂબ માંગ છે. જવેલરીના વેપારીઓ કહે છે, 'ચોકર ડિઝાઇનના નેકલેસમાં ઘણી વેરાયટી છે. આ ઉપરાંત, આવા ચોકર્સને પણ ખૂબ પસંદ કરવામાં આવી રહ્યાં છે, જે પરંપરાગત દેખાવમાં હેવી જવેલરી સાથે જોડાયેલા છે. 'ખાસ વાત એ છે કે ચોકર નેકલેસ વિશે, મહિલાઓ સેલિબ્રિટી દ્વારા પહેરવામાં આવતાં નેકલેસ કરતાં નવી ડિઝાઇન પર વધુ ધ્યાન આપી રહી છે. માર્કેટમાં જવેલરીનો વેપાર કરતા કહે છે કે ચોકરમાં હજારો ડિઝાઈન છે, જેમાંથી મહિલાઓ તેમનાં ડ્રેસ પ્રમાણે કોઈપણ ડિઝાઈન પસંદ કરી શકે છે. સોશિયલ મીડિયા પર નીતા અંબાણી અને કરીના કપૂરના નેકલેસ જેવી પ્રખ્યાત ડિઝાઇન સરળતાથી મળશે નહીં. તેથી, તેમની નકલ કરીને ડમી તૈયાર કરવામાં આવે છે. ચોરસ ડિઝાઇનમાં પહેલેથી જ ઘણી બધી વેરાયટી છે, તેથી જ તે ખૂબ પસંદ કરવામાં આવે છે. આ સાથે લાંબા નેકલેસ સેટની પણ આ દિવસોમાં ખૂબ માંગ છે.

### આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ ખુદની સ્વતંત્ર AI સિસ્ટમ બનાવવા લાગે તે સમય બહુ દુર નથી

# AIના ગોડફાધર ગણાતા નોબેલ વિજેતા વૈજ્ઞાનિક હવે ખુદની શોધ પર ચિંતા કરે છે





**મશીન લર્નિંગ એ ઝડપથી અપનાવાતી ટેકનોલોજી છે જેમાં હવે નોબેલ વિજેતાએ વધુ બુધ્ધિ ઉમેરી છે, જેમ આપણા જ્ઞાનતંતુ આપણા વિચારો અને ક્રિયાઓને એકશનમાં લાવીને સમગ્ર શરીરમાં તે અંગેના એકશન અને રીએકશન સર્જે છે તે જ પ્રકારે મશીનોમાં પણ માણસના મગજ એટલે કે દિમાગની જેમ વિચારવાનું શીખડાવવામાં આવે છે પણ ભય એ બતાવાયો છે કે AI જે રીતે ડેટાના મહાસાગરનો ઉપયોગ કરે છે અને વિશ્લેષણ કરે છે પછી તેમાંથી તે ખુદની AI સિસ્ટમ બનાવશે તો કાબુમાં રહેશે નહીં**

**બે દિવસ પહેલા જ ભૌતિક માટે આ વર્ષનો નોબેલ AIના ગોડફાધર તરીકે ઓળખાતા જેફ્રી ઈ. હિંટન અને અમેરિકી વૈજ્ઞાનિક જોન જે. હોપફિલ્ડને અપાયું તેઓએ AI આધારીત મશીન લર્નિંગમાં જે નવી શોધ કરી તે બદલ નોબેલ પારિતોષિકથી તેને નવાજયા છે પણ હવે ખુદ હિંટન માને છે કે તેની ભુલ થઈ, AIને આટલી હદ સુધી સ્વતંત્ર બનાવવાની જરૂર ન હતી અથવા બનવા દેવું જોઈએ નહીં નહીંતર એક વખત તે ખુદની દુનિયા સર્જી દેશે**

આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ જેને આપણે AI તરીકે ઓળખી છીએ તે ફરી એક વખત વિવાદમાં છે આ વર્ષનું ભૌતિકનું નોબેલ પારિતોષિક મેળવનાર જેફ્રી ઇ હિંટન કે જેને AI ના ગોડફાધર તરીકે ઓળખવામાં આવે છે. તેમને અને અમેરિકી વૈજ્ઞાનિક જોન જે. હોપફિલ્ડને અપાયું છે અને આર્ટીફિશ્યલ ન્યુરોન્સની શોધ ઉપર તેઓને આ સર્વોચ્ચ સન્માન મળ્યું છે. પરંતુ રસપ્રદ બાબત એ છે કે જેને AI ના ગોડફાધર તરીકે ઓળખીએ છીએ તેને જ AI આધારીત Chat GPT નો સખ્ત વિરોધ કર્યો છે એટલું જ નહીં તેઓ જે કંપની સાથે જોડાયેલા હતા તે Open AI અને તેના એક સ્થાપક અલ્ટમેનના નેતૃત્વમાં પણ વિરોધ કર્યો છે અને હવે તેની પોતાની શોધ માટે પસ્તાવો પણ થઇ રહ્યો છે. ખાસ કરીને આ બંને ભૌતિક વૈજ્ઞાનિકોને મશીનોને બુધ્ધિ આપતી શોધ કરી હતી જેને મશીન લર્નિંગ કહેવામાં આવે છે અને જે સંપૂર્ણપણે આર્ટીફિશ્યલ ન્યુરોન્સ પર આધારીત છે જેમ આપણા જ્ઞાનતંતુ આપણા વિચારો અને ક્રિયાઓને એકશનમાં લાવીને સમગ્ર શરીરમાં તે અંગેના એકશન અને રીએકશન સર્જે છે તે જ પ્રકારે મશીનોમાં પણ માણસના મગજ એટલે કે દિમાગની જેમ વિચારવાનું શીખડાવવામાં આવે છે. હવે જેફ્રી માને છે કે તેઓએ AI ને અને મશીન લર્નિંગને આ હબ સુધી લઇ જઇને માનવતા ઉપર ખતરો ઉભો કરી દીધો છે. ૨૦૨૩માં જ તેણે AI ના વિરોધમાં ગુગલમાંથી રાજીનામુ આપી દીધુ હતું અને તે સમયે ન્યુયોર્ક ટાઇમ્સને એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું કે AI મોટી સંખ્યામાં નોકરીઓને ખત્મ કરશે.

સમાજમાં ખોટી સુચનાઓ મીસઇન્ફોર્મેશનનો આ AI ની મદદથી એટલો ફેલાવો થશે કે તેને રોકી શકાશે નહીં અને પારખી પણ શકાશે નહીં. વાસ્તવમાં નોબેલ કમીટીએ આ બંને વૈજ્ઞાનિકોને એટલા માટે સર્વોચ્ચ પારિતોષીક અપાયું કે કોમ્પ્યુટરનો ઉપયોગ નવેસરથી કેમ કરવો તે દુનિયાને શીખડાવ્યું છે.

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

હવે આ મશીન લર્નિંગ કે જેના પર આગળની શોધ માટે બંને વૈજ્ઞાનિકોને નોબેલ મળ્યું છે. તે જેમ માનસના મગજમાં જીવીત જ્ઞાનતંતુ અને કોષીકા તેમજ ન્યુરોન્સ સાથે મળીને કામ કરે છે અને સમગ્ર શરીરમાં એક સિસ્ટમ બનાવે છે. આ કનેકશન કોક સમયે ખુબ જ મજબુત હોય છે પણ કયારેક ઢીલુ પડી જાય છે ત્યારે માનવનું મગજ ઓછું કામ કરતું હોય તેવું મનાય છે હવે આ જ પ્રક્રિયાના મારફત મશીનનું મગજ તૈયાર કરવામાં આવ્યું એટલું જ નહીં કૃત્રિમ ન્યુરલ નેટવર્ક પણ તૈયાર કરાયા અને તેમાં નોડઝની મારફત તેને ટ્રેન્ડ કરવામાં આવે છે અને તે રીતે મશીન લર્નિંગ એટલે કે મશીન પણ માનવ મગજની જેમ કામ કરે અને કમાન્ડનું અર્થઘટન કરીને પ્રક્રિયા આગળ વધારે મશીન લર્નિંગ નવા તબકકામાં પહોંચી ગયું છે. ૨૦૧૨માં જ આ શોધ સંપન્ન થઇ ગઇ હતી. અને તેમાં જીયુપી એટલે કે ગ્રાફિકસ પ્રોસેસીંગ યુનિટનો ઉપયોગ થઇ રહ્યો છે તેને જો સરળતાથી સમજીએ તો આપણે બેન્કીંગ સહિતની નાણાકીય સિસ્ટમમાં તેમજ બીટકોઇનમાં પણ જે બ્લોકચેઇન ટેકનોલોજીનો ઉપયોગ થાય છે તેનાથી આ એડવાન્સ પધ્ધતિ છે. તમારા લેપટોપમાં મધર બોર્ડમાં પણ જીયુપી સિસ્ટમ છે અને તેનાથી લેપટોપનું વજન અત્યંત ઓછું થઇ જાય છે એટલું જ નહીં તે ઝડપી કામ કરે છે અને બેટરી પણ બચાવે છે. જોકે હિલ્ટનએ જયારે AI ટેકનોલોજીને વિકસાવી તો તેનો એથીકલ ડેવલપમેન્ટ એટલે કે માનવીય નૈતિકતાના આધારે ઉપયોગ થશે તેવું વિચાર્યુ હતું પરંતુ જે રીતે Chat GPT સહિતના AI નો ઉપયોગ વધી રહ્યો છે તેની સામે હવે તેને બુંગીયો ફુંકયો છે. AI ના સૌથી આધુનિક મોડેલમાં Open AI કમાલ કરી છે અને કહે છે કે AI માં Open AI ને નફો જ દેખાય છે અને તે પણ માનવના ભોગે નફા માટે તે આગળ વધી રહી છે.

હિલ્ટન કહે છે કે AI એ આપણે વિચારી ન શકીએ તેટલી ક્ષમતામાં ડેટાનો ઉપયોગ કરે છે અને ડિજીટલ ટેકસ તેમજ મીડિયાનો પણ કમાન્ડ મેળવે છે. પરંતુ ભવિષ્યમાં તે ફકત માનવ તેને જે ડેટા આપે તેના બદલે ખુદ એડેપ્ટર બનીને ડેટા ખેંચવા માનશે પછી તેનો જે ઉપયોગ કરશે તે સૌથી ખતરનાક બની જશે. જેમ જેમ તે વધુને વધુ ડેટાનો ઉપયોગ કરવા લાગશે તેમ તેમ તે પોતાની બુધ્ધિ વિકસાવવા માનશે. હિલ્ટન માને છે કે માનવ બુધ્ધિને પણ એક તબકકે પાછળ રાખી શકે છે. જે રીતે AI ટેકનોલોજી ઝડપથી એડવાન્સ બની રહી છે અને તેનાથી ઇન્ટરનેટમાં ખોટી માહિતીઓનું એક વિશાળ અને ધસમસતુ પૂર આવી શકે છે. જેના કારણે લોકો સાચુ શું કે ખોટું શું તે પારખી શકશે નહીં. જોબ માર્કેટ પર AI ની અસર અત્યારથી જ થવા લાગી છે. Chat GPT કરતા પણ પહેલા આવેલા Chatboat એ રીસેપ્શનડેસ્ક કે તેની આસપાસનું કામ તો કરવા લાગ્યું છે. પરંતુ ભવિષ્યમાં તે કેટલા રોજગાર અને નોકરીને રીપ્લેસ કરશે તે પણ પ્રશ્ન છે.

હિલ્ટનને સૌથી મોટી ચિંતા મશીન લર્નિંગની સિસ્ટમ તેઓએ જે વિકસાવી છે તેના પર જ છે. તે માને છે કે AI સિસ્ટમ ડેટા પ્રોસેસીંગ અને તેનું એનેલાઇઝ કરવામાં જે કામીયાબી મેળવે છે તે પછી પોતાની સ્વતંત્ર AI સિસ્ટમ પણ સર્જી જશે. સમગ્ર કોમ્પ્યુટર પ્રોગ્રામમાં કોડિંગ એ સૌથી મહત્વનું છે અને ભવિષ્યમાં AI ખુદ પોતાનું કોડિંગ કરવા લાગશે. ભવિષ્યમાં તે પોતાના વેપન્સ પણ બનાવવા લાગશે અને કિલર રોબોટ પણ બનાવવા લાગશે. એક સમયે આ શકયતાઓ લાગતી ન હતી પરંતુ હવે તેના શોધક જ માને છે કે આપણે તેનાથી બહુ દુર નથી. જોકે ભુતકાળમાં જેટલી ટેકનોલોજી આવી તે તમામની સામે પ્રશ્નો ઉભા થયા જ હતા. પરંતુ હિલ્ટન માને છે ગુગલ, માઇક્રોસોફ્ટ સહિતની કંપનીઓ જે રીતે AI દોટમાં એકબીજા સામે કાતિલ હરીફાઇ કરી રહી છે તેથી ભવિષ્યમાં તેઓ માટે કોઇ રેગ્યુલેશન હશે નહીં જેમ અણુશસ્ત્ર દોટને રોકી શકાય નહીં અને દુનિયાના અનેક દેશો અણુશસ્ત્ર બનાવી લીધા તે જ રીતે AI પણ કાબુમાં રહેશે નહીં અને તે એવા હાથમાં જઇ શકે કે જેનો ખતરનાક ઉપયોગ કરી શકે. Open AI ના એક સ્થાપક એલન મસ્ક માટે તો પ્રોફીટ શબ્દ જ અંતિમ છે અને તેથી જ આ કંપની એક સમયે નોનપ્રોફીટ તરીકે ગણાતી હતી તે હવે ખુદ પ્રોફીટ માટે ચિંતા કરી રહી છે.

**Chat GPT જે AI આધારીત છે અને તેને તથા AI ના અન્ય ટુલ્સમાં ડેટાનો ઉપયોગ થાય છે તેમાં ભવિષ્યમાં ઈન્ટરનેટ આધારીત ડેટા તે પોતે ખેંચવા લાગશે અને આર્ટીફિશ્યલ ન્યુરોન્સ જે મશીન લર્નિંગમાં આપણા મગજના આદેશો માનતું જ્ઞાનતંતુ કામ કરે છે તે રીતે પોતે જ વિશ્લેષણ કરવા લાગશે એક સમયે ખુબ જ ગુંચવણભરી ગણાતી અણુશસ્ત્રની સિસ્ટમ આજે દુનિયાના સામાન્ય દેશ પાસે પણ પહોંચી ગઇ છે, AI ની હાલત તે જ થશે અને પછી આ AI એ એવા ખતરનાક શસ્ત્રો સર્જશે કે માનવી તેની સામે ટકી શકશે નહીં**

## બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટમાં રોહિત શર્મા નહી રમે

### અંગત કારણોસર પ્રથમ એકાદ-બે મેચથી મુકત રાખવા ક્રિકેટ બોર્ડને દરખાસ્ત






મુંબઈ,તા.૧૧

બોર્ડર-ગાવસ્કરની ભારતની તૈયારીઓને મોટો ઝટકો લાગ્યો છે. કેપ્ટન રોહિત શર્મા આ વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ મેચમાંથી બહાર થઈ શકે છે.સ્ટાર બેટ્સમેન અંગત કારણોસર પ્રારંભિક ટેસ્ટ મેચનો ભાગ નહીં હોય. ઓસ્ટ્રેલિયા છેલ્લા ૧૦ વર્ષથી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી શક્યું નથી.

ભારતીય કેપ્ટન અંગત કારણોસર ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ શ્રેણીની એક મેચ ચૂકી શકે છે. કેપ્ટન રોહિત શર્માએ આ જાણકારી બીસીસીઆઈને આપી છે. જોકે, બોર્ડ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા પ્રવાસની શરૂઆત ૨૨ નવેમ્બરે પર્થમાં રમાનારી ટેસ્ટથી કરશે. એવી સંભાવના છે કે રોહિત શર્મા એડિલેડમાં ૬થી ૧૦ ડિસેમ્બર વચ્ચે યોજાનારી શ્રેણીની પ્રથમ અથવા બીજી મેચમાંથી બહાર થઈ શકે છે.આવનારા દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થશે નોંધનીય છે કે ભારતીય કેપ્ટન રોહિત શર્મા છેલ્લે બાંગ્લાદેશ સામે ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં રમતા જોવા મળ્યો હતો. હવે તે ન્યૂઝીલેન્ડ સામે ૧૬ ઓક્ટોબરથી શરૂ થનારી ત્રણ ટેસ્ટ મેચની શ્રેણીમાં ટીમ ઈન્ડિયાની આગેવાની કરતો જોવા મળશે. જો રોહિત ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ મેચ રમવામાં અસમર્થ હોય તો ઈનફોર્મ અભિમન્યુ ઈશ્વરન તેનું સ્થાન લઈ શકે છે. તે જ સમયે કેએલ રાહુલ શુભમન ગિલ સાથે ઓપનિંગ કરતા જોવા મળી શકે છે.

## ભારતીયોની ખાનપાનની આદત સર્વશ્રેષ્ઠ

### આર્જેન્ટીનાની સૌથી ખરાબઃ ઓસ્ટ્રેલિયા, અમેરિકા, બ્રાઝિલ જેવા દેશોના પણ 'નીચલા રેન્ક': વૈશ્વિક દેશો ભારતને અનુસરે તો પર્યાવરણને નુકશાન અટકી શકે

નવી દિલ્હી :

દરેક દેશનું ખાવા-પીવાનું અલગ-અલગ હોય છે. તેમને તૈયાર કરવાની રીત અલગ છે. પરંતુ જો કોઈ પૂછે કે દુનિયામાં કયાં દેશમાં ખાવાની સૌથી સારી રીત છે, તો તમે વિના સંકોચ ભારતનું નામ લઈ શકો છો. વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડના રિપોર્ટમાં પણ જણાવવામાં આવ્યું છે કે આપણે ભારતીયો જે રીતે ખાયએ છીએ તે પૃથ્વી માટે એટલે કે આબોહવા પરિવર્તનની દ્રષ્ટિએ શ્રેષ્ઠ છે.

લોકો શું ખાય છે અને પીએ છે તેને કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનાં પર પૃથ્વીનાં ભવિષ્યનો આધાર રહેલો છે. ખોરાકની તૈયારીમાં ઉત્સર્જિત ગ્રીનહાઉસ વાયુઓનું પ્રમાણ નક્કી કરે છે કે તે પૃથ્વીનાં સ્વાસ્થ્ય માટે સારું છે કે નહીં.

બ્લ્યુડબ્લ્યુએફએ તેનાં 'લિવિંગ પ્લેનેટ રિપોર્ટ'માં ભારતની ખાનપાનની આદતોની પ્રશંસા કરી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મોટી અર્થવ્યવસ્થાઓ એટલે કે જી ૨૦ દેશોમાં ભારતનું ભોજન શ્રેષ્ઠ ગણવામાં આવે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો ૨૦૫૦ સુધીમાં દુનિયાનાં તમામ દેશો ભારતની ખાવાની રીત અપનાવશે તો પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન થશે. રિપોર્ટ અનુસાર આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાં સૌથી ખરાબ ખાવાની આદતો છે.



રિપોર્ટ અનુસાર, 'જો ૨૦૫૦ સુધીમાં વિશ્વમાં દરેક વ્યક્તિ હાલની મોટી અર્થવ્યવસ્થા ધરાવતાં દેશોનાં આહારને અપનાવે છે, તો ખોરાકથી થતાં ગ્રીનહાઉસ ગેસનાં ઉત્સર્જનને કારણે, વિશ્વનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી ૨૬૩ ટકા વધી જશે. એટલું જ નહીં, આપણી જરૂરિયાતો પૂરી કરવા માટે આપણને એક પૃથ્વીને બદલે સાત પૃથ્વીની જરૂર પડશે.

રિપોર્ટમાં ભારતનાં 'મિલેટ મિશન'ની પણ પ્રશંસા કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો વિશ્વનાં તમામ દેશો ૨૦૫૦ સુધીમાં ભારતની ખાવાની રીત અપનાવે તો આપણી ખાદ્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે આપણને એક કરતાં પણ ઓછી જમીનની જરૂર પડશે. ભારતમાં ખોરાકને કારણે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન એટલું ઓછું છે કે વિશ્વનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ નહીં વધે.

રિપોર્ટ અનુસાર, જો વિશ્વ આર્જેન્ટિનાના આહારને અપનાવે તો તેને મહત્તમ ૭.૪ પૃથ્વીની જરૂર પડશે. મતલબ કે આર્જેન્ટિના યોગ્ય ખાનપાનની આદતોની બાબતમાં પાછળ છે. તે પછી ઓસ્ટ્રેલિયા (૬.૮), અમેરિકા (૫.૫), બ્રાઝિલ (૫.૨), ફ્રાન્સ (૫), ઇટાલી (૪.૬), કેનેડા (૪.૫) અને બ્રિટન (૩.૯) આવે છે. ભારત (૦.૮૪) પછી ઈન્ડોનેશિયા (૦.૯) સારી સ્થિતિમાં છે. તે પછી ચીન (૧.૭), જાપાન (૧.૮) અને સાઉદી અરેબિયા (૨) આવે છે.

અહેવાલમાં આબોહવા-સ્થિતિ સ્થાપક બાજરીને પ્રોત્સાહન આપવાનાં ભારતનાં પ્રયાસોની પણ પ્રશંસા કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 'નેશનલ મિલેટ કેમ્પેન'ને એવી રીતે તૈયાર કરવામાં આવ્યું છે કે તે દેશમાં આ જૂના અનાજનો વપરાશ વધારે છે. આ અનાજ માત્ર સ્વાસ્થ્ય માટે જ સારું નથી, તે આબોહવા પરિવર્તન સામે પણ ખૂબ જ સારું છે.

## ઓસ્ટ્રેલિયાને ઝટકોઃ ગ્રીન ભારત સામેની શ્રેણી ગુમાવશે

### પીઠની ઈજાને કારણે સર્જરી કરાવશે

નવી દિલ્હી,તા.૧૧

બ્લોકબસ્ટર બોર્ડર ગાવસ્કર ટ્રોફી નવેમ્બરમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શરૂ થશે. આ સિરીઝમાં કરોડો ચાહકો બંને ટીમો વચ્ચેની ટક્કર જોવા માટે ઉત્સુક છે. સિરીઝ પહેલા એક મોટા સમાચાર સામે આવ્યાં છે. એક સ્ટાર ઓલરાઉન્ડર ઈજાના કારણે આ મેગા સિરીઝને ચૂકી શકે છે. વાસ્તવમાં, ઓસ્ટ્રેલિયાના યુવા સ્ટાર ઓલરાઉન્ડર કેમરન ગ્રીનનું પીઠની ઈજાને કારણે પાંચ મેચોની આ ટેસ્ટ શ્રેણીમાં રમવું મુશ્કેલ માનવામાં આવે છે.




કેમરૂન ગ્રીનને ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન થયેલી ઈજાની સારવાર માટે સર્જરી કરાવવી પડી શકે છે. જોકે, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની મેડિકલ ટીમનાં મતે સર્જરી એ છેલ્લો વિકલ્પ છે. તે પહેલા તે ભારત સામેની ટેસ્ટ શ્રેણી પહેલાં સર્જરી વગર સાજા થવાનો પ્રયાસ કરી રહ્યો છે.

ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડે પછી જ ગ્રીનને પીઠની સમસ્યા થઈ હતી અને તે પછી તે સ્વદેશ પરત ફર્યો હતો. ઈંગ્લેન્ડમાં પણ તેનું સ્કેનિંગ કરવામાં આવ્યું હતું અને પછી ઓસ્ટ્રેલિયા પરત ફર્યા બાદ પણ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની મેડિકલ ટીમે તેનું સ્કેન કર્યું હતું. હાલમાં, સર્જરી વિના તેમને કેવી રીતે સાજા કરી શકાય તે અંગે વિચારણા કરવામાં આવી રહી છે, પરંતુ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર યોજના સામે આવી નથી. જો ગ્રીન ઉપલબ્ધ ન હોય તો ઓસ્ટ્રેલિયાએ બેટિંગ ક્રમમાં પણ ફેરફાર કરવા પડશે. એ પણ સંભવ છે કે તે સ્થિતિમાં સ્ટીવ સ્મિથ ફરી એકવાર નંબર-૪ પર બેટિંગ કરી શકે.

## સરકારી વકીલો દ્વારા અધૂરી હકીકતો સાથે એફિડેવિટો રજુ કરવામાં આવતા હાઈકોર્ટ નારાજ

અમદાવાદ તા ૧૧

ગુજરાત હાઈકોર્ટમાં સરકારી વકીલો દ્વારા રજૂ કરવામાં આવતા એફિડેવિટમાં યોગ્ય માહિતી રજૂ કરવામાં નહિ હોવાથી ચીફ જસ્ટીસ દ્વારા મુખ્ય સરકારી વકીલને તેમના તાબામાં કામ કરતા મદદનીશ સરકારી વકીલોનો આ બાબતે સૂચના આપવા આદેશ કરવામાં આવ્યો હતો. અદાલતે આદેશ કર્યો હતો કે દરેક પિટિશન કે અરજદારો દ્વારા રજૂ કરવામાં આવતી એફિડેવિટ નાં જવાબમાં કેસની હકીકતો અને કાયદા મુજબ દરેક ફકરા દીઠ જવાબો લખવાના રહેશે. જો અરજદારની અરજીના દરેક ફકરામાં કરેલી રજૂઆતો કે આક્ષેપોને ફકરા મુજબ જવાબ આપીને નકારવામાં નહિ આવે તો પિટિશન માં લખેલી રજૂઆતોને સાચી માની લેવામાં આવશે. અદાલતે વધુમાં જણાવ્યું હતું કે આ બાબતે અગાઉ પણ સરકારી વકીલને માહિતી આપવામાં આવી હતી પરંતુ રાજ્ય સરકારના વકીલો દ્વારા એફિડેવિટ ડ્રાફ્ટ કરવાની પદ્ધતિમાં કોઈ સુધારો આવ્યો નથી.



સુરતના એક કેસમાં અદાલતે આવો આદેશ કરીને અધિકારીને નવેસરથી ભૂલ સુધારીને એફિડેવિટ કરવા માટે અદાલતે બે સપ્તાહનો આદેશ આપ્યો હતો. આ સાથે આવા આદેશની નકલ એડવોકેટ જનરલ અને સરકારી વકીલને પાઠવવા પણ હાઈકોર્ટે આદેશ કર્યો હતો. કેસની વિગતો મુજબ સુરતમાં એક જમીન સંપાદન નાં વળતર પિટિશન કરવામાં આવી હતી. તેમાં અધિકારી દ્વારા એફિડેવિટ રજૂ કરવામાં આવી હતી અને તેમાં માટે કેસની હકીકત લખવામાં આવી હતી. અરજદારે કરેલા આક્ષેપોના ફકરા દીઠ જવાબો આપવામાં આવ્યા નહોતા. આથી હાઈકોર્ટે તૈયારી બતાવી હતી કે હવે પિટિશન માં કરેલા આક્ષેપોને સત્ય માનીને આગળ કાર્યવાહી કરશે. જોકે મદદનીશ સરકારી વકીલે ભૂલ સુધારવાની એક તક આપવા માટે વિનવણી કરતા અદાલતે બે સપ્તાહ નો સમય આપ્યો હતો.

## બોક્સ ઓફિસ બાદ હવે ઓટીટી પર ટકરાશે 'ખેલ ખેલ મે' અને 'વેદા'

મુંબઈ : અક્ષય કુમારની મલ્ટી સ્ટારકાસ્ટ ફિલ્મ 'ખેલ ખેલ મે' તેનાં ડિજિટલ પ્રીમિયર માટે તૈયાર છે. આ ફિલ્મનું નિર્દેશન મુદસ્સર અઝીઝે કર્યું હતું. આ ફિલ્મમાં અક્ષય કુમાર, તાપસી પન્નુ, ફરદીન ખાન, વાણી કપૂર વગેરે હતાં. આ મલ્ટીસ્ટારર ફિલ્મ ૧૫ ઓગસ્ટના રોજ બે મોટી ફિલ્મો સાથે રિલીઝ થઈ હતી. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. જે પછી નિર્માતાઓ તેનાં ડિજિટલ ડેબ્યુથી કંઈક અપેક્ષા રાખી શકે છે.અક્ષય કુમારની આ ફિલ્મનો એક વીડિયો નેટફ્લિક્સે સોશિયલ મીડિયા પર શેર કરતી વખતે નીચે કેપ્શનમાં લખ્યું, ''ખેલ શરૂ થવા જઈ રહ્યો છે. ખેલ ખેલ મે આજે નેટફ્લિક્સે પર રીલીઝ થશે છે.'' વેદા પણ ઓટીટી પર રિલિઝ થશે. મતલબ કે બોક્સ ઓફિસ બાદ આ બંને ફિલ્મો ઓટીટી પર પણ ટકરાશે.



'ખેલ ખેલ મે' ના બોક્સ ઓફિસ કલેકશનની વાત કરીએ તો તેને ૫૬.૭૬ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. જ્યારે ભારતમાં તે માત્ર રૂ. ૩૯.૨૮ કરોડ એકત્ર કરી શકી અને ફ્લોપ રહી હતી. આ ફિલ્મ સાથે જહોન અબ્રાહમની વેદા અને રાજકુમાર રાવ , શ્રદ્ધા કપૂરની સ્ત્રી ૨ પણ રિલિઝ થઈ હતી. જે પછી સ્ત્રી ૨ જીતી ગઈ અને બાકીની બે ફિલ્મો ફ્લોપ રહી હતી.

## રતન ટાટાને શ્રદ્ધાંજલી આપવામાં પેટીએમના સીઈઓ વિવેક ચૂકયા

### લોકો નારાજ થતા પોસ્ટ હટાવવી પડી




Paytm CEO વિજય શેખર શર્માને શ્રદ્ધાંજલિ દરમિયાન એક ખાસ ટિપ્પણી માટે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. આ પછી તેણે પોતાનું પદ હટાવવું પડ્યું હતું. શર્માની ડિલીટ કરેલી શ્રદ્ધાંજલિનો સ્ક્રીનશોટ હવે વાયરલ થઈ રહ્યો છે. ડિલીટ કરેલી પોસ્ટમાં, વિજય શેખર શર્માએ રતન ટાટા માટે લખ્યું છે - એક દંતકથા જે દરેક પેઢીને પ્રેરણા આપે છે. ઉદ્યોગસાહસિકોની આગામી પેઢી ભારતના સૌથી નમ્ર ઉદ્યોગપતિને મળવાનું ચૂકી ગઈ. સલામ, સર. ઓકે, ટાટા, બાય-બાય.

નવીદિલ્હી,તા.૧૧

રતન ટાટાના નિધનથી દેશ શોકમાં છે. દેશ અને દુનિયાની ઘણી હસ્તીઓએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રતન ટાટાને પોતપોતાની રીતે યાદ કર્યા હતા. જેમાં ફિનટેક કંપની Paytmના સ્થાપક વિજય શેખર શર્મા પણ આમાં સામેલ હતા. જો કે, રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર વિજય શેખર શર્માએ જે લખ્યું તેની ટીકા થવા લાગી હતી.

મળતી માહિતી મુજબ,

જોકે વિજય શેખર શર્માની પોસ્ટમાં રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, તેમ છતાં તેમની પોસ્ટની છેલ્લી પંક્તિ ઓકે ટાટા બાય બાય ની વ્યાપક ટીકા કરવામાં આવી હતી. મોટાભાગના વપરાશકર્તાઓ આ પોસ્ટ પર રતન ટાટા માટે ગૌરવપૂર્ણ શબ્દોના ઉપયોગ તરફ ઈશારો કરી રહ્યા હતા.

ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. એક યુઝરે લખ્યું - તે કોઈ ઈન્ટર્ન દ્વારા લખાયેલ હોવું જોઈએ. બીજાએ લખ્યું કે આ યોગ્ય રસ્તો નથી.

### જે પરીક્ષાનાં માર્કસ વધુ હોય તેને ગણતરીમાં લેવાશે

# હવે ધો.૧૦ અને ધો.૧૨ ની બોર્ડની તમામ વિષયોની પરીક્ષા વર્ષમાં બે વખત લેવાશે

### શિક્ષણ બોર્ડનો નિર્ણયઃ વિજ્ઞાન પ્રવાહની પદ્ધતિ અન્ય પ્રવાહમાં પણ અપનાવાશે



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અત્યાર સુધી ધોરણ-૧૨ સાયન્સમાં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવામાં આવતી હતી. જ્યારે ધોરણ-૧૦માં બે વિષય અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાતી હતી. પરંતુ ગત પરીક્ષા એટલે કે માર્ચ-૨૦૨૪ની પરીક્ષાથી બોર્ડ દ્વારા તેમાં ફેરફાર કરાયો હતો. જે અનુસાર ધોરણ-૧૨ સાયન્સમાં બેસ્ટ ઓફ ટુ મુજબ પરિણામ સુધારવાની તક આપવામાં આવી હતી. જેમાં ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે મુખ્ય પરીક્ષા બાદ પૂરક પરીક્ષામાં પણ તમામ વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષા પૈકી વિદ્યાર્થીએ જેમાં વધુ ગુણ મેળવ્યા હતા તે અનુસાર વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરાયું હતું. જ્યારે ધોરણ-૧૦માં ૩ વિષય અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયની પૂરક પરીક્ષાનું આયોજન કરાયું હતું.

જોકે, ત્યારબાદ શિક્ષણ બોર્ડ દ્વારા સરકાર સમક્ષ ધોરણ-૧૨ સાયન્સની (અનુસંધાન ૧૨ મા પાને)

# કાયદાના હાથ લાં...બા; હવે 'પત્નિ' છે તેના ૨૭ વર્ષ પૂર્વે અપહરણમાં 'આરોપી'ની ધરપકડ

### લવ સ્ટોરીનો રમુજી વળાંકઃ રાજસ્થાન પોલીસની ફર્લો પેરોલ સ્કવોર્ડ પણ ગુંચવાઈ ગઈઃ ભાગેડુ યુવક-યુવતી હવે દાદા-દાદી બની ગયા છે



અમદાવાદઃ કાનુનનાં હાથ લાં...બા છે અને ત્રણ દશકા પછી પણ તમને ઝડપી શકે છે પણ તે સમયે રસપ્રદ રમુજ પણ સર્જાય છે તેવા એક કેસમાં મહેસાણા પોલીસે ૨૭ વર્ષ જુના અપહરણનાં કેસમાં જયારે આરોપીને શોધી કાઢયો તો ખ્યાલ આવ્યો કે જેના અપહરણની ફરીયાદ થઈ હતી તે મહિલા આ પોલીસની નજરે જે ભાગેડુ આરોપી હતી તે તેની પત્નિ છે અને આ યુગલ ૨૭ વર્ષથી 'સુખી' લગ્નજીવન જીવે છે એટલુ જ નહિં તેમને ચાર દિકરીઓ અને બે પૌત્રો પણ છે. પોલીસની પેરોલ ફર્લો સહીતની સ્કવોડ ૨૭ વર્ષ પુર્વેનાં એક કેસમાં આરોપી અને ભોગ બનનાર પરિવારને શોધી કાઢવાનો 'યશ' પણ લઈ શકે નહીં તેવી સ્થિતિ બની હતી.

આ કહાની મુજબ રાજસ્થાનનાં અજમેરમાં ૧૯૯૭ માં મહેન્દ્ર (નામ બદલ્યુ છે) સામે ૧૯ વર્ષની તેની ગર્લફ્રેન્ડનાં અપહરણની ફરીયાદ આ છોકરીનાં પિતાએ નોંધાવી હતી.બન્ને ગામમાંથી ભાગી ગયા પછી પોલીસે પ્રાથમીક તપાસ કરી પણ ભાગેડુ યુગલ મળ્યા જ નહિં. અચાનક જ ૨૦૨૪ માં જે કેસ સોલ્વ થયો નથી તેની ઝુંબેશ છે આ ફાઈલ પણ સામે આવી અને કોઈ કલુના આધારે પોલીસ આરોપી અને અપહૃત છોકરી જે હવે મહિલા થઈ ગઈ હતી તેને (અનુસંધાન ૧૨ મા પાને)

### સરકાર માત્ર અમલની વાત કરે છે, કરતી કાંઇ નથી : પોલીસ 'ઉઘરાણા' કરતી હોવાની ટીપ્પણી

# હેલ્મેટ વિનાના વાહન ચાલકોને કેમેરાથી પકડીને ચલણ મોકલો : હાઇકોર્ટનું અલ્ટીમેટમ

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ વધુ એક વખત હેલમેટના નિયમોનું પાલન નહી કરાવવા બાબતે રાજ્ય સરકાર પરત્વે નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે, એવી ટેકનોલોજી અપનાવો કે જો કોઇ ટુ વ્હીલર ચાલક હેલ્મેટ વગર પસાર થતો હોય અને ટ્રાફિક કેમેરામાં ઝડપાય તો સીધું જ દંડ માટનું ઇ ચલણ જારી થઇ જાય. આવા કેમેરા મુખ્ય ટ્રાફિક જંકશન ઉપર નહી પરંતુ તમામ સ્થળે હોવા જોઇએ.

ચીફ જસ્ટીસ સુનિતા અગ્રવાલ અને જસ્ટીસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠ દ્વારા અમદાવાદમાં ટ્રાફિક સમસ્યા વિશે સુનાવણી કરી રહી હતી. તેમાં એડવોકેટ જનરલ તરફથી જણાવવામાં આવ્યું હતુ કે લોકોને હેલમેટ પહેરવા માટે જાગૃત કરવા માટે રાજ્ય સરકારની તિજોરીમાંથી એક હજાર હેલમેટ ખરીદીને લોકોને આપવામાં આવ્યા છે. આથી જે લોકો દંડ કે લાઇસન્સ સસ્પેન્ડ કરવાથી પણ માનતા નથી તેઓ કદાચ જાગૃત થાય અને પોતાને હવે હલમેટ પહેરવું જોઇએ તેવો ખ્યાલ આવશે.

જો કે કોર્ટે આ બાબતથી સંતોષ વ્યક્ત કર્યો નહોતો. કોર્ટે કહ્યું હતું કે, પોલીસવાળા સ્થળ ઉપર પૈસા લઇ લે અને ચલણ જારી કરતા નથી. અમારા એક સાથીદારના સંબંધી સાથે જ બનાવ

### રાજ્ય સરકારની 'વિવશતા' સામે નારાજગી : ભંગાર રસ્તા પણ રીપેર કરવા તાકીદ

બન્યો હતો કે તેઓ હેલમેટ વગર પકડાયા હતા અને તેઓને પૈસા લઇ લેવામાં આવ્યા હતા તેમજ ચલણ જારી કરાયું નહોતું. આથી ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઇએ. કેમેરામાં ઝડપાય અને તરત જ ચલણ જારી થવું જોઇએ. ટ્રાફિક જંકશન ઉપર રેડ લાઇટ અને લેન વાયોલેશનમાં જેમ ચલણ નીકળે છે તેવી જ રીતે હેલ્મેટ બાબતે પણ થવું જોઇએ.

કોઇ હેલ્મેટ પહેરતુ નથી. જો રાજ્ય સરકાર હેલ્પ લેસ હોય તો અમે રસ્તા ઉપર જઇને આ કામ કરવાના નથી. આ બાબતમાં રાજ્ય સરકારની વિવશતા દેખાય છે. અખબારોમાં હેલમેટ પહેરવાના નિયમોનો અમલ કરવામાં આવશે તેવા અહેવાલો આવે છે પરંતુ હકીકતમાં તો કોઇ હેલ્મેટ પહેરવાની દરકાર લેતુ નથી. તેઓની જીંદગી બાબતનો સવાલ છે.



રસ્તા બાબતે હાઇકોર્ટે કહ્યું હતું કે, તે રિપેર થવા જ જોઇએ.

### જે ઉંમરે ભણવાનું હોય તે વયે સગીરાઓ પ્રેમમાં પડી હવસખોરોની જાળમાં ફસાય છે

# વડોદરામાં વધુ એક દુષ્કર્મ : સગીરાને વિધર્મી પ્રેમીએ ફસાવી

### ઈન્સ્ટાગ્રામથી પરિચયમાં આવેલા વિધર્મી યુવાને સગીરાને ગરબા ગ્રાઉન્ડમાં તેની સાથે ફોટા પડાવવા દબાણ કરેલું : બોયફ્રેન્ડે મરજી વિરૂધ્ધ બે વાર શરીર સંબંધ બાંધ્યાઃ પોલીસે આરોપીને દબોચી લીધો




વડોદરા, તા. ૧૧

જયાં સ્ત્રીઓ મધરાત્રે પણ એકલી ફરી શકે છે તેવા સરકારી દાવાઓ વચ્ચે ખાસ કરીને છેલ્લા નવરાત્રિના દિવસોમાં જ સગીરાઓના રેપ, ગેંગરેપના બનાવો વધી રહ્યા છે. વડોદરામાં વધુ એક સગીરાએ વિધર્મી શખ્સ સામે દુષ્કર્મની ફરિયાદ કરતા પોલીસે આરોપીને ઝડપી લીધો છે.

ભાયલી વિસ્તારમાં સગીરા પર સામૂહિક દુષ્કર્મની ઘટના બાદ હવે ગુરૂવારે મોડી રાત્રે વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશનમાં એક યુવતી સાથે બળાત્કાર થયાની ફરિયાદ કરવામાં આવી છે. ધો.૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને ફસાવી બેથી ત્રણ વખત દુષ્કર્મ આચરનાર વિધર્મીને માંજલપુર (અનુસંધાન ૧૨ મા પાને)

### રાજયમાં વધતા જતા દુષ્કર્મના બનાવો મામલે ધારાસભ્યનું નિવેદન

# દુષ્કર્મના કેસમાં આરોપીઓનું એન્કાઉન્ટર કરવાની પોલીસને છૂટ આપો : ભાજપના જ ધારાસભ્યની માંગ



વડોદરા, તા. ૧૧

'ગુનેગારોમાં પોલીસની ધાક રહી નથી, દીકરીઓ પર દુષ્કર્મ કેસમાં પરપ્રાંતીયો ઝડપાયા છે, આવાનું એન્કાઉન્ટર કરવા પોલીસને છૂટ આપો' આ નિવેદન ડભોઇના ભાજપના જ ધારાસભ્ય શૈલેષ સોટ્ટાએ આપ્યું છે. આ ગેંગરેપની ઘટના તેમના જ મતવિસ્તારમાં બની હતી.

નવરાત્રિ સમયે રાજ્યના અલગ-અલગ શહેરો પર દુષ્કર્મની ઘટનાઓ સામે આવી રહી છે. આ ઘટનામાં આરોપીઓને સખતમાં સખત સજા મળે તે માટે પોલીસ તંત્ર દિવસ-રાત એક કરી રહ્યું છે ત્યારે વડોદરાના ડભોઇના ધારાસભ્ય શૈલેષ મહેતા દ્વારા આ પ્રકારના કિસ્સાઓમાં આરોપીઓને સજા અંગે મોટું નિવેદન મીડિયા સમક્ષ કર્યું છે. શૈલેષ મહેતાએ જણાવ્યું છે કે, આ ઘટનાઓ દુખદ છે. ગુજરાત માટે તો ખાસ. આ બધી જ ઘટનાઓ પાછળ પરપ્રાંતિય લોકો પકડાયા છે ત્યારે મારા અંગત વિચારોમાં આવા લોકોને એન્કાઉન્ટર કરવા માટે પોલીસને છૂટ આપવી જોઇએ.

દીકરી પર કોઇ આવુ કૃત્ય કરશે તો સાખી લેવામાં નહી આવે વધુમાં તેમણે જણાવ્યું કે, પોલીસની ધાક હોવી જોઇએ. અત્યારે જે રીતે બનાવો બની રહ્યા છે. તેમાં એવું પ્રસ્થાપિત થઇ રહ્યું છે કે, પોલીસની કોઈ બીક રહી નથી. પોલીસે તમામ કેસોમાં સુંદર કામગીરી કરી છે. બનાવના ૪૮ કલાકમાં જ વડોદરાની ઘટનાના આરોપીઓની પકડી પાડવામાં આવ્યા છે. સુરતની ઘટનામાં ભાગતા આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. તેમાં એક આરોપીનું ગભરામણથી હાર્ટ એટેકમાં મૃત્યુ થયું છે. આ તેમનું કર્મ તેને મૃત્યુ તરફ લઇ ગયુંછે પણ આવાને એન્કાઉન્ટર કરતા ખચકાવું ન જોઇએ. જેમાં તમામે પોલીસની પડખે રહેવું જોઇએ. કોઇ વાદ-વિવાદ ન હોવો જોઇએ. દીકરી પર કોઇ આવુ કૃત્ય કરશે તો તેને સાખી લેવામાં આવશે નહી.

શું ખબર છે તમને રાજકોટમાં પખ્યાત પ્લેટીનમ શીગનું નવી જગ્યા પર આગમન થઈ ગયુ છે
Platinum Roasted Peanut SING
અમારી પાસે ૨૦૦+વેરાયટી નમકીન નાસ્તા ચોકલેટ ફ્રાયફ્રુટ સ્વીટ અને દિવાળી નિમિત્તે ગીફ્ટ હેમ્પરીંગ ઉપલબ્ધ છે.
એડ્રેસઃ એસ્ટ્રોન ચોક, કણસાગરા હોસ્પિટલ નીચે રાજકોટ
મો. ૮૪૯૦૦ ૭૮૫૧૮ (અંજલી બેન શાહ)

# ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોના ઉચ્ચસ્તર પગાર ધોરણના લાભ અટકી પડતા દેકારો

### એનેકસરમાં શિક્ષણાધિકારીની સહીના વાંકે વિલંબઃ ફાજલ શિક્ષકોની નિમણૂંક સહિતના પ્રશ્નો અદ્ધરતાલ

રાજકોટ, તા.૧૧

રાજકોટ જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓના૪૦૦ જેટલા શિક્ષકોને મળવાપાત્ર ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ અટકી પડતા દેકારો બોલી જવા પામેલ છે.

ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોને ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ મળે તે માટે એનેકસરમાં જિલ્લા માધ્યમીક શિક્ષણાધિકારીની સહી જરૂરી છે અનેએનેકસરમાં સહી કરી તેને આખરી મંજુરી માટે શિક્ષણ વિભાગમાં મોકલવામાં આવે છે.

પરંતુ જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓના ૪૦૦ શિક્ષકોનો એનેક્સરમાં જિલ્લા શિક્ષણાધિકારીની સહી કરવાની બાકી હોય હાલ આ શિક્ષકોનો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ અટકી પડયો છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લાના તત્કાલીન માધ્યમિક શિક્ષણાધિકારી રાણીપાને જૂન-૨૦૨૪માં તેમની માંગણી મુજબ મુળ જગ્યાએ ફરી વર્ગ-૨માં મુકી દેવાયા બાદ જિલ્લા માધ્યમીક શિક્ષણાધિકારીની જગ્યા ખાલી પડી છે.

હાલ જિલ્લા માધ્યમીક શિક્ષણાધિકારીનો ચાર્જ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી દિક્ષિત પટેલને સોંપવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં રાજકોટ શહેર અને જિલ્લા માટે માધ્યમીક શિક્ષણાધિકારીની બે જગ્યા મંજુર કરવામાં આવી હતી.

પરંતુ તત્કાલીન શિક્ષણાધિકારીને રાણીપાને તેમના મુળ સ્થાને મુકી દેવાયા બાદ તેમની ખાલી પડેલ જગ્યા પર નવા અધિકારીની હજુ નિમણુંક કરવામાં આવેલ ન હોય અનેક મહત્વના પ્રશ્નો જેમના તેમ અધ્ધરતાલ લટકી રહ્યા છે

જેમાં ફાજલ પડેલા શિક્ષકોની પણ શાળાઓમાં નિમણૂંક પણ અટકી પડી છે ત્યારે આ બાબતે શિક્ષણ વિભાગ દ્વારા તત્કાલ કાર્યવાહી કરવામાં આવે તેવો શિક્ષણજગતમાં સૂર ઉઠવા પામેલ છે.

# પોલીસ ભરતીની શારીરિક કસોટી તા. ૨૫ નવેમ્બર આસપાસ શરૂ થશે : હસમુખ પટેલ

ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે પોલીસ ભરતીને લઈને ટવીટ કર્યું છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, પોલીસ ભરતીની શારીરિક કસોટી લગભગ ૨૫ નવેમ્બરની આજુબાજુ શરૂ થશે. શરૂઆતમાં જેમણે psi તથા psi અને લોકરક્ષક બંનેમાં ફોર્મ ભર્યા હશે તેમને શારીરિક કસોટીમાં બોલાવવામાં આવશે. આ માહિતી ને ધ્યાનમાં લઇ ભભય ની પરીક્ષા આપનાર ઉમેદવાર નિશ્ચિત થઈને તેમાં ધ્યાન આપે.

CCE ની પરીક્ષા આપનાર

### જેણે પીએસઆઇ ઉપરાંત પીએસઆઇ અને લોકરક્ષક બંનેમાં ફોર્મ ભર્યા છે તેને પ્રાથમિકતા અપાશે

ઉમેદવારો પણ પોલીસ ભરતીની શારીરિક કસોટી ની તૈયારી ચાલુ રાખી શકે. વાંચનની (અનુસંધાન ૧૨ મા પાને)




NEW ACTIVA
મેગ્નેટ (શટર લોક ચાવી)
માત્ર ૫ મિનિટમાં
(ઈટાલીયન ટેકનોલોજી દ્વારા)
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

આકર્ષક ડિઝાઈનમાં
કંકોત્રી
રાજેશ કાર્ડસ
જયુબેલી બાગ સામે, રાજકોટ

